मेहेताजी दुर्गाराम मंछाराम

चरित्र.

भाग १ लो.

ગોઠવીને પ્રગટ કરનાર

महीपतराम रूपराम नीलकंठ.

अमदावाद मध्ये

મામાની હવેલીમાં અમદાવાદ યુનાઈટેડ પ્રીન્ટીંગ
અને જનરલ એજન્સી કંપની "લિમિટેડ"ના
પ્રેસમાં રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૩૫.——સન ૧૮૭૯.

DEDICATED

TO

Rao Bahadoor

DADOOBA PANDURANG

Leader of the band of Reformers who so boldly and nobly attempted, 35 years ago, to dispel Ignorance and Superstition from their fellow-citizens at Surat

By his grateful pupil

MAHIPATRAM RUPRAM Nilkanth.

राव बाहादुर

दादुबा पान्डुरंग

जे २५ वर्षपर सुरतमां अज्ञान अने वेहेमघढने तोडीपाडवानो प्रयत्न करनारा पराक्रमी महात्माना नायक हता, तेमने हुं तेमनो आभारी शिष्य आ ग्रंथ मानपूर्वक अर्पण करुंछुं.

महीपतराम रुपराम नीलकंठ.

પ્રસ્તાવના.

આ ચોપડીના નામ-પૃષ્ટમાં મેં પોતાને એનો કર્ત્તા લખ્યો નથી તેનું કારણ એ કે આખા પુસ્તકમાં મારૂં લખાણ ભાગ્યે પાના વીસેક હશે. ઘણુંખરૂં લખાણ મેહેતાજી દુર્ગારામનું પંડનું છે. જીવતા હતા તેવારે "માનવ ધર્મ સભાનું દફતર" એ નામે બાળબોધ અક્ષરે લખેલી ચોપડી એમણે મને પ્રગટ કરવાને આપી હતી. એમના હાથની લખેલી કે બીજા કોઇએ એમના બોલ ઉતારેલા તે મેં પૂછ્યું નહતું. એ લખાણમાં ભૂલો ઘણી છે, પણ મેં તેમાં ફેરફાર કર્યા નથી. માત્ર કોઈ ઠેકાણે અજાણે થયેલો હસ્તદોષ કે શુદ્ધ સંસ્કૃત શબ્દોની જોડણી ખોટી જોવામાં આવી તે સુધારી છે. -હસ્વ અજ્જુ અને દીર્ઘ અજ્જુ, અને -હસ્વ વરડું અને દીર્ઘ વરડું લખવામાં કાંઈ ધારણ રાખેલી જણાતી નથી. -હસ્વ અને દીર્ઘ રૂપના અર્થમાં કાંઈ ભેદ નથી, એવું ઉતારનારના સમજવામાં હશે એમ જણાય છે, કેમકે તેણે તેઓને વારા ફરતી શોભાને માટે વાપર્યા હોય એમ જણાય છે. એ ભૂલો ઘણી હોવાને લીધે કેટલીક રહી ગઈ છે. લખાણની ઢબમાં કે શબ્દ રચનામાં ફેરફાર કર્યા નથી. જેવું અસલમાં હતું તેવું રેહેવા દીધું છે, એટલે મેહેતાજી દુર્ગારામનીજ ભાષા રાખી છે. એમાં કેટલેક ઠેકાણે વ્યાકરણ વગેરેના દોષ મને લાગે છે, પણ તે રચનારને લાગ્યા નહિ હશે, કેમકે ઘણીકવાર લખાણ પંડે વાંચ્યા છતાં સુધારો કર્યો નથી. સને ૧૮૬૫ માં રાવબાહાદુર ભોળાનાથ સારાભાઈ તથા રાવબાહાદુર નંદશંકર તુલજાશંકરે એ ચોપડી વાંચેલી જણાય છે, ને તેમાં તેમના અક્ષરે પોતાના અભિપ્રાય હાંસીઆપર લખ્યા છે તે મેં ઉતાર્યા છે. મારૂં પોતાનું ડાહાપણ ડોહોળવું તેના કરતાં દુર્ગારામે જાતે લખેલો પોતાનો હેવાલ પ્રગટ કરવો એ મને વધારે ઠીક લાગ્યું.

દુર્ગારામના વડા દીકરા ભાઈ રતીરામે કેટલીક ખબર મેળવી આપી છે, તે પરથી બાલ્યાવસ્થા અને જુવાનીનો હેવાલ રચ્યો છે.

એ વર્ણન અપૂર્ણ છે, તેનું કારણ એ કે જોઈએ તેટલી વીગત મળી શકી નહિ. મહેતાજી જીવતા હતા તે વેળા મેં તેમને વિનંતિ કેટલીકવાર કરી હતી કે તમારૂં બાલચરિત્ર, જુવાનીના બનાવ, અને ઘડપણની સ્થિતિ લખી આપો, પણ નમ્રતાને લીધે તેમણે તેમ કરચું નહિ. "હું લખાવું તે તમે લખી લો" એમ એકવાર બોલેલા, પણ મને તેમ કરવાની જોગવાઈ મળી નહિ. ૪૬ મે પાને ગર્ભોપનિષદનો સાર રા. બા. ભોળાનાથે આપ્યો છે માટે તેમનો પાડ માનુંછું. સુરતના ફોટોગ્રાફર રા. જમીઅત-રામ વિષ્ણુરામે દુર્ગારામનો ફોટોગ્રાફ પાડ્યો હતો તેનો અસલ કાચ રા-ખેલો તે પરથી છબીઓ પડાવી આપી માટે તેનો હું આભારી થયો છું.

આ પુસ્તક મેં રાવબહાદુર દાદુબા પાન્ડુરંગને સમર્પણ કરચું છે, કેમકે તેઓ "માનવ ધર્મ સભાના" પ્રમુખ, દુર્ગારામના પરમ મિત્ર, એ કાળે સુરતમાં મુખ્ય સુધારાવાળા હતા તેઓમાં માત્ર એજ હાલ જીવતા છે; જે નોકરીને સારૂ પગાર મળે છે, તે કરવામાં કે પેટને માટે બીજો હરકોઈ રોજગાર કરવામાં વખત લગાડવો પડે છે, તેથી વધેલા વખતમાં સ્વદેશીઓના સુધારાને સારૂ પરોપકાર બુદ્ધિએ શ્રમ કરવો એ સજ્જનનો ધર્મ છે એવું પોતાના પંડના ઉદાહરણથી દેખાડી આપનારમાં એમણે અને દુર્ગારામ મહેતાજીએ સુરતમાં પહેલ કરી માટે માનને પાત્ર છે; એમણે રોપેલાં બીજનો એક છોડ આ પુસ્તક છે; મારા ઈંગ્રેજી અભ્યાસનો આરંભ એ વિદ્વાન, અને જનોપકારી પુરૂષના હાથ નીચે થયો હતો તે માટે હું તેમનો આભારી છું. મારા મનનું હેત અને એમનાં કૃત્યો વિષે સંતોષ દર્શાવવાને આ પુસ્તક એમને અર્પણ કરચું છે. એવા સદ્‌ગુરૂ અને સ્વદેશ હિતકારી સજ્જનો આ-પણા દેશમાં ઘણા હોજો.

अनुक्रमणिका.

प्रकरण १ लुं.

प्रकरण २ जुं.

प्रकरण ३ जुं.

प्रकरण ४ थुं.

प्रकरण ५ मुं.

दुर्गाराम चरित्र.

भाग पहेलो.

प्रकरण १ लुं.

જન્મ. વંશાવળી. બાલ્યાવસ્થા. મુંબાઈ જવું. મેહેતાજી થવું. ઓરપાડમાં બદલી. પાછાં સૂરત આવવું. લગ્ન.

આ મહાપુરૂષ સૂરત શેહેરમાં સંવત ૧૮૬૬ ના માગશર માસની વદ ૪ વાર સોમે (તારીખ ૨૫ મી ડિસેમ્બર સને ૧૮૦૯ માં) અવતર્યા હતા. એઓ ન્યાતે વડનગરા નાગર બ્રાહ્મણ હતા. સૂરતની એ નાતમાં કેટલીક ટુકડીઓ છે તેમાંની એક નાનીસી નામે અમદાવાદી તડમાં એમના બાપ મંછારામ હતા. એમના પૂર્વજોમાંથી કોણે ને ક્યારે અમદાવાદ છોડી સૂરત મધ્યે આવી નિવાસ કર્યો તે હાલ કોઈના જાણવામાં નથી, અને મેહેતાજી પંડે પણ નહિ જાણતા હોય એમ સંભવે છે, કેમકે પોતાના દીકરાને સાત પેહેડીનાં નામ શિખવ્યાં તેમાં એ વાત કહી નહતી.

સાત પેહેડીનાં નામ.

દવે પરાગજી.
દવે સુરજી.
દવે રેવાદાસ.
દવે ગોકળદાસ.
દવે જયાનંદ.
દવે મયારામ.
દવે મંછારામ.

પરાગજી દવેના પિતાનું નામ એના વંશજોને માલમ નથી. વંશાવળી પરથી જણાયછે કે મયારામ સુધી એકજ થઇ ચાલ્યું. મયારામને બે દીકરા નામે મંછારામ અને ભવાનીશંકર, અને ત્રણ દીકરીઓ હતી. એ દીકરીઓના વંશમાં હાલ કોઈ નથી. ભવાનીશંકરને બે છોકરીઓ હતી. મંછારામ દવેનો વેલો વધારે પ્રસર્યોછે. એને બે પુત્ર અને ત્રણ પુત્રીઓ હતી. એમાં ૪ થે નંબરે એ કુળનો દીવો દુર્ગારામ મેહેતાજી હતા. જે સ્ત્રીની કુખમાં આ

નામાંકિત નરે અવતાર ધારણ કર્યો તેનું નામ નાનીગવરી હતું, ને તેણીના બાપનું નામ ઇચ્છારામ હતું.

મંછારામ દવે રાજ્ય તરફની જકાત ઉઘરાવવાના ઇજારા રાખવાનો ધંધો કરતા. ઇંગ્રેજનો અમલ બેઠા પછી એ જકાતો ઉડી ગઈ તેથી એ રોજગાર ગયો ને તે નબળી દશામાં આવ્યા. પંડે વેદશાસ્ત્ર ભણેલા નહતા અને પોતાના છોકરાને પણ તે વિદ્યાનો અભ્યાસ કરાવ્યો નહિ. ગૂજરાતી નિશાળે બેસાડી આંક ને લેખાં ભણાવ્યાં. આઠ વર્ષની ઉમરે તેનો આ બુદ્ધિમાન પુત્ર વીસે આંક પુરા કરી લખતાં વાંચતાં શિખ્યો હતો એમ કહેવાય છે. દુર્ગારામની ૧૧ વર્ષની ઉમરે તેની મા નાનીગવરી ગુજરી ગઈ. એ વખત પછી એમને એમની માસી રેવાકુંવરે પોતાને ઘેર રાખી ઉછેર્યા. નિશાળેથી ઉઠ્યા પછી તેને કોઈ ગૃહસ્થ નાગર ગોવિંદરામ જીવણરામની પેઢીએ નામુ શિખવા મૂક્યા. તે આવડ્યા પછી એ શેઠે તેને ઘણા હલકા વરસાને વાણોતર રાખ્યા. સંવત ૧૮૭૮.

આ તરૂણ બ્રાહ્મણને એ વેળાએ પુસ્તકો વાંચવાનો શોક હતો. થોડી વાર્તાઓની સિવાય બીજી ચોપડીઓ એ સમે ગૂજરાતીમાં નહતી. કવિતાનાં પુસ્તકો મળ્યાં તેટલાં વાંચ્યાં, પણ તેથી તેની જિજ્ઞાસા તૃપ્ત થઈ નહિ. જુજ પગારમાં સડ્યાં કરવું એ પણ તેના ઉમંગી ને સહાસિક મનને ગોઠ્યું નહિ. સંવત ૧૮૮૨ ના કારતક માસમાં (સને ૧૮૨૫ માં) ૧૯ મે વર્ષે વિદ્યા અને ઉદ્યમ શોધવાને તે પોતાની માસીને જોડે લઈ મુંબાઈ ગયા. એ વરસમાં એના પિતાનો કાળ થયો. આ બનાવથી તેને હરકત પડી હોય એમ જણાતું નથી. એની માસી રેવાકુંવર વિધવા હતી, અને તેને પેટ સંતાન ન હોવાથી આ ભાણેજને પોતાનો પુત્ર ગણી પાળ્યો. તેને માટે કેટલુંક ધન કોઈ શાવકારની પેઢીએ જમે કરાવ્યું હતું, પરંતુ તે શાવકારે દેવાળું કાઢ્યું તેથી ભાણેજને તે મળ્યું નહિ. બાઈ શાણી, સ્વભાવે શાંત, અને ભગવદ્ગીતા વાંચી શકે એટલું ભણેલી હતી. એ પુસ્તક ટીકા સહિત તે વાંચતી તે પરથી સંભવેછે કે અર્થ સમજતી હશે. સારા સંગથી માણસ સારૂં નીવડે તેનો દાખલો અહીં મળેછે. આ રૂડી બાઇએ દુર્ગારામના કુમળા અને બુદ્ધિશાળી મનપર

રૂડી અસર કરી. બાઈ શાંત પ્રકૃતિની હતી તેવા દુર્ગારામ પણ થયા; પોતાને વિદ્યા વહાલી હોવાથી તેણીએ દુર્ગારામને વિદ્યાનું વ્યસન વળગાડ્યું; પોતાના આચરણ સારાં હોવાથી તેણીએ દુર્ગારામને સદાચરણી કર્યા. ભાણેજના હિતને માટે તેની જોડે તે મુંબાઈ ગઈ અને બીજો ઘણો શ્રમ વેઠ્યો. એમ આ ભલી માસીએ ગુણવાન માતુશ્રીની ગરજ સારી.

એ વેળા મુંબાઈમાં સરકાર તરફથી પ્રજાને ભણાવવાને નિશાળ સ્થાપન થઈ હતી, અને ઈલાકાનાં મોટાં શેહેરોમાં નિશાળો બેસાડવાનો ઠરાવ થયો હતો. એવું બન્યું કે આ વાતથી અજાણ્યા દુર્ગારામ મુંબાઈની સરકારી નિશાળ આગળથી એક દિવસે જતા હતા, ત્યાં તેમણે મોટા માણસોની ગાડીઓ અને લોકને મળેલા જોયા. ચંચળ જુવાનીઆને આનું કારણ જાણવાની ઈચ્છા થઈ. તજવીજથી માલમ પડ્યું કે એ સરકારી નિશાળ છે, એમાં જે જાય તેને મફત ભણાવેછે, અને તે દહાડે પરીક્ષા લઈ ગવર્નર સાહેબ ઈનામ વેંહેંચવાના છે માટે સભા મળીછે. જ્ઞાન સંપાદન કરવાને જેનું મન આતુર હતું, અને રોજગાર હજી મળ્યો નહતો એવા દુર્ગારામે અહીં ભણવાનો મનસુબો ઉતારે જઈ માસી જોડે કર્યો. તે બાઈના વિચારમાં એ વાત ઉતરી, ને દુર્ગારામ તે નિશાળે બેઠા. વરસ દોઢેક સુધી ઉલટથી અભ્યાસ કર્યો એટલે તેના ઉપરીએ ગૂજરાતી નિશાળ ભણાવવાને લાયક ગણી ૩૨૦)ના પગારે મેહેતાજી નીમી સૂરત મોકલ્યા. તે શેહેરના હરીપરામાં દુર્ગારામે નવી નિશાળ માંડી (તા. ૧૩ સપ્ટેમ્બર ૧૮૨૬).

સૂરતના હરીપરામાં ૬ મહીના નોકરી કર્યા પછી દુર્ગારામ મેહેતાજીને ઓરપાડની સરકારી નિશાળ ચલાવવાને મોકલ્યા. ઓરપાડમાં જઈ પોતાને રેહેવા વાસ્તે ઘર ખોળવા લાગ્યા. એક ઘર સારૂં વગવાળું ભાડે આપવાનું હતું, પણ તે કોઈ રાખતું નહિ, કેમકે તેમાં ભૂત વસેછે એવો વહેમ હતો. સસ્તે ભાડે ને પોતાને જોઈએ તેવું હતું તેથી ભૂતથી ન ડરી મેહેતાજીએ તે ઘર રાખ્યું. એની હિમ્મત આગળ ભૂતનું ચાલ્યું નહિ, તે પરથી એને શક આવવા લાગ્યો કે ભૂત એ વેહેમ હશે. જે ઘરમાં રેહેતાં બીજા બીતા હતા તેમાં એને કાંઈ હરકત થઈ નહિ,

ત્યાં ભૂત બીલકુલ જોવામાં આવ્યું નહિ, ત્યારથી એ વિષે તપાસ કરવા માંડી. એક વેળા અજવાળી રાત્રે મહેતાજી સૂરત આવવા નીકળ્યા. માર્ગમાં એક ઠેકાણે કાંઈ ઝાંખી ચીજ દેખી મનમાં શંકા ઉઠી કે એ ભૂત હશે. ભૂતની પરીક્ષા કરવાનો આ સારો લાગ જોઈ કેટલેક છેટે બેસી તે વસ્તુ ઉપર બીતાં બીતાં કાંકરા ફેકવા લાગ્યા. ભયથી છાતી ધડકે તેને પોતે હિમ્મતથી ધીરજ આપે. એવી વાત સાંભળેલી કે ભૂતની સામું જોયા કરીએ તો તે વળગી શકે નહિ, પણ આડું અવળું જોયું કે વળગે. એ વાત ખરી માની તે પદાર્થની સામે એક નજરે જોયા કરે. સવાર થતાં સૂધી ત્યાં બેસી રહ્યા. અરૂણોદય થતાં હિમ્મત વધારે આવી તેવારે તેની થડમાં જઈ તે ઉપર હાથ લગાડી જોયું તો તે ડાળાં પાંદડાં વગરના ઝાડનું નાનું ઠુંઠું હતું. આ બનાવ એની ૧૮ વરસની ઉમરે ઓરપાડ અને રાંદેરની વચ્ચે બન્યો. ભૂતની વાતો કલ્પિત છે એનો આ બીજો પુરાવો પંડના અનુભવથી દુર્ગારામને મળ્યો. જે વાત કરવી ધારી તે કરવામાં અડચણથી અને સંકટથી ડરી પાછા હઠવું નહિ એવો એમનો સ્વભાવ હતો તેનો ત્રીજો દાખલો પણ ઓરપાડમાં બન્યો. એક દહાડે સૂરતથી ઓરપાડ જવા મોડા નિકળેલા, તેથી રાત્રે દશેક વાગતે પોહોંચ્યા. રસ્તામાં ભજીઆં ખાવાનું મન થવાથી ઠરાવ્યું કે ઓરપાડ જઇને કરી ખાવાં. મોડી રાત્રે પોહોતા તેથી ચણાનો લોટ દળનાર કોઈ મળ્યું નહિ ને ઘરમાં પોતે એકલા હતા. આ અડચણથી હારવું ઠીક નહિ એમ વિચારી ઘંટીએ બેસી પોતાને હાથે ચણાની દાળને દળી ને પછી ચૂલો સળગાવી રતાળુકંદ સૂરતથી લાવ્યા હતા તેનાં ભજીઆં કરીને અર્ધી રાતે ઊનાં ઊનાં ખાધાં. આવી દૃઢતા એમણે મોટા કામોમાં પણ આગળ દેખાડી.

સને ૧૮૩૦ માં એટલે સંવત ૧૮૮૭ માં દુર્ગારામની બદલી સૂરતમાં થઈ. એ શહેરના નાણાવટમાં નવલસાનો કોઠો નામે મકાનમાં એ વેળા એની નિશાળ હતી. બીજે વર્ષે ત્રવાડી તુલજાશંકર ઉમીઆશંકર નામે બ્રાહ્મણે પોતાની કન્યાને એમની વેરે પરણાવી. પરણ્યા પછી કેટલાંક વરસ સુધી નોકરી ઉપરાંત એમણે બીજું શું કીધું

તે જાણવામાં આવ્યું નથી. જે કામ કરવું તેમાં ચિત્ત લગાડી ઉમંગથી કરવું એવો એમનો સ્વભાવ હતો, તે પરથી મને લાગેછે કે એમણે પોતાના નિશાળીઆને ભણાવવા પર મહેનત કરી હશે. આગળ જોવામાં આવશે કે એમને સંસ્કૃત ભાષાનું જ્ઞાન હતું; એ ભાષાનો અભ્યાસ એમણે ક્યારે કર્યો તે માલમ નથી. સંવત ૧૮૯૩માં સૂરતમાં મોટી આગ લાગી તેમાં દુર્ગારામનું ઘર બળી ગયું. બીજે વર્ષે રૂ૨૭૦૦ ખરચી તેમણે નવું ઘર, જે નાની છીપવાડમાં છે તે, બંધાવ્યું. સંવત ૧૮૯૫માં એમની પત્ની ૧૭ વરસની ઉમરે ગુજરી ગઈ.

પ્રકરણ ૨ જું.

વિધવા પુનર્વિવાહનાં કારણ. મુંબાઈ પરીક્ષા આપવા જવું. પુનર્લગ્ન. સૂરતમાં ઇંગ્રેજી સ્કૂલ. પાંચ દદ્દા. પુસ્તક પ્રસારક મંડળી.

પોતાની પત્ની મરી ગયા પછી દુર્ગારામના ચપળ અને વિચારવંત મનમાં એક મોટો ખ્યાલ ઉઠ્યો. વડનગરા નાગર બ્રાહ્મણમાં કન્યા મળવી કઠણ છે. કહેવતછે કે "રૂપિએ ભરે ગાગર ત્યારે પરણે નાગર." કુળનું લાકડું તો ઘણું કરીને નડતું નથી, ને એક જીવતી હોય ત્યાંસુધી બીજી સ્ત્રી પરણાય નહિ એ મોટા સુધારા એ જ્ઞાતિમાંછે, તથાપિ કન્યાની અછતથી કે પાસે ધન ન હોવાથી વાંઢાં રહેવાની ઘણાને ધાસ્તી છે. સૂરતના ગૃહસ્થ નાગરમાં રૂ૧૧૦૦) નું અને નાગર બ્રાહ્મણમાં રૂ૮૦૦)નું પલ્લું કન્યાને આપવું પડેછે, તે ઉપરાંત બીજી રીતો, જમણવાર, વરઘોડા, વગેરે કરવામાં ખરચ થાયછે. દુર્ગારામની અમદાવાદી ટુકડીમાં કન્યાની અછત વધારે હતી; નાણા ખરચતાંએ મળવી મુશ્કેલ પડે, તે ઉપરાંત બીજ વરને ઉમરની હરકત નડે. બાળ વિધવા અને જુવાન રાંડી રાંડો ઘણી રખડતી હતી તેમની ભણી દુર્ગારામનું લક્ષ આ સંકટમાં ગયું. ત્રીશ વર્ષે ભર જુવાનીમાં પોતે નારી વગરના થયાથી જે મોટી પીડા પામ્યા તે પરથી તેમણે બાપડી વિધવાનાં દુઃખ ધ્યાનમાં લીધાં. અબળા જાતિને માથે વૈધવ્યની સજા શા માટે હોવી જોઇએ તેનાં કારણ મહે-

તાજી શોધવા લાગ્યા. પુરૂષ રાંડે તો ફરી પરણી શકે, અને સ્ત્રી રાંડે તો શા વાસ્તે ફરીને પરણી શકે નહિ? વહુ મરી જાય તો વર બીજી વહુ કરે તો વર મરી જવાથી વહુ બીજો વર શા માટે ન કરે? એવા પ્રશ્નો તેના મનમાં ઘોળાવવા લાગ્યા. પોતાનું દુઃખ જાણી બિચારી જુવાન વિધવાઓ ઉપર તેને દયા આવી. વગર વાંકે તેઓને ભારે સજા થાયછે એવી તેની ખાતરી થઈ, કેમકે તેમના ઉપર પડતા જૂલમનું એકે વાજબી કારણ તેને જડયું નહિ. તપાસ કરતાં માલમ પડયું કે ગર્ભપાત, બાળહત્યા, વ્યભિચારાદિક કેટલાંક મોટાં પાપ વિધવાઓ પાસે કરાવનાર આ અન્યાય છે. વિધવાને ફરી લગ્ન કરવાની છૂટ હોયતો ઘણાક વાંઢાની આબદા ટળે, અપરાધ ઓછા થાય, અને દુરાચરણ ઘટે.

સ્મૃતિઓમાં અને પુરાણોમાં કેટલેક ઠેકાણે વિધવા વિવાહની મના છે. દુર્ગારામે ધાર્યું કે એ શાસ્ત્ર રચનારા પુરૂષ જાત હતા માટે પુરૂષ જાત પર કૃપા અને સ્ત્રી જાત પર અવકૃપા કરી હશે; તેઓ બહુધા કુંવારા બ્રહ્મચારી, કે સંસારથી કંટાળીને ત્યાગી થયેલા હોવાથી સુંદરીઓના શત્રુ હશે તેથી, કે નારીઓનાં સુખ દુઃખ જોડે સમભાવ ન હોવાથી આ પક્ષપાત કર્યા હશે; અથવા તે કાળે એ ધારો કરવાનાં સબળ કારણો હશે, પણ તે તેમણે જણાવ્યાં નથી તેથી તેઓ વિશે માત્ર અટકળ થઈ શકે છે. આ સમયમાં તો આ ગેરઇન્સાફ જારી રાખવાને ખરાં કારણ નથી. બીજી પ્રજાઓને પોતાના ધારામાં ફેરફાર કરવાનો અધિકાર છે તો આપણને તે શા વાસ્તે ન હોવો જોઇએ? બીજા દેશોમાં વિધવાના પુનર્લગ્નથી હાની થતી નથી તો આપણા દેશમાં શા વાસ્તે થાય?

એવા તરંગ મનમાં ચાલી રહ્યા હતા તેવામાં તેમને ધર્મશાસ્ત્રની મદદ મળી હતી કે નહિ તે મારા જાણવામાં નથી. આ કળિયુગમાં પરાશર સ્મૃતિમાં કહ્યા પ્રમાણે વર્ત્તવું એવું વચન ધર્મશાસ્ત્રમાં છે, અને પરાશર સ્મૃતિમાં કહ્યું છે કે—

નષ્ટેમૃતેપ્રવ્રજિતેક્લીબેચપતિતેપતૌ ।
પંચસ્વાપત્સુનારીણાંપતિરન્યોવિધીયતે ॥

એમાં પતૌ શબ્દ સપ્તમીના એક વચનમાં છે, બહુ વચનમાં નથી, એ વ્યાકરણ દોષ છે, માટે એ માત્ર સગાઈ કરેલી કન્યાને લાગે, પરણેલીને ન લાગે એવી તકરાર કોઈ શાસ્ત્રીઓ ઉઠાવે છે. પરંતુ તે તકરાર જૂઠી છે કેમકે સગાઈ કરેલી પણ પરણેલી નહિ એવી કન્યાનો વર મરી જાય તો તેની સગાઈ ફરીને થાય કે નહિ એ વિષે આપણા દેશમાં કે કોઈ બીજા દેશમાં કદી વાંધો પડ્યોજ નથી, એટલે તેનો નિવેડો કરવાની પરાશર ઋષિને કાંઈ જરૂર ન હતી. સગાઈ કરેલી કન્યા પતિના મરણથી સતી નહોતી થતી. આર્ષવાણીમાં વ્યાકરણ દોષ હોય છે કેમકે સંસ્કૃત ભાષા સંપૂર્ણતાને પામી ત્યાર પહેલાના તે છે, ને શાસ્ત્રીઓ તેમાં દોષ ગણતા નથી. વેદવાણી વિષે પણ એમજ છે. એમ વિચાર કરતાં ખાતરી થાય છે કે યુક્તિ અને શાસ્ત્ર બેહુ પ્રમાણે વિધવા પુનર્લગ્નને બાધ નથી.

આ વિચાર મનમાં ઘોળાતા હતા, અને તેઓને પ્રગટ કરવાની યોજના કરતા હતા તેવામાં (સંવત૧૮૯૬, સને૧૮૪૦માં) સરકારી નિશાળોના મેહેતાજીઓને મુંબાઈ બોલાવ્યા. ત્યાં થોડા માસ અભ્યાસ કરાવી તેમની પરીક્ષા લીધી. ગૂજરાતના મેહેતાજીઓમાં દુર્ગારામ સર્વથી સરસ નિકળ્યા; ગણિતમાં તેઓ પહેલે નંબરે પાસ થયા, ને રૂ૩૦૦)નું ઇનામ મેળવ્યું. સૂરતમાં એ વેળા સરકારી નિશાળો બે હતી. એક દુર્ગારામની અને બીજી પ્રાણશંકરની. એ બેહુ મેહેતાજી પરીક્ષામાં હતા તેવામાં મુંબાઇથી કોઈ નઠારા મશ્કરા આદમીએ પ્રાણશંકર મેહેતાજીને ઘેર તેના મરણનો જૂઠો કાગળ લખ્યો. એ કાગળ વાંચી સગાંવાહાલાં રડારોળ કરવા લાગ્યાં, ધારા પ્રમાણે કૂટણું ચાલ્યું, ને બાપડી બાયડીએ વેશ ઉતાર્યો. મોતાળાની નાત ૧૩ માને દહાડે જમવા બેઠી છે તેવામાં પ્રાણશંકર આવી ઉભા રહ્યા. ભારજાનું મૂડેલું માથું અને ચૂડા વગરના હાથ જોઈ તેમને કેવું લાગ્યું હશે! પરીક્ષા આપી આવ્યા પછી બંને મેહેતાજીઓની નિશાળો વધારે પ્રખ્યાત થઈ. તેમના નિશાળીઆ વચ્ચે હરીફાઈ ચાલી. પ્રાણશંકરની નિશાળે મુત્સદીઓના છોકરા ભણતા તેથી તેઓ વાંચવા લખવામાં વધારે સરસ પડતા, ને તેમના વડીલોના વગથી સરકારી નોક-

રીમાં ઝટ દાખલ થતા. ભૂમિતિ, બીજગણિત, વ્યાકરણ વગેરેમાં દુર્ગારામના નિશાળીઆ વધારે સારા ઉતરતા. દુર્ગારામ મેહેતાજીનું જ્ઞાન, ભણાવવાની ચતુરાઈ અને ઉદ્યોગ વધારે હોવાથી તેની નિશાળ વધારે આબાદ થઈ. નિશાળીઆની સંખ્યા ને અભ્યાસ બેહુ વધ્યાં. મુંબાઇમાં મેહેતાજીઓએ ભૂગોળ તથા ખગોળ વિદ્યાઓમાં પ્રવેશ કર્યો હતો, ને ઉપરીના હુકમથી હવે તે બાબતો નિશાળમાં ચલાવી. પુરાણોમાં લખ્યા પ્રમાણે એ વિદ્યાઓ નહિ હોવાથી લોકમાં નિંદા ચાલી. નિત્યાનંદ અને પરમાનંદના સંવાદ રૂપે છપાએલી એ વિષેની ચોપડી ભણે તે લોકને ગમે નહિ. પ્રાણશંકર છોકરાને કહેતા કે સાહેબ પરીક્ષા લેવા આવે ને પૂછે ત્યારે કહેવું કે પૃથ્વી ગોળ છે, ને ફરે છે, પણ તે તમે માનશો નહિ, કેમકે પથ્વી ગોળ હોય ને ફરે તો આપણાં ઘર પડી જાય; તે પડતાં નથી માટે એ વાત ખોટી છે. પ્રાણશંકર મેહેતાજીના સમજવામાં આ વિદ્યાઓ આવી ન હતી, પણ બુદ્ધિવાન દુર્ગારામથી તે સમજાઈ હતી, ને તે નિશાળીઆને સમજણ પાડી બરોબર શિખવતા. એથી લોક તેને ધર્મ ભ્રષ્ટ કહી નિંદવા લાગ્યા. પ્રથમ જ્યારે એ નિશાળો બેઠી ત્યારે ફી લેવાતી નહિ, ચોપડીઓ, તથા સ્લેટ અને પેન નિશાળીઆને સરકારથી મફત મળતાં, ને અંકગણિત, પંચોપાખ્યાન, વિદુરનીતિ, ઈસપનીતિ, અને બાળમિત્રની કાહાણીઓ વંચાવતા તેથી સરકારી નિશાળોના ભણતર વિષે કોઈ વાંધો લેતું નહિ; પણ ખગોળમાં સૂર્ય જડ અને પૃથ્વી તેની વાર્ષિક પ્રદક્ષિણા કરે છે તથા હરરોજ પોતાની ધરી ઉપર એક આંટો ફરે છે એ વગેરે શિખવવાથી ચરચા ચાલી. તથાપિ નિશાળની આબાદીને ધોકો પોહોંચ્યો નહિ.

ખગોળવિદ્યા નિશાળના સૌથી ઉપલા વર્ગમાં ચાલે તેથી થોડાજ લોકના જાણવામાં તે વિષે આવે. પણ હવે વિધવા પુનર્લગ્નના પક્ષમાં દુર્ગારામ મેહેતાજીએ ચકલે ચકલે ને મેહેલ મેહેલે વાતો કરવા માંડી તેથી બહુ બોહોબાટ થયો. જુવાનીનો જોસ્સો ને બોલવાની છટા તેના ભાષણમાં રસ ઉમેરે,ને જેને કન્યા મળેલી નહિ ને મળવાની આશા નહિ તેવા કુંવારાનાં મન ઉશ્કેરે. વિચારવંત ગંભીર પુરૂષો પણ તેના દલીલ

દાખલાથી તકરારમાં માત થઈ શંકામાં પડે. પણ મનમાં ઠસેલું જૂનું મત અસત્ય જણાયાથી તજે ને બીજાઓને તે જાહેર કરે એવા સજ્જન થોડા હોય છે; જે વાત લોક વિરુદ્ધ હોય તે કહેતાં, સ્વીકારતાં, અને કરતાં ડરી છાના રહે કે પાછા હઠે એવા માણસ પતન થયેલી નબળી પ્રજામાં ઘણા હોય છે. જે વાત પોતાના મનને સારી લાગે તેની પણ લોકમાં વખણાવવાને નિંદા કરે, એવા જૂઠા પણ બહુ હોય છે. આપણી સંસારી હાલતમાં જે મુખ્ય સુધારા કરવાના છે તેમાંનો એક મોટો આ છે. પ્રથમજ વાત દુર્ગારામે ચલાવી. લોક તેની સામા થયા. જે થોડા માણસો સમજે તેઓ લોક નિંદાથી ભય પામી મદદ ન કરે. બીચારી અનાથ રાંડીરાંડોની વાહારે ચડતાં દુર્ગારામ ઉપર ગાળો ને નિંદાનો વરસાદ વરસ્યો. પણ બહાદૂર મેહેતાજી તેથી ગભરાણા નહિ. કોઇએ તેને મોંડે ચડીને કહ્યું કે તમારા ઘરમાં તમારી માસી રાંડેલાં છે તેને પરણાવો. રીસ નહિ કરતાં દુર્ગારામે ઉત્તર આપ્યો કે તેઓ ઘરડાં થયાં છે, ને હું જુવાન અને બાળક વિધવાઓને માટે કહુંછું. પરંતુ ડોસીને પણ ઇચ્છા હોય તો કોઈ ડોસાને વરે, ન ઇચ્છા હોય તો ના પરણે. જુવાન વિધવાઓને માટે પણ એજ નિયમ હોવો જોઇએ કે જેની ઇચ્છા હોય તે વૈધવ્ય ધર્મ પાળે, ને જેનાથી તે પળાય નહિ તે ફરીને પરણે.

ઘણીક વિધવાઓનાં ચિત્ત દુર્ગારામના બોલથી વ્યાકુળ થયાં, ને મથુરી નામે જુવાન ડુંગરપુરી વિધવા તેને વરવાને તૈયાર થઈ. આ ખબરથી નાગર બ્રાહ્મણોમાં ખળભળાટ થઈ ગયો. મથુરીના પુનર્લગ્ન દુર્ગારામ પેરે થતાં અટકાવવાને ભારે પ્રયત્ન ચાલ્યો ને સુધારાના શત્રુ જય પામ્યા. આ પ્રયત્ન કરનારા કોણ હતા, અને તેમાં મેહેતાજીએ કેટલી મેહેનત કરેલી તે મારા જાણવામાં નથી. નાત બાહારની સજાના ભયથી બીએ એવા આ નર નહોતો, ને વિધવાને પરણે તો નાત બાહાર મૂકે એ નક્કી હતું. એથી એના સગાંવાહાલાંમાં ગભરાટ થયો. દુર્ગારામને કોઈ કુંવારી કન્યા દે તો રાંડેલીને પરણતા અટકે કે નહિ તે તેમણે અજમાવ્યું, ને ફતેહ પામ્યા. ગોર જીવણરામ મંછારામે

અભિગવરી નામે પોતાની કુંવારી બાળકીને દેવાની હા કહી, ને દુર્ગારામ મેહેતાજીએ તેને લઇ પોતાના મતને અને નામને હીણપત લગાડી. એ લગ્નથી તેના લક્ષણ નમળાં કર્યાં. મોટા અન્યાયને અને વિધવા અભિચાર, ગર્ભપાત અને બાળહત્યાને બંધ પાડવાના સાચા ઉપાયનો દાખલો, જોગવાઈ મળ્યા છતાં, પડે ન દેખાડ્યો એથી પાપી રસમનો બચાવ થયો, અને બાપડી વિધવાઓનો પક્ષ દુર્ગારામે સ્વાર્થે કર્યો હતો એમ મનાયું. સાસૂ સસરાએ જમાઈ જોડે એવી શરત કરી હતી કે તેની છોકરીને પરણ્યા પછી વિધવા પુનર્વિવાહ સંબંધી જાહેર બોધ કરવો નહિ. લગ્ન પછી એ બાબતનો દુર્ગારામનો ઉપદેશ અને ઉદ્યોગ મંદ પડી ગયા. હવે તેનું ચંચળ મન બીજા સુધારા કરવાપર વેગથી લાગ્યું. વિધવા પુનર્લગ્ન સંબંધી તેનો અભિપ્રાય બદલાયો નહતો તે હું જાણુંછું. પરંતુ અભિગવરીએ મોટી ઉથલ પાથલ અટકાવવાનો જય મેળવ્યો માટે તેનું નામ સાસરીઆએ જયાવહુ પાડ્યું તે ઘટારત હતું. દુર્ગારામે વિધવા વેરે લગ્ન કર્યું હોત તો તેને નાત બાહાર રેહેવું પડત, ને નાત બાહાર રહ્યા પછી એ વિશાળ બુદ્ધિનો ઉત્સાહી નર ભરતખંડના કોઈ મોટા આચાર્ય કે યૂરોપના લુથર જેવો થાત એમ સંભવે છે. આ લાભ આપણા દેશે ખોયો માટે સુધારા વાળા દલગીર છે.

સંવત ૧૯૦૦ માં એમ આ બીજી વારના લગ્ન થવાથી દુર્ગારામના મનનો જોસ્સો વિધવા વિવાહ વાટે જતો રોકાયો. પણ જેમ જોરભેર આવતી પાણીની રેલ એક દિશામાં જતી ખાળ્યાથી બીજી મેર ધશે છે, તેમ એ મેહેતાજીના સુધારા તરફ વળેલા ઉમંગી મનનું આવેશ રૂપી પૂર બીજી રાહે દોડ્યું. એણે આ વેળા સુધીમાં સંસ્કૃતનો અભ્યાસ એટલો વધાર્યો હતો કે ઉપનિષદો, ભગવદ્‌ગીતા, પુરાણો વગેરે વાંચી તથા સમજી શકતા હતા. સને ૧૮૪૨ માં એટલે સંવત ૧૮૯૮ માં સરકારે સૂરતમાં ઇંગ્રેજી સ્કૂલ સ્થાપી, અને તેના હેડ માસ્તરની જગા દાદોબા પાન્ડુરંગને આપી. એ પુરૂષ વિદ્વાન અને સદ્‌વિચારી હતા. દુર્ગારામનું તેમની જોડે ઓળખાણ થતાં બેહુની મળતી રાશ આવી. ઇંગ્રેજી જાણ્યા વિના અને ઇંગ્રેજી ભણેલાની સોબત વગર દુ-

ર્ગારામના સુધરેલા વિચાર જાણી દાદોબા સાનન્દાશ્ચર્ય પામ્યા હશે. દુર્ગારામને સુધારાના કામમાં જોઇએ તેવો સંગાથ મળ્યો. હવે સુધારો કરવાની ઇચ્છા રાખનારા સત્પુરૂષોની ટોળી થઈ. એ બેની જોડે બીજાઓ ભળ્યા. એ ટોળીમાં જે પાંચ મુખ્ય નર હતા તેઓનાં નામનો પેહેલો અક્ષર દ હોવાથી પાંચ દદ્દાની મંડળી કહેવાતી. દાદોબા, દુર્ગારામ, દલપતરામ માસ્તર, દામોદરદાસ, અને દીનમણીશંકર શાસ્ત્રી એ પાંચ દદ્દામાં હતા, એમ મને મહેતાજી દુર્ગારામે પંડે કહ્યુ હતું. એ સજ્જનોએ પ્રથમ પુસ્તક પ્રસારક મંડળી સ્થાપી ગ્રંથો છાપવાને શીળા છાપયંત્ર મુંબાઇથી આણ્યો. એ મંડળીનો હેવાલ મને મળ્યો નથી. પોતાના છાપખાનામાં ક્યાં પુસ્તકો છાપ્યાં તે પણ મારા જાણવામાં નથી. હિંદમાં છાપખાના સ્થાપવાની છૂટનો કાયદો ગવર્નર જનરલે સને ૧૮૩૫ માં મંજૂર કર્યો હતો, તથાપિ સને ૧૮૪૨ માં આ મંડળીને સૂરત શેહેરમાં મુખ્ય માજીસ્ત્રેટનું કામ ચલાવનાર અમલદારે આ છાપખાનું કાઢવા દીધું નહિ. આ અટકાવ કાયદા વિરૂદ્ધ હતો. ઈંગ્રેજી રાજ્યમાં છાપખાનાના માલિકની નજરમાં આવે ત્યાં છાપવાનાં યંત્રો રાખે અને છાપે, તેણે માત્ર એ વાત માજીસ્ત્રેટને જાહેર કરવી અને સ્થળનું નામ ઠામ લખી આપવું, એવો એ કાયદો હતો. પરંતુ કેટલીક બાબતોમાં હાલ જેમ બને છે તેમ તે કાળે બનતું. કાયદામાં ઠરાવ્યું હોય તે કાયદામાં રહે, અમલમાં ન આવે, કે અમલ કરનારની ઇચ્છા પ્રમાણે તેનો અર્થ કરે. એ વેળા સૂરત શેહેરમાં મુખ્ય માજીસ્ત્રેટનું કામ સેશન જડજને હાથ હતું, અને શેહેર બહાર પરગણાઓમાં મુખ્ય માજીસ્ત્રેટનો અધિકાર કલેક્ટરને હાથ હતો. સને ૧૮૪૨.માં જડજ હતો તેના નામની મને બરોબર સરત નથી માટે લખતો નથી. એ અમલદારના વિચાર દેશીઓ વિશે કેવા હતા, એનું મન કેવું નાનું હતું તે સૂચવે તેવી એક બીના મારા સાંભળવામાં છે. સૂરતની નવી ઈંગ્રેજી સ્કૂલની પરીક્ષા એની રૂબરૂ અદાલતમાં થઈ. છોકરાને વંચાવ્યા પછી માસ્તર દાદોબાએ વ્યાકરણ તથા ભૂગોળવિદ્યાના પ્રશ્નો પૂછવાને વિનંતિ કરી એટલે સાહેબ તિરસ્કારથી બોલ્યો કે "What ! Grammar and Geography to the blacks"!!!

(વ્યાકરણ અને ભૂગોળવિદ્યા કાળા લોકને શાં !!!) સરકારી આફીસોને માટે ઈંગ્રેજી લખનારા કારકુનો મળે માટે સ્કૂલ કરી છે એવી તેની સમજ હશે. એવા મૂર્ખ માણસ શેહેરમાં છાપખાનું કરવા ન દે તેમાં શી નવાઇ ! છાપખાનું થાય તો વર્તમાનપત્ર અને ચોપાનીઆં છપાય, અને તેમાં તેનાં અને બીજા અમલદારોનાં કૃત્યોની ચરચા થાય; તેઓ જે સરકારમાં એક તરફી પોતાને અનુકૂળ પડે તેમ લખે તેનું પોકળ, તેમાં ખોડ અને જૂઠણ હોય તે છપાઈ પ્રસિદ્ધ થાય, અને પોતાની ખુશી પરમાણે કરવામાં હરકત થાય, વગેરે કારણોથી આજે પણ પોલિટિકલ એજંટો અને દેશી રાજ્યોના અધિકારીઓ છાપખાનાને છૂટ આપતા નથી. વડોદરામાં સ્વતંત્ર વર્તમાનપત્ર છાપે તે ત્યાંના હાલના દીવાનને પણ ગમતું નથી તો બીજાને શો ઠપકો દઇએ ! દુર્ગારામને અને તેના સાથીઓને શેહેરમાં છાપખાનું લાવવાની રજા ન મળી તેથી તેઓ નાઉમેદ થયા નહિ. અધિકારી કાયદા વિરૂદ્ધ હરકત કરે છે તે જોઈ તેમણે શેહેરના કોટની બાહાર કતારગામના દરવાજા પાસે મકાન ભાડે લીધું, અને તેમાં છાપાયંત્રો આણ્યાં. કલેક્ટરે મના કરી નહિ અને કાયદા પ્રમાણે છાપખાનાને નોંધ્યું. કેટલોક વખત ગયા પછી છાપખાનું શેહેરમાં લાવી શક્યા.

પ્રકરણ ૩ જું.

દુર્ગારામના વિચાર અને અનુભવની નોંધ. વટલાવા વિષે. રામચરી. નવી નિશાળ. સર્વ મનુષ્યો ગરક જવાની બૂમ. નિશાળની પરીક્ષા. બામણિયો ધર્મ. જમણવાર. કતલની રાત. સુધારાવાળા અને તેમના સિદ્ધાંતો. પરચૂરણ બાબતો. ઓરપાડની મુસાફરી. કેટલાક સુધારા વિષે ચરચા. ડાકોર મહાત્મ તથા સ્વામીનારાયણ પંથના નવા ગ્રંથો બનાવનાર.

અનાથ બાળ રાંડોને માથે જે મોટો જૂલમ, મોટો અન્યાય કરવાનો ચાલ પડ્યો હતો તે તોડવાપર દુર્ગારામ મંડ્યા હતા તે સમ-

યમાં તેના મનમાં બીજા ઘણાક સુધારા કરવાના તરંગ ઉઠ્યા. વિધવા વિવાહ ઉપરાંત બીજી ઘણીક બાબતો વિષે તે લોકને ઉપદેશ કરતા. પોતાના સુવિચાર, મિત્રોને અને બીજાઓને કરેલા બોધ, જે વાત તેના જાણવામાં અને જોવામાં આવી તે સર્વે નોંધી રાખવી એવું મેહેતાજીને સુઝ્યું. એમની એ નોંધ અહીં પ્રગટ કરૂંછું. એ નોંધની ભાષા લખીછે તેવીજ છાપીછે. એમાં કાંઈ ફેરફાર કર્યો નથી; માત્ર અનુસ્વાર પડેલું કે વધારે મુકેલું, કાંઈ સરત ચૂકથી જોડણી વગેરેમાં ભલ થયલી તેવી સહજ ચૂકો સુધારી છે.

"આ નીચે લખેલા વિષયનો આરંભ આજ સંવત ૧૮૯૯ ના પોસ વદી ૧૨ વાર શુક્રે તા. ૨૭ જાન્યુઆરી સન ૧૮૪૩ ને દિવસેથી હું (એટલે દુર્ગારામ મંછારામ) કરવા માંડું છૌં, અને આરંભ સમયે ભગવાનની હું પ્રાર્થના કરૂં છૌં કે તે મને સાહ્ય થાય.

આજ સુધી ઘણીએક વારે મારા મનમાં આવતું હતું કે જે અર્થે આ જગતમાં મારો ઉદ્યોગ જારીછે, અને જે જે વિચાર મારા મનમાં ઉઠેલા છે, તથા ઉઠે છે, ને ઉઠશે તે સર્વ લખી રાખવા જોઇએ. જો એમ નહિ કરૂં તો આગળ જે સૃષ્ટિમાં લોકો થશે તેને કાંઈ મારા વિચારથી ફળ થાશે નહિ તથા હવડાંના કાળની બિનાને તે જાણશે નહિ. એ હેતુ જાણીને પરોપકારાર્થે જે કાંઈ થાય તે સર્વે લખી રાખવું જોઇયે, પણ તે વિચાર આળસથી બંધ રહ્યો હતો; પણ હવે આજથી જારી કીધો છે. હવડાં મનમાં એ મોટો વિચાર છે કે સર્વે લોકોના મનમાં પોતપોતાને વિષે જાતિનું અભિમાન ઘણું રહ્યું છે તેને તોડી નાંખવું. વટળવું એ વિચાર તે કેવળ મૂર્ખત્વ છે, એમાં કંઈ સંદેહ જાણવો નહિ. મનુષ્ય જાતિ માત્ર એક કુટુંબ છે એમ જાણી સર્વે મનુષ્ય સાથે ખાવાપીવા વગેરે વ્યવહાર કરવામાં કશી ધર્મની અડચણ ગણવી નહિ, તથા પોતાની રેહેણી, કાયા, વાણી, તથા મન એ સર્વેમાં ઘણીજ નિર્દોષતા રાખવી. ને વળી પરમેશ્વરની અનન્ય ભાવે ભક્તિ કરતે છતે પોતાનું સ્વરૂપ પામી કેવળ નિર્દોષ થઈ રેહેવું. હવે એ વિચારની અવાંતરે બીજા ઘણા એક વિચાર છે તે સર્વે પ્રસંગો-

પાત્ત લખ્યામાં આવશે.

જુઓ આજ શું થયું. ઘણા દિવસ થયાં મારા મનમાં છે કે આ કર્મકાંડ કે જેથી વિવેકી મનુષ્યને કંટાળો આવે તેથી હું નિરંતર દુઃખી છૌં અને રંક બાપડા લોક તેને પણ દુઃખી દેખુંછૌં. તેજ વિષયનો પ્રસંગ આવતી કાલે મારે ઘેર આવનાર છે એવું જાણી મારા નિશ્ચ-યનો આરંભ મેં કરવા માંડ્યો. મારૂં બોલવુંતો ઘણા દાડા થયા જારી છે પણ કરવામાં આવતું નોહોતું ને હજી પણ બોલવા પ્રમાણે કરવું થતું નથી, કેમકે લોકનો, સગાનો, નાતનો મને કેટલો પ્રતિબંધ છે. તો પણ શું થયું, જેમ બને તેમ જલદીથીં બોલવા પ્રમાણે કરવાનો આરંભ કરવો જોઇયે.

મારે ઘેર આવતી કાલે મારી સ્ત્રી કુંદનવહુનું સંવત્સરી છે, તેથી મૂર્ખ અને અધર્મી લોકોના ધારા પ્રમાણે પોતાનાં સગાંને પોતાને ઘેર જમવા તેડી મરનારને સંતોષવું. એવી રીત કેટલાં એક વરસ થયાં અજ્ઞાની લોકોથી ચાલતી આવી છે તેને કેવળ બંધ કરવી જોઇયે અને તે દિવસે જો શોક થતો હોય તો કોઈ બ્રહ્મવેત્તાનો સમાગમ કરવો એટલું મારા મનમાં છે. બીજું કાંઇજ નથી તોપણ ધીમેધીમે ઓછું કરવા સારૂ મેં એવો વિચાર ઠેરવ્યો છે જે આવતી કાલે કોઈ સગાંને જમવા તેડવાં નહિ. કેવળ લોકાભયે કરીને ત્રણજણ વેદ ભણેલા બ્રા-હ્મણને (હું જાણુંછૌં કે એ ઠેકાણે વેદાર્થ અનુભવી વિના બ્રાહ્મણ શબ્દ લખવો યોગ્ય નથી તોપણ કેવળ લોક રીતે લખેલા છે) નોતરાં દઈ આવ્યો.

ઉપર લખેલી રીતને આરંભ જે મેં કીધૂં તે કેવળ હુંજ કરૂંછૌં એમ નથી તો હજારો હમારી જાતીલા લોકોમાં આજના સમયમાં એકાદો હશે.

આજના પ્રસંગે મને સ્ત્રી ઘણી સાંભરે છે. તે સાંભરવાનું કારણ તેના સદ્ગુણ છે તે કોઈ સમયે હું લખી જણાવીશ, કે જે વાંચવાથી જગત માંહેની સ્ત્રીયોને તેના સરખા ગુણ પ્રાપ્ત કરી લેવાનો આદર થાય, અને સંસારમાં સુખથી પોતાનો સંસાર ભોગવે.

તા૦ ૨૮ જાન્યુઆરી સન ૧૮૪૩.

ગઈ કાલે જે બ્રાહ્મણોને સંવત્સરીમાં જમવાનાં નોતરાં કીધાં હતાં તેનાં નામો—ત્રવાડી લાલભાઈ ગીરજાશંકર સામવેદ પાઠી, તથા પંડ્યા હરીભદ્ર મોટા પંડ્યા યજુર્વેદ પાઠી, તથા પાઠક ચંદ્રશંકર તુળજાશંકર એ ત્રણે બ્રાહ્મણ વેદ તો ઠીક ભણેલા હતા, પણ કર્મને વિષે અજ્ઞાન ઘણું હતું તેથી મારા મનમાં એ બ્રાહ્મણની મને ચિંતા થઈ માટે લાલભાઈ તથા પાઠક એ બન્ને જણા પાસે બેશીને સંસ્કૃત ગીતાનું તેમની આગળ બીજા અધ્યાયમાં જેમ કર્મયોગ આચરવો કહ્યો છે કે જે કંઈ નિત્ય નૈમિત્તિક વાતો કે તે પરમેશ્વરાર્પણ બુદ્ધિ વિનાં આવશ્યક કર્મ પણ કરવાં નહિ તે સર્વ વાંચી સંભળાવ્યું.

વળી તેઓ જમવા બેઠા ત્યારે મને દયા આવી કે એઓને કંઇ પણ સન્માર્ગ બતાવવો તે ઉપરથી મેં તેમને કેટલાએક પ્રશ્ન કર્યા તે મધ્યે મુઆ માણસને નામે જમવા જમાડવાનો બ્યવહાર કરવો તે ઠીક નહિ તેના કેટલાએક દાખલા પણ આપ્યા. તે મધ્યે હરીભદ્ર સારૂં પાત્ર છે એમ તે વખત જણાયું. એ ધણીયે બીજાઓ સાથે તકરાર કરીને નિશ્ચય કરી બતાવ્યો કે ન્યાતમાં જે મુઆ માણસ પછવાડે બ્યવહાર ખવડાવવો એ અઘટતું છે એમ કહ્યું.

તા૦ ૨૯ જાન્યુઆરી સન૧૮૪૩.

આજે કેટલાએક નાનપરામાંના નામીચા લોકોની મંડળી મળી હતી તે વચ્ચે એ રીતે કેટલુંએક ભાષણ કીધું તેનો સાર એ જે આ જગતમાં મોટું પુણ્ય તે એજ છે કે છોકરાંઓને વિદ્યા ભણાવીને સુધારવા માટે તમે સરકારના ધારા પ્રમાણે એક નિશાળ સરકાર પાસે માગો, તેઓ તમને આપશે. તે વાત સરવે મંડળી વાળાઓના ધ્યાનમાં આવી ને તરતજ ઘર ભાડાને વાસ્તે ઉઘરાણું કરીને સરકારને આપવાની અર્જી તે લોકોયે તૈયાર કીધી.

તા૦ ૩ ફેબ્રુઆરી.

આજે ગામમાં જાંહાં ફરિયેછૈયે ત્યાંહાં સાંભળવામાં આવેછે કે આવતી કાલે વસંત પંચમીનો દિવસ છે માટે જે બુમ એક વરસ થયાં

ઉડી રહી છે કે પૃથ્વીમાં સર્વ મનુષ્યો ગરક જવાનાં છે તે દિવસ લખ્યા પ્રમાણે કાલનો છે. એ ઠગાઈની વાત પ્રથમ કાશીમાં કોઈ બાહામણાયે ધૂતવાને કાઢીને મહાદેવના દેરામાં કાગળ નાંખ્યો હશે તે કાગળની નકલ મેં વાંચીછે. તેની નકલ ઉતારી લેવાઈ નથી પણ તે કાગળની લખવટ ઘણીજ અશુદ્ધ હતી ને તેમાં તે કાગળના પ્રસિદ્ધ કરનારને ઘણું પુણ્ય લખ્યું હતું માટે જેના હાથમાં નકલ હોય તે સર્વ લોક ઉતારી આપતા ને પ્રસિદ્ધ કરતા હતા. તે કાગળની અસર એટલી તો થઈ હતી કે આખો ગુજરાત દેશ ખળભળી ગયોછે. હું નિશ્ચય જાણુંછૌં કે એ મનુષ્યની મૂર્ખાઈનું લક્ષણ છે. હવડાંના વખતમાં મૂર્ખ લોક ઘણા છે ને જે ડાહ્યા હશે તે એવી વાતોને કંઈ માનશે નહીં. જોઇયે હવે કાલે શી ધામધુમ શેહેરમાં બની રેહેછે.

બાર ઉપર બે વાગવાને આસરે હું હવાડીયાને ચકલે થઈ જતો હતો તે વખતે કેટલાએક જણ ત્યાંહાં પુરૂષોત્તમ દવેના ઓટલા ઉપર બેઠા હતા. એટલામાં સાંભળ્યામાં આવ્યું જે કાહાનદાસ નામે મયારામ ચટપટનો છોકરો મરણ પામ્યો અને તેને બારણે મોટો કળવળાટ થઈ રહ્યોછે. તે વખત સાંભળીને તુરત મેં પરમેશ્વરની સ્તુતિ કીધી ને વિચાર્યું જે એજ પ્રમાણે આખું જગત્ નાશવંત છે.પછી ત્યાંહાં વિઠ્ઠલદાસ તથા જતનરામ તથા રવીશંકર એ આદિ લઇને કેટલાએક જણ ઉભા હતા તે ઠેકાણે માણસ મરવા પછવાડે મોટી ચીસો પાડીને આબરૂ મેળવવા સારૂ રોવૂં એવી અણઘટતી ચાલ જે આપણા દેશમાં ચાલેછે તે વિષે મેં ઘણી એક નિંદા કીધી તથા માણસ મુઆ પછવાડે જે જમવાનો ચાલ છે તેની તથા જમનાર માણસો વિષે મેં ઘણું એક કહી સંભળાવ્યું ને ઉઘાડી રીતે સમજાવ્યા કે એવી ચાલતી ચાલ પ્રમાણે ચાલવું એ ઘણુંજ અઘટતું છે. એમ સર્વેના ધ્યાનમાં ઉતાર્યું ત્યારે તે લોકોયે મારી સામા કંઈજ વાદ ન કરતે અઘટતુંછે એવું માન્ય કીધું પણ તે પ્રમાણે ચાલવા વિશે ના કહી.

તા૦ ૪ ફેબ્રુઆરી.

આજ રોજે માહરા હસ્તકની નીશાળની સુપરિંટેંડેંટ જાન હારકનેસે

પરીક્ષા લીધી. એ પરીક્ષા પ્રસિદ્ધ પરીક્ષા નોતી માટે સુપરિંટેંડંટ જાતે એ-કલોજ આવ્યો હતો. તેણે અગ્યાર વાગતાથી તે પાંચ વાગતા સુધી એક આસને દ્દઢ બેસીને પરીક્ષા લીધી તોપણ અર્ધા નિશાળિયાઓની પરીક્ષા લેવાઈ, બાકીનાની લેવાઈ નહીં. તોપણ હેની પરીક્ષા લેવાની ચાલથી હું ઘણો ખુશી થયો અને સત્તર નિશાળિયાઓનાં નામ ઈનામ આપવા-ને લખી લીધાં.

આજે વસંત પંચમીનો દિવસ. એ દિવસે લોકોને ઉત્સવ ઘણો હો-યછે તેને બદલે આજે લોકો ઘણા ફિકરમાં હતા. તે ફિકર એ જે સર્વ લોકોયે ગરક જવુંછે તેથી લોકો ઘણુંજ બીહીતા હતા, અને કેટલાએક ખોટા ખોટા જે કેહેવા માત્ર ધર્મ તે કરતા હતા.(હે ભગવાન! હું લોકો-ની મૂર્ખાઈ જોઇને તમારી પ્રાર્થના કરૂંછૈં કે એ દીન ઉપર દયા કરી એ સર્વેની બુદ્ધિ પવિત્ર કરો) ગરક જવાનો વખત મધ્યરાત્રનો હતો તેથી શે-હેર આખામાં રાત્રિયે જાગરણની ધામધુમ થઈ રહી હતી. જાણે જન્મા-ષ્ટમીનોજ દિવસ આજછે ! ઠેકાણે ઠેકાણે બઈરાંઓ ગીત ગાઈ રહ્યાંછે. કોઈ ઠેકાણે રંગ ભોગની વાર્તાઓ વંચાઈ રહીછે. કોઈ ઠેકાણે કાંસિયાં લઇને લોકો ભજન કરી રહ્યાછે. વળી ઘણે ખરે દેહેરે પૂજાઓ થઇ રહીછે. આખા શેહેરમાં એવી રમણિક શોભા જોવાને બાર ઉપર એક વાગતા સુધી હું ફર્યો ને ઘેર આવ્યો નેં જોઉંછૈં તો માતર ગામનો મે-હેતાજી તુળજારામ અંબારામ જે મારી પાસે સિખવા આવેલોછે તે એક નરશૈં મેતાના છોકરાના લગનની ચોપડી લઈ વાંચવા બેઠોછે કે તે ચોપડી કોઈ કવિયે કેવળ ઉભી કીધીછે.તે ચોપડી વાંચી પોતાના મનથી ભક્તિ કરૂંછૈં એમ જાણે. તે ધણીની પાસે બેસીને મેં કહ્યુ કે મેતાજી એ સર્વે અમથા ભામા છે સાચી ભક્તિ તો જૂદી છે. તે ભક્તિ કઈ એમ પુછસો તો કહુંછૈં કે તે ઈશ્વરની પ્રાર્થના એ છે. પછી થોડીવાર રહી મેતા-જી વાંચવાનું મૂકીને સૂતા તથા હું પણ સૂતો અને રાત્રિ રોજ પ્રમાણે નિદ્રામાં ગઈ.

તા૦ ૫ રવીવાર એ દિવસે કંઈ વિશેષ નથી.

તા૦ ૬ ફેબ્રુઆરી.

આજે પ્રિન્સિપાલ કલેકટર હાફીસમાં પ્રસિદ્ધ મોટી પરીક્ષા થઈ.

એ દિવસે કેટલાએક યુરોપિયન તથા એતદ્દેશીયલોક બિરાજ્યા હતા તે-ની પાસે સુપરિંટેંડેંટે નિશાળિયાઓને ઇનામ આપ્યું.

દાદોબા પાંડુરંગ જે અંગ્રેજી નીશાળનો મેતાજીછે તે સારો સુધરે-લો ભગવદ્ભક્ત છે. એ ધણીના દેખતાં કેટલા એક મેતાઓયે ધર્મની ચ-ર્ચા કાઢી ત્યારે દાદોબાયે કહ્યુંજે તમારો બામણિયો ધરમ જ્યાંહાં સુ-ધી તમે પાળશો ત્યાંહાં સુધી તમે સર્વ હિંદુસ્તાની લોકો સુખી થનાર નથી. (બામણિયો ધરમ એટલે બાહારથી નાવું ધોવું, ટીલાં ટપકાં કરવાં, અને પાણીમાં બોળી કાઢેલાં લુગડાં પેહેરવાં એવા દંભ કરીને કુમાર્ગે ચાલતા છતાં પોતાને સર્વ જાતિ કરતાં વધતા પવિત્ર એમ માનેછે તે.) એવું કહ્યું તેથી તે સર્વ લોકો ખિન્ન થયા, પણ તેને મોહે બોલ્યાં નહીં. પણ જ્યારે હું તે મેતાઓ પાશે ગયો ત્યારે તેમણે તે વાત મને કહી સં-ભળાવીને મારો વિચાર પુછ્યો ત્યારે મેં કહ્યું કે તેમના કહેલા શબ્દ જે તમે મને કહ્યા તે પ્રમાણે મારો વિચાર પણ તેની સાથે મળતો છે. તે સાંભળીને તે લોકો ઘણાજ વિસ્મય થયા. ત્યારે મેં કહ્યુંજે તમે એમ ન સમજશો કે કોઈ બીજા અભિમાની ધરમમાં જવું એ મારૂં મત છે. પણ એટલું તો ખરૂં કે આપણા ધરમની સ્થિતિ બદલવી જોઇયે. તે સમંધી તે લોકોયે વાદ કીધો, પણ વાજબીની રીતે તેઓ ફાવ્યા નહી. તે મેતામાં ઓછવરાંમ, તથા નરભેરામ, તથા કાશીરામ, તથા પાંડુબા, આદિ લઇને હતા. તે મધ્યે મેહેતા નરભેરામ બોલ્યા કે વકીલ જેમ બો-લવે ખબડદાર હોય ને સહુને બંધ કરીને પછી જીતો કેહેવાય તે રી-તે તમે કરો. પછી રાજ્ય દ્વારથી ઉઠીને ઘેર આવવા લાગા તેવારે ર-સ્તે એજ વાત ચાલી

તા. ૮ ફેબ્રુઆરી.

ગઈ કાલે વિચાર કીધો આપણાં સગાંઓને આપણે ઘેર જમા-ડવાં જોઇયે એવું જાણી માણસ ૬૦ નો સામાન પરમાણે સાક તરકારી આણ્યાં ને આજ દિવસે મારી ભાણેજ બેન વિજ્યા ગૌરીની વરસ ગાંઠ હતી તેથી સઘળા સગાને નોતરાં દીધાં, એટલામાં જોઇયેછ તો કેટલાંએક સગાયે જમવાની ના કેહેવડાવી ને કેહેવા લાગાકે હમે કઈ વરસ ગાંઠ જ-

મવા આવનાર નહી. જો સમચરી કરીને જમાડો તો જમવા આવિયે. હવે એ જે સગાયે જમવાની ના કહી તેનું શું કારણ છે તે નીચે લખેલી બિના વાંચ્યાથી સમજાશે.

પોસવદી ૯ વાર મંગળ તા૦૨૪ જાન્યુઆરીને દિવસે મારી માસી જે ઘરમાં માને ઠેકાણે છે તેણે વિચાર્યું જે આ છોકરો એટલે હું મારી પછવાડે ન્યાતો જમાડશે નહીં અને હું પણ નાજ કેહેતો હતો તેથી તે માસીયે સારૂં ઉત્તમ જે ઘસોટિયાનું જમણ તેની ન્યાત જમાડી. તે દિવસે એક મારે તમાશા જોવાનું થયું તે એકે કેટલાએક મૂર્ખ લોકો કે જે નામનાજ બ્રાહ્મણ હતા તે મધ્યે મારો સગો ભાણેજ અમૃતરામ ચંદ્રશંકર તથા ફોઇયાઈ ભાણેજ ઇછાશંકર તુળજારામ તથા ધિરજરામ તુલજારામ એ ત્રણે જણા ભજિયાં વાસ્તે લડી પડ્યા. તે એટલા સુધી લડ્યા કે એક બીજાની મા બેનોને ઘણીજ અઘટતી ગાળો દેવા લાગ્યા; ને એટલામાં તે લડાઈ વધી ગઇ ને બીજા બ્રાહ્મણોમાં ચાલી ત્યારે મેં સઘળાઓને જમવાની રજા આપી એટલે ન્યાતના લોકોયે જમવા માંડ્યું. પણ જે લોકો જાતે ઘણાજ અજ્ઞાન તે જમવા બેઠા નહીં અને લડ્યાં કીધું. તે વેળા હું માસીને બોલાવીને એટલું બોલ્યો કે જુઓ આ તમને સ્વર્ગના આપનાર તથા કલ્યાણના કરનાર એટલે મરણના બેલી જેના ઉપર તમે ઘણી આસ્થા રાખોછો તે આવી ચાલના ચાલનાર છે. વળી જે લડનાર મૂળ પુરૂષ તેની આગળ મેં એટલુંજ કહ્યુંજે કાં કળિયુગના બ્રાહ્મણને પીવાનું દૂધ (એ દિવસે ભોજનમાં દૂધ પિરસવાનો ચાલછે) તે સાંભળતે છતે પણ લડતા રહ્યા નહી. છેલીવારે ન્યાતના લોકો જમી ઉઠ્યા પછી કેટલાએક સગા હતા તે પાછળથી બીજી ઘાલે જમ્યા, પણ મારા ફોઇયાઈ ભાણેજ ધીરજરામ તથા ઇછારામ જમ્યા નહી અને ઉઠીને ગયા.

ઉપર લખેલ દિવસે જે મેં શિક્ષાને અથ તે લોકોને (કળિયુગના બ્રાહ્મણ) કહ્યું તે મનમાં આણી આજ વરસગાંઠે તેણે જમવાની ના કહી ને કહ્યું જે તમે સમચરી શ્રાદ્ધ કરીને અમને જમાડનાર નથી માટે આજ પણ હમે જમવા આવીશું નહિ.સગા મધ્યેથી કેટલાંએક સગાં જે

મારી સાથે સ્નેહ રાખતાં હતાં તે જમવાને આવ્યાં. ભોજનને અર્થે જે સામાન આણ્યો હતો તે મધ્યે અર્ધો સામાન કામમાં આણ્યો, બાકીનો વેચી નાંખ્યો. જમણ ક્ષીરનું ઠેરાવ્યું હતું તે ફેરવીને શીરોપુરીનું કીધું. આ વેળા હું એટલું લખીને મારા વાંચનારાઓને શિખામણ દઉં છઉં કે તમે મૂર્ખત્વનું ભરેલું જે કાંઈ કર્મ હોય, જેનો ગુણ કઈંજ સમજાય નહિ તેવા કર્મથી બંધ રેહેજો અને એવા લોકોને જમાડેથી કલ્યાણ થાય છે એવું જાણશો નહિ. એનું મુખ્ય તાત્પર્ય ગરીબ અતિથિને અન્ન આપવું અને ભગવાનના ભક્તોનો સંગ કરવો એટલૂજ છે, બીજું કઈં નહિ. શુદ્ધિ, પવિત્રતા રાખવી એતો સુઘડાઈ છે બીજુ કઈં નથી. સઘળા માણસ સરખા છે કોઈ કોઇને નડતું નથી; પાલવે તેનો સંગ કરે. સારા સંગથી સારૂં થશે પણ કોઈ કોઇથી વટળતું નથી.

કેટલાએક સગાંવાહાલાં જે જમવા આવ્યાં હતાં તે ત્રીશ માણસ હતાં. તે મધ્યે મારો પરમપ્રીય ઓછ્વરામ જીવતરામ તથા નરભેરામ મંગળરામ કે જે મારા ઘણી મુદતના મિત્ર છે તે જમવા આવ્યા હતા, તેને જોઇને હું ઘણો પ્રસંન થયો, જમી રહ્યા પછી મેં પાનબીડ્યાં આપતી વખતે થોડુંએક ભાષણ કીધું કે આજ જે જમવાને આવ્યાછો તે મારા ખરા હેતસ્વી લોકોછો. અને માણસ મુઆની પછવાડે કોઇને ઘેર જમવું તે કરતાં આવું જમવું કેવું સારૂં દેખાય છે! માટે હવેથી હું મારા હેતસ્વી લોકોને આગ્રહથી કહુંછઉ કે તમે પણ એમજ કરજો.

જમી ઉઠ્યા પછી નરભેરામ તથા ઓછ્વરામ તથા સનમુખરામ તથા તુળજારામ તથા ગોપાળરામ તથા હું એ છ જણાએ આગલા માળમાં વાંચવાનાં પુસ્તકો લઇને બેઠા તે મધ્યેથી ભગવદ્ગીતા તથા મણીરત્નમાળાનું પુસ્તક વાંચવા કાઢ્યાં તેમાં પ્રથમ મણીરત્નમાળા વાંચવા માંડી તે મધ્યેથી બે વાક્ય તેની ગુજરાતી ટીકા સાથે વાંચ્યાં.

સ્નાનંપરંકિંસ્વમનોવિશુદ્ધં ॥
કાર્યામયાકાશિવવિષ્ણુભક્તિઃ ॥

એ વાંચ્યાથી એટલો સિદ્ધાંત થાય છે કે પોતાના મનને શુદ્ધ

કરવું એજ મુખ્ય તીર્થ છે, બાકી કર્મ કાંડીનાં બતાવેલાં જે તીર્થ તેતો વેઠ છે; તથા ઇશ્વર એક છે; જે મૂર્ખ લોકો છે તે અનેક દેવની જૂદી જૂદી ભક્તિ કરે છે ને તેને જુદા જુદા ઇશ્વર જાણે છે. પછી મારા મિત્રોને વળી બીજું કહ્યું જે તમે વિચારો કે અનેક ઇશ્વર જુદા જુદા મનાવનાર લોકોયે આ સૃષ્ટિમાં કેટલો અનર્થ કીધો છે! જમવું ખાવું જુદું એ સર્વે અભિમાની ધર્મની ગોઠવણ ઉપરથી થયું છે તે વચન સર્વ સાંભળી રહ્યા પણ મને તે વખ્ત એવું સમજાયું કે એ વાત સર્વેને ગોઠી છે. તે મધ્યેથી ગોપાળરામ માત્ર એટલું બોલ્યો કે બીજા વાક્યમાં જે મૂર્તિનો પૂજનાર જે અધમ ભક્ત છે એમ લખ્યુ છે તે યોગ્ય નથી. એતો ઇશૂનો ધર્મ છે. પછી સર્વ મંડળી ઉઠીને ઉભી થઈ.

તા૦ ૯ ફેબ્રુઆરી

આજ રાત્રીયે મુસલમાનોના તેહેવારની કતલની રાત હતી તેથી દિનમણીશંકર રમાશંકર શાસ્ત્રી તથા દાદુબા પાંડુરંગ તથા હું આદિ લઇને જ્યાંહાં મુસલમાન લોકો કુટે પીટે છે ત્યાંહાં જોવા ગયા. ત્યાંહાં કોઈ મુસલમાન કથા કરતો હતો તે કથા ફારસી ભાષામાં વાંચતો હતો તેથી તેનો અર્થ માહરાથી સમઝાતો નોહોતો, પણ એના બોલવાથી સમઝાતું હતું કે એ વિલાપની કથા છે. તે વખ્તે જે શ્રોતા હતા તેમાંના ઘણાખરા રૂદન કરતા હતા અને કોઈ વેળાયે કુટતા હતા. તે જોઇને મને તરતજ દયા આવી ને મનમાં આવ્યું જે આ વખ્ત એની મંડળીમાં જઈને સાચા ધરમની વાત કહું કે જે સમજ્યાથી પોતાનાં કુમળાં કાળજાં બાળે નહિ, કોમળ છાતીમાં કૂટે નહિ. તે વખ્તે મારી જોડે દિક્ષિત હરનારાયણ ઉભા હતા તેને મેં મારો વિચાર પૂછ્યો ત્યારે તેણે ના કહી, અને મારા પણ મનમાં આવ્યું જે એમ કરવું અઘટતું છે. પછી ત્યાંહાંજ મેં ઇશ્વરની પ્રાર્થના કીધી જે હે પ્રભો! આ બિચારા અજ્ઞાન લોકોની બુદ્ધિ સારી કર અને આ કુટવા પીટવાના દુઃખથી છોડવ.

પછી સર્વ મંડળી બાહાર નીકળી તે મધ્યે હરીભદ્ર આદિ લઇને

કેટલાએક નાગર બ્રાહ્મણ હતા તેના દેખતાં મેં કહ્યું કે હિંદુ મુસલમાન કે પારસી સર્વ કોઈ લોકો કર્મ જાળમાં ગુથાયલા છે, કોઇને વિચારજ નથી. એ સમે મેં હિંદુની હોળી આદિ લઇને કેટલીએક ચાલોની નિંદા કીધી અને વળી કહ્યું જેમ આપણે જન્માષ્ટમીનો દિવસ તેવો એ લોકોનો તાબુતનો દિવસ. તે વાત સાંભળી દિનમણીશંકર ક્રોધયુક્ત થઈ મને કેહેવા લાગ્યા કે તમને કંઈ ઘણું બોલવાનો રોગ થયો છે તો પણ મેં શાસ્ત્રીના અમર્યાદ ભાષણ વિશે ક્ષમા કીધી અને કંઈ બોલ્યો નહિ. હવે મારા બોલવાનો આશય તો એજ છે કે કર્મ રીતિયે જોઇયે તો અને બરાબર છે પણ જન્માષ્ટમીનો દિવસ તાબુતના દિવસ કરતાં રળિયામણો અને હર્ષયુક્ત દેખાય છે.

એક વાત ગઈ કાલે લખવાની રહી ગઈ હતી તે આજ લખુંછઉં. તે એ કે રવીશંકર નાનાવોહોરા એ નામે મારા સગામાં એક પુરૂષ છે તે હાલમાં મારી નિંદા વિષે ઘણો પ્રવર્ત્યો છે એવું જાણીને હું નોતરૂં દેવા ગયો તે વારે મને જમવાનું કારણ પુછ્યું. ત્યારે મેં જે હતું તે કહ્યું ત્યારે મને જમવા આવવાની ના કહી. પછી મારી સાથે ભગોળ સમંધી વાત કરવા લાગ્યો અને તામસે કરી તપી ગયો કેમકે એ ઘણી ભાંગનો પીનાર છે. આગળ તેની જે બીજી ચેષ્ટા જોઈ તે એ કે પોતે દેવ પૂજા કરવા બેઠો હતો તેની પાસે એક ત્રાંબડ હતું તેમાં દેવને જેમ મજૂર ટોપલામાં ઇંટ ઘાલીને સભર ભરે છે તેમ તે ત્રાંબડમાં પચાસેક મૂર્તિયો ભરી હતી તે ઉપર ઘડો ભરીને પાણી રેડ્યું ને તરત ભીનાના ભીના ચાંલ્લાની છાપ મારી દેરાસરમાં મુક્યા. વળી એટલુંજ કીધૂં એમ નહિ. બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર એને પાંચદશ ગાળો દીધી. એવી ચર્યાના માણસને ધર્મનું કંઇજ જ્ઞાન નથી તેથી તેની બુદ્ધિ ઘણીજ અપવિત્ર થયેલી છે. એ પુરૂષે મારે ત્યાંહાં જમવાની ના કહી અને મને પણ કંટાળો આવ્યો જે એવાની સંગતિ જેમ ઓછી થાય તેમ કરવું.

તા૦ ૧૦ ફેબ્રુઆરી

આજના દિવસમાં નાની બિના તો ઘણી છે પણ મોટા હર્ષની બિના

લખવાની ઘણી જરૂર જાણી માટે નાની બિનાને મુકી દીધીછે અને ઉત્તમ વર્ત્તમાનનો આરંભ કરૂંછૌં.

આજ તાબુતનો દિવસ હતો માટે સઘળે કારખાને રજા હતી તેથી નિશાળે પણ રજા આપી. આસરે બે વાગતે હું ફરવા નિકળ્યો. મારો વિચાર કંઈ તાબુત જોવાનો નોહોતો ત્યારે મનમાં એવું હતું કે દાદુબા પાંડુરંગની નિશાળમાં જઈશ તો સત્સમાગમ થશે. એટલે રસ્તામાંજ દાદુબા તથા દિનમણીશંકર એ બે જણા મને મળ્યા. અમે ત્રણ જણે ચાલતાં વિચાર કીધો જે હવડાં વિસનગરા નાગર બ્રાહ્મણમાં બે સ્ત્રીયોને ન્યાતી બાહાર મુકીછે તે એટલા સારૂ કે તેમાંની એક સ્ત્રીયે જે બીજીની છોકરી તેનો ધણી મરી ગયોછે. તેણે પોતાનો વેશ ઉતાર્યો નથી અને વ્યભિચાર કરેછે અને તેની મા પણ એ કામમાં સાથી છે. તે સ્ત્રીની પાશે જવાનો હમારો વિચાર થયો તે એટલા સારૂ કે તેને જઈને એવો ઉપદેશ કરવો કે તમે વ્યભિચાર કર્મ મૂકી દો અને ન્યાતિનું ભય પણ મૂકી દો ને કોઇ સારો પુરૂષ જોઈને સ્વામી કરો. એથી તમારો સર્વે ક્લેશ ટળશે, સુખી થશો અને પાપ કર્મથી દૂર થશો, પણ તે જોગવાઈ બની નહીં. પછી આગળ ચાલ્યા. જતે જતે મેં મારા મિત્રોને કહ્યું જે ઘણા દિવસ થયાં દલપતરામ ભગુભાઈ જે આપણો એક ધર્મિ મિત્રછે તેને મળાયું નથી તેની પાશે જઈયે. તે સર્વે જણાયે માન્ય કીધું અને દલપતરામ જે પોતાની નિશાળમાં હતા ત્યાંહાં હમે ગયા. ત્યાંહાં તે હતા નહીં પણ થોડીવારે આવી પોહોંચ્યા.

દલપતરામની નિશાળમાં તે સમયે જે બેઠા હતા તેનાં નામ.

દલપતરામ ભગુભાઈ	નારણશંકર ચંદ્રશંકર
બાળાજી	દાદુબા પાંડુરંગ
હું દુર્ગારામ મંછારામ	દિનમણીશંકર રમાશંકર

એ વિના બીજા બે જણા તે નિશાળમાંના દૂર બેઠા હતા. તે સમયે પ્રથમ દલપતરામે પ્રશ્ન કીધો જે શબ્દ જેવો જે વર્ણ રૂપ નિકળેછે તેવોજ બીજાને શ્રવણ થાયછે તેનૂં કારણ શૂં હશે? હેનું ઉત્તર દેવાની કેટલી એકવાર ભાંજગડ ચાલી ને છેલે દલપતરામનું સમાધાન કીધું. તેનો

વિસ્તાર લખું તો વખત ઘણો જોઇયે અને લખાણ વધી પડે માટે લખ્યું નથી. વળી દાદુબાયે પ્રશ્ન કીધો જે હરકોઈ પદાર્થની ઉપર આઘાત થાય તેનું કંપન ઘણીવાર ચાલેછે તેનું કારણ કહો ત્યારે તેનું ઉત્તર મેં દીધું કે તેનું કારણ સિદ્ધપદાર્થવિજ્ઞાનમાં હજુ નિર્વિવાદ થયું નથી કેમકે તેનું કારણ જે પદાર્થમાં જે સચ્છિદ્રતા છે તે સંદેહયુક્ત છે.

પછી મેં દલપતરામને પ્રશ્ન કીધો કે તમારો ઉદ્યોગ લોકોને સાચો ધર્મ કેહવાનો ચાલેછે કે નહીં? તેણે ઉત્તર દીધૂ કે મંદ મંદ ચાલે છે.

પ્ર૦ તે વૃત્તાંત તમે લખી રાખોછો?

ઉ૦ ના લખી રાખતો નથી.

ત્યારે મેં કહ્યું જે તમે લખવું જોઇયે સાથી કે આ જગતમાં મનુષ્યનું જીવવું અલ્પ છે, તેથી આપણો વિચાર કોઈ આગળના લોકો જાણશે નહીં. એ ઉપરાંત જે બીજા બેઠા હતા તેને પણ કહ્યું જે પોતાનો જે લોકોને સુધારવાનો ઉદ્યોગ છે તેનું વર્ત્તમાન તમે લખી રાખવું જોઇયે.

વળી દલપતરામને મેં પુછ્યું માસ્તર સાહેબ હાલમાં આપણા વિચાર સાથે મળતા વિચારના કેટલા લોકો થયેલા હશે? ઉત્તર દીધું કે ગણો.

૧ હું દલપતરામ ભગુભાઇ
૨ તમે દુર્ગારામ મંછારામ } ૫ બાલાજીયે કહ્યું કે મને પણ તમારામાં ગણવો.

૩ દાદુબા પાંડુરંગ
૪ નારણશંકર ચંદ્રશંકર } શાસ્ત્રી દિનમણીશંકર બોલ્યા કે તમારા વિચારને હું સારી પેઠે જાણતો નથી. હવે બીજા કોણ હશે એમ અમે બન્ને જણે વિચાર્યું, અને તેની ગણતી કરવા માંડી.

૮ નરોતમદાસ હરજીવનદાસ.

૬ હરનારાયણ મયાશંકર
૭ કાહાનદાસ મંછારામ

૯ કાહાનદાસ તથા
૧૦ હરકીશદાસ } તાપીદાસનાછોકરા

૧૧ દોલતરામ કેશવરામ.

૧૨ ગવરીશંકર મણીશંકર.

એટલે દલપતરામ બોલ્યા કે રામચંદ્ર શાસ્ત્રીને પણ મળતાજ જાણવા.

શાસ્ત્રી દિનમણીશંકરના બોલવાથી હું ખુશી થયો કે વારૂ ચલો હવે એ બાને ચરચા ચાલશે.

દાદુબાયે કહ્યું કે વિચાર કરીને કંઈ નિયમ બાંધિયે.

હું દુર્ગારામે કહ્યું જે હું લખાવું લખો. પછી સર્વે નિયમોના વિચાર કરી નિયમ લખ્યા.

પ્રથમ. સર્વ સૃષ્ટિનો ઇશ્વર એક છે.

બીજો. મનુષ્ય માત્રની જાતિ એક છે.

ત્રીજો. મનુષ્ય માત્રનો ધર્મ એક, પણ જેણે પોતપોતાના ભિન્નભિન્ન ધર્મ માનેલાછે તે તેઓનો અભિમાન છે.

ચોથો. મનુષ્યમાં ઉતમાધમ ગુણ ઉપરથી જાણવા, કુળ ઉપરથી જાણવા નહિ.

પાંચમો. વિવેકને અનુસરીને કર્મ કરવાં.

છઠ્ઠો. ઇશ્વરાનુગ્રહાર્થ ભક્તિ કરવી.

સાતમો. સન્માર્ગની શિક્ષા સર્વેને કેહેવી.

પછી દાદુબાયે કહ્યું જે પ્રમાણે આપણું અંતઃકરણ થયેલું તેમ પ્રસિદ્ધ રીતિયે વર્તવું જોઇયે. તેમાં સર્વેના વિચારથી એવું ઠર્યું જે હાલમાં સઘળા જે આપણ બેઠેલા છઇયે તેણે પ્રતિજ્ઞા કરવી કે ઉપર લખ્યા પ્રમાણે વાતો કહીને સર્વેનાં અંતઃકરણ બદલવાં તે સર્વે જણાયે માન્ય કીધું. તે વેળાયે દિનમણીશંકરે કહ્યું કે મારાથી ઉપર લખ્યા પ્રમાણે પ્રસિદ્ધ રીતિયે બોલાશે નહિ. તમારૂં મત તો ઠીક છે, કેમ દલપતરામ! જેમ મેતાજી ગામમાં કેહેતા ફરે છે એમ આબરૂ ગુમાવીને કેહેવું એ સારૂં છે? દલપતરામે જવાબ દીધો કે હું તો કહું છૌં ને કહીશ. દિનમણીશંકરે કહ્યું કે તમારી પ્રતિજ્ઞામાં મને ગણવો નહિ. અમે કહ્યું તમારી મરજી.

એ વખતે મને એવું સમજાયું કે દિનમણીશંકરનો વિચાર તો આપણા જેવોજ છે, પણ પ્રસિદ્ધ થવાને બીહેછે, કેમકે એ કર્મકાંડીમાં આચાર્ય છે. તોપણ શું થયું, એ શાસ્ત્રી ઘણી ગુપ્ત રીતિયે લોકોને સુધારવાનો ઉદ્યમ કરેછે એવું મને પ્રથમથીજ સમજ્યામાં આવ્યુંછે.

આ ઉત્તમ વર્તમાન સંપૂર્ણ કરતી વખતે હું ઇશ્વરની પ્રાર્થના કરૂં છૌં જે હે દીનાનાથ તમે આ વિચારને સાહાય આપજો. અમ રંકથી કંઈ થઈ સકે હેવું નથી જેમ ઉલેચવો સમુદ્ર અને ટિટોડીના

જેટલું બળ.

તા૦ ૧૧ ફેબ્રુઆરી.

આજ દિવસે કંઈ વધારે બન્યું નહિ. કોઈ શાસ્ત્રી દ્રાવિડદેશનો જે કન્યાકુમારી કેપથી આસરે ચાળીસ કોશ ઉપર રેહેછે તે ધણી સાથે શાસ્ત્રી દિનમણીશંકરના ઘરમાં મળવું થયું.

તેને વર્તમાન પુછ્યું તેથી સમજાયું કે તે દ્રાવિડથી નીકળીને કરનાટક, તૈલંગણ, ઓઢિયા, કટક, બંગાળા, નેપાળ, અયોધ્યા, બદરીનાથ, રજપુતાણા સઘળે ફરતો ફરતો સૂરત આવી પોહોંચ્યો છે અને પોતાને દેશ જાનાર છે. તેને મેં પુછ્યું કે કંઈ દેશ વૃત્તાંત લખી રાખ્યું છે? તેણે ઉત્તર દીધું કે શું કરવા લખવું જોઈયે. તે સાંભળીને મેં નિસાસો મુક્યો ને કહ્યું કે મહારાજ (તે હિંદુસ્તાની ભાષા જાણતો હતો) અપના દેશકી જો ખરાબી ભઈહૈ સો એસે બિચારસેં. દેખો તુમ કેસે પંડિતહો તુમકું ન્યાય, બ્યાકરણ, સાંખ્ય, બેદાંત, મિમાંસા ઇત્યાદિ શાસ્ત્રકી ખબરહે પરલોકહિતકા કછુ જ્ઞાન નહિ હે. પછી જે પુછ્યું તેના પ્રશ્નોત્તર ગુજરાતી ભાષામાં લખ્યુંછેં. વળી મેં પૂછ્યૂં કે સંસ્કૃત અને પ્રાકૃત એ ભાષામાં શું અંતરછે? ઉત્તર કે સંસ્કૃત ભાષા સર્વ પૃથ્વીમાં પ્રસિદ્ધ છે અને સ્વર્ગ મૃત્યુ પાતાળમાં એ એકજ છે. મેં કહ્યું કે મૃત્યુલોકમાંતો શતાંશ સ્થળમાં પણ એ ભાષા નથી પછી સ્વર્ગમાં તો કોણ જાણે. તે સાંભળીને તે વિસ્મય થયો અને તેનું કંઈક અભિમાન ઓછું થયું એવું મને લાગ્યું.

રાત્રિયે ઓચ્છવરામ જે સ્વામીનારાયણના પંથમાં છે તેને ઘેર લગાર બેઠો અને કંઈ સદ્વાર્તા કરી કેમકે મને એવું સમજાયું કે એ સત્પાત્રછે તેથી કોઈ દાડે પણ સમજશે.

તા૦ ૧૨ ફેબ્રુઆરી.

આજે સાંજે હું ફરવા નિકળ્યો એટલે દાદુબા પાંડુરંગ રસ્તામાંજ મળ્યા. પછી હમે બન્ને જણ કિલ્લાના મેદાનમાં ફર્યા ને પછી સાંજ સમયની નદીની લેહેરો જોવાને અર્થે ડક્કો નામે ઓવારો કિલ્લાની પાસેજ છે ત્યાંહાં ગયા. ત્યાંહાં તે સમય નદીની શોભા ઘણીજ સુંદર હતી. આજ માઘસુદી ૧૩ નો દિવસ હતો તેથી ચંદ્ર પણ સારો પ્રકાશિત હતો. ચંદ્રનૂ ચાંદરણું નદીના પાણીમાં પડતું હતું અને તેના

પ્રકાશના પરાવર્તનને લીધે ચમકારા થયાં કરતા હતા. વાયુ પણ સુંદર મંદ હતો તે સમયે સર્વ કિનારાના બેસનારને ઘણો રૂચિકર હતો. ત્યાંહાં જોઇયેછૈયે તો નારણશંકર તથા હરનારાયણ બેઠા હતા અને તેની સન્મુખ પાંચ છ પારસીની મંડળી બેઠી હતી તેની સાથે તે બે જણા કાંઈ વિચાર ચલાવવા લાગતા હતા તે કંઈ અમારા સાંભળ્યામાં આવ્યો નહિ પણ અમને એવું લાગ્યું કે કંઈ સારોજ વિચાર ચાલતો હશે. હવે જ્યારે અમે ગયા એટલે તેઓનો બોલતા રહી ગયા અને હું તેની પાસે બેઠો અને દાદોબા પાસા ઉપર ઉભાજ રહ્યા.

ત્યાંહાં બેસવુંતો થોડીવાર થયું પણ વાત સારી નિકળી. પ્રથમ મેં નારાયણશંકરને પુછ્યું કે આપણા જેવા સદ્વિચાર છે તેવા કોઈ પારસીના પણ હોશે? નારાયણશંકરે કહ્યું કે આપણાથી ના કેમ કેવાય? કોઇના પણ હશે. એટલે પેલા પારસીની મંડળીમાંથી એક જણ બોલ્યો કે તમારા વિચાર શા છે તે મને કહી સંભળાવો. પછી મેં તેમને પુછ્યું તેમનાં તેણે ઉત્તર દીધાં.

પ્ર૦ તમે આ સૃષ્ટિમાં ઇશ્વર કેટલા માનોછો?

ઉ૦ અમે ઇશ્વરને અદ્વિતીય માનિયેંછૈયે એટલે ઇશ્વર એકજ છે, બીજો છે હેવું માનતા નથી.

પ્ર૦ આ જગતમાં સર્વ માણસોએ પોતપોતાનાં ટોળાં બાંધ્યાંછે અને અનેક ધર્મ કરી મૂક્યાછે અને એક બીજાને નીચ જાણીને ધિક્કારે છે એ તમને સારૂં લાગે છે?

ઉ૦ ના, સારૂં લાગતું નથી. એ મૂર્ખ લોકોનો અભિમાન છે.

પ્ર૦ તમે સદરો કસ્તી રાખોછો તે ઉપર તમને હેવો ભરોંસો છે કે તે તમને તારશે?

ઉ૦ ના, અમે અમારી જાત ઓળખાવા સારૂ ઘાલિયે છૈયે.

પ્ર૦ કોઇપણ ધર્મના ચલાવનાર ધર્ણીયે હેવી વેહેમ ભરેલી ચાલ ચલાવી હોય તે ધણી ઉપર તમને પ્રીતિ ઉત્પન્ન થાયછે કે અપ્રીતિ થાયછે?

ઉ૦ ઘણૂં કરીને મુખ્ય લોક જે ડાહ્યા. માણસ હોયછે તે તો એવું

કરતા નથી, પછી પાછળથી તિખળ વધેછે.

પ્ર૦ તમે અગ્નિની ભક્તિ કરોછો?

ઉ૦ ના, અમે તો સૂર્ય ચંદ્ર પૃથ્વી સમુદ્ર નદી એના સામુ જોઇને ભક્તિ કરિયેછૈયે તે એટલા સાર કે તે પરમેશ્વરની કરેલી વસ્તુ છે અને તેથી પરમેશ્વરનું પરમેશ્વરપણું સમઝાય છે.

પ્ર૦ તમારામાં અગ્નિમાં લોબાન તથા સૂકડ આદિ લઇને બાળવાનો ચાલ છે?

ઉ૦ હા ચાલ છે. પણ હમને એ રીત સારી લાગતી નથી. પછી હું પ્રસન્ન થઇને બોલ્યો કે તમે હાવી સારી વાત જાણતા હોસો હેવું હું જાણતો નોહોતો. ઇશ્વર તમારા ઉપર દયા રાખીને તમારી બુદ્ધિ સદાકાળ એવી સ્થિર રાખે. જુઓ અમારામાં કેવા મૂર્ખ લોક છે કે તાપીના પાણીમાં દૂધ રેડી દેછે, કંઇજ વિચાર કરતા નથી. એટલામાં હરનારાયણ બોલ્યા કે એ પારસી લોકો પણ રકાબી ભરીને સાકેર નદીમાં નાંખી દેછે. પછી નારાયણશંકરે કહ્યું જે પીપનાં પીપ દરિયામાં નાંખી દેછે એવા પારસી લોકો પણ છે. તે વખતે મેં નિસાસો મુકીને કહ્યું જે મૂર્ખાઈ સર્વ જાતિમાં છે, કેવળ હિંદુમાંજ છે એમ નથી. હે ભગવાન્! ગરીબ લોકો ઉપર તમે દયા કરીને તેને કેવારે સદ્બુદ્ધિ આપશો.

એ પારસીમાં કેટલાકને હું નજરે ઓળખુંછૌં પણ નામ જાણતો નથી. પછી મને દાદુબાયે ઉઠવાની સાન કીધી એટલે સર્વે ઉઠીને ઉભા થયા. પછી હું, દાદુબા, નારાયણશંકર, હરનારાયણ, જણચાર ઘેર આવવા નિકળ્યા એટલામાં પાસેજ એક સાધુનું મંદિર દીઠું તેમાં પેઠા. ત્યાંહા જોઇયેછ તો એક સ્ત્રી આસરે વરસ ચાળીસેકની રૂપવંતી તિલક કરેલુંછે અને કથા વાંચેછે. તેની કથા સાંભળવાને કેટલાએક પુરવિયા તેની સામું હાથ જોડીને બેઠાછે તે સમયે કથામાં ભક્તિની પ્રશંસા ચાલતી હતી તે સાંભળીને હું ઘણો રાજી થયો. વળી પછવાડેથી તો એવું સાંભળ્યું કે નિત્યાનંદ નામે એક વેરાગી થઈ ગયોછે તે તો ભગવાનનો અવતાર થઈ ગયોછે તે વાત સાંભળતાંજ મારા મનમાં આવ્યું જે હિંદુસ્તાનમાં મૂર્ખાઈ વધી જવાનો હેતુ એજ છે કે ધરમ ચલાવવાના કામમાં લગારેક

આગળ ડગલાં ભર્યાં કે પાધરો તે ભગવાનનો અવતાર પોતે થઈ બેસેછે.

થોડી એકવાર રહીને મંદીરમાંથી ઉઠ્યા અને આગળ ચાલતે ચાલતે દાદુભાયે કહ્યું કે આહા! આપણા હિંદુમાં પણ કેવી કેવી સ્ત્રી વિદ્વાન છે! જો એટલી વિદ્યા કોઈ અંગ્રેજની સ્ત્રીનામાં હોય તો કેટલો મોટો ઢોંગ કરી બતાવે? અંગ્રેજ લોકો તો હિંદુને જોતાં વાંતજ ધિક્કારેછે એ કેવી એ લોકોની મૂર્ખતા છે?

તા૦ ૧૩ ફેબ્રુઆરી.

આજ રાત્રિયે દાદોબાનો તથા મારો દિનમણીશંકરના ઘરમાં મેળાપ થયો ત્યાંહાં જોયું તો ગંગાનંદ પંડ્યાજી દિનમણીશંકર શાસ્ત્રીના સામું કકળેછે, અને કેહેછે કે કર્મના વિષયમાં મને ભૂલ પડેછે તે સર્વ લોકમાં મને કેમ સંભળાવોછો. એવું જો હોય તો તે વાત તમારે છુપાવી દેવી. એ વિષયે પ્રાચીન દાખલા પણ કેટલાએક કહી સંભળાવ્યા.

પછી દિનમણીશંકરે મારા સામું જોઇને કેહેછે કેમ મેતાજી તમે ન્યાય કરો એ જ્યારે ગર્વિષ્ટપણું રાખે, વાણીયાને ધુતે અને શાસ્ત્ર રીતિયે કરાવે નહી. પછી ગંગાનંદના સામું જોઇને કેહેછે કે એ બાલચંદ વેરાગીનો નારણભાઇ એ તે શું જ્યેષ્ટા શાંતિ કરવા બેઠો હતો? એ શાં કર્મ, શત્ઔષધિને ઠેકાણે સર્વૌષધી લખી. પાછું મારા સામું જોઇને કહ્યું કે એ સર્વે ખળતા ખરી કે નહીં. જજમાન વળી કેવા કૃપણ કે જાંહાં સુનાની મૂર્તિ જોઇયે ત્યાંહાં રૂપાની મૂર્તિ કરાવીને સુને રસાવી તેને સુનાને ઠેકાણે ગોઠવી. એનો ગોર કેવા કે સરૂઓ લાવ્યો ને ડાભ તો લાવ્યોજ નહીં.

મેં એ સર્વ વાત સાંભળી લીધી. એનું ઉત્તર દેવાને મારા મનમાં એવું આવ્યું જે કાં લોકોને ભમાવોછો તમથી શું શાંતિ થવાનીછે. શુંછે. શાંની શાંતિ કરાવોછો. અરે એ કંઈ નર્થારે કંઈ નથી. ભગવાન જે જગત્કર્તા છે તેની પ્રાર્થના કરો કે તે તમારૂં અંતઃકરણ પવિત્ર કરે અને તમારા સઘળા વેહેમ મટે. એ વાત દિનમણીશંકર તો જાણતા હતા પણ ગંગાનંદને કેવા સારૂ હોઠબાહાર નિકળતી હતી. એટલામાં વિચાર્યું કે એ વાત કેવાથી ગંગાનંદ લડી પડશે. માટે હું એટલુંજ બોલ્યો

કે જે ગર્વનું ભાષણ બોલે તે ઘણું અઘટતું જાણવું. એટલામાં દાદુબા બોલ્યા કે પંડ્યાજી તમે ગર્વ ઘણો રાખોછો તે સારૂં નહીં. એટલી વાત થઈ રહ્યા પછી ગંગાનંદ તથા દામોદર ભટજી આવેલા હતા તેમણે ઉઠીને આજ્ઞા લીધી.

હવે રાત્રિ તો ગઈછે તે સમયે હું તથા દિનમણીશંકર તથા દાદોબા જણ ત્રણ પાસપાસે બેસીને વાતો કરવા લાગ્યા અને નીચે લખ્યા પ્રમાણે બોલ્યા. દાદુ૦ પંડ્યાજી (દિનમણીશંકરની અટક પંડ્યાજીનીછે) આ બિચારી ગરીબ સ્ત્રીયોના ઉપર જે શાસ્ત્રનો જુલમછે તે મટાડો. બિચારીઓનું માથું બોડાવતી વખતે કેટલું દુઃખ થતું હશે (એમ કહીને પોતાનું મોં ઘણુંજ દયામણૂં કર્યું.)

દિન૦ મારા મનમાં પણ એ વાતનું દુઃખ તો ઘણુંજ છે. એક ગ્રંથ એવો છે કે જેમાં મુંડન કરવાની ના લખીછે. એ સમય ઉપર અઢંગેલા હતા ત્યાંહાંથી ટટાર થઈને કેહેછે કે અરે તમે શું કોહોછો આપણા અસલથી લોક કેવા નઠારા છે કે એક છોકરીનો ધણી ચોરીમાં અધવચ પરણતાં મરણ પામ્યો તે કન્યાને બીજીવાર પરણાવવી એવું શાસ્ત્રમાં લખેલુંછે એવું જાણીને એક શાસ્ત્રીને શાસ્ત્રાર્થ પૂછ્યો તેણે કહ્યું કે શાસ્ત્રમાં છે પણ એમ કરવું નહીં,કરેથી ચાલ બગડશે. દાદોબાની સામાં હાથ કરીને કેહેછે અરે નહીં ભાઈ નહીં. આપણા લોક સમરવાના નહી.

પછી મેં દિનમણીશંકરને કહ્યું (એ બોલતી વખત મારૂં હઇયું ઘણુંજ ભરાઈ આવ્યું) મહારાજ મારી વિનંતિ તો એટલીજ છે કે રોગથી પીડિત થએલું માણસ જેને મરણકાળ પાશે આવ્યો તેને બે ચારજણ મળી ઉંચકીને માર દોડાદોડ કરેછે, હુનાં તતડતાં પાણીની અથવા ટાહાડા શીતળ પાણીની ગાગર તેના માથા ઉપર રેડી તેનો હાથ કાંહાં, તેનો પગ કાંહાં, માથું કાંહાં, ખેંચતાણ કરીને તરતની લીપેલી ભોંયમાં ઝીંકેછે. એ સાંભળીને દાદુબા કેહેછે અરરરર મારા દેખતાં એવી વાત ન કરશો. તે સમય જો બિચારૂં સાવધાન હોય તો ઉંચકનારને લડેછે, ગાળો દેછે, પણ તેની વાત કોણ સાંભળેછે. જે અવાચક હોયછે તેના

દુઃખનો તો પારજ નહીં. તેવા માણસોના ઉપર હેવો તો ગજબ થાયછે કે વિવેકી માણસને તો તરત કંટાળો આવ્યાવિના રેહેતો નથી. અરે મારા મોં આગળ તો ત્રણ ત્રણ માણસો ઉપર એવીજ પેલા ભાય નાંખનાર જીવતા જમોએ વિટમણા પાડીછે (તે જારે આજ મને સાંભરેછે ત્યારે મારા હાથમાં કલમ કરતી નથી.) તે મૂર્ખલોક પાછા બારણે નિકળીને એવું કેહે છે કે આજ હમે હતા તો માણસનું મોત સચવાયું નહીંતો અસદ્ગતિ પામત.

હવે તમે વિચારી જુઓ કે શાસ્ત્ર જે હોય તે જગતને સુખને અર્થે છે કે દુઃખને? મરણ સમયે દુઃખીને અર્થેછે. હવે એમ કરતાં કોઈ એવું નઠારૂં કેહેનાર શાસ્ત્ર હોય તો તેને ચુલામાં નાંખો. મારા વિચાર પ્રમાણે જુઓ તો ગીતામાં શૂં કહ્યુંછે તે આપણા વિચાર સાથે મળેછે તેથી તે માનવા જોગ છે.

શ્લોક.

अंतकाळेचमामेवस्मरन्मुक्ताकलेवरं॥
यःप्रयातिसजंदेहंसयातिपरमांगतिं॥

જે મનુષ્ય પરમેશ્વરનું સ્મરણ કરતાં કરતાં મરેછે તે ઉત્તમગતિ પામેછે માટે તે વખત તો કુમળી તળાઇમાં સુવા દઇને ઇશ્વરનું ભજન તેની આગળ કર્યું હોય તો તે ભગવાનને પામ્યાવિના રેહે નહીં. એ માટે તમે એ કામમાં સારી ચાલ ચલાવશો તો તમારૂં સારૂં થશે. દિન૦ ખરૂં કોહોછો પણ તમે કહી રહ્યા. હિંદુસ્તાની લોકોનું નસીબ ફુટુંછે તેથી કદાપિ સમરનાર નથી. તમે બારણે બોલતા ફરોછો તેથી તમારી કેટલી ફજેતી થાયછે? મેતાજી—એના ઉપર ભગવાન રહ્યા છે.

શાસ્ત્રી મહારાજ ધીમીધીમી મેહેનત તો કરેછે પણ લોકોથી ઘણાજ કંટાળેછે.

પછી રાત્રિ ઘણી ગઇ તેથી ઉઠીને ઉભા થયા.

તા૦ ૧૪ ફેબ્રુઆરી.

આજ હેવું મનમાં આવ્યું કે પરીખ આતમારામ ભુખણદાસની

પેઠો ઉપર જઇને કંઇ વ્યાખ્યાન કરવું. તેથી સાંજ સમે હું ત્યાંહાં ગયો તે વખતે ત્યાંહાં મુખ્ય મંછારામભાઈ (એને કોઈ લોકો મંછુભાઈ પણ કેહેછે) બેઠા હતા તેની સન્મુખ તથા જમણી બાજૂ ઉપર તેમના ભતરીજા બેઠા હતા તે મધ્યે પુરૂસોત્તમદાસ (એનું નામ પશૂભાઇપણછે) નામે જે એમનો ભત્રીજો તે એમની મંડળીમાં સારૂં માણસ છે. સર્વ બાબતનો એ ધણીને ઘણું કરીને વિવેક છે. ને વળી આશા* લાગેછે કે એ ધણીમાં આગળ જાતે હજુ વિવેક વધશે. એ વખારમાં બેશીને જે જે માણસને સુધારવા સમંધી વાતો હું કહુંછું તે સર્વે વાતોને એ ધણી કબુલ રાખેછે તથા મારો પક્ષ કરી સર્વે લોકોને સમઝાવેછે.

તે સમે બીજી ત્રીજી વાતો નીકળી તેમાં ઉપાડતાં કે કંઈ બીજી વાતનો પ્રશ્ન કાઢીને મને મંછુભાઇયે પુછ્યું કે ઘરડાના ચાલ પ્રમાણે ચાલવું તે રીત સારી છે કે નહિ.

ઉ૦ ના સારી નથી. જુની અથવા નવી જે ચાલ હોય તેમાં વિચાર કરીને વિવેક રીતે ચાલવું તે સારૂં છે.

પ્ર૦ તમારે ઘેરથી તમે અસલનો ધારો તોડીને સમચરીમાં સગાંને જમાડ્યાં નથી તેથી તમારી નિંદા લોકોમાં ચાલેછે, માટે હેવી નિંદાથી બિહિવું જોઇયે કે નહિ!

ઉ૦ રૂડે મારગે ચાલતાં કોઈ અજ્ઞાની નિંદા કરે તો તેની બીક રાખવી નહિ કેમકે એવીજ રીતે સારા કામના કરનારની પ્રથમ નિંદા થાયછે પણ છેવટજાતે લોકો તેનો ઉપકાર માનેછે.

ઉપર લખ્યા શિવાય બીજી ઘણીક વાતો એ સમંધી થઈ. છેલ તે સાહેબ નિરૂત્તર થઇને પોતેજ હા કેવા લાગ્યા કે અસલના લોક સર્વે સારા હતા એમ જાણવું નહિ. તે ઉપર તેમણે દાખલો એક મોહોટો આપ્યો કે આ સૂરતશેહેરમાં પ્રથમ મુગલનું રાજ્ય હતું તે વેળામાં સરકારથી કોઇનો કજીયો ચુકવવાને નામીચા માણસોને પંચ કરતા હતા તે સર્વ લાંચ ખાઇને લોકોને ખરાબ કરતા હતા.

મંછુભાઈ જાતે ભોળું માણસ છે: એને કાંઈ ગુણ દોષનો વિચાર

*આ આશા પાર પડી નહિ.

નથી. એવા પુરૂષ ઉપર શ્રમ કરવો તે કરતાં તેમના ઘરમાં જે નાના વયનાં માણસ છે તેને સમજાવવાને શ્રમ કરવો તે સારૂં એમ જાણી તેમની સાથે ઘણી વાત હું કરતો નથી પણ જ્યારે તેઓ ઘણા લોકોમાં બેઠા હોયછે તારે હું બીજા લોકોને સમજાવવા સારૂ બોલુંછૈં.

તા૦ ૧૫ ફેબ્રુઆરી.

આસરે અગ્યાર કલાક વાગતે હું નિશાળેથી ઘેર આવતો હતો તે વેળાયે રહિયાસોનીના ચકલામાં એક વાણિયાને મેં મંડપ મુહૂર્ત્ત કરતાં જોયો તે વારે મારી સાથે મારા મુખ્ય શિષ્ય જે બિજગણિત શિખતા હતા તે ચાલતા હતા. તે મધ્યે રતનશંકર જમણાહાથ તરફ તથા પ્રાણનારાયણ ડાબાહાથ તરફ હતો તેનાં વય પંદર વર્ષનાં હતાં તેમને ઉભા રાખીને મેં બતાવ્યું કે જુઓ હિંદુસ્તાની લોકોનો ધર્મ કેવી ખરાબીમાં આવી પડ્યો છે કે આ ગૃહસ્થને ઘેર લગ્ન છે માટે હેને મંડપ બાંધવો છે તે બાંધવામાં આ વેંત જેવડું સળ્યું ડળ્યું શમીનું લાકડું ભાંયમાં ખાડો ખોદીને દાટેછે, એની પૂજા કરેછે, ખાડાની પૂજા કરેછે, પગે લાગેછે. હવે વિચારી જૂઓ કે એવા મૂર્ખ લોકોની પૃથ્વીમાં સુધરેલા લોકો કેમ નિંદા ન કરે. જે નિંદા કરશે તેનેજ ગુણી જ્ઞાની પુરૂષ જાણવો. ગૃહસ્થને જો માંડવો બાંધવો હોય તો સુખેથી મોટો મોટો જેવો જોઇયે તેવો સામાન આણીને માંડવો બાંધે. એમાં વળી ખાડાને શૂં કરવા પગે લાગે છે? એને ધરારથ એમ હતૂં કે પોતાને ઘેર મોટો સમારંભ છે માટે એકાંત સ્થળમાં બેશી ભગવાનની પ્રાર્થના કરવી જોઇયે તે ન કરતાં ઉલટા ઉલટા વિચાર કરે છે. તેજ દુઃખનું કારણ છે.

તા૦ ૧૬ તથા ૧૭ મીયે કાંઈ વિશેષ બન્યું નથી

તા૦ ૧૮ ફેબ્રુઆરી.

ઓરપાડ મધ્યે પ્રાણશંકર ઉમાનાથને યાંહાં ત્રીજા છોકરાનું જનોઇ તથા મોટા છોકરાનું અઘરણી હતુ તેથી તે ધણીયે મને પોતાને ગામ તેડ્યો હતો માટે આજે નિશાળ ઉપર લગાર બેશીને ઓરપાડ જવા નિકળ્યો. ગુજરી ઓવારેથી આડી હોડીયે પાર ઉતર્યો. તે હોડીમાં એક સાળવણ સુરત મધ્યે બેગમપરે મુંબઇવડ આગળની રેહેનાર હતી તે

પોતાના છોકરાની વહુને રાંદેર તેડવા સારૂ જતી હતી તે બાઇનો મને સંઘાથ થયો. તેબાઈ સ્વામીનારાયણના ધર્મમાં હતી. તેની સાથે રસ્તામાં મેં ઘણીક ધર્મ સમંધી વાતો કીધી અને તે બાઇને કહ્યું જે આ જગતમાં અભિમાની લોકોયે જુદાજુદા ધર્મના અભિમાન ધરીને ઘણા લોકોને ખરાબ કીધા છે અને સૃષ્ટિ આખીમાં કળહ કરાવેલોછે. એક બીજા સાથે ખાવાપીવા તથા કન્યા દેવા લેવાનો બ્યવહાર બંધ કીધોછે. તે બાઈ સઘળી વાત સાંભળીરહી તે વખત મને હેવું લાગ્યું કે એ બાઇને ઘણો ઊંડો વિચાર નથી તેથી વધારે વાત હું બોલ્યો નહિ. વળી મેં તે બાઇને કહ્યું કે તમારામાં દારૂ પીવાનો ચાલ નથી એ ઘણું સારૂં છે. દારૂ પીવાથી માણુસ છાકટ થાયછે તેથી બુદ્ધિ બગડેછે તેમ અમારામાં જે લોકો ઔષધના કામમાં દારૂ વાપરતા નથી તેથી તેમની પણ મોટી ભૂલ છે તથા વખતે માણુસના જીવની પણ હાની થાય છે. તે બાઈ પોતાના વેવાઈના ઘર તરફ ગઈ અને હું બોરપાડને રસ્તે ચાલ્યો.

રસ્તે ચાલતાં જાંહાંગીરપરાની પરવ આગળ જઇને ઉભો ત્યાંહાં એક ઢેડો ઉભો હતો તથા એક કોળી હતો તે વખત મેં તેમાંથી ઢેડાને પૂછ્યું કે આ બીજા સર્વ લોક તમને ધિકારેછે તેથી તમને શું દુઃખ લાગતું નહીં હોય? તેણે જવાબ દીધો કે શાક તરકારી, કોરાં લુગડાં તથા દફતર આદિ લઇને સર્વ વસ્તુને અમે અડકિયેછૈયે તે તમે લોછો. મુસલમાન અમને અડકેછે તેને તમે અડકોછો માટે તમે જેટલી છોછ રાખોછો તેટલો તમારો જુલમ છે. એટલામાં પેલો કોળી બોલ્યો કે કાંરે ઢેડિયા તું હુંચો કે? તે બોલ્યો નારે મોટા ના, હું તો આ માહારાજ સંઘાથે વાત કરૂંછૌં. પછી હું બોલ્યો મેતર, એ સર્વ લોક અભિમાની છે. મારા મનમાં હું તમને નીચ ઉંચ જાણતો નથી. માણુસ સર્વે સરખાં છે તે મધ્યે જે પરમેશ્વરની ભક્તિ કરેછે તે ઉત્તમ છે, અને અડકવું ન અડકવું એ વિશે જે ખોટા ખોટા વિચાર કરેછે તે બુદ્ધિવિનાના છે.

આગળ ચાલતાં રસ્તામાં ગાડી બેસવાને મળી તે મધ્યે હું બેઠો. તે ગાડીનો ધણી નાનાભાઈ તેની સાથે બેઠાં બેઠાં વાતો ચાલી. તેને મે કહ્યું કે હું ઉપરથી તો જનોઇનો ચાંલ્લો કરવા જાઉંછઉં પણ મનમાંથી

તો હેવું છે જે ગામના લોકોમાં જઇને કાંઈ સારો વિચાર કહી સંભળાવવો. તે ધણી મારા વિચારને જાણતો હતો તેથી તેણે મને કહ્યું કે સઘળી વાતો કેહેજો પણ નાતરાં કરાવવા સંબંધી કંઈ બોલશો નહીં. તેની વાત હું સાંભળી રહ્યો. આગળ બે વાગતે બોરપાડ પોહોંચ્યા. જઇને એ નાનાભાઇનેજ ઘેર ઉતર્યો. પછી જમી ખાઇને બાહાર નિકળ્યો અને ત્યાંહાં પ્રાણશંકરને ઘેર માણસ જમતાં હતાં ત્યાંહાં પાટે જઇને બેઠો. જતાંવાંત તે જે બેઠા હતા તેણે સારૂં માન આપીને મને બેસાડ્યો.

ત્યાંહાં બેઠાં બેઠાં કેટલીએક વાતો નિકળી તેમાં જે પ્રાણશંકરનો મામો નામે નંદરામ ભટ કરીને હતો તેની ઉમર આશરે વરશ સાઠેકની હતી. દાંત સઘળા પડેલા હતા. તેને મેં વૃદ્ધ જાણીને એક પ્રશ્ન પુછ્યો કે માહારાજ આ ન્યાતમાં અસલની વેળામાં આટલો ખરચ હતો નહિ અને આજ આટલો વધી ગયોછે તેનું કારણ શું હશે? તેણે જવાબ દીધો કે પોતાના ધર્મ પ્રમાણે માણસને કેમ કર્યાવિનાં ચાલે. મેં કહ્યું કે ભટજી લોકોમાં અજ્ઞાન ઘણું વધી ગયું છે. માણસને શૂં શૂં કરવું જોઇયે અને શૂં શૂં તજવું જોઇયે તેની કંઈ ખબર નથી. કર્મ કર્મ એમ સૌ કહ્યાં કરેછે, પણ કર્મ તે શૂં તેનું કંઈ લોકને જ્ઞાન નથી. છોકરાંના જેવી રમત કર્યાં કરેછે, અને પૈસા સઘળા ધૂળમાં નાંખે છે. એવું સાંભળતાંજ ડોસો ખીજી ઉઠ્યો અને પોતાને હાથે મારો દાબો કાન આંબળ્યો અને કહ્યું કે હું જાણુંછૌં કે તૂં તથા દિનમણીશંકર શાસ્ત્રી એ બે જણ મળીને ધર્મ ડુબાવવા નીકળ્યાછો. હું તે વખત કંઈ બોલ્યોજ નહિ. પણ તે વખતે ભિખારીભટ આત્મારામ નામે વેદાંતી બ્રાહ્મણ ત્યાંહાં બેઠેલો હતો તેને પણ ચેષ્ટારૂપ કર્મ વિશે અરૂચિ હતી તેથી તેણે મારી વાતને ટેકો આપ્યો અને કર્મ માર્ગીની નિંદા કીધી તેથી તે બે જણા માહો માહે થોડીવાર જીભા જોળી કીધી. તે વખતે બીજા કેટલાએક લોકો હતા તે મધ્યેથી કાશીભાઈ તથા હરીશંકર શુક્લ એ બે આદિ લઇને કેટલાએક જણાયે મારી વાતની પ્રશંસા કીધી.

એ નંદરામભટ બ્રાહ્મણ જાતે પુરાણિક છે. એનો વિચાર તો ન્યાતમાં ખરચ કમ કરવાનો છે.

ઘણાએક લોકો એવું બોલ્યાકે એ બ્રાહ્મણનો સ્વભાવ વૃદ્ધાવસ્થામાં બગડેલોછે. પણ મને તો એવું લાગેછે કે એ ધણી સુરત હવડાં આવ્યો હતો તેવારે મારી નિંદા કોઈ લોકોએ એની આગળ કીધી હશે તેથી એ ધણીને આટલો ક્રોધ ચડ્યો હશે.

રાત પડી એટલે હું મારે મુકામે ગયો. ત્યાં મને ખબર પડી કે ભાણો (એનું નામ રામપ્રસાદ પણ છે) હાલમાં કથા વાંચેછે અને જાતે પણ ઘણો સત્માર્ગનો ચાલનાર છે, ને તેથી હેના ઉપર થોડાએક લોકો વિશ્વાસ રાખેછે. તે ભાણો અસલ મારો નિશાળિયો હતો તેની હેવી વાત સાંભળી ઘણો ખુશી થયો. પણ મારા મનમાં આવ્યું કે આજથી સોળવરસ ઉપરનો એ મારો નિશાળિઓ છે તેની બુદ્ધિ આજ શી રીતે ચાલતી હશે તેની મને ખબર નથી, તેથી મેં તેને તેડું મોકલ્યું. થોડીવાર રહીને એ ધણી આવ્યો તેને મેં કેટલાએક પ્રશ્ન પુછ્યા તેનાં ઉત્તર તેણે મને સારાં આપ્યાં.

પ્ર૦ તમારા મનથી લોકોની ચાલ સારી લાગેછે ?

ઉ૦ ના.

પ્ર૦ જે ચારવર્ણના લોકોએ પોતાની જુદી જુદી ન્યાતો કરી લીધેલીછે તેથી સારૂં છે કે માઠું ?

ઉ૦ સારૂં છે એમ ન હોતતો લોક વટલી જાત.

પ્ર૦ તમે વર્ણ જે માનોછો તે ગુણ કર્મ ઉપરથી માનોછો કે વંશ પરંપરા માનોછો? અને વટળવું વટાળવું એ વાત તમારા મનમાં છે કે શું!

ઉ૦ મારા મનમાં તો કંઈ નથી. એ વાત મનમાં સમજી રેહેવાની છે, કેહેવાની નથી. કહિશૂં તો લોક નિંદા કરશે.

મેં તેને કહ્યું કે નિંદાની કંઈ ચિંતા રાખવી નહિ એ નિંદાથી આગળ જાતે લોકો સ્તુતિ કરશે. તમે તમારી વાતો સાંભળે તેને કેહેતા કરો કે કોઈ ખોટાં ખોટાં દાન ધર્મ કરશો નહિ. મુઆ પછવાડે ન્યાતો જમાડવી બંધ કરો. દાન એટલે આપવું તે ગરીબપાત્ર જોઇને આપો. તે ધણીયે કબુલ કીધું જે હું જે સમજવાર હશે, અને મને કંઈ કંઈ પુછતો હશે તેને કહીશ. ઘણા માણસો વચ્ચે કેહેવાની મને હીમત નથી. મેં

કહ્યું કે જેમ બને તેમ સાચો વિચાર પ્રગટ કરજો. પછી મારી પાસે જે વિચાર સાત લખેલા હતા તે વાંચી સંભળાવ્યા તે મધ્યે એ ધણીયે કંઈ વાંધો કાઢ્યો નહિ.

તા૦ ૧૯ ફેબ્રુઆરી.

દિવસ સઘળો ફરવામાં અને લોકો સાથે વાતો કરવામાં ગયો. રાત્રિયે નાનાભાઇની બેન બાઈ શિવકોર નામે મને પુછવા લાગી કે, મેહેતાજી હું તમારી ચાલ જોઇને ઘણી ખુશી થાઉંછૌં, અને મારા મનમાં તમારી વાત ઉતરે છે. તમારા જેવા માણસ અમારા ગામમાં કોઈ નથી. વારૂ મારે કેટલાએક પ્રશ્ન તમને પુછવાનાછે તેનાં ઉત્તર કહો.

પ્ર૦ મારા મનમાં એવુંછે કે કાશીની જાત્રા જાઉં, અને ત્યાંહાં જઇને ધરમ દાન કરૂં; ને એને વાસ્તે મારા ભાઈ પાસે દ્રવ્ય માગુંછૌં પણ તે આપવાને આનાકાની કરેછે. ત્યારે હવે મારે જવું કે નહિ? પૈસા તો જોર કરીશ તો મારા છે માટે મારા ભાઈ મને આપશે.

ઉ૦ તારે બાઈના શું કરવા ભટકવા જાઓછો. ત્યાં ગયે કંઈ ફળ નથી. ત્યાંના લોકો તો ઇહાંના જેવાજ છે, ને કેટલાએક તો ઇહાંથી પણ નઠારા છે. અને જેવું જળ ઇહાંછે તેવું જળ ત્યાં છે. જળથી કંઈ થવાનું નહીં. ને દાન ધર્મ જો દીન અનાથ પાત્ર જોઇને આપશો તો ઇહાં બેઠાં ઉગશે, અને ખરી જાત્રા તો તે છે કે પોતાનું મન શુદ્ધ કરવું. કેટલાએક લોકો ઉપરની ચોખાઈ બતાડીને પુણ્યાત્મા થવા ઇછેછે તે સર્વે ઢોંગી છે. મન પવિત્ર તો સત્સંગથી તથા વિચાર કીધાથી થાયછે.

પ્ર૦ હુંતો ચોખાઈ ઘણી રાખુંછૌં.

ઉ૦ એ કંઈ સધરવાનું નહીં.

પ્ર૦ ત્યારે અવે અમારે શું કરવું જોઇયે કે જેથી હમારૂં કલ્યાણ થાય?

ઉ૦ જગત્કર્તા ઇશ્વરની એકાંત કોટડીમાં બેસીને પ્રાર્થના કરો અને તેની પાસે માગો કે તે પોતાનું ખરૂં જ્ઞાન તમને આપે.

પછી મેં મારા સાતે નિયમો તેને વાંચીને તેને વિસ્તારે અર્થ કરી સંભળાવ્યા. તે સાંભળીને બાઇયે કહ્યું જે એ ઘણું સારૂં છે, પણ લોકોને એ પ્રમાણે ચાલવું અઘરૂં લાગશે.

તા. ૨૦ મી ફેબ્રુઆરી.

આજ સવારે હું દેશાઇવાડ આગળ ગયો તે વેળાયે રામપ્રસાદ કેટલાએક લોકોની વચમાં ઉભો હતો અને તેમને મારી કહેલી વાતો સંભળાવતો હતો એટલામાં તેણે મને દીઠો એટલે દૂરથી હાંક મારી તેથી હૂં તેની પાશે ગયો. તે વખત ત્યાં બેઠા હતા તેનાં નામ—

રામપ્રસાદ, ગોપીભાઇદેસાઈ, કુરણારામ દેસાઈ, ભૂલોભિખારી તથા એ શિવાય બીજા બેજણ હતા. જારે હું તેની પાશે ગયો ત્યારે તે નિરાંતે વાત સાંભળવા સારૂ તડકેથી ઉઠીને સીળે બેઠા અને મને કહ્યુંકે જે ભાણાને તમે કહ્યું તે હમને કહી સંભળાવો, ત્યારે મેં તેમે ઘણી એક વાતો તેમના હિતની તથા કલ્યાણકારક કહી સંભળાવી તે લખુંતો વિસ્તાર ઘણો થાય માટે લખતો નથી. છેલીવારે તેમણે સર્વે વાત કબુલ કીધી ને કહ્યું કે હવે કંઈ એ વાતનો વિચાર કરીશું.

વળી મેં આગ્રહથી કહ્યુંજે કોઈ સ્ત્રીની પાશે તમારી ન્યાતમાં ચારસેં રૂપીયાથી વધારે પલ્લું નહીં હોય અને તેવી સ્ત્રીનો ધણી મરી ગયો એટલે તે વિધવાને પોતાના ધણી પછવાડે ન્યાત જમાડવાને રૂપિયા હડીશે ખરચવા પડેછે. હવે તમે વિચાર કરોકે તેની પાસે દોડસો રૂપિયાનો માલ રહ્યો તે ઉપર તે પોતાનો અવતાર શી રીતે કાડશે? પછી તે નઠારાં કર્મ કરે તેમાં શું આશ્ચર્ય. માહારા વિચાર પ્રમાણે તો જે માણસ તેને ઘેર જમવા જાયછે તે લોહીના ખડેલા કોળિયા ભરેછે ને ધર્મ શાસ્ત્રમાં પણ જે મુઆ માણસ પછવાડે જમેછે તેને નિષેધ લખ્યોછે. ત્યારે ગોપીભાઇયે જવાબ દીધો કે સંવત ૧૮૯૫ના સાલમાં એ બાબતનો બંદોબસ્ત કરવા ધારયો હતો તેમાં કંઈ હરકત પડી તેથી બંધ પડ્યો, ને હવેથી આ કુરણારામ દેસાઈ જે મોઢેથી આખો દાહાડો રામકૃષ્ણ ગોવિંદ જપ્યાં કરેછે તે કરેતો હું કરીશ. (એ વખત મને કંઈ મસ્કરી જેવું લાગ્યું) પછી મેં કહ્યું જે સારા વિચાર કરતી વખતે એવા સહજ સહજ પ્રતિબંધ જોવા જોઇયે નહીં.

આસરે દિવસના કલાક બે વાગતે ઓરપાડના મુનસફ સેખ હામદ સેખ હામીદને મળવાને ગયો. ત્યાંહાંની મુનસફ કોરટમાં હું થોડી

એકવાર બેઠો અને તેના સિરસ્તેદાર વેણીશંકરે રગલેશન કાઢીને તેના અર્થ સંબંધી પુછ પરછ કીધાં. થોડીવાર પછી તે મુનસફનો છોકરો મને બોલાવવા આવ્યો તેની સાથે જઇને મેં તેઓ સાહેબની મુલાકાત લીધી. માહારૂં મળવું પેહેલ વેહેલુંજ થયું તેથી હું તેના ગુણથી કંઈ જાણીતો હતો નહીં. પછી જારે વાતો ચાલવા માંડી તેમાંથી વિદ્યા સંબંધી કેટલાએક વિચાર નિકળ્યા તેથી મને સમજાયું કે એ ધણી વિદ્યામાં કંઈ જાણીતોછે. પછી તેણે પોતાના કીધેલાં પુસ્તક ૨ બે ફારસી ભાષામાં હતાં તે બતાવ્યાં તે મધ્યે એક પુસ્તકનું બુક બાંધેલું હતું તેમાં હિંદુસ્તાનની ખબર હતી અને બીજા પુસ્તકના કાગળ છુટા હતા તેમાં તમામ પથ્વીનું વરણન છે એવું પોતે કહ્યું. હું તેનો ઉદ્યોગ જોઇને ઘણો પ્રસન્ન થયો. એ પુસ્તકોનો સાચો આખોતાવ ગુજરાતીનો હતો અને તેનાં પાનાં આસરે ત્રણસેં ચારસેં સુધી હતાં. તેવા કાગળોપર ખરડા કરવા તથા સાફ કરવાનું કામ એ ધણી પોતાની જાતે કરતો હતો.

એ મુનસફને બુદ્ધિમાન જાણીને મુસલમાનના ધર્મ સંબંધી મેં કેટલાએક પ્રશ્ન પુછ્યા તેનાં ઉત્તર તેણે આપ્યાં તે નીચે પ્રમાણે.

પ્રશ્ન૦ મેં સુરત મધ્યે સોદાગર વાડામાં તાબુતના દિવસ ઉપર કેટલાએક મુગલો કથા સાંભળતાં સાંભળતાં રડતા જોયાછે તે એટલા સુધી કે ઘરડા તથા કુમલા કાળજાના છોકરાઓ તથા હલકી જાતની સ્રીયો એ સરવે છાતી પણ કુટતાં હતાં એ શું તમારા શાસ્ત્ર પ્રમાણે સાચુંછે?

ઉ૦ તમામ જાુઠુંછે. હું કંઈ હેવી ચાલ ચાલતો નથી. કુટવું રોવું એ ઘણું પાપનું કામ છે અને તાબુત કાઢવાં એ પણ કંઈ વાજબી નથી.

પ્ર૦ તમારામાં જે શરે ધર્મ શાસ્ત્ર છે કે જેના વાંચવાથી તમે બીજાઓને અપવિત્ર જાણોછો અને હિંદુ પારસી ઇત્યાદિ બીજાઓ પણ તમારી પેઠેમ જાણેછે એવી બાબત ઉપર તમને આદરછે અને તમે માનોછો?

ઉ૦ (હસીને જવાબ દીધો કે) હકીમોના કેવા પ્રમાણે તો ખોટું છે. પણ હુંતો કહી શકતો નથી.

પ્ર૦ તમે એવું જાણોછોકે જે દાઢી રાખેછે તેજ મુસલમાનને ઇ-

શ્વર પોતાનો માનશે ?

ઉ૦ એશરેની બાબતમાં હું કંઈ બોલી સકતો નથી. એ આદિ લ- ઇને મેં જે પ્રશ્ન પુછ્યા અને ઉત્તરો સાંભળ્યા તેથી મને એવું લાગ્યું કે એ ધણી સાચા જુઠા વિચારને સમજી જાણેછે પણ ખુલાસે બોલવું એ ધણીને ગમતૂં નથી. પછી મેં એ ધણીને જીવ મારવા તથા માંસ ખા- વાથી દૂર રેહેવા સમંધી કેટલું એક ભાષણ કહી સભળાવ્યું અને રજા લીધી.

સાંજ વખત રામનાથ શુક્લ જે તે ગામમાં મોટો પંડિત કેહેવા- યછે તેને ઘેર હું ગયો અને તેની સાથે વાત ચિત કરવા માંડી. એ ધ- ણીની બુદ્ધિ ઘણીજ તીવ્ર છે. પોતાની ન્યાતમાં છિનાળું ઘણું ચાલેછે તથા કેટલાએક જીવોની એ બાબતમાં ઘાત થાયછે તે સર્વે વાત એ ધણી જાણેછે તેથી એ ધણીયે મને કહી સંભળાવ્યું જે મારો વિચા- ર તો એવો છે કે જીવ ખોવો તે કરતાં બીજીવાર પણવામાં કશી હરકત નથી. એ સમંધી ન્યાતમાં બંદોબસ્ત થાયતો ઘણું સારૂં છે. મારા જે- વો વિચાર બીજા લોકોનો પણછે પણ ન્યાતમાં રાખવાને રાજી નથી. વળી બીજું કહી સંભળાવ્યું જે શ્રીમદ્ભાગવત ગ્રંથને બ્યાસે કીધો હશે એ- મ મારા ધાર્યામાં આવતું નથી કેમકે બીજા પુરાણનો અને એનો ક- વિ જુદો છે એવું એજ ગ્રંથ ઉપરથી સમજાયછે. અને ભુગોળ ખગોળ જેવો મને નિશ્ચય જોતિષ શાસ્ત્રથી થાયછે તેવો પુરાણ ઉપરથી થતો નથી. ન્યાતના કર જે લોકો ઉપર છે અને લોકો તે કર કરવાને ઘરબાર વિ- નાના થઈ જાયછે તે જોઇને હું ઘણો દુઃખીછૌં અને તેને બંધ કરવા સમંધી મારો વિચાર તમારા વિચાર સાથે મળતો છે.

રાતરે હું મારા ઉતારા ઉપર હતો ત્યાં એક પડોશણ બાઇયે આ- વીને વાતમાં વાત કહી કે મારી ભાણેજ જે આસરે પચીસ વરસની વિધવા હતી તેણે કાંઈ બ્યભિચાર કીધો પછી તે બાઇને કાંઈ ઔષધ આવું પડ્યું તેથી તેનો પ્રાણ ગયો. મેં તેજ વખત તે કેહેનારને કહી સંભળાવ્યું કે જીવ ખોવો તે કરતાં નાતરૂં કરવું અને સુખેથી મોજ ક- રીને છોકરાં જીવતાં રાખવાં એ ઘણૂંજ સારૂં છે, પણ એ વાત તે બા- ઇને ગમી નહી.

તા૦ ૨૧ ફેબ્રુઆરી.

આજ સવારે ઉઠીને હું તળાવ ઉપર ગયો ત્યાં રસ્તામાં હરીદાસ નામે નિંબાવતના પંથનો એક સાધુ મળ્યો. એ સાધુ કેટલાએક દિવસ થયાં ઓરપાડમાંજ રેહેછે પણ તે કંઈ સ્થિર સ્થાવર રેહેતો નથી; તો પણ મેં તેને પુછ્યું કે તમારી પાશે કોઈ લોકો સાંજ વખત આવેછે? તેણે કહ્યું કે હા આવેછે. ત્યારે મેં કહ્યું કે તમારો સાધુનો એજ ધર્મ છે કે ગૃહસ્થોને ખામુખા ઉપદેશ કરવો. પછી ધર્મ સમંધી કેટલીએક વાતો મેં કહી સંભળાવી.

ઓરપાડથી નિકળીને સૂરત તરફ આવવા લાગ્યો. રાંદેર આગળથી હોડીયે બેઠો. તે હોડીમાં એક મુસલમાન બેઠેલો હતો, તેની દાઢી વચલે વાંગે હતી. તે રંગે ધોળી હતી. તેની ઉમર આસરે પચાસ વરસની હતી. તે ધણીની પાશે પાશે કેટલીએક બારવણો બેઠેલી હતી તેની તે મુસલમાન મશ્કરી કરતો હતો, તથા તેના શરીર ઉપર હાથ નાખીને ભાંડ શબ્દો બોલતો હતો. તેને જોઇને મેં પુછ્યું મિયાં સાહેબ તમે ક્હાં રેહોછો? તેણે કહ્યું કે રાંદેરમાં તથા સુરતમાં બે જગો ઉપર મારૂં રેહેવું થાયછે. મેં પુછ્યુ તમે શું ધંધો કરોછો અને તમારૂં નામ શૂં? તેણે કહ્યું કે હું જાતે મુલાંછઊં, લોકોને કથા વાંચી સંભળાવુંછઉં. શાસ્ત્રની વાતો કહુંછઉં ને મારૂં હાફિસહુસન હેવું નામ છે. મારૂં કુરાન સઘળું મારા મોઢા પરછે. તે સાંભળીને મેં થોડાએક શબ્દ બુદ્ધાને કહ્યા. પણ તેની બુદ્ધિ મલીન ઘણી હતી તેથી તેને સારૂં લાગ્યું નહીં.

તા૦૨૨મી થીતે તા૦૨૫ મી સુધી કંઈ લખવા જેવું બન્યું નથી.

તા૦ ૨૬ ફેબ્રુવારી.

આજ સવારે મુનશી પ્રતાપરાય જે આમોદથી બદલાઈ સરભાણ પ્રગણાનો મામલતદાર થઇને આવ્યોછે તેને ઉતારે મળવા ગયો હતો. તે ધણી મારો જુનો મિત્ર છે તેથી પરસ્પર સ્નેહ ઘણોજ છે. એવું છતાં કોઈ અવિચારી માણસે મારે વિષે અપશબ્દ તે ધણીને કહ્યા હશે તેથી તે મિત્રે કેટલાએક લોકો દેખતાં મને લગારેક ઠપકો દીધો. તે વખત જે લોકો બેઠા હતા તેનાં નામ—પ્રતાપરાય, ત્રિભોવનદાસ મકનદા-

સ, વલ્લભભાઈ કાયત્ત, દાજીભાઈ સુંદરલાલ, તીજોરી મધ્યેનો એક કાર-કુન, ઓછવરામ સ્વામીનારાયણના પંથનો, ડાહ્યાભાઈ અભયરામ. તે સ-ઘળા દેખતાં વલ્લભભાઈયે ચરચા ચલાવી અને પ્રશ્નોત્તર કરવા માંડ્યા. તે સમે મેં મારા સાચા વિચાર કહી સંભળાવ્યા અને પુછ્યું કે એ મધ્યે કંઈ તમને વાંધો છે? તે સમયે વલ્લભભાઈયે ભાંગ પીવી તથા છિના-ળું કરવું તથા લાંચખાવી એ ત્રણ બાબત જે ઘણીજ નિંદ્ય છે તેને ત્યાગ કરવાની ના કહી,ને કહી સંભળાવ્યું કે એમાં શૂં બગડેછે. તે વખતે ઓછવરામેજ એ વાત સારૂ વાદ લીધો, અને પછી મેં પણ તે વાતને પુષ્ટિ કીધી, અને ઘણી રીતે કહી સંભળાવ્યું કે એ વાત ઘણી માઠીછે. પછી એજ ધણીયે બીજો વાંધો લીધો કે જે ઘરડાઓ કરતા આવ્યા હોય તેમ કરવું. તે બાબતનું સમાધાન પ્રતાપરાયે કીધું કે કેવળ લોક રી-તિયેજ ચાલવું તે કાંઈ ઠીક નહીં. શાસ્ત્રમાં જે વાત કહી હોય તેનો વિ-ચાર કરીને ચાલવું જોઇયે. જુઓ મેતાજીયે જે સમચરીનો ચાલ ફેર-વ્યોછે તે મારી નજરમાં સારો આવે છે. પછી ડાહ્યાભાઇયે ત્રીભોવ-નદાસને કહ્યુંકે મેતાજી નાતરાં કરવાનું કેહેછે તે વાત કેવી છે? કેમકે એ-વી વાતની ભલામણ મારા સગા નવનીધરાયજી છે તે પણ કરેછે. ત્યારે ત્રીભોવનદાસ બોલ્યા કે એ ધણીયો ખરી વાત કેહેછે. છિનાળું ક-રવું, છોકરાં પાડવાં, તે કરતાં નાતરાં કરવાં એ ઘણુંજ સારૂં છે. એ વાતમાં મારો વિચાર પણ મળતો છે.

હવે પ્રતાપરાય તથા ઓછવરામ એક વિચાર થઇને બોલ્યા કે ત-મે કહોછો કે ઢેડાને અડકવું તેની ચિંતા નહીં એતો ઘણૂંજ અઘટતું છે. એથી તો આગળ જાતે સર્વ વર્ણાવર્ણ એક થશે. ત્યારે મેં જવાબ દી-ધોજે ભાઈ સાહેબો એ તો તમને ઘણા દિવસના અભિમાનનો અધ્યા-સ છે. આ જગતનો કર્ત્તા ઇશ્વર એક છે તેથી મનુષ્ય માત્ર સર્વ આ-પણ એક કુંટુંબ છઇયે. નાહક તમે મોટા માની બેઠાછો કે હમે બ્રાહ્મ-ણ ઉંચા છઇયે એ તમારૂં માનવું ખોટું છે. બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, શૂ-દ્ર, એ ચારે જાતિ પૃથ્વી આખી ઉપર ઇશ્વરે સૂજીછે તેને તેના ગુણ કર્મ ઉપરથી જાણવી. એ પ્રમાણે ગીતામાં પણ કહ્યુંછે,ત્યારે હવે એ ઉ-પરથી વિચારી જુઓ કે જે વિવેકી હોય તેજ બ્રાહ્મણ, યોદ્ધો હોય તે

ક્ષત્રી, વ્યાપાર, ખેતી કરતો હોય તે વૈસ્ય, બાકીના જે કેવળ મૂર્ખ રહ્યા હોય તે શૂદ્ર. તમે અડકવાનું કારણ બતાવોછો ત્યારે તેણે કહ્યું કે શાસ્ત્રમાં લખ્યું છે બીજું કંઈજ કારણ નથી. મેં કહ્યું કે ધર્મશાસ્ત્ર જે કીધુંછે તે તમારા અમારા જેવા માણસનું બનાવેલું છે, માટે તેના વચનપર વિચાર કરીને ભરોંસો રાખવો ન જોઇયે.

એડક ઘણી વાર સુધી થઇ. મધ્યાન્હ થવા આવ્યા તેથી હું ઉઠીને મારે ઘેર આવ્યો.

પાછલા પોહોરના ચાર વાગતે પ્રતાપરાય મામલતદારને ત્યાં હું ગયો. તે વખત ભોળવરામ પણ તેને ત્યાં બેઠેલા હતા. ત્રણે જણા-યે મળીને વિચાર કેરવ્યો જે સ્વામીનારાયણના મંદિરમાં દિનાનાથ ભટ નામે કોઈ શાસ્ત્રી આમોદથી આવેલોછે તેને મળવા જઇયે અને સાથે દિનમણીશંકર શાસ્ત્રીને પણ તેડતા જઇયે. બારણા આગળ ગાડી ઉભી હતી તેમાં સવાર થયા અને દિનમણીશંકરને તેમને ઘેરથી સાથે લીધા. રામપરામાં સ્વામીનારાયણનું મંદિર છે ત્યાં જઈ પોહોચ્યા. ગયાને તરતજ તે દિનાનાથભટનો મેળાપ થયો, ને અન્યોન્ય સુભાષિત બાષણ કીધું. પછી મેં કહ્યું કે મહારાજ તમને નામથી તો ઘણા દિવસ થયા સાંભળ્યાછે પણ દર્શન તો આજજ થયું. એ બ્રાહ્મણ તેના મુખ તથા વાણી ઉપરથી ઘણો ગરીબ જણાતો હતો. દિનમણીશંકર સાથે તેણે શાસ્ત્રાર્થ કાઢ્યો. તેનું સમાધાન દિનમણીશંકરે કરી આપ્યું. પછી મેં પુછ્યું કે તમે નવાગ્રંથો લિખેલા છે? ત્યારે તેણે કહ્યું કે હા. એટલે પ્રતાપરાય બો-લ્યા કે તે ગ્રંથને એઓએ ઋષિયોને નામે બનાવેલા છે. તે સાંભળીને દિનમણિશંકરે પુછ્યું કે ડાકોરમહાત્મ્ય નામે ગ્રંથ તમે બનાવેલો છે? દિ-નાનાથ ભટ બોલ્યા કે હા મેં બનાવેલો છે. દિ૦ તમારે ઋષિઓના ના-મથી શા સારૂ બનાવવો પડ્યો? દિનાનાથ૦ આજથી કેટલા એક વર્ષ ઉપ-ર એક બિહારીલાલ નામે ગુસાંઈજી રાધા વલ્લભી મતનો ડાકોરમાં આ-વેલો તેનો મારો મિલાપ થયો. કેટલોએક મારો ગુણ તેણે લીધો અને કેટલોએક તેનો ગુણ મેં લીધો. પછી મારે અને તેને મિત્રતા થઈ. થોડા દાહાડા પછી તેણે મને કહ્યું કે આ ડાકોરના રણછોડજીના મહા-

ત્મ્યનો એક ગ્રંથ બનાવો. તેના કેહ્વા ઉપરથી મેં ગ્રંથ બનાવવાનું કામજારી કીધું. રોજ રોજ એક અધ્યો કરીને મંદિરમાં વાંચવા માંડ્યો. એ ગ્રંથના જેટલા અધ્યાયછે તેટલે દિવસે પુરો કીધો. તે ગ્રંથની થોડા દિવસમાં બશે પ્રતો ઉતરી અને દેશમાં પસરવા માંડીછે.

દિનમણી૦ તે ગ્રંથમાં ઘણેક ઠેકાણે ખોટું છે.

દિનાનાથ૦ મારે શુદ્ધ કરવું હતું એટલામાં તરતજ એના ઉતારા પુરાણિકોયે કરી લીધા. પણ ઠીક થયું. ઋષિના નામથી ગ્રંથ બનાવેલાછે માટે કાંઈ ખોટું કાંઈ ખરૂં એમ હોયતો લોકો ઋષિવાણી જાણી ખરૂં માને.

દિનમણી૦ તમે સ્વામીનારાયણના ધર્મવાળાને એવી રીતે ગ્રંથ બનાવી આપોછો? ને તેમાં સહજાનંદ ભગવાનનો અવતાર છે એવું સ્થાપન કીધું છે?

દિનાનાથ૦ મેં તેમને પણ ગ્રંથ બનાવી આપ્યા છે અને તેમાં પરમેશ્વર તેજ સહજાનંદ છે એવું સિદ્ધ કીધુંછે, પણ તે કંઈ ખરૂં નથી. સ્ત્રીના મુખને જેમ ચંદ્રની ઉપમા આપિયે તે રીતે જાણી કીધુંછે. બાકી ખરેખરા પરમેશ્વર તે નથી.

દિનમણી૦ એ રીતે તમારે શા સારૂ કરવું પડ્યું?

દિનાનાથ૦ લાભને અર્થે.

એ પ્રશ્નોત્તર સાંભળીને મારૂં મન ઘણું દુઃખી થવા લાગ્યું અને તરત હું બોલ્યો કે ભટજી તમે એવા ખોટા ખોટા ગ્રંથો બનાવોછો એ મોટું પાપ છે. એવા ખોટા ગ્રંથો બનાવોછો તે સાંભળીને લોકો પૈસે ટકે ખરાબ થાયછે અને બુદ્ધિ નિર્મળ થતી નથી. તમારે જો ગ્રંથ બનાવવા હોય તો ખોટી ચાલોને બંધ કરવા સારૂ પોતાના નામથી બનાવો. (તરત મેં એક નિસાસો મુક્યો અને કહ્યું કે) હિંદુસ્તાની લોકોની બુદ્ધિ બિગડી ગઈછે તે એવા ખોટા ગ્રંથો ઉપરથી બગડી ગઈ છે. કોઈ પાહાડને વાસ્તે પુરાણ, કોઈ નદીને વાસ્તે, કોઈ ક્ષેત્રને વાસ્તે, કોઈ મૂર્તિને વાસ્તે, કોઈ ઝાડને વાસ્તે, કોઈ ચંદ્રને, કોઈ સુરજને વાસ્તે, કોઈ અગ્નિને અને કોઈ વાયુને વાસ્તે, કોઈ રાજાને અને કોઈ વેરાગીને વાસ્તે, એવા એવા સેંકડો ગ્રંથ હિંદુસ્તાનમાં થયાછે. એવું વિચારીને તે બ્રાહ્મણને કહ્યું કે ખો-

ટા ખોટા ગ્રંથ જુઠી જુઠી વાતો પારકે નામે બનાવશો નહીં. એ જે મારૂં કેહેવું હતું તે ત્યાંહાંના બેસનારા સઘળા લોકોને કડણ લાગ્યું પણ કોઈ બોલ્યું નહી. અમે સર્વે ઉઠીને ઉભા થયા ને પછી એ વાત ચાબુક નામે વર્ત્તમાન પત્રમાં છાપી પ્રસિદ્ધ કરવા મોકલી."

પ્રકરણ ૪ થું.

માનવધર્મ સભાની ઉત્પત્તિ, અને તે સભામાં થયેલા વાદવિવાદ અને ભાષણો.

ઉપલા પ્રકરણમાં લખ્યા પ્રમાણે દુર્ગારામ મેહેતાજી પોતાના સુધરેલા વિચાર અને સત્ય જ્ઞાન જ્યાં જાય ત્યાં વાતો કરી પ્રસિદ્ધ કરવા લાગ્યા. એમની હિમ્મત, બોલવાની છટા, અને વિષયમાં રેહેલું સત્ય એ સર્વેથી કેટલાક સજ્જનોના મનપર સારી અસર થઈ.તેમનો એના ઉપર પ્રીતિભાવ થયો. પણ જેમનાથી એના વિચાર સમજાયા નહિ તેઓ નિંદા કરવા લાગ્યા. મહેતાજીના મનમાં એમ આવ્યું કે છુટક છુટક બોલવા કરતાં મંડળી સ્થાપિ ત્યાં પોતાના સદ્ વિચાર લોકને સંભાળવા, અને તેઓના પ્રશ્નોના ઉત્તર દેવા, એવી ગોઠવણ કરી પોતાની ધારણ પારપાડવી. એ હેતુથી "માનવધર્મ" નામે સભાસ્થાપિ સુધારાનો રણસ્થંભ રોપ્યો, અને સુરતના લોકને ઘણા કાળની ઉંઘમાંથી જગાડ્યા. એ સભાની ઉત્પતિ અને તેમાં ચાલેલાં કામની નોધ મેહેતાજી [illegible] ને સભાના દફતરમાં કરેલી છે. એ દફતર પ્રગટ કરવાને મને આપતી [illegible] જણાવ્યું હતું કે એક બીજી નોધ પણ હતી તે બીજીવાર કેળાપીઠમાં આગ લાગી તેવારે એની નીશાળમાં બળી ગઈ. તેમાં શી બાબતો અને શાનો હેવાલ હતો તે મને કહ્યું નથી. એ મંડળીની ઉત્પત્તિ—

"તા૦ ૨૨ જુન સન ૧૮૪૪ સંવત્.૧૯૦૦ના અષાડ સુદી ૭ વાર શની.

૧ "આજરોજે સભા મળી તે મધ્યે મેતાજી દુર્ગારામ મંછારામે નીચે લખ્યા પ્રમાણે ભાષણ કીધું.

ઘણા દિવસ થયા ચિંતા રાખતો હતો કે કોઈ પ્રકારે માણસને પોતાના

બંધન છૂટીને મોક્ષપ્રાપ્ત થાય એમ કરવું. ને એ વાત થવા સારૂ મેં અનેક પ્રકારની યુક્તિયો લોકમાં ચલાવી તેમાં મુખ્ય તો એજ યુક્તિ કીધીછે કે જ્યાંહાં માણસોની મંડળી બેઠી હોય ત્યાંહાં ઉભા રહી અથવા બેસીને ઘટતી રીતિયે મોક્ષદાયક ભાષણ કરવું, તથા તેવું કોઈ પાત્ર માણસ જાણવામાં આવે, ને તેના ઉપર તેના ગુણવડે વધારે પ્રીતિ થાય ત્યારે તેને પત્રદ્વારાયે શિક્ષા લખી મોકલવી. એવી રીતિનો ઉદ્યોગ ચાલતોહતો.

વૈશાખ વદી ૩૦ ને દિવસે દામોદરદાસ ભાઈદાસ મારી પાસે આસરે ચાર વાગતે આવ્યા. ને હું પણ નિશાળિયા ભણાવવાના કામથી નવરો પડ્યો હતો, માટે દામોદરદાસ સાથે કાંઈ જ્ઞાન ચરચાની વાતો કરવા માંડી. તે સમયે દામોદરદાસને અગ્નિહોત્ર સંબંધી પુછ્યું કે તમે એ વાતમાં શું જાણોછો? ત્યારે તેઓ બોલ્યા કે હુંતો જેમ તે લોક કુંડમાં છાણાના ગોળા ને ઘી હોમેછે તેજ જાણુંછું. ત્યારે મેં તેને કહ્યું કે અગ્નિહોત્ર તે કોનું નામ, ને તેથી શી રીતે પરમાર્થ જ્ઞાન થાય તેનો વિચાર એ હોમનાર તથા હોમાવનાર લોક કંઈ જાણતા નથી. પછી મેં તેનો અભિપ્રાય જે [1]ગર્ભોપનિષદમાં લખ્યો હતો તે કહી સંભળાવ્યો; પછી

---

૧ ગર્ભોપનિષદમાં અગ્નિહોત્ર એટલે અગ્નિમાં ઘી વગેરે હોમવું એ ખરૂં અગ્નિહોત્ર નથી એમ કહ્યુંછે; પણ શરીર તથા તેના સંબંધે થતાં કર્મને યજ્ઞનુ રૂપક આપી તેનો વિચાર બતાવેલોછે તેનો સારાંશ—

પિપલ્લાદ ઋષિયે એ ઉપનિષદમાં મોક્ષનો વિચાર બતાવ્યો છે, માટે એને પૈપલાદ મોક્ષશાસ્ત્ર કહેછે.

શિષ્ય પુછેછે—કે શરીરને અગ્નિહોત્ર શા વાસ્તે કહેવું? ઋષિ જ્ઞાનરૂપી અગ્નિનું નિરૂપણ કરેછે—

કોષ્ઠાગ્નિ એટલે ખાવાના પદાર્થને પચાવેછે તે.

દર્શનાગ્નિ એટલે જ્ઞાનાગ્નિ. સારૂં અને ખોટું કર્મ શું તેનું જ્ઞાન તે જ્ઞાનાગ્નિ.

હવે અગ્નિના ત્રણસ્થાનછે; અગ્નિહોત્રી ત્રણ કુંડ રાખેછે. તેના નામ ૧આહવનીય, ૨ ગાર્હપત્ય, ૩ દક્ષિણાગ્નિ, એ ત્રણ કુંડ તથા યજ્ઞને વાસ્તેજ સામગ્રી જોઇયે તે બધાની ઘટતી શરીરમાં અલંકાર રૂપે બ-

જે કોઇયે એ અર્થને અનુસરીને બીજી રીતે માર્ગ ચલાવેલાછે તેનું પૂર્વનાં લોક કરતાં મેં વખાણ કીધું, ને કહ્યું કે લાકડાં બાળનારા તથા પશુ અને ઘી હોમનારા, બલિ, તલ તથા બીજા કેટલાએક હવિષ્યાનને અંગારામાં નાખીને ભડકો કરનારાછે તેમના કરતાં પુતળાં પૂજનાર તથા પૂજાવનાર લોક કંઈ એક સારા છે. એ બંને વિચાર જે કારણ ઉપરથી ઉઠેલાછે તે એકજછે. પ્રથમના સાધનને મૂળ આશ્રય ગીતા મધ્યેનો આ શ્લોક છે. શ્લોક-[૨]અહંવૈશ્વાનરો ભૂત્વા પ્રાણીનાં દેહમાશ્રિતઃ ।। પ્રાણાપાનસમાયુક્ત પચામ્યન્નં ચતુર્વિધં ।। ૧ ।। ને બિજા સાધનને ગીતાના જે શ્લોકનો આશ્રય છે તે શ્લોક—[૩]ઇંદ્રિયાણિપરાણ્યાહુરિંદ્રિયેભ્યઃ પરંમનઃ મનસસ્તુપરાબુદ્ધિર્યોબુદ્ધેઃ પરતસ્તુસઃ ।। એ બંને શ્લોકથી પ્રથમ વાળો યજ્ઞ પુરૂષને ભજેછે, બીજો વૃજાધીશ અથવા ગોલોકપતિ અથવા ગણપતિ અથવા કૈલાશપતિને ભજેછે. પણ વિચાર કરતાં એવું સૂજેછે કે એ બન્ને જણા મૂળ અર્થને વિસરીને બાહારની ક્રિયામાં મગ્ન થઈ રહેલાછે, ને વિશ્વાત્માનું જે મૂળ ઉપાસન તેને કંઈ કરતા નથી. પછી મેં દામોદરદાસને પરમાત્માનું જ્ઞાન કહી સંભળાવ્યું. એટલી વાતો કરતાંમાંજ દામોદરદાસને પોતાના જ્ઞાન ચક્ષુવડે ભગવાનનાસ્વરૂપનો નિશ્ચય થયો, અને ધ-

તાવેછે.મુખ એટલે આહવનીય, પેટ ગાર્હપત્ય; હૃદય દક્ષિણાગ્નિ;આત્મા-યજમાન, (યજ્ઞમાં બ્રહ્મા જોઇયે) માટે મન એ બ્રહ્મા;કામક્રોધ લોભાદિક વિકાર રૂપી પશું; ધૈર્ય તથા સંતોષ એ દીક્ષા; કર્મ ઇંદ્રિય રૂપી યજ્ઞપાત્ર; કેશ (નીમાલા) રૂપી દર્ભ; મુખને વિષે અંતરવેદિ, નાડીયો મજ્જા (ચરબી) ઇત્યાદિ હવિ (હોમવાના પદાર્થ).

એ રીત ગર્ભોપનિષદમાં મોક્ષશાસ્ત્ર નિરૂપણ છે.

સારાંશ એ છે કે ભૌતિક અગ્નિમાં પશુ ઘી વગરે નાખીને યજ્ઞ કરવો એ કરતાં જ્ઞાનરૂપી અગ્નિવડે વિકારોને બાળવા એટલે સમાવવા એ ઉત્તમ પ્રકારનો યજ્ઞ અથવા અગ્નિહોત્રછે.

૨ પ્રાણીના દેહમાં રહેલો અગ્નિ હુંછું; પ્રાણ, અપાન સમાન એ ત્રણ વાયુની જોડે રહેલો હું ચાર પ્રકારનાં અન્નને પચાવુંછું. ૩ ઇંદ્રિથી પર મન, મનથી પર બુદ્ધિ, અને બુદ્ધિથી પર તે હુંછું.

ણાજ આનંદમાં મગ્ન થઇને મને કેહેવા લાગ્યા કે હું મારા અંતઃકરણ-થી સઘળા બંધનથી છૂટોછૌં. પણ લોકમાં તમારા જેટલી મારી હિંમત ચાલતી નથી. તે સાંભળીને હું બોલ્યો સેઠજી આ મોટું અભયદાન માણસને આપવું તેના કરતાં આપણે પોતાની આબરૂ સંભાળીને સાચું જ્ઞાન સંતાડી રાખવું એ કંઈ સદ્વિચાર નથી. એ વચન સાંભળતાં વાત દામોદરદાસનું ચિત્ત ઘણુંજ દયાયુક્ત થયું, ને કેહેવા લાગ્યા કે મેતાજી, કોઈ પ્રકારે લોકો અજ્ઞાન રૂપ બંધનથી છૂટે એવો ઉપાય કંઈ કરવો જોઇયે. તેમનો એવો વિચાર જોઇને મેં તેમને કહ્યું કે ચાલો મારા પરમ મિત્ર દાદોબા છે તેમની પાસે જઇયે. તેમનો વિચાર પણ ઘણો ઉદારછે, ને લોકોને તારવા વિષે તેમની પણ ઘણીજ વૃત્તિ ઉઠેછે, કેમકે તેમનું અજ્ઞાન નિવારણ થયેલુંછે, માટે લોકોને દુઃખી દેખીને તેમને મોક્ષ આપવા સારૂ નિરંતર વિચાર કરેછે. તે સાંભળી દામોદરદાસ ઉઠ્યા ને હું તથા તેઓ દાદોબાપાસે ગયા.

દાદોબાયે અમને આવતા જોઇને આદર કર્યો, ને અમને સુખશાતા પુછી. મેં તેમને કહ્યું કે આજ તો મને મોટી ખુશી થઇછે, ને તેવાજ ખુશી ભરેલા તમારી પાસે આવેલા છઇયે. આ દામોદરદાસનું મન લોકોને બંધનથી છોડવવા ઉપર ઘણું લાગેલુંછે, તે માટે તેના ઉપાયનો વિચાર કરવો જોઇયે. તે વાત સાંભળીને દાદોબા તો ઘણાજ રાજી થયા. આનંદ તો માય નહી. ઘણા હર્ષે કરીને દામોદરદાસને કેહવા લાગ્યા કે દામોદરભાઈ એવું તમારૂં પવિત્ર અંતઃ કરણ જોઇને હું ઘણો પ્રસન્ન છૌં, ને રાત્ર દિવસ એવી ઇછા રાખુંછૌં કે સારા વિચારમાં ઘણા માણસ ક્યારે એકઠાં થાય. બોલો હવે આપણે શું કરવું. ત્યારે હું બોલ્યો કે આપણે બે જણાયે જે પ્રથમ વિચાર કિધો હતો તે પ્રમાણે આજે એક કાગળ કરવો જોઇયે. તેમાં લોકોને મોક્ષ પ્રાપ્ત થવા સંબંધી લખીને કોઈ જગા ઉપર મળવા સારૂ થોડા ઘણા લોકોની સહિયો લેવી; પછી કોઈ ઠરવેલી જગા ઉપર બેસીને લોકોને બંધન છુટી મોક્ષ થાય એવું ભાષણ કરવું. તે વાત સાંભળી તરત એક કાગળ તેમણે મને આપ્યો તે કાગળ ઉપર મેં લેખ કરીને દાદોબાને તથા દામોદરદાસને બતલાવ્યો.

પછી તેમણે તે કબુલ કીધો એટલે પાધરી સહિયો કરવા માંડી. અમે ત્રણે જણાયે સહીયો કીધી ને બીજાની સહિયો લેવાનું ઠેરવ્યું. પછી ઉઠતી વખત ઇશ્વરની સ્તુતિ કરી એવું ઇચ્છયું કે ઇશ્વર અમને સહાય હોજો. (એમ બોલવું એ માણસને ભગવાનના પ્રેમના આવેશે કરીને સહજ બોલાયછે,બાકી તે તો સર્વનો અંતર્યામી છે.) ઉપર બનાવેલા કાગળની નકલ આ વર્ત્તમાનમાં નીચે પ્રગટ કરીછે—

'કેટલાએક કાળ થયાં અજ્ઞાનથી ધર્મ સંબંધી બાબતમાં માણસોના અનેક વિચાર થયાછે તેણે કરીને તેઓ અત્યંત દુઃખમાં પડેલા છે તેમને મોક્ષ પ્રાપ્ત થવા માટે જ્ઞાન પૂર્વક ખરો વિચાર તે પ્રાપ્ત કરી લેવાની ઘણી અગત જાણી હર શનીવારે રાત્રે કોઈ ઠેરવેલા ઘરમાં માણસોનો મેલાપ રાખવો જોઇયે. તે ઠેકાણે બેસીને વિચારવાન માણસોયે માહોમાંહે તથા બીજા લોક સાથે ખરા વિચારની ચરચા ચલાવવી. તેણે કરીને અજ્ઞાનથી થયેલાં જે દુઃખદાયક બંધન તેમાંથી છૂટશે. તે માટે હાલમાં જેને આવવાની મરજી હોય તેણે આ કાગળમાં સહી કરવી.'

સંવત ૧૯૦૦ ના વૈશાખ વદી ૩૦ વાર શુક્રે.

દાદોબા પાંડુરંગ.	દુર્ગારામ મંછારામ.
બાળકૃષ્ન લક્ષ્મણ.	દામોદરદાસ ભાઇદાસ.
લાડકોબા આતમારામજી.	ઇશ્વરદાસ હરગોવનદાસ.
પારવતીશંકર દુર્ગાશંકર.	કાહાનદાસ તાપીદાસ.
પરભુદાસ તલકચંદ.	પ્રાણનારાયણ મયાશંકર.
સુંદરરાવ મોરબા પ્રભૂ.	આનંદરાવ ચાંપાજી.
મોદી દાદાભાઇ બરજોરજી.	

ઉપલી બિના બન્યા પછી બેવાર દાદોબાના ઘરમાં મંડળી થઈ તે વખતે જે ભાષણ થયુંછે તેહવે પછે મંડળી મળશે ત્યારે પણ થાશે માટે લખ્યું નથી. હવે આજે આપણી મંડળી પુસ્તક પ્રસારક મંડળીના છાપખાનાવાળા ઘરમાં મળીછે, ને હવે પછી પણ એજ ઠેકાણે આઠે દહાડે મળ્યાં કરશે માટે તમે તમારા મિત્રોને ને બીજા કોઈ માણસ બંધનમાં પડેલા છે તેમને એટલે સર્વ લોકોને ખબર કરજો કે થોડે અમે

મોક્ષ લેવાને આવે. અહિયાં માણસને જીવતે છતે મોક્ષ મળેછે, ને જે કોઈ મુઆ પછી મોક્ષની આશા બતાવેછે તેના વાયદા ઉપર ભરોસો નથી.

મંડળી મેળવવાનું તથા મળવાનું મુખ્ય કારણ તમને સંભળાવ્યું. હવે જેજે આ જગત્‌માં મનુષ્યને બંધન છે તે તથા છુટવાનો પ્રકાર તથા મનુષ્ય જન્મનું સાર્થક એ સર્વ આજથી કેહેવા માંડુંછું. હું કંઈ શાસ્ત્રી નથી. ઘણું ભણેલો નથી, માટે મારામાં જેજે ચૂક હોય તેનો વિચાર કરીને સુધારવાનો જેજે વિચારવાન્ માણસો હોય તેને અખત્યાર છે. હું દેહધારી માણસ છું. મને કોઈ પરમેશ્વર કરીને માનસો મા, કેમકે આ દેશમાં એવો ચાલ પડી ગયોછે કે જે કોઈ સદ્વિચારવાળો થયો હોય તેને સર્વ લોક પરમેશ્વરનો અવતાર કરીને માનેછે, માટે ઉપલાં વચનો તમને સંભળાવુંછું. ઉપનિષદ્ ધર્મનો જે લોપ થયો તે માણસને તથા મૂર્ત્તિને પરમેશ્વર માનવાથી થયોછે. હું જાણુંછું કે પરમેશ્વર વિશ્વાત્મા છે, વિશ્વ વ્યાપી છે, નિત્ય છે, સર્વગત છે, પણ તેવો વિચાર થવો જોઈયે. કંઈ માણસને પરમેશ્વરનો અવતાર કહીને પૂજાવા સારૂ નથી. તો એમ જાણવું જે એવા જ્ઞાનવાન માણસમાં ઇશ્વર વિભૂતિ પ્રકાશિત છે."

એ પ્રમાણે મહેતાજી દુર્ગારામ મંછારામે સુધારાનો બીજો ઝુંડો ઉરાડ્યો. પહેલી ધજા મુખ્યત્વે સંસાર સુધારાની એક બાબત હતી. એ ધજાની એક બાજુએ વિધવા વિવાહ જાણે લખ્યો હતો. વિધવા ઉપર થતા અન્યાયને બંધ પાડો; દયા કરી તે બિચારીઓને જૂલમમાંથી મુક્ત કરો; તેમને ફરી પરણવાની રજા આપો, એવાં વચનો તે ઉપર હતાં. એની જોડે બીજા ઘણાક સુધારાની સૂચના બીજી બાજુએ હતી. કન્યા મળ્યાની લાંચથી એ વાવટો વીંટાળી ઘરમાં મુક્યો, ને માણસને મોક્ષ પામવાનો માર્ગ દેખાડવાને આગળ પડ્યા. વિધવાના નિરપરાધીપણા વિષે અને તેમને પુનર્લગ્ન કરવાની રજા આપવાના વાજબીપણા સંબંધી તેમનો અભિપ્રાય કાંઈ બદલાયો નહિ, અને કોઈ પુછે તો સાચો ઉત્તર દેતા; માત્ર એટલોજ ફેર પડ્યો કે ઠામ ઠામ જ્યાં જાય ત્યાં પોતાની મેળે એ સંબંધી બોધ કરતા તે બંધ પાડ્યો, ને કોઈ પુછે તો કહેવાનું

રાખ્યું. બીજી ભારે અગત્યની બાબતો વિષે મહેતાજી ઉપદેશ કરતા તે પર હવે વધારે ધ્યાન આપ્યું. જ્ઞાતિભેદ, મૂર્તિ પૂજા, અનેક દેવદેવીઓ વગેરે મહાન વિષય સંબંધી જે બોધ કરતા તે અને આત્મકલ્યાણ વિષે સાચા અભિપ્રાય લોકને જણાવવાને માનવધર્મ સભા સ્થાપી. મુવા પછી મોક્ષ મળવાની આશા બીજા ગુરૂ બતાવતા; પણ એમણે તો અહીંજ, આ પૃથ્વી ઉપર જીવતે છતે થોડે શ્રમે મુક્તિ મેળવી આપવાનું કામ માથે લીધું. આ કામ આગળનાથી અતિ મોટું હતું. પહેલું થોડી અભાગ્યણી અબળાઓને થોડા કાળના સંસારી દુઃખમાંથી છોડાવવાનું હતું. આ બીજું માણસ માત્રને અનન્તકાળ સુધી સુખી કરવાનું હતું. જેવા ઉમંગથી, જેવી તેજીથી,અને જેવા વેગથી આ શુભ, આ મહાન કામ ઉઠાવ્યું તેજ પ્રમાણે જારી રાખ્યું હોત તો કેવું સારૂં થાત !

રાવ બાહાદુર દાદોબા પાન્ડુરંગના ઘરમાં જે લખાણ પહેલવહેલું કર્યું તેપર ત્યાં જે ત્રણ જણા હતા તેમણે તુરત મતાં કર્યાં. ત્યારપછી એક માસ અને સાત દિવસમાં બીજી દશ સહીઓ થઈ. એમાંના ઘણા ખરા દુર્ગારામ તથા દાદોબાના હાથ નીચે ભણનારા કિશોર વયના નિશાળીઆ હતા. એમણે વગર સમજે, વગર ખાત્રીએ શરમાશરમી સહીઓ કરી હોય એમ જણાયછે, કેમકે તેમણે ત્યારપછી પોતાના ગુરૂના નામને છાજે તેવાં કૃત્યો કર્યાં નથી. એ તેર ઉપરાંત બીજા કોઇએ એ પત્ર ઉપર સહીઓ કરી નથી તેથી માનવધર્મ સભામાં બીજા કેટલા અને કોણ કોણ ભળ્યા તે કહેવાઈ શકાતું નથી.

"તા૦૨૯ જુન સન૧૮૪૪ સંવત્ ૧૯૦૦ના આષાડ સુદી૧૪ વાર શની. મંડળીમાં થએલું ભાષણ.

૨. આજરોજે મંડળી ચાર વાગતેથી મળી તેનું કારણ એછે કે કેટલાએક સરકારી લોકોને રજા છે,ને ચાર વાગ્યા પછી મળવાનું સર્વને અનુકૂળ છે. એમ જાણીને રાખ્યું, ને બે ત્રણ ઘડી રાત્ર સુધી બેઠા.

મંડળી મધ્યે જે મુખ્ય નવા આવેલા હતા તેનાં નામ રણછોડદાસ ગિરધરભાઈ તથા મકનદાસ કળમી તથા સોભારામ સોની. એ ત્રણે જણા વેદાંત વિચારના જાણનારા છે માટે તેઓ આ ધર્મ સભામાં

સદ્વિચારની ચરચા તથા શ્રવણ કરવાને આવ્યા હતા. મેતાજી દુર્ગારામ તથા દાદોબાના હાથમાં ભગવદ્‌ગીતાના ગુટકા હતા. તે સમયે પ્રથમ મેતાજી દુર્ગારામે મંડળી મળવાનું કારણ જે ગયે શનીવારે લખેલું છે તે વાંચી સંભળાવ્યું ને બોલ્યા—ભાઇયો આ મંડળી કરવી આપણને ઘણી જરૂરની છે, શા માટે જે માણસો ઘણાજ અજ્ઞાનમાં પડેલાં છે તેથી ઘણાજ દુઃખી છે. જુઓ કોઈ મંદિરે દરસણ કરવા જાયછે ને હડસેલા હડસેલીમાં કચડાયછે, ઉપરથી ઝાપટિયાના કડણ કોરડાનો માર ખાય છે, કોઈ દાડે ધ્રુજતા તાપીયે નાવા જાયછે, કોઈ અપવાસ કરેછે, ઈત્યાદિ ઘણા પ્રકારનું દુઃખ ભોગવેછે તે સર્વ મૂર્ખાઈથી છે.

એટલું સાંભળીને મકનદાસ બોલ્યા કે તમે અજ્ઞાન મનુષ્યને જ્ઞાન આપવાની ઈચ્છા રાખોછો તે જ્ઞાનનું સ્વરૂપ કોહો.

દુર્ગા૦ આખા વિશ્વમાં જે જ્ઞાન છે તેજ જ્ઞાન સર્વ જ્ઞાનનું કારણ છે.

મક૦ જો તે જ્ઞાનનું કારણ છે તો એકની અવિદ્યાને બીજાથી ખોવાશે નહીં, સાથી જે જ્ઞાન જ્ઞાનને સુબોધ કરશે.

દુર્ગા૦ સાંભળો મકનદાસભાઈ આપણે તો મુખ્ય સમજવાનું એ-જ છે કે અજ્ઞાન મટીને જ્ઞાન થાય તે માનવું, તેનાં કારણમાં ઘણું કરીને ગુચવાવું નહીં. જેમ દુધમાં કંઈ વસ્તુ આખરણ નાંખ્યાથી દહીં થઇને ઘી નિકળેછે એવો જોગ બનાવીને ઘી કાઢ્યું એટલે આપણો અર્થ થયો. હવે એ ઠેકાણે એ દુધનું દહીં કેમ થયું? એમાં અવયવ રચના શી થઈ? એ વાતની તકરાર કરવી ને કાળ ખોઇ નાંખવો એનું કારણ શૂં? આપણે તો અર્થ થયા સાથે કામ; એજ રીતે અજ્ઞાન મટીને જ્ઞાન થાય તે સાથે કામ. પછી તે કેમ થાય? એ વાતનો ઝીણો વિચાર કરવો ઘટારત નથી. એમ કરતાં કદાપિ બુદ્ધિનો વિલાસ કરવો હોય તો કરો. પછી છેલ્લેનો જ-વાબ એવો દીંવો કે અવિદ્યાની બાધક વિદ્યા છે ને વિદ્યાની બાધક અવિદ્યા છે.

દુર્ગારામ બોલ્યા કે આપણે આ મંડળીમાં જ્ઞાનનો પ્રકાશ કરવો તેમાં પ્રથમ શૂ જાણવું તે કહું સાંભળો. બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈસ્ય, શૂદ્ર, એ ચાર વર્ણ જે મૂળથી ચાલી આવેછે તે એ રીતે છે કે, જે પુરૂષ

સત્વગુણી હોય, શમદમાદિ સાધને યુક્ત હોય તેને બ્રાહ્મણ જાણવો. સત્વ રજ એ બે મિશ્ર જેનામાં ગુણ હોય, ને શૌર્યાદિ કર્મે યુક્ત હોય તેને ક્ષત્રી જાણવો. રાજસ તામસ એ બે ગુણે મિશ્રિત હેવો જેનામાં ગુણ હોય, ને વ્યાપારાદિ કર્મ જે કર્ત્તા હોય તેને વૈશ્ય જાણવો. ને જે તામસગુણી હોય, ને દાસકર્મ કરતો હોય તેને શૂદ્ર જાણવો. હવે તમે વિચારી જુઓ કે ઈશ્વરે સૃષ્ટિ કીધીછે, ને સર્વ પૃથ્વી ઉપરનાં માણસ તે ઈશ્વરની સૃષ્ટિમાં છે, ત્યારે આખી સૃષ્ટિમાં બ્રાહ્મણ ક્ષત્રીય વૈશ્ય શૂદ્રછે. એ રીતે આગળના ગ્રંથોમાં લખેલુંછે તે ઉપર પ્રમાણે સમજ્યાથી સાર્થક થાયછે.' એ વાત સાંભળીને સર્વે લોકો ખુશી થયા. પછી મેતાજીયે પુછ્યું કે કોહો ભાઇયો એ વાતમાં કોઇયે વિશેષ સમજવું હોય તો પુછો. તે સાંભળી મકનદાસ બોલ્યા કે, (શ્લોક—અવિદ્યોવા સવિદ્યોવા બ્રાહ્મણોમામકી તનુ.) એ લખ્યું છે તે શૂં ખોટું છે? ત્યારે દુર્ગારામે કહ્યું કે, જો કોઈ બામણાયેં પોતાના વંશના લોકોના પેટ ભરવા સારૂ કોઈ ગ્રંથ કરેલા છે તે ઉપરતો કંઈ ભરોંસો રાખવો નહી, ને કદાપિ અધ્યાત્મ શાસ્ત્રનો જો એ શ્લોક હોય તો એનો અર્થ આ પ્રમાણે જાણવો કે, જો કોઈ બ્રહ્મવેત્તા હોય અને વ્યાકરણ આદિ લઇને શાસ્ત્રોમાં કુશળ નહોય તોપણ તેને ભગવાને પોતાનું શરીર છે એમ કહ્યું છે એ સયુક્તિક છે. એ સાંભળીને મકનદાસ પ્રસન્ન થયા.

આગળ આસરે બે ઘડી રાત્ર ગઈ એટલે એક ખ્રીસ્તી ધર્મનો બોધક કોઈ ભાટિયો હતો તે આવ્યો તેણે પોતાના સંબંધી કેટલીએક વાતો હકી સંભળાવી તે સર્વે મંડળીના બેસનારાઓયે સાંભળી, ને તરત દાદોબા તથા બાળભાઇ એ બન્ને જણાયે તેની સામુ વાદ કીધો. દાદોબા અંગ્રેજી ભાષામાં બાળભાઇને કેહેતા હતા, ને બાળભાઈ તેમને પુછતા હતા. પ્રશ્નોત્તર તો ઘણા થયા, લખતાં ગ્રંથ વધે. પણ છેલ્લે એક પ્રશ્ન પુછ્યો કે તમે બૈબલને સાચો ગ્રંથ, ને તેમાં લખ્યુંછે તે સાચુંછે, ને બીજા ધર્મોના ગ્રથમાં જુઠાણું લખેલુંછે તેમ એમાં લખ્યું નથી તે શા માટે જાણોછો? તેનું ઉત્તર તે ખ્રિસ્તીયે દીધું કે હુંને ખ્રીસ્ત પોતે આવીને કહી જાયછે, ને હું તેને દેખુંછઉં. તેજ વખત મંડળીના સર્વ

લોકને હસવું આવ્યું, ને તરત મેતાજી દુર્ગારામે તેને કહ્યું કે ભાઈ જેમ બીજા પાખંડ ધર્મવાળા લોકો અંધારા કુઆમાં એટલે અજ્ઞાનમાં પડેલાછે તેમ તમે પણ ડગાઈને શું કરવા એ કુઆમાં પડી રહ્યાછો? આ મંડળીનો વિચાર સાંભળીને તે પ્રમાણે સર્વ ધર્મના સાક્ષી થઈને વર્તો. માણસ માત્ર ઉપર પ્રીતિ રાખો. તે સાંભળ્યાપછી સર્વ મંડળી ઉઠી ગઈ.

એ સમયે એક બીજું બન્યું, તે એ કે કેટલાએક અજ્ઞાની હિંદુઓને એવો સંદેહ હતો કે એ મંડળીવાળા લોકોનો અંગ્રેજનો ધર્મ વધારવાનો વિચાર છે, પણ તે વાદ સાંભળીને ત્યાંહાંના બેસનારા લોકોને નિશ્ચય થયો કે એ લોકનો વિચાર કંઈ કોઈને ખ્રીસ્તી કરવાનો નથી, પણ લોકોને બંધનથી છોડવવાનો માત્ર છે."

આ બેઠકમાં મહેતાજી હિમ્મતથી લોકમાં ચાલતા ધર્મ માર્ગોની તથા જ્ઞાતિભેદની વિરૂદ્ધ બોલ્યા; એ મંડળી ખ્રીસ્તી સંપ્રદાયને મદદ કરનારી નથી એવું બતાવવાનો ઠીક લાગ એમને મળ્યો. હાનીકારક મૂર્ખાઈ ભરેલા જે વહેમો ધર્મનો વેશ લઈ નિકળ્યાછે તે પરમપરાથી આપણો ધર્મ છે એવું ઘણા લોક સમજેછે એ સમજણ ખોટી છે એવું બતાવનારને શિર વિશ્વાસી પંથ ચલાવવાનો આરોપ સહજ આવે છે, અને તેથી લોક તેમની વાત સાંભળતાં ડરેછે. મંડળીઓ કરવી અને લોકને મેળવી ભાષણો કરવાનો ચાલ તેમને નવો લાગેછે. લોકમાં અજ્ઞાન બહુ હોવાને લીધે તેઓ વિષયની તપાસ કર્યાવિના શક લાવેછે, ધર્મ સંબંધી બાબત નહોય તોપણ તેઓ એવા વેહેમને લીધે દૂર રેહેછે. હાલના ચાલતા હિંદુધર્મના જે મુખ્ય આધાર છે તેઓ ઉપર દુર્ગારામે અને તેના સાથીઓએ ચડાઈ કરી એટલે તેમના ઉપર સદરહુ વહેમ જાય તેમાં શી નવાઇ! મંડળી સુરતમાં ઝટ પ્રખ્યાત થઈ એવું ત્રીજી બેઠકના વર્તમાન ઉપરથી જણાયછે.

"તા૦ ૬ જુલૈ સને ૧૮૪૪ સંવત્ ૧૯૦૦ના આષાડ વદી ૭ વાર શની

આજે પાંચ વાગતે માનવ ધર્મસભામાં લોકો ભરાવા લાગ્યા ને તે સાંજ સુધીમાં આસરે ૪૦ માણસ આવ્યાં હતાં તેમાં ચાર જણ

પારસી પણ આવ્યા હતા. તે વખતે મેતાજી દુર્ગારામે ગએ શનીવારે થયેલું વર્તમાન નવા આવેલા લોકોને જણવવા સારૂ વાંચી સંભળાવ્યું ને પુછ્યું કે ભાઇયો આજે તમારે કોઇયે પ્રશ્ન પુછવો હોય તો પુછો. એમ કહીને કેટલીએક વાર ચુપ બેસી રહ્યા પછી થોડીવાર રહીને મેતાજી બોલ્યા, સાંભળો આ જગત્‌માં જેજે લોકોએ આચાર્યોના વેશ લઇને પાખંડ ધર્મ ચલાવેલા છે તથા સારા માણસોના વિચારને ઉલટા સુલટા કરીને તથા શાસ્ત્રીઓને પોતાને ઘેર ચાકરીમાં રાખી વેદ ઉપનિષદ્‌ના અર્થને વ્યાકરણના બળથી ફેરવીને પોતાનું મહાત્મ્ય તથા પોતાના અને પોતાના વંશના લોકોના ભરણ પોષણને અર્થે ફેરફાર કરાવેલા છે, એવા પોતે તથા પોતાના વંશને પૂજાવનાર જેજે ગુરૂઓ છે તથા થયા છે તે સર્વે ઠગ છે એમ જાણજો. જે લોકોને બુદ્ધિ નથી તે લોકો ખરાબ થાયછે. કોઈ દિવસ એ લોકો અજ્ઞાનના પાશમાંથી છુટવાના નથી. એ ઠગ લોક કેવા છે કે જેમ કોઈ સાહુકારનું થોડા કુટુંબનું ઘર હોય તે ઘરમાં ભગતનો વેશ લઈ પોતાના સ્વાર્થ સારૂ તેમને કજીયો કરવાની વાતો સમઝાવે, મનમાં આંટીયો પડાવી જુદા રખાવે, ખાવાપીવાના વ્યવહાર ટળાવે, રાત્ર દિવસ તેમને માંહો માંહે દ્વેષ વધે એવું સમજાવ્યાં કરે, એ સર્વે પોતાના પેટને સારૂ તથા પોતાનો અધિકાર વધારવા સારૂ કરે છે, તેમ એ ધર્મ ઠગ લોકોએ આ માણસ જાતમાં પેદા થઇને મનુષ્ય જાતનું એક કુટુંબ છે તેને ધુળધાણી કરી નાખ્યું. પરમેશ્વરના નામથી જૂદી જૂદી વાતો સમઝાવી તેથી લોકોને પોતપોતાના ધર્મનો આગ્રહ કરાવી જુદા પાડ્યા. ખાવા પીવાનો વ્યવહાર બંધ કરાવ્યો. રાત્રદિવસ સઘળાં માણસોને ધર્મનિમિત્ત દ્વેષમાં નાખ્યા. હે ભાઇયો! એ લોકોને પોતાના પંથનો આગ્રહ કરવાનું કારણ તો એજ, છે જે પોતાને તથા પોતાના વંશને, પોતાના શિષ્યને લોકો મોહોટા કરીને માને તે ઉદ્યોગ ગમી વળગેલા છે એમ જાણજો. જો વિચારી જોઇએ છિયે તો એવા કપટી લોકોના જેવા લુચ્ચા અને પરમેશ્વરના અપરાધી બીજા કોઈ નથી. એ લોકોને હું ઠગ સાવાસ્તે કહુંછૌં કે એઓ કેટલીએક વાતો તો માણસને સારા વિચારની કેહે છે, ને તેમાં પોતાના લાભની વાત પણ ગડાવી દેછે, માટે આ સભામાં બેસનારા ચતુર પુરૂષોને હું કહુંછૌં કે

તે ઠગની સામાં તમે પરમહંસ થાઓ ને તેના ધર્મમાં જે જે કચરાઓ છે તે કાઢીને સારને ગ્રહણ કરો. આપણો કાંઈ વાડો નથી. આપણે પ્રાણીમાત્રના મિત્ર છિયે.

હવે તમારે શું કરવું જોઇયે તે સાંભળો. તમારે દેહ છે તેજ આત્મા છે એમ જાણવું નહી. દેહ અનાત્મા છે, દેહ કરતાં આત્મા જુદો છે. દેહ ઉપર અભિમાન રાખીને હું ઉંચો, હું નીચો, હું કાણો, હું બેહેરો એમ સમજશો નહીં. તમે સર્વ જીવ છો માટે ખાવાપીવાની તથા પાસે બેસવાની કોઈ રીતે કોઈ માણસ સાથે બંધી રાખશો નહીં. જે દેશમાં અન્ન ઘી ઇત્યાદિ સારા પદાર્થો વડે નિર્વાહ ચાલતો હોય ત્યાં મદ્ય માંસ ઇત્યાદિ જે બીજા પ્રાણીને દુઃખકારક પદાર્થ તે કામમાં લેશો નહીં. પ્રાણીમાત્ર ઉપર પ્રીતિ રાખજો. મારા જેવા તે પણ જીવ છે એમ જાણજો. જુદા જુદા ગુણ કર્મ વડે તેને જીવની જુદી જુદી યોગ્યતા જાણજો. નાના જીવ મરતા હોય તેની ઉપર નજર ન રાખીને મોટા જીવની રક્ષા કરજો. મોટા જીવમાં વાઘ સરખા દુઃખ દાયક જીવ મરતા હોય તો તે ઉપર નજર ન રાખીને ગાય સરખા ઉત્તમ જીવની રક્ષા કરજો. માણસ જાત છે તે સર્વ પશુપક્ષી કરતાં ઉત્તમ છે, માટે કોઈ પણ જીવ ઉપર નજર ન રાખીને માણસની રક્ષા કરજો. માણસમાં પણ જેહના ગુણ કર્મ સારાં હોય તેની બિજા માણસ ઉપર નજર ન રાખીને રક્ષા કરજો. જો એમ કરશો તો તમારે જાણવું કે આ જગત્માં તમે સારાસારના જાણનાર થવા લાગ્યા. એવી અનેક પ્રકારની કરણી તથા રેહેણી રૂડી રાખીને આ જગત્નો કર્તા જે વિશ્વેશ્વર તેમનું ખરી પ્રીતિયે ભજન કરજો, ને એવી ઇચ્છા રાખજો કે તમારી તથા સર્વ મનુષ્યની બુદ્ધિને પવિત્ર કરે એ વિના બીજી કશી વસ્તુ તેમની પાશે માગશો નહીં. જો એવી રીતે જીવ રૂપ થઇને ભજન કરશો ને તેમના સ્વરૂપને શોધશો તો સાક્ષી રૂપ પરમાત્માને પામશો, ને જીવન મુક્ત થઈ રેહેશો, ને કાળના પાશમાંથી છુટશો. તમારી બુદ્ધિ સારી રેહેશે ને વિવેક બુદ્ધિ રાખીને તમારો સંસાર વ્યવહાર રૂડી રીતે ચલાવશો તો તમને તે બાધ કરશે નહીં. માટે કોઈ દિવસ પણ તમે ભગવાનનો સાક્ષાત્કાર થવા સારૂ ફકીર તથા વેરાગી થઈ ભટકી ભટકી ભીખ માગીને પેટ ભ-

રશો નહીં. એવી રીતનું ભાષણ સમાપ્ત કરતાં વખત મેતાજીય સભાના બેસનારા સર્વેને કહ્યું જે કોઇને એ વિચારમાં મારૂં બોલવું કંઈ ખોટું લાગતું હોય તો તેને તમારે સુધારવું જોઇયે, તથા એ શિવાય કંઈ પ્રશ્ન કરવા હોય તો આ સભામાં કરો.

રણછોડદાસ ગિરધરભાઈ બોલ્યા કે આ મંડળીમાં કોઇને ગુરૂપણાનો અભિમાન નથી. સઘળાએએ વાદવિવાદ કરીને માણસોને જ્ઞાન પ્રાપ્ત થાય તે ઉપાય કરવો. જેમ લાકડાં માંહોમાંહે ઘસાયાથી અગ્નિ પેદા થાયછે તેમ માણસો માંહોમાંહે સાચો વિચાર કરશે તો તેથી જ્ઞાન રૂપી ફળ પેદા થશે.

દાદાભાઈ બરજોરજી પારસીયે પ્રશ્ન પુછ્યો કે તમે સર્વ માણસોને સરખાં ગણોછો ત્યારે શું નરક લેનાર ભંગીયાને અડકવું કે નહીં? ને મોહોમાંથી થુંકને જો આંગળી અડકી તો તેથી શું નાપાકી આવે છે? તે સાંભળીને મેતાજી બોલ્યા કે તમારો પ્રશ્ન હું સમજ્યો. પણ વળી કોઈ બીજાને પ્રશ્ન કરવા હશે તે કરે પછી હું સર્વ પ્રશ્નોના ઉત્તરો સામટા દઇશ.

કૃષ્ણાજી પંથ દક્ષણી બ્રાહ્મણે પ્રશ્ન કીધો કે તમે પરમેશ્વરને નિરાકાર કોહોછો કે સાકાર કોહોછો? જો નિરાકાર કેહેસો તો આ જગત્ તેણે શી રીતે કીધું, ને બધાના મનની વાતને તે બુદ્ધિવિના શૂં જાણે?

લાડકુબા આત્મારામે પ્રશ્ન કીધો કે તમે જીવ હિંસા કરવાની ના કોહોછો ત્યારે માકણ સરખા ઝીણા જીવ જે આપણા શરીરને દુઃખના દેનારા તેને મારવા કે નહી?

આખી સભા મધ્યેથી ત્રણ પ્રશ્ન થયા તે સાંભળીને મેતાજીયે સભાના બેસનારાઓને કહી સંભળાવ્યું કે જે જેની નજરમાં આવે તે ઉત્તર દ્યો. પણ થોડી વાર થઈ તોપણ કોઇ બોલ્યા નહીં ત્યારે મેતાજી બોલવા લાગ્યા કે સાંભળો દાદાભાઇ, આ જગત્માં માણસ કોઇ ભંગિયો નથી, કર્મવડે ભંગિયો કેહેવાય છે. જેમ માણસ કંઈ ચાંડાળ નથી, કર્મ ચાંડાળ છે. એવી રીતે અસલથી સારાસાર વિચારના કરનાર કેહેતા આવેછે, ને હવડાં આપણે પણ નિરઅભિમાન રીતે વિચાર કરીશૂં તો

સમઝાશે. જે વેળા ભંગિયાના હાથમાં નરકનો ટોપલો છે, તથા અપવિત્ર વસ્ત્ર એટલે ઉજળાં ધોયલાં લુગડાં પેહેરેલાં હોય નહીં તે વેળા તેનું કર્મ અપવિત્ર છે એવું જાણીને અડકવું નહી, પણ જ્યારે તે કર્મથી રહીને સ્વચ્છ થઇ આપણી પાસે આવે તો આપણે અડકવાની કંઇજ ચિંતા રાખવી નહીં. તે અને આપણ ચામડાના નર દેહ રૂપે સરખા છીયે, માટે માણસે સર્વ માણસોના દેહને પોતાના દેહ સરખા જાણવા. જે જે વસ્તુના યોગથી માણસને કંટાળો આવે તે તે વસ્તુને અપવિત્ર જાણવી, ને જેથી માણસની બુદ્ધિ નિર્મળ રેહે, સ્વચ્છ રેહે તેને પવિત્ર જાણવી. એ ઉપરથી તમારે જાણવું કે અમથી મોહામાં આંગળી ઘાલવી તે અપવિત્રાઇ એટલે નાપાકી છે ખરી, પણ એ નાપાકીને ઘણી મોટી નાપાકી જાણવી નહીં, એ સહજ નાપાકી તે નહી સરખીજ છે. પણ તમે એ કહેલી વાતને સારીપેઠે સ્મરણ રાખજો. તમારે કંઈ રોજરોજ ભંગિયાનો સંબંધ થતો નથી; પણ ખામુખા હઠ કરીને ભંગિયાને અડવુંજ એમ કરશો મા. જે માણસોની આપણને ઘણી ગરજ છે તે લોકોનો સંગ મુકીને ખામુખા હઠ કરવી તે સારૂં નહીં. પણ જે માણસના મનમાં એવું આવતું હોય કે મારે સગાંની દરકાર નથી, હું જ્યાં હોઇશ ત્યાં મારે સગાં છે, તો તેણે સુખે ઉપર લખ્યા પ્રમાણે અડકવું. એમાં કંઇજ પાપ નથી. ને સગાં વાહાલામાં રહ્યો હોય તેણે પણ મન તો ઉપર લખ્યા પ્રમાણે રાખવું, ને પોતાનાં સગાંની પણ પોતાના જેવી બુદ્ધિ થાય તેમ કરવું, ને રાત્ર દિવસ એવો વિચાર રાખવો કે માણસને અભિમાનપણાની ગાંઠ છુટીને માણસ માત્ર પોતાના જેવાંજ છે એમ સમજાય તે ઉપાય કરયા કરવો.

દક્ષણી બ્રાહ્મણ કૃષ્ણાજીને મેતાજીયે ઉત્તર દીધું કે પરમેશ્વરને આકાર તો છે, પણ આ સૃષ્ટિમાંહેના કોઇ પણ પદાર્થના જેવો તેનો આકાર નથી માટે નિરાકાર કેહેવામાં આવેછે. બાકી તેનો જે આકાર છે તે તેના જેવોજ છે; તેનામાં જે ગુણ છે તે તેના જેવાજ છે. આ જગત્માં જે જે ગુણ છે તે તેના ગુણનો લેશ છે માટે તેને સગુણ સાકાર કહિયે છીયે.

મેતાજીયે લાડકુબાને ઉત્તર દીધું કે તમારા પ્રશ્નનું ઉત્તર તો આગળ

ભાષણમાંજ છે, તોપણ હાલ ટુંકામાં કહું છૈં કે માણસના લુગડામાં કિંવા પાથરણામાં, કે ભાંય તથા ભીતોમાં જે ઝીણા જીવો પડેછે તે માણસની અપવિત્રાઇ એટલે ગંદવાડથી પડેછે, માટે જીવ બચાવવાનો મોટો ઉપાય તો એજ કે ગંદવાડ રાખવી નહીં, એટલે જીવ જંતથી દુઃખ થશે નહી. ને એમ કરતાં જો પડેલા હોય તો તે પકડીને બારણે ફેંકીદેવા; પણ દયા લાવીને ન મરાય એવો જ્યાં સુધી ઉપાય ચાલે તેમ કરવું. ને જે વાઘ સરખા માણસને મારનારા જીવ છે તેને તો મારવા જોઇયે, સાથી જે તેનો સ્વભાવ તો માણસને મારવાનોજ છે. માટે જો દયા લાવીશૂં તો બીજા ઘણા માણસોને મારશે.તેજ પ્રમાણે કોઈ ખુની હોય, ધાડ મારીને માણસોની હત્યા કરનારો ઇત્યાદિ આતતાયિન જેનિર્દય પુરૂષ તેને રાજા પાશે મરાવવામાં, અથવા આખરે પોતે મારવામાં કંઈ વિચાર રાખવો નહીં."

મંડળીનું નામ આજ પર્યંત પડેલું જણાતું નહતું. બીજી જાહેર બેઠકમાં તેને ધર્મસભા કહીછે તે વેળા બોલવામાં આવ્યું હતું કે ગુણ કર્મથી બ્રાહ્મણાદિ જાણવા, મતબલ કે બધા માણસભાઇ છે, જેનામાં જેવા ગુણ તેને તેવા વર્ગમાં ગણવો. જન્મના કારણથી કોઇને ઉંચ નીચ, બ્રામણ કે શૂદ્ર સમજવો નહિ. એ વિચાર પરથી માનવ ધર્મસભા એ નામ આ વખતના વૃતાંત્તમાં છે તે સુઝેલું જણાય છે. બધાં માણસનો એક ધર્મ કરવાને માટે સ્થાપેલી સભા, અથવા માણસ માત્રના શા ધર્મ છે તે દેખાડનારી મંડળી એવો અર્થ પણ કરી શકાય.આ ત્રીજી બેઠકમાં મેહેતાજી સ્પષ્ટ બોલ્યા કે સઘળા માણસ એક કુટુંબના છે,અને એકએકનું ખાવાપીવાની બંધી ખોટી છે. પાખંડ ચલાવનારા આચાર્યોની ઠગાઈ વગેરે વિશે પોતાના ખરા વિચાર વગર બીકે જાહેર કર્યા. એ ભાષણમાં અંતે ત્રણ મોટા પ્રશ્નો વિષે મેહેતાજીએ ખુલાસો કર્યો. જાતિભેદ જૂઠો છે અને હરકોઈ માણસનું પાણી પીવામાં કે રાંધેલું ખાવામાં વટાળ નથી ને પાપ નથી તથા કોઇને અડકવાથી અભડાતા નથી. બોધની જોડે તે કરી દેખાડ્યું હોત તો બેશક આપણા દેશને અંતે સારાં ફળ થાત. તેજ વેળા ભઠીઆરાની દુકાનેથી રોટલી મંગાવી મેહેતાજી દુર્ગારામ, માસ્તર દાદોબા અને તેમના મતના સાથીઓએ જોડે ખાઈ

દેખાડ્યું હોત તો મોટી સંસારી ઉથળપાથળનો જાહેર આરંભ તેમણે કર્યો હોત, ભારે બેડી તોડી મહા પીડામાંથી છુટવાનો માર્ગ કરી આપ્યો હોત. એમ કર્યા પછી પાછાં ફરવાની જગા નહિ રહેવાથી તેઓને આગળ વધવાની જરૂર પડત, અને જગત્‌ના ઇતિહાસમાં પહેલા વર્ગના મહાપુરૂષોની પંકતિમાં દાખલ થયા હોત. ગ્રીન સાહેબે દુર્ગારામને હિંદુ લુથર કહ્યોછે તે કહેવું આ કામ કરેથી ખરૂં પડત. મહેતાજી વિધવાને પરણ્યા હોત અને તેથી નાતબાહાર મુકાયા હોત તો આમ બોલીને અટકત કે કરી દેખાડત ? પણ તેવી સ્થિતિમાં જ્ઞાતિભેદ ભાગવાથી ઓછી અસર થાત કેમકે તે વારે લોક એમ કહેત કે નાત બાહારીઆ નજરમાં આવે તેમ કરે. દુર્ગારામ અને રામમોહનરાયમાં અહીં ફેર પડ્યો. રામમોહનરાયે કહેવા પ્રમાણે કર્યું, અને તેથી તેની મહેનત સફળ થઈ. સત્ય બ્રાહ્મ ધર્મનો પ્રસાર થતો જાયછે તેમ તેના પિતાની કીર્ત્તિ વધતી જાય છે; તેની સત્ય ઉપર પ્રીતિ, તેનું ધૈર્ય, અને તેની દૃઢતા આપણા મનમાં સાનન્દાશ્ચર્ય ઉપજાવેછે. દુર્ગારામ મહેતાજી પોતાના ઉપદેશ પ્રમાણે વર્ત્યા નહિ એ તેના નામને એબ લગાડે છે, અને તેની નબળાઈ જણાવેછે. જે બોધ ભાષણથી કે ગ્રંથ વડે બીજાને કરવો તે પ્રમાણે પંડે ચાલવું જોઇએ. જાતે કરી દેખાડ્યાથી જેવી અસર થાયછે તેવી એકલા શબ્દો વડે થતી નથી. લોકના વિચારથી ઊલટી છતાં જે વાત સારી છે તે જાહેરમાં કહેનારને માન્ય છે, અને જે કહે તે પ્રમાણે કરે તેને વધારે માન્ય છે. તે કરવામાં જેમ સંકટ વધારે તેમ માન્ય વધારે.

બીજી બાબત પરમેશ્વરનો આકાર અને તેની ભક્તિ કરવા વિષેની હતી. એનો ખુલાસો ઠીક કર્યોછે. “જીવરૂપ થઇને ભજન કરશો”એમાં “જીવરૂપ થઇને” એ શબ્દો શા કારણથી વાપર્યાછે તે વિષે સંદેહ રહે છે. પણ આ ઠેકાણે વેદાંત અને ભક્તિ માર્ગ બંનેના મત પ્રમાણે એનો અર્થ થઈ શકેછે, માટે એની અહીં ચરચા કરવાની જરૂર નથી.

જીવદયા વિષે જે વિચાર જણાવ્યાછે તેમાં ભૂલ જણાતી નથી. માણસના આહાર સંબંધી મત વિષે વાંધો લેવાય તેવું છે. અન્નાહારવાદી અને અન્નમાંસ મિશ્રાહારવાદીના ઝઘડાનો નીવેડો હજી થયો નથી. બેહુ પક્ષનાં સબળ કારણો છે.

"તા૦ ૧૩ જુલૈ સન ૧૮૪૪ સંવત્ ૧૯૦૧ ના આષાડ વદી ૧૩ વાર શની.

"આજ વરસાદ ઘણો હતો તેથી સભામાં ઘણા લોક આવ્યા હતા નહીં. તોપણ આસરે પંદરેક જણ આવેલા હતા. સાંજ પડવાની લગભગ મેહેતાજીયે ગયા શનીવારનું વર્તમાન વાંચી સંભળાવ્યું, તથા એ શિવાય મેહેતાજીયે કેટલાએક કાગળો આ શેહેર મધ્યેના મોહોટા શાહુકાર શેઠ પુરૂષોત્તમદાસ માણેકલાલને લખેલા છે તે મધ્યેથી પેહેલા આંકનો કાગળ વાંચી સંભળાવ્યો. તે કાગળની નકલ આજના વર્તમાનની પછવાડે ઉતારી લીધીછે, તે વાંચી જોયાથી જાણ્યામાં આવશે.

લગારેક રહીને નાગર બ્રાહ્મણ મણીશંકર ઈચ્છારામ બોલ્યા કે તમે આ સભાના બેસનારાઓનો શો વિચાર છે, ને આગળ શૂં કરવા ધારોછો તે કહી સંભળાવો. તે સાંભળીને દાદુબા બોલ્યા કે મણીશંકરનો પ્રશ્ન ઘણો સારો છે, કેમકે હરકોઈ માણસને ઘટેછે કે આ સભા મળવાનું કારણ સારી પઠે સમજી લઈને તે પ્રમાણે પ્રસિદ્ધ કરવું જોઈયે. પણ પેહેલો પ્રશ્ન તમારો થયો, હવે બીજા પ્રશ્ન શા શા થાયછે તે સર્વ સાંભળી લો ને પછી જેને જે ઉત્તર સુજે તે દો.

લાલશંકર મણીશંકરે પ્રશ્ન કીધો કે ગાયત્રી મંત્રમાં એવૂં લખ્યું છે જે "રક્ષા કરનાર ભગવાનના તેજનૂં ધ્યાન કરૂંછૌં કે મારી બુદ્ધીનો ઉદય કરે." ત્યારે શૂં કોઈ માણસ એ મંત્રનો અર્થ સમજીને અથવા વગર સમજવે એ મંત્ર ભણે તો તેની બુદ્ધિ પવિત્ર થાય કે નહીં?

ઈચ્છાશંકર, કિરપારામ, કસનદાસ, તથા રાયચંદજી એમના પ્રશ્ન થયા કે તમે પ્રતિમા પૂજવાની ના કોહોછો ને કોહોછો કે બાલક છોકરાં જેમ ઢીંગલે રમેછે તેના જેવું છે, માટે ઢીંગલાંના ધણીથી કંઈ અર્થ સરવાનો નહીં. ત્યારે આખા હિંદુસ્તાનમાં જે જગન્નાથજી, કાશીવિશ્વનાથ, બદરી કેદારેશ્વર તથા દ્વારકાંનાથ ઈત્યાદિ દેવોના મહાત્મ્ય છે, ને હજૂ સુધી તે દેવના ચમત્કારની વાતો ઘણા લોકો કેહેછે તેનું કેમ હશે; ને વળી ભાવનગરમાં એક પથ્થર કોરેલોછે તેમાં અધર્મી માણસ પેશેછે તો તેનાથી નિકળાતૂં નથી, ને ધર્મી માણસ જો પેશે તો નિકળાય છે, તે

તથા આપણા શેહેરથી ત્રીશ ગાઉ ઉપર દેવકી ઉનાઇનો કુંડ છે તે કુંડના પાણી બારે માસ ઉનાં રેહેછે, ને ચૈત્ર માસમાં જાત્રાના દિવસ ઉપર બે દિવસ પાણી લગાર નાવા જેવાં થાય છે, તે સર્વનું કારણ શું હશે તે કહી સંભળાવો, કેમકે એ વાતોને લોક ઘણા માને છે, ને તેથીજ લોકોને તેના ઉપર આસ્થા બેઠેલી છે.

એ પ્રશ્નો થઈ રહ્યા પછી મેહેતાજીએ મણીશંકરના પ્રશ્નનું ઉત્તર દીધું કે આ સભાને મળવાનું કારણ એજ છે કે, ઘણા એક માણસોની બુદ્ધિ વિપરીત થએલી છે તેને ફેરવીને જેવું હોય તેવું ખરૂં સમજાવવું, કેમકે દુઃખનું મૂળ અજ્ઞાન છે, ને જ્યારે યથાર્થ સમજાશે ત્યારે તેમને દુઃખ જઇને સુખ મળશે, ને જીવન મુકત દશાને પામશે. મણીશંકર બોલ્યા કે અજ્ઞાનથી વિપરીત બુદ્ધિ થઈ છે તે શી તે કહી સંભળાવો. મેહેતાજી બોલ્યા કે પ્રથમ તો માણસને એજ અજ્ઞાન છે કે આ દેહ તે હું છોં. તે હુંપણું માનવાથીજ બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, શૂદ્ર, એ જાતિઓ જે હાલમાં ચાલે છે તે બંધાઈ છે. બ્રાહ્મણમાં પણ અનેક જાત, ક્ષત્રીમાં પણ અનેક જાત, વૈશ્યમાં પણ અનેક જાત, અને શૂદ્રમાં પણ અનેક જાત થઇઓ છે. કોઈ જાણે છે જે હું કુળે ઉંચો, કોઈ જાણે હું દેશે ઉંચો, ઈત્યાદિ સર્વ જે થયું છે તેનું મૂળ દેહાભિમાનથી થયું છે. એ એની વિપરીત બુદ્ધિ થઈ છે એમ જાણવું. બાકી જો એને દેહથી હું જુદો છું એવું જ્ઞાન હોય તો ઉપર લખેલી અનેક જાતિઓ તથા ખાવા પીવાની અને કન્યા પરણવાની બંધી થાય નહીં. જેમ કીડી મંકોડા એક ઈશ્વરની કીધેલી જાતિ છે તેમ મનુષ્ય દેહ પણ એક જાતિ છે, તેમાં ગુણ કર્મવડે અધિકાર જુદો થાય છે, માટે કાંઈ જાતિ જુદી થતી નથી. માટે સર્વ સભાના બેસનારાઓને હું જણાવુંછોં કે, આ જગતમાં મનુષ્ય જાત સર્વ એકચિત્ત થાય અને અન્યોઅન્ય પ્રીતિ વધે તો અજ્ઞાનથી થએલું જે દુઃખ તેમાંથી છુટીને સુખ પામશો.

માણસોએ અજ્ઞાનથી અનેક દેવ અને દેવીઓ તથા સત્પુરૂષને જગત્નો કર્ત્તા ભગવાન્ એમ જાણેલું છે. તેથી જેટલા દેવ અને દેવી-

ઓ, જેટલા પેગંબર, જેટલા સત્પુરૂષ, તેટલી જાતના અનેક પંથ થયા છે, તેને મુકીને પરમાત્માને પરમેશ્વર જાણીને પોતે આત્મનિષ્ટ થઇને ભજશે તો સર્વ કજીયા મટી જાશે, કેમકે સર્વ પંથમાં પરમાત્મા છે તેજ પરમેશ્વર છે એવો સિદ્ધાંત છે; ને પેગંબર, સત્પુરૂષ, તે ભગવાનના અવતાર એવું જે કહેવાય છે તે એટલા ઉપરથી કહેવાય છે કે તેને જ્ઞાન છે, પણ તમારે નિશ્ચય જાણવું કે તેનામાં જે જ્ઞાન છે તે પરમાત્માના જેટલું પૂર્ણ જ્ઞાન નથી. તેમના જ્ઞાનનો લેશ માત્ર છે, બાકી પરમાત્મા તો અનંત જ્ઞાનરૂપ છે, જેનો મહિમા ઘણોજ ગહન, ક્ષણમાં સૃષ્ટિની ઉત્પત્તિ તથા નાશ કરી શકે છે. ત્યારે વિચારી જુઓ કે તે પરમેશ્વરની બરોબરી આ નાહાનું સરખું માણસ શું કરી શકશે. માટે સર્વ દેવની તથા માણસોની ખટપટ મૂકી દઇને ખરા પરમેશ્વરને ભજો. તેથી ઘણાએક બંધનથી છુટશો, ને કોઇના ઉપર તમને દ્વેષ આવશે નહી. મૂર્તિ ઉભી કરનારની મતલબ તો એજ છે કે એવો ખોટો પરમેશ્વર ઉભો કરીને પોતે વિષય સુખ ભોગવે, ને વિષયી જીવો છે તેને વિષય ઘણા વાહાલા છે માટે તે પંથ તેને ઘણો ગમે છે.

વળી હાલમાં અજ્ઞાનથી માણસોએ ખરો ધર્મ તો એજ માનેલો છે કે એક જ્ઞાતના લોક બીજી જ્ઞાતના લોકનું પાણી પીતા નથી ત્યારે જમવું તો ક્યાંથીજ હોય! ક્ન્યા તો કેમ લેવાય અપાય! તથા પિંડ મુકીને શ્રાદ્ધ કરવું, વિષયનાં કીર્તન ગાવાં તેજ પરમેશ્વરનું ભજન, અપવાસ કરવા, એવાં અનેક અવિદ્યાનાં ભરેલાં આચરણો છે તેને પોતે મુખ્ય ધમ જાણે છે. પણ ખરૂં સમજવું તો એ છે કે માબાપની સર્વ પ્રકારે સેવા કરવી, દુષ્ટ પુરૂષની સંગત કરવી નહીં, દેહને નિર્મળ રાખવો, ને તેથી પણ ઘણોજ જરૂરનો ધર્મ તો એજ પાળવો જોઇએ કે ઇંદ્રિયનો નિગ્રહ કરવો. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર એ છ શત્રુને જીતવા. પરમાત્માનું જ્ઞાન પામવું એનુંજ નામ ધર્મ. તે મુકીને ઉપર લખેલાના જેવા અવિદ્યાકૃત ધર્મોની ઉપર મોટો આગ્રહ કરે છે તેથી ખરા ધર્મને વિસરી ગયા છે." મણીશંકરે કહ્યું કે હું પણ સત્પુરૂષોના કેહેવાથી એ વાત જાણું છું, પણ સભાના લોકોને સાંભળવા સારૂ મેં પ્રશ્ન કર્યો હતો. પ્રશ્નનું ઉત્તર યથાસ્થિત થયું.

લાલશંકરને મેહેતાજીએ ઉત્તર દીધું કે અર્થ વિનાનો જે મત્ર જપવો તેતો કંઈજ નહિ; ને જો અર્થ સમજીને જપે તો તેને એટલું નિરંતર ગોખ્યાયાં કરે કે બુદ્ધિ પવિત્ર થાય તો સારૂં થાય. પણ બુદ્ધિ પવિત્ર તો ક્યારે થવાની કે જેથી માણસને બુદ્ધિ બિગાડનારા જે વિષય તેને ભોગવવામાં નિયમે રેહેશે ને પોતાના હિતની અને અહિતની વાતો પોતાને સમજાશે. સત્પુરૂષનો સંગ કરશે, સદાચરણે ચાલશે, ત્યારેજ બુદ્ધિ પવિત્ર થાશે; બાકી જપવાથી તો સ્મરણ રાખવા જેટલું ફળ છે, વધારે ફળ નથી.

ઇછાશંકર, કિરપારામ, કસનદાસ તથા રાયચંદજીને દાદુબાએ ઉત્તર દીધું કે ગ્રંથોમાં જે મહાત્મ્ય લખ્યાં છે તે તો પેટભરા લોકોએ પોતાને પેદાશ વધારવા સારૂ જુઠું લખ્યું છે. જો સાચું હોય તો અંગારાની શક્તિ જે માણસ જુએ તેને સરખી લાગે છે, તેમ જો પ્રતિમામાં ચમત્કાર હોય તો હિંદુ મુસલમાન અથવા જે માણસો હોય તેને સરખો દીઠામાં આવે. માટે તમારે નકીજાણવું કે પ્રતિમા તે પ્રતિમાજ છે, તે કંઈ જેની પ્રતિમા છે તે નથી. પ્રતિમા કોઈ દિવસ બોલી નથી, ને બોલવાની નથી. એ જે પુરાણોમાં બોલે છે એવું લખ્યું છે તે પ્રશંસા વાક્ય છે. ને શાસ્ત્રમાં લખે છે કે પ્રશંસા કરવામાં જે જે લખ્યું હોય તેને સાચું માનવું નહિ. એમ સાંભળેલી વાતો કોહોછો. જો નિશ્ચય રાખીને જોવા જશો તો તમને જુઠું છે તે સમજાશે. પણ તમે વેહેમ મૂકી વિદ્યા ભણી બુદ્ધિ સ્વચ્છ રાખી તપાશી જોઇને આ સભામાં ખરી વાત જણાવશો તો તમારા કહેવા ઉપર કંઈ સભા વિચાર કરશે. અમે જાણિએ છિએ જે જે તપાશી જુએ છે તેને ખરેખરૂં સમજાય છે, ને ખોટો વેહેમ જાય છે.

મેહેતાજીએ રાયચંદજીને કહ્યું કે દેવકી ઉનાઈના કુંડમાં જાત્રા ઉપર જે નાવા જેવાં પાણી ટાઢાં થાય છે તે તો ઘણાં માણસો તે દિવસ ઉપર તે કુંડમાં નાહે છે તેથી થાય છે, કેમકે પાણીની ઉષ્ણતા માણસના શરીરવડે ઓછી થાય છે તે કારણ છે; ને ઉનું પાણી છે તે ગંધક આદિ લઇને પદાર્થોના યોગથી થએલું છે એ વાત રસાયન શા-

આમાં જે ઠેકાણે ધાતુઓની ખાણનો વિચાર લખ્યો છે તેમાં લખેલી છે; ને તેની પરીક્ષા જોવી હોય તો એ કુંડમાં ધાતુનું વાસણ બોળી જોજો એટલે તરત તે કટાઈ જશે. એજ *ગંધક આદિ લેઇને પદાર્થોનો વિકાર છે માટે તે ઠેકાણે જઇને નાવાથી માણસનું કંઈ કલ્યાણ થનાર નથી.

૧લા કાગળની નકલ.

પરમ મિત્ર વિવેકસાગર શેઠજી પુરૂષોત્તમદાસ માણેકલાલ પ્રતી લિખિતં મેહેતાજી દુર્ગારામ મંછારામના ઘણા ઘણા આશીર્વાદ. વિશેષ તમારૂં મારૂં કેટલાએક દિવસ ઉપર મળવું થયું હતું તેમાં એવું ઠર્યું હતું કે જે મારા મનમાં આપણા લોકની ચાલ તથા ધર્મ સંબંધી જે જે સારા વિચાર સુઝે તે તમને લખી મોકલવા. તે કબુલત પ્રમાણે કરવા સારૂ આજથી આરંભ કીધો છે.

એ કામની આરંભે પ્રથમ પરમેશ્વરની પ્રાર્થના કરવી જોઇએ, સાથી જે એવા મોટા કામમાં માણસની બુદ્ધિ કંઇજ શક્તિમાન્ અને પરિપૂર્ણ છે નહિ, માટે ઇશ્વરની સહાયતા માગવી એ માણસને ઘટારત છે. તમે પુછશો કે પરમેશ્વર તે કોણ છે? ક્યાં રેહે છે? તેનું સ્વરૂપ કેવું છે? ઇત્યાદિ પ્રશ્નો બીજા પણ છે. તેના ઉત્તરમાં હું તમને એટલુંજ કહું છોં કે તે વિશ્વાત્મા છે, વિશ્વવ્યાપી છે ને પોતે પોતાનાજ જેવો છે. માણસોએ અનેક તરેહની મૂર્ત્તિઓ કરીઓ છે તેવો તે ખંડ રૂપ નથી. પ્રથમ તો એવું સમજાય છે કે આ જગતનો કરનાર કોઈ પરમેશ્વર જોઇએ ખરો, કેમકે ઘડો જેમ કુંભાર વિના પોતાની મેળે થઈ શકતો નથી તેમ આ જગત્ પ્રથમારંભે પોતાની મેળે થયું હશે એમ લાગતું નથી. વળી બીજું પણ સમજાય છે કે ઇશ્વર ઘણો જ્ઞાનવાન છે. તેની સાક્ષી આ આખી સૃષ્ટિ છે. એમાંના એકેક ભાગને વિદ્યાની રીત અથવા સહજ વિચારથી જોઇએ છિએ તો પરમેશ્વરની અનંત ચતુરાઈ એમાં ભરેલી છે. એ ચતુરાઈ કંઈ ઇશ્વરે સંતાડી રાખેલી નથી,

*હાલમાં વધારે શોધથી એવું જણાયું છે કે પૃથ્વિના પેટામાં ગરમી ઘણી છે તેથી ત્યાં પીગળેલો રસ છે, ને આસપાસ તાઢો પડેલો દશેક ગાઉનો પોપડો બાઝ્યો છે. એ પોપડો હજી કેઈ કોઈ ઠેકાણે વધારે ઉનો છે તેથી ત્યાંના પાણી ઉનાં છે. મ. રૂ.

પણ આપણે અવિદ્યાથી તથા વિચાર કરવામાં ઘણા અજ્ઞાન છિએ તેથી આપણા દોષે આપણને જણાતું નથી. એવું છે તોપણ જેમ નિરંતર હું વિચાર કરૂં છોં તેમ તમે પણ વિચાર કરશો તથા વિચારવાન માણસની સોબત રાખશો તો તમને પણ પરમેશ્વરની અપાર શક્તિનું કંઈ કંઈ જ્ઞાન થશે, ને જેમ જેમ જ્ઞાન થશે તેમ તેમ સંસારના ઘણાએક બંધનથી છૂટશો, ને કેવળ ઈશ્વિરનાજ ભક્ત થઈ રેહેશો; તમને વ્યવહારમાં રૂડીજ રીત વાહાલી લાગશે; પાખંડીના પાખંડ તમને સમજાશે તેથી તેવા લોકોને તમે કદાપિ માનશો નહીં.

તમે એવું પુછશો કે પરમેશ્વરની ભક્તિ માણસે શું કરવા કરવી જોઇએ? તો તે સર્વ લોકોના મનની વાત જાણે છે, સર્વનું બોલ્યું સાંભળે છે, સર્વ કામમાં અપાર જ્ઞાનવાન છે, તેને કંઈ પતરાજી કે લોકોની પેઠેમ મોટાઈ કરીને લોકોની પાસે ખુશામત કરાવવાની ઈચ્છા જોઇએ નહિ. તો તેનું ઉત્તર એ જે તે તો તમે કોહોછો તેજ પ્રમાણેનો છે; તો પણ જે માણસને તેની અનંત ચતુરાઈ તથા જગત્ ઉપર તેના ઉપકાર સમજાય છે તેનાથી બોલ્યા વિના રેહેવાતું નથી. વારેવારે તેનાં વખાણ મોઢામાંથી નીકળ્યાંજ કરે છે. ભક્તિ કરવી એ કંઈ ભક્ત કરતો નથી, ને તે તેને સ્વાધીન પણ નથી. હઈયામાં ઘણો હર્ષ થાય છે તે હર્ષોદ્ગાર જે મોઢામાંથી નિકળે છે તેનુંજ નામ ભક્તિ, ને એવાની સહાયતા માગવી તેનૂંજ નામ પ્રાર્થના છે. તે આપણું કહ્યું કબુલ કરશે કે નહિ તે કાંઈ આપણે જાણતા નથી; પણ બળિયાને જોઇને આપણથી તેના કાલાવાલા થઈ જાય છે, કેમકે મોટું કામ મોટાની સહાયતા વિના થતું નથી.

જો તમારા મનમાં આવશે કે મેહેતાજી કેહે છે તે ખરી વાત છે, પણ ભક્તિ કરવી તે કેણી ગમ ઉભા રહીને કરવી, ક્યારે કરવી, કેવી પ્રતિમાના સામા રહીને કરવી? માટે હું તમને નિશ્ચયથી કહું છોં કે એ સર્વ પાખંડ છે. ભગવાન તો સર્વ દિશામાં છે. માટે કોઈ દિશાનો નિયમ નથી, અને કરવાની વખતનો પણ કંઈ નિયમ નથી. જ્યારે તમારી ઈચ્છામાં આવે તે વેળા સવાર સાંજ કે રાત ઠેરવવી. તેમાં આગ્રહ

કરવા એ સર્વ કજીયાનું મૂળ છે. જેની જેમ ઇચ્છામાં આવે તે તે વેળામાં કરે. વળી કેટલાએક લોક માછલું, કાચબો, ભૂંડ, વાઘ, એવી મૂર્ત્તિ કરે છે. કેટલાએક લોક કાળા ગોરા ચાર મુખના, પાંચ મુખના, છ મુખના, સાત મુખના ભગવાન જાણી તેની તેવી મૂર્ત્તિના નામ પાડીને ભજે છે, તથા કોઈ બે હાથના, ચાર હાથના, આઠ હાથના, સોળ હાથના, હજાર હાથના ભગવાન જાણીને ભજે છે. કોઈ બૈરી જેવા કેહે છે, કોઈ વાંદરા જેવા કેહે છે, કોઈ પક્ષી જેવા કેહે છે, ઇત્યાદિ ઘણી તરેહનાં રૂપો ભગવાનના જાણીને ભજે છે. કેટલાએક ઉપર લખેલી રીતના ભગવાનના અવતાર છે એમ જાણે છે, ને કેટલાએક તો એમ કેહે છે કે ભગવાનનૂં રૂપ તો અમે કહિએ છિએ તેવું નિત્ય છે. હવે એ વિષે હું તો એવું જાણું છૉં કે એ સઘળાં રૂપો માણસોએ પોતાના પંથ ચલાવવા સારૂ કલ્પેલાં છે; એમાં બીજું કંઈ કારણ નથી.

એવાં રૂપ કેહેનારાઓના મનમાં એવું છે કે ભગવાનને જેવા કહિયે તેવા કેહેવાય, કેમકે એ સઘળાનૂં મૂળ ભગવાન છે તેથી એનું રૂપ જેવું કહિયે તેવું કેહેવાશે. વળી કેટલાએક તો એમ જાણે છે જે એ નિમિત્ત માણસ ખટપટમાં રેહેશે તેથી નઠારૂં કામ કરશે નહિ. પણ મારા વિચારમાં તો એ કંઈ ઠીક આવતું નથી, શાથી જે અનેક મૂર્ત્તિઓ કલ્પ્યાથી હિંદુ લોકોની બુદ્ધિ બગડી ગઈ, અનેક દેવ દેવીઓને માનવા લાગ્યા, માંહોમાંહે કજીયા થયા, ઘણી જાતના પંથ થયા, માંહોમાંહે ધર્મ સારૂ ખાવા પીવાની બંધી કરી બેઠા, અને સાચા ધર્મથી ભ્રષ્ટ થયા છે. વળી કેટલાએકે એ નિમિત્ત પોતાનું ભરણ પોષણ કરવા સારૂ ખોટી ખોટી કથાઓ બનાવી, તથા કેટલાએક તો ભગવાનના નામનું નિમિત્ત કાઢી ઓછવો કરી કરી જમવા ખાવાની તથા દૂધ વગેરે પીવાની મઝે કરયાં કરે છે. આજનું પત્ર પુરૂં થવા આવ્યું તેથી ટુંકામાં પતાવ્યું છે.

તમે મારા પરમ મિત્ર છો. તમારી બુદ્ધિ ઘણી સારી છે તેથી એવી વાતો મેં તમને લખી જણાવી છે. કદાપી જૂની રીતે ઉપરથી એવી વાત તમને સારી લાગશે નહિ; તોપણ એ પત્ર વાંચીને થોડી વાર વિચાર કરશો તો તમને જેવું છે_તેવું સમજાશે. હવે કાલના પત્રમાં હું

તમને ભગવાનની ભક્તિ કરવાની રીત લખી જણાવીશ તે વાંચીને તમારૂં મન પ્રસન્ન થાશે. હેત કૃપા રાખવી. તા૦ ૮ મે સન ૧૮૪૩".

આ એકકમાં થએલા પહેલા પ્રશ્નના બે ભાગ હતા. એમાંના પહેલા ભાગનો ખુલાસો દુર્ગારામે કર્યો તેમાં સભામાં બેસનારાના વિચાર જણાવ્યા. જ્ઞાતિભેદ જૂઠો અને હાનીકારક છે; બહુ દેવ દેવીઓને માનવું, મૂર્તિ પૂજા, ઈશ્વરના અવતાર તથા પેગમ્બર સંબંધી વહેમો તથા બીજી ભૂલો લોકમાં ચાલે છે તે જણાવી ખરી સમજણ બતાવી. પણ આગળ શું કરવા ધારોછો એ પ્રશ્નનો બીજો ભાગ હતો તેનો ઉત્તર મેહેતાજીએ કે બીજા કોઇએ દીધો નહિ. શા વાસ્તે નહિ દીધો હોય? ઠાલી વાતો માત્ર કરવા ધારયું છે એમ કહેતાં શરમ લાગી હશે તેથી, કે આગળ શું કરવું તે ઠરાવ્યું નહિ હોય તેથી જવાબ નહિ આપ્યો હશે? બીજા સવાલના જવાબ સરસ છે. આ વર્તમાનમાં નોંધેલો કાગળ માનવ ધર્મ સભા સ્થાપ્યાની પૂર્વે એક વરસ પર લખ્યો હતો. ત્યાર પહેલાં મેહેતાજીએ પ્રથમ એ વિષયોનું પંડે મનન કરયું હશે. પછી મિત્ર મંડળીમાં તથા લોકોને તેમણે બોધ કરવા માંડ્યો. એમના પોતાના વિચાર ક્યારથી સુધરવા લાગ્યા તેની નોંધ જડી નથી. સુરતના આત્મારામ ભુખણ કે દયારામ ભુખણની માન પામેલી પેઢી ત્રુટી તેવારે એ પત્રમાં લખેલા પુરૂષોત્તમદાસ (પસુભાઈ) તેની ગાદીએ હતા. એ મોટી સાવકારની દુકાનની ખરાબીનું કારણ લોક એ શખસને ગણતા. તેને બોધ લાગ્યો નહતો.

"તા૦ ૨૦ જુલૈ સન્ ૧૮૪૪ સંવત્ ૧૯૦૦ ના પ્રથમ
શ્રાવણ શુદી ૫ વાર શની.

"આજ સાંજ વેળા સભામાં આશરે ૬૦ સાઠ માણસ મળ્યાં હતાં. તે વેળા મેહેતાજીએ ગયા શનીવારનું થએલું વર્તમાન વાંચી સંભળાવ્યું. એ ગઈ સભાનું વર્તમાન વાંચી સંભળાવવાનું કારણ એજ છે કે લખવામાં કંઈ થએલા વર્તમાન કરતાં વત્તું ઓછું લખાયું હોય તો સભામાં બેસનારા લોકો તેમાં ફેરફાર કરે.

લગાર ધીરજ ખમીને મેહેતાજીએ પોતે જે શેઠ પુરૂષોત્તમદાસ માણેકલાલ ઉપર બીજા તથા ત્રીજા આંકના કાગળો લખ્યા હતા તે વાં-

ચી સંભળાવ્યા. તે કાગળોની નકલ આજના વર્તમાનની પછવાડે ઉતારી લીધી છે તે વાંચીને જાણીતા થાવું.

પછી સભાના સર્વ બેસનારાઓને મેહેતાજીએ કહ્યું કે હે ભાઈઓ હવે જેની જે જે ઈચ્છા હોય તે પ્રમાણે પ્રશ્નોત્તર કરો.

દુલ્લભદાસ પોરવાડ વાણિયા બોલ્યા કે મને તો એવું સમજાય છે કે આકાશમાં જે સૂર્ય છે તેજ પરમેશ્વર છે. જુઓ એથી પ્રકાશ થાય છે, અન્ન પાકે છે, ઈત્યાદિ અનેક પ્રકારનાં સુખ જે માણસોને મળે છે તે સૂર્યથી મળે છે, માટે પ્રત્યક્ષ દેવ તે સૂર્ય છે. તેનીજ ભક્તિ કરવી તે માણસને કલ્યાણનો ઉપાય છે, માટે એવી રીતના મારા વિચારમાં કંઈ ફેર હોય તો સમજાવો.

હરીભાઈ ઉમિયાશંકર કલેકટર હાફીસના દફતરદાર બોલ્યા કે તમે મૂર્ત્તિ પૂજવાની રીતને ખોટી કોહોછો તે ઠીક નથી, શાથી કે મૂર્ત્તિ પૂજવાનું કારણ એજ છે કે સાચો પરમેશ્વર છે તે એ મૂર્ત્તિવડે સમજાય છે. જેમ ચંદ્ર જોવો હોય તો તેને ઝાડની ડાળીના આશ્રયથી બતાવી શકાય છે, તેની પેઠે મૂર્ત્તિ પૂજવી તે તો ચંદ્ર શાખા જેવું છે. જેણે ખરા ચંદ્રને દીઠો તેને તો ડાળની દરકાર નથી. તમે જેમ જાણો છો તેમ હું પણ જાણુંછઉં કે મૂર્તિ પરમેશ્વર નથી, તથાપિ જો આપણે એને ખોટી કરીશૂં તો દેશ સર્વે સુનકાર થઈ જશે; કોઇને દર્શન કરવા જવાનું રેહેશે નહિ. પરમેશ્વર છે એવું જે લોક જાણે છે તે મૂર્તિવડે જાણે છે. જો મૂર્ત્તિ પૂજવાનું બંધ થયું તો પછી લોકો પરમેશ્વરને પણ ભુલી જશે. માટે મૂર્ત્તિ પૂજવાની ચાલને ખોટી કોહોછો તે ઠીક નથી.

દુલભદાસમેં જે એવો વિચાર સુજ્યો તેનું કારણ એજ છે કે મેહેતાજીએ જે બે પત્ર વાંચી સંભળાવ્યા તેમાં સૂર્યમાં જે શક્તિ ઈશ્વરે મુકી છે તે લખી જણાવી છે. તે ધુન તેમના મનમાં રહી ગઈ તેથી સૂર્યને પરમેશ્વર માનીને પ્રશ્ન પુછ્યો. બાકી તેમના ચાલ ચલણથી તો એવું લાગે છે કે તે મૂર્ત્તિના પૂજનાર છે.

દુલભદાસને મેહેતાજીએ કહ્યું કે સૂર્ય તો જેવો અગ્નિ તેજસ્વી પદાર્થ છે તેવો છે, માટે જેમ અગ્નિ જડ છે તેવો સર્ય છે. સૃષ્ટિના

કર્ત્તાએ એને જગત્માં પ્રકાશ, ઉગ્ણતા ઇત્યાદિને અર્થે ઉત્પન્ન કરેલો છે માટે એ સૂર્યને જોઇને ઇશ્વરનું મહાત્મ્ય માણસને જાણ્યામાં આવે છે. જેમ કોઈ પદાર્થ એટલે બુટેદાર શાલ જોઇને જેમ તેના કરનારની ચતુરાઈ સમજાય છે તેમ સૂર્ય સરખો તેજસ્વી પદાર્થ જોઈ ઇશ્વરની પ્રભુતાનું જ્ઞાન થાય છે; પણ સૂર્ય કંઈ પરમેશ્વર નથી.

દાદુબા બોલ્યા સાંભળો—સૂર્ય કંઈ પરમેશ્વર કેહેવાય નહિ, કેમકે સૃષ્ટિમાં અનેક સૂર્ય છે તે માટે અનેક પરમેશ્વર કેહેવાશે? કદાપિ અનેક પરમેશ્વર કેહેશો તો તે બનશે નહિ, શાથી જે આ સૃષ્ટિ જે ઉત્તમ નિયમે ચાલેલી છે તે ચાલે નહિ. કેમકે જો એક પરમેશ્વરની મરજી સૃષ્ટિ કરવાની હોય, ને બીજા પરમેશ્વરની મરજી સૃષ્ટિ ન કરવાની હોય તો ત્યાં કજીઆ થયા વગર રેહે નહિ. માટે અનેક સૂર્યને પરમેશ્વર માનવા તે ઘટારત નથી, ને સર્વ સૂર્યોને નિયમે ચલાવનાર પરમેશ્વર એક છે એમ જાણવું એ ઘટારત છે.

હરીભાઇને મેહેતાજીએ ઉત્તર દીધું કે, મૂર્ત્તિને પૂજવું તે બાળક છોકરાંની રમત જેવું છે. તે જેમ ઢીંગલે રમે છે તે વેળા ઢીંગલાને પોતાનો વર અથવા છોકરો કરીને માને છે, ને ઢીંગલીને વહુ અથવા છોકરી કરીને માને છે તેમ મોટી ઉમરના માણસ અજ્ઞાનથી મૂર્ત્તિને માને છે. તમારે નક્કી જાણવું જે એવા ધણી અથવા છોકરાથી કંઈ સારૂં થવાનું નહિં. તેમ ઢીંગલા જેવાં પૂતળાંને પરમેશ્વર કરીને માનવું તેથી કલ્યાણ થવાનું નહિ. ઢીંગલાની રમત કરશે ત્યારેજ ખરો ધણી મળશે એમ માનવું નહિ. માટે એ ઉપરથી એવું સમજાય છે કે બાળકને જેમ રમવાની ટેવ છે તેજ રીતે મૂર્ખ ગુરૂ અને શિષ્યોને રમત રમવાને સારૂ એ મૂર્તિ છે. એવડે કોઈ કાળે ખરા પરમેશ્વરનું જ્ઞાન થવાનું નહિ. વિચારી જુઓ કે તમારા ઘરડાઓએ કેટલા વર્ષ સુધી પૂજા કીધી હશે માટે તમને કંઈ પણ ઇશ્વરનું જ્ઞાન થયું એવું તમને જાણ્યામાં છે શૂં? વળી આપણા દેશમાં ઘણાં મંદિરો છે તેમાં દેવનાં દર્શન કરવાને ઘણા લોક જાય છે. તે જનારા લોકોને દર્શન કરતાં ઘણાં વરસ થયાં તોપણ તેમની બુદ્ધિ લગાર પણ પવિત્ર થઈ જોવામાં આવતી નથી.

તમે ચંદ્ર શાખાનો ન્યાય બતાવોછો, પણ તે દૃષ્ટાંત મૂર્ત્તિ ઉપર લાગુ પડતું નથી. મૂર્ત્તિથી તો તેનો કરનાર જે સલાટ તેની ચતુરાઈ સમજાશે, ને પરમેશ્વરની જો મોહોટાઈ જોવી હોય તો સિદ્ધ પદાર્થ જે સૃષ્ટિમાં છે તેનો વિચાર કરો. તેથી તમને લગાર પણ પ્રભુતાનું જ્ઞાન થશે. માટે તમારો વિચાર મૂર્ત્તિ ઉપરથી સાચા પરમેશ્વરને ઓળખવાનો છે તે ખોટો છે, ને તમે મૂર્ત્તિને પરમેશ્વર જાણતા નથી તે વિચાર તમારો સારો છે.

તમે દેરાંની શોભા જતી રેહેશે માટે મૂર્ત્તિ સ્થાપન કરવાનો આગ્રહ બતાવો છો તે પણ ઠીક નથી, શાથી જે દેરાંની શોભા કાંઈ મૂર્ત્તિવડે નથી. તેની શોભા તો તેમાં સત્પુરૂષ કથા કરે, શ્રોતા સાંભળે, તે સાંભળીને સાંભળનારાઓનાં મન પવિત્ર થાય, ને પાપ કર્મમાંથી છૂટે તેથી છે. બાકી નેત્રના વિષયને અર્થે મૂર્ત્તિ માંડે છે તેથી તો ઉલટો ધર્મજ્ઞાનનો લોપ થાય છે. ને હડસેલા હડસેલી કરી દર્શન કરી પોતાના આત્માને લોક કૃતાર્થ માને છે એનું કારણ મૂર્ત્તિ છે. તે તમને જાણ્યામાં હશેજ કે જે ધર્મમાં મૂર્ત્તિ પૂજા કરતા નથી એવા ધર્મ ઘણા છે, ને તેના ભજનના મંદીરની શોભા પણ રૂડી થાય છે.

તમે એમ જાણો છો કે પૃથ્વિ ઉપર જો મૂર્ત્તિ છે તોજ લોક પરમેશ્વર છે એવું જાણે છે. એ વિચાર પણ તમારો ખોટો છે, કેમકે આ સૃષ્ટિરૂપ જે પરમેશ્વરનું કૃત્ય તે ઉપરથી પરમેશ્વર છે એવું જાણવું તો થોડી બુદ્ધિના ધણીને પણ થયા વગર રેહેશે નહિ. ને એવા પશુ તો આ જગત્માં થોડાજ હશે કે આ ચમત્કારિક સૃષ્ટિને જોઈને તેના મનમાં પ્રભુતાનું જ્ઞાન થશે નહિ. ને જો કદાપિ કેવળ પશુ જેવો મનુષ્ય હોય તો તેને વિદ્યા ભણાવીને પરમેશ્વરનું જ્ઞાન આપવું ઘટારત છે. પણ મૂર્ત્તિવડે જ્ઞાન આપવાની ઈચ્છા કરશો તો કદાપિ થનાર નથી.

માટે હવે હું તમને છેલું કહું છૉં કે તમારે જો લોકોને પરમેશ્વરનું જ્ઞાન કરાવવું હોય તો વિદ્યાનો વધારો થાય એવા ઉપાય કરો. ધન ખરચો ને શ્રમ લો તો લોકોને ખરેખરૂં જ્ઞાન થશે, ને પરમેશ્વરને ભૂલશે નહિં. બાકી મૂર્ત્તિવડે તો ઉલટા ખરા પરમેશ્વરને ભૂલી જઈને

કેવળ મૂર્ત્તિ તેજ પરમેશ્વર છે એવા આગ્રહી થઈ પડશે.

તે સાંભળીને હરીભાઈ રણછોડદાસને કેહેવા લાગ્યા કે મેહેતાજી કેહે છે તે સાચી વાત છે, પણ મેં તો ચરચા ચલાવવા સારૂ એ વાત કાઢી હતી.

એ ભાષણ થયા પછી ગંગારામ ખ્રીસ્તિ બોલ્યા કે હરીભાઈ સાહેબ, કોઈ માણસને સારૂં જમણ મૂકીને ધૂળ ફાકવાનું મન થશે નહિ તેમ ખરા પરમેશ્વરને મૂકીને મૂર્ત્તિ પૂજવાનું મન થશે નહિ.

ત્યાર પછી ગંગારામ ખ્રીસ્તિને કેટલીએક વાણી અખા ભગતની સંભળાવી તે સાંભળીને સરવે બોલ્યા કે તમને ઘટારત છે કે ઈસુના ઉપરથી પરમેશ્વરપણાનો વિશ્વાસ ખસેડીને તેને તમે માણસ જાણો, ને બાયબલને માણસની બનાવેલી ચોપડી જાણો, ને તે બંધનમાંથી છૂટીને કેવળ પરમહંસ ધર્મને લો, ને સર્વ ધર્મમાંથી ક્ચરીને કાઢીને સારનું ગ્રહણ કરો.

બીજા આંકના કાગળની નક્લ.

પરમ મિત્ર વિવેક સાગર શેઠ પુરૂષોત્તમદાસ માણેકલાલ પ્રતિ લિખિતં મેહેતાજી દુર્ગારામ મંછારામના ઘણા ઘણા આશીર્વાદ. વિશેષ ગઈ કાલના પત્રમાં મેં તમને કબુલ કીધું હતું તે પ્રમાણે ભક્તિની રીતનો આજના પત્રમાં આરંભ કરૂંછોં.

ભક્તિ જેણે કરવી તેણે કંઈ પણ સંસારના ભોગની વસ્તુ ઈશ્વર પાસે માગવી નહિ. રાત્ર દિવસ એમ જાણવું કે હું ભગવાનને શરણ છોં. ભગવાન વિનાના અન્ય દેવતાઓને માનવાજ નહિ. જાણવું જે અનેક દેવને ભજવા તે સર્વ ખોટું છે. ભગવાનની ભક્તિ કરવી તેમાં પાખંડ કરવો નહિ. એકાંત સ્થળ હોય,* અથવા જ્યાં માણસોની ઘણી ગડબડ ન હોય ત્યાં બેસવું. ઘણી ચીસ પાડવી નહિ, કેમકે મોટે ઘાંટે કંઈ ભગવાનની ભક્તિ વધારે થતી નથી. માણસોના કાન ફુટે એવાં વાદિત્ર લઇને ભક્તિ કરે છે તે તો એક ભવાઈ જેવો તમાશો છે. ઘણાં માણસોની ભીંડમાં એક બીજાનાં શરીર રગદોળાય એવી રીતની

* સામાજિક ભકિતની પણ જરૂર છે તે અને તેથી થતા લાભ વિષે દુર્ગારામના મનમાં વિચાર ઉઠેલા જણાતા નથી. મ. રૂ.

ભક્તિ કરવી તે પણ એક મૂર્ખાઈ છે. જ્યારે માણસને વિચાર થશે ત્યારે એવું કરશે નહિ. મોટી હવેલીમાં ભગવાનની ભક્તિ થશે ને નાના ઝુંપડામાં નહિ થાય એમ જાણવું નહિ. કોઈ બોલીનો પણ આગ્રહ કરવો નહિ. જે જે ભાષા જેને જેને જાણિતી હોય તે તે ભાષામાં ભક્તિ કરવાને અડચણ નથી. શરીર, વાણી, અને મન પવિત્ર રાખવાં. પવિત્રાઈ રાખવી એ માણસની સુઘડાઈ છે. એથી માણસને સુખ રેહે છે તથા ભગવાનની ભક્તિ કરવામાં ઘણું અનુકૂળ પડે છે. પણ તે પવિત્રાઈ જેવા હવડાના પ્રપંચી ઢોંગી લોકો બતાવે છે તેવી જાણવી નહિ. શરીરની પવિત્રાઈ તેજ જાણવી કે જેથી શરીર મેલ વિનાનું રેહે, ગંધાય નહિ તથા જૂ પડે નહિ. પેહેરવાનાં લુગડાં પણ મેલાં ગંધાતાં રાખવાં નહિ. ઘરમાં પણ ગંદવાડ રાખવી નહિ. જાળાં પાડવાં, તથા વાસીદું વાળવું, તથા ધોળાવવું. એવું કરવાથી ઘર ઘણું સારૂં રેહેશે. તેજ પવિત્ર ઘર જાણવું. એવી રીતે દેહ સંબંધી જેટલા પદાર્થ તે ઉજળા વાજળા રાખવા. તેનુંજ નામ ચોખ્ખાઈ છે. બાકી કેટલાએક અજ્ઞાની લોકો એવું સમજાવે છે કે ફલાણાને અડકતાંજ પવિત્રનું અપવિત્ર થાય છે તે સર્વ ખોટું છે. કોઈ કોઇને અડકતાં અપવિત્ર થવાતું નથી. જો અડકવાથી કંઈ પણ તેમાં બિગાડ થતો હોય તો તે અપવિત્ર થયું એમ જાણવું. કોઈ ઊંધા વિચારનાં જૂનાં જૂનાં શાસ્ત્ર બતલાવે તો તેને પણ મૂર્ખનાં બનાવેલાં એમ જાણવૂં. સાથી જે આગલી વેળામાં પણ અજ્ઞાની લોકો ઘણા થએલા છે. તેની મૂર્ખાઇને લીધેજ આજ લોકોની આ દશા આવી છે. માટે જુનું એટલું સારૂં એમ કદાપિ જાણશો નહિ. જે વિષયનો નિશ્ચે કરવાની તમારામાં શક્તિ છે, જે વસ્તુ તમારી પાસે છે, એવું છતે તમારે પવિત્ર અપવિત્રનો વિચાર કરવો ઘટારત છે. કેમકે માણસને સુધરવાનું મૂળ વિચાર છે.

હવે પાછળ કહ્યું કે વાણીયે કરીને પણ પવિત્ર રેહેવું જોઇયે. જો કોઈ માણસ વેદ ભણે, પાઠ ભણે, સ્તોત્ર ભણે, ને તેમાં લખેલી વાતને કંઈ જાણતો નથી તો તે વાણીથી પવિત્ર છે એમ જાણવૂં નહિ. તો વાણીથી પવિત્ર તો કોને જાણવા કે જેના મુખમાં ભાંડ બોલવૂં હોય નહિ. ગાળ દેવી, જુઠૂં બોલવૂં એ પણ હોય નહિ. જેથી જગત્-

માં અધર્મ વધીને લોકની બુદ્ધિ પાપ કર્મમાં વધી જાય એવું બોલવૂં જેની વાણીમાં હોય નહિ તો તેને પવિત્ર વાણીવાળો જાણવો.

મને કરીને પવિત્ર કોને જાણવો, કે જેના મનમાં પાપનો વિચાર થાય નહિ; કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર એણે જેના મનને જીત્યું નથી; એ છ ગુણ જેને સ્વાધીન છે; પરોપકાર કરવા ઉપર જેનું મન ઘણૂં; જે લોકોને સુધારવામાં પોતે નિરંતર મન રાખે છે; તેને જાણવો. પણ જે મનથી લોકોનૂં માઠૂં રાત દહાડો ઇચ્છે છે, તેને અપવિત્ર મનનો જાણવો. મન પવિત્ર છે કે અપવિત્ર છે એ કંઈ કોઈ બીજાથી એકાએક પરખાતૂં નથી; પોતાનું પોતેજ જાણે. પોતાનું પોતે પણ ક્યારે જાણે કે જ્યારે કંઈ પણ સારો વિચાર સુઝવા માંડ્યો હોય ત્યારે. બાકી બીજાનું મન પવિત્ર કે અપવિત્ર છે એવૂં તો તેના કામ ઉપરથી તથા બોલવા ઉપરથી સમજાય છે.

ઉપર લખેલી રીતે પવિત્રાઈ પોતાથી જેમ બને તેમ રાખીને ભગવાનની શક્તિનો વિચાર કરવો તથા તેમનો ઉપકાર સંભારવો તે એમ કે હે ભગવાન તમારી અપાર શક્તિનો પાર કોણ જાણે. પ્રથમ જોઉંછું તો મારૂં શરીર છે તેજ તમારી મોટાઈની તથા ઉપકારની સાક્ષી છે. જેમ કોઈ ખેતરવાળો પોતાના સઘળા ખેતરના ક્યારાઓમાંના છોડુઆઓને ઘણી મોરીઓ કરીને પાણી સીંચે છે તેમજ આખા શરીરનું રૂધિરથી પોષણ થયાં કરે છે એવી રચના રચી છે, પણ એ ખેતરમાં જે રૂધિર જવાના નળ છે તે કંઈ ખેતર જેવડા નથી. ઝીણામાં ઝીણા જે નળ છે તે તો નીમાળા કરતાં પણ ઝીણા છે. તે નળ રોજ રોજ વહ્યાં કરે છે. જુઓ એ કેવી ચતુરાઈ છે! તેમજ શરીર માંહેના બીજા અવયવ તે પણ જ્યાં જેમ ઘટે તેમ રાખેલા છે. જોવાને સારૂ આંખ આપી છે તે પણ રૂધિરથીજ થયેલી છે. આહા તમને શૂં એમ નહિ લાગે કે રૂધિરવડે આંખનો કાચ કેમ થયો હશે? પણ એ જે છે તે ભગવાનની ચતુરાઈ છે. એ આંખની રચનાથી ભગવાનની ઘણીજ ચતુરાઈ સમજાય છે, પણ વધારે લખૂં તો બીજું લખવાનું રહિ જાય. હવે તેજ રૂધિરનાં હાડકાં છે. ચામડી

છે તેવડે કંઈ દેખાતું નથી, સ્પર્શનેજ જાણે છે. તેમજ જીભનો લોચો છે તે પણ રૂધિરથીજ થયેલો છે, તે સ્વાદનેજ જાણે છે. નાક છે તે ગંધનેજ જાણે છે. કાન શબ્દને જાણે છે. એ સર્વ રૂધિરનો વિકાર છે. એમાંના એક અવયવનો જો નાશ થયો તો કોઈ પણ માણસ તેવા અવયવ નવા કરી શકશે નહિ. ત્યારે એ શું થોડું આશ્ચર્ય છે? માટે હે ભગવાન! તમારા મહાત્મ્યનો પાર માણસ જાણી શકવાને કંઈ સમર્થ નથી.

વળી શરીરનું પોષણ કરવા માટે તમે હાથ પગ ઈત્યાદિ બહિરિંદ્રિયો આપ્યાં છે તેણે કરીને અમથી ઉદ્યોગ થાય છે. પોતાના તથા પારકાના શરીરનું રક્ષણ થાય છે, તમારા ઉપકારને હું કેટલો સંભારૂં. હું તમારો છૌં. મારી કંઈ શક્તિ નથી કે તેથી હું મારૂં રક્ષણ કરી શકું. મારૂં રક્ષણ સર્વ તમથી છે. જે જે પદાર્થ મને જોઈએ તે તે સર્વ આ સૃષ્ટિરૂપ ભંડારમાં તમે આપેલા છે. એકલા મનેજ આપ્યા છે એવું નથી પણ સર્વ પ્રાણિ માત્રને આપ્યાં છે.

હવે આ છેલી સ્તુતિ એ કરૂંછૌં કે માણસને ઘણી બુદ્ધિ તમે આપી છે, એ પણ એક તમારો મોટો ઉપકાર છે, કે જેથી માણસને સારા વિચાર થાય છે, તમારૂં ધ્યાન થાય છે, પ્રાણી માત્રને સુખનો ઉપાય કરવાને નજર પોહોંચાડાય છે. લોકોને સુધારવા સંબંધી અનેક યુક્તિયો કાઢતાં આવડે છે, તમારી એ જે વિભૂતિ માણસને આપી છે તેથી તમારી પ્રભુતાનું જ્ઞાન પ્રગટ થયું. જો એટલી દયા કીધી હોત નહિ તો પશુના જેવાં હીન બુદ્ધિ માણસને તમારા જ્ઞાનનું સુખ મળત નહિ.

શેઠજી આજનું પત્ર પુરૂં થયું તે ચિત્ત ધારીને વાંચજો. હવે કાલે હું તમને બ્રહ્માંડમાં જે ભગવાનની અનંત શક્તિ છે તે તથા તેવડે આપણા ઉપર ભગવાનનો જે ઉપકાર છે તેના વૃત્તાંત લખી મોકલીશ. હેત કૃપા રાખવી. તા૦ ૯ મે સન્ ૧૮૪૩

ત્રીજા આંકના કાગળની નકલ.

પરમ પવિત્ર વિવેક સાગર શેઠજી પુરૂષોત્તમદાસ માણેકલાલ પ્રતિ

લિખિતં દવે દુર્ગારામ મંછારામના ઘણા ઘણા આશિર્વાદ. વિશેષ, ગઈ કાલની કબુલત પ્રમાણે હું બ્રહ્માંડના જ્ઞાનવડે ભક્તિ કરવાનો આરંભ કરૂંછોં.

આંખ ઉઘાડીને આ સૃષ્ટિ સામું જોશો તો ભગવાનની અનંત શક્તિએ કરીને એ ભરપૂર છે એમ જાણ્યામાં આવશે. ધૂળના એક કણનો પણ યથાસ્થિત વિચાર કરવાને માણસ સમર્થ નથી તો આખી સૃષ્ટિનો યથાસ્થિત વિચાર તો માણસથી કેમ થઈ શકશે? એવું છતે જેટલું જ્ઞાન માણસોને આજ સુધી થયું છે તેના ગ્રંથ વાંચવાથી તથા તેનો અનુભવ લેવાથી ઉત્કૃષ્ટ આનંદ થાય છે. રાત્ર દિવસ ભગવાનના મહાત્મ્યનો વિચાર કરવાથી પ્રેમ લક્ષણાભક્તિ એવી તો થાયછે કે તે કોઈ દિવસ વ્યભિચાર પામતી નથી.

તમે વિચાર કરી જુઓ કે આ સૂર્ય કેવો અદ્‌ભુત પદાર્થ છે, એમાં ભગવાને કેટલી શક્તિ મુકેલી છે, કે જેણે કરીને આ જગત્‌ને જીવન પ્રાપ્ત થયેલું છે. જુઓ સૂર્યવડે તડકો પડે છે તેથી પ્રકાશ તથા ઉષ્ણતા પ્રાપ્ત થાય છે, ઉષ્ણતાથી ચેતના તથા આરોગ્યતા રેહે છે, અન્ન રંધાય છે, પાણી પાતળું રેહે છે, વાયુ વાય છે, તથા શ્વાસોશ્વાસ કરવા જેવો હલકો તથા પાતળો જોઈએ તેવો રેહે છે. વરસાદ વરસે છે, ઝાડો ઉગે છે, ઈત્યાદિ બીજી જે જે સર્વ રચના છે તેનૂં મૂળ ઉષ્ણતા છે. પ્રકાશથી આખું જગત્ પ્રકાશિત થઈ રહ્યું છે, જાત જાતના રંગની રચના બની રહી છે, સર્વને આંખે સુજે છે, તેથી અનેક પ્રકારનો વ્યવહાર ચાલે છે. વળી સૂર્યમાળા કેટલાએક ગ્રહ તથા ઉપગ્રહવડે કેવી તરેહની રચનાથી શોભી રહી છે! ચંદ્ર જે આપણી પૃથ્વિનો ઉપગ્રહ તે રાત્રીયે કેવો શોભા આપે છે, તેમ કેટલાએક સ્થિર તારાઓ છે તે પણ રાત્રીયે ઘણાજ સારા દેખાય છે. લગનની વખતે જેવો માંડવો દીવાથી શોભે છે તેમજ આ સૃષ્ટિરૂપ માંડવો તારાઓથી શોભા આપે છે. ઉપર લખેલી સૂર્યમાળા વિશે ઘણીએકવાર સારા સારા વિદ્વાનોયે વિચાર કીધા છે ને હજી પણ વિચાર જારીજ છે, તે જોતાં સહજમાં સમજાશે કે આ સૂર્યમાળાની રચના ઘણીજ કારીગરી તથા ચતુરાઈથી ભરેલી છે. એમાંના પદાર્થોની ગતિ તથા મહત્વ તથા

અંતર એ જોઇને કોઈપણ માણસને ભગવાનના મહાત્મ્ય વિશે કંઈ પણ સંદેહ રેહેનાર નથી; એ તો શૂં પણ એવી અસંખ્ય સૂર્યમાળાઓ મહદાકાશમાં યંત્રની પેઠે પોત પોતાના નિયમમાં રહેલી છે. એવું પુછશો કે તે સૂર્યમાળાઓ ક્યાં છે તો સાંભળો જેટલાં નક્ષત્ર આદિ લેઇને સ્થિર તારાઓ છે તે સર્વ એક એક સૂર્યમાળા છે એવું અનુમાન કરાય છે.

હે શેઠજી તમે ભગવાનના મહાત્મ્યનું સારી પેઠે ધ્યાન કરો. જેણે આ સૃષ્ટિમાં અનેક સૂર્ય, અનેક ચંદ્ર, અનેક ભૂગોળ સરખાએ ગોળ પિંડો આ બ્રહ્માંડમાં રચેલા છે. તે ઉપરનાં જે જે પ્રાણીઓને જેવૂં જેવૂં જોઇએ તેવું તેવું આપવાને ઇશ્વર વિના બીજો કોણ સમર્થ છે? મને તો એવું લાગે છે કે એ ભક્તિ કરતાં બીજી કોઈ પણ ભક્તિમાં સાચો રસ નથી. બીજે ઠેકાણે જ્યાં જોઉંછઉં ત્યાં જુઠાણું લાગે છે. આ આપણા આગળ પ્રત્યક્ષ ભગવાનનાં કૃત્યો છે તેને મૂકીને બીજી હલકી હલકી વાતો ગાઈ ભગવાનની ભક્તિ કરવી એ કંઈ સારૂં નથી. પ્રથમ તો એજ જોવું કે અસલની કથાઓમાં શૂં શૂં વધારે છે ને શૂં શૂં ખરૂં છે, એ કંઈ જાણતા નથી. જે જે દેવના પુરાણમાં જોઇએ છીએ તો તેમાં તેનીની તેનીજ મોટાઈ છે, તેથી એવું તો સમજાય છે કે એમાં કંઈ પ્રપંચ છે. હવે ગમે તેમ હો; આપણને તેની સાથે કંઈજ કામ નથી. પહાડ ઊંચક્યો, સમુદ્ર ઉપર પાળ બાંધી, તથા ત્રિપુરાસુર મારયો એ કામ ઉપર લખેલાં કામ આગળ કંઈજ ગણતીમાં નથી. કોઈ કહેશે કે એ કથાઓ સઘળી ભેદ ભરેલી છે, તો તેનો ભેદ ઉઘાડીને ઉઘાડું સમજાવવું જોઇએ. જુઓ બ્રહ્માંડ કેવડું, તેમાં લોક કેટલા, તેમાં આપણા ભૂગોળની ગણતી તો એક ખસખસ જેટલી પણ નથી. હવે તે ઉપર રહીને ગમે તેવું મોટું કામ કરે તે વિશ્વેશ્વરના કામ કરતાં મોટું થનાર નથી. હવે તમે વિચારી જુઓ કે એવી સર્વ લોકોને પ્રત્યક્ષ અને કદાપિ કોઈ કોઈમાં દ્વેષ ન થાય એવી ભક્તિની રીત મુકીને પોતે જૂદો જૂદો અભિમાન ધરી બેસનારા લોકોયે જે ભક્તિની રીતો કાઢેલી છે તે લેવી કેમ ગમશે! તે રીતોમાં જોઇએછીએ તો કેવળ દુકાનદારી કરીને પોતાના ભરણ પોષણના ઉપાય કાઢેલા છે.

વ્યભિચાર લોકોને વહાલો ઘણો માટે તેવી રીતનાં કિર્ત્તન કરવાની ચાલ કેટલીએક મુદત થઈ ચાલતી આવી છે. નાનાં છોકરાંના જેવી વાત, મારામારીની વાત, રમવા જમવાની વાત જેમાં લખી હોય તેવાં કીર્ત્તનને કંઈ ભગવાનની ભક્તિ કરવાના કીર્ત્તન કહેવાય નહિ. તો જેમાં ભગવાનનો અનંત મહિમા તથા આપણા ઉપર ઘણું દયાળપણું એવું કંઈ લખેલું હોય ને તે કીર્ત્તન વિશ્વેશ્વરનાંજ હોય, કોઈ અવતાર સંબંધી હોય નહિ તો તેવાં કીર્ત્તન ગાવાથી મન પવિત્ર થયાવના રેહેનાર નથી.

ભગવાનની પ્રાર્થના તો એમ કરવી કે હે ભગવાન તમે ઘણા સમર્થ છો, ને હું તો એક તુછ પ્રાણીછીં. તમારા મહિમા વર્ણન કરવાને મારૂં કંઈજ સામર્થ્ય નથી. મને કદાપિ કરોડો જીભ હોય ને અનંત કાળ સુધી વર્ણન કરૂં તોપણ પાર આવે નહિ. હું બુદ્ધિથકી અપવિત્ર છીં તે તમારા જ્ઞાનથી પવિત્ર થાય એવું ઇચ્છુંછીં. તમે તો દયાળુ છો પણ તમારે શરણ આવ્યા વિના કેમ અમ સરખા પ્રાણીઓનું કલ્યાણ થશે.

શેઠજી આજનું પત્ર પુરૂં થયું. પણ મારૂં મન તો એવાં સેંકડો પત્ર લખવાને ઉછળ્યાં કરે છે. મનનો ઉભરો સમતો નથી પણ શું કરૂં લખતે પાર ન આવે માટે ટુંકામાં પતાવ્યું છે. હવે આવતી કાલે હું તમને લોકોની ચાલમાં શું શું અઘટતૂ છે તથા તેમાં કેમ કરવું જોઇયે તેમાંથી એકાદ વિચાર લખી મોકલીશ. હેત કૃપા રાખવી. તા૦ ૧૦ મે સન ૧૮૪૩."

હવે સભામાં માણસની ઠઠ વધવા લાગી. સુરતમાં ઘણા લોક આ નવા મતની વાતો કરવા લાગ્યા. જેમણે આવી વાતો કદી સાંભળેલી નહિ તેવા સેંકડો અજ્ઞાન લોક મેહેતાજી અને તેના મંડળીની નિન્દા કરે અને તેમને ગાળો દે. જેઓમાં સમજવાની શક્તિ હતી તેઓ પ્રસન્ન થયા. બીજા આંકના પત્રમાં ભક્તિ કરવાની રીત સમજાવી છે તે વખાણવા અને ધ્યાનમાં રાખવા જોગ છે, અને બંને પત્રોમાં પરમેશ્વરની વિસ્મયકારક ચતુરાઈ, અને અદ્દ્ભૂત શક્તિનું સુંદર વર્ણન છે.

" તા૦ ૨૮ જુલૈ સન્ ૧૮૪૪ સંવત્ ૧૯૦૦ ના પ્રથમ
શ્રાવણ સુદી ૧૪ વાર રવી.

આજ રોજે ચાર વાગતે સભામાં આશરે ૨૫ માણસ મળ્યાં

હતાં તે વખતે ગયા શનીવારે થયેલું વર્ત્તમાન મેહેતાજીયે વાંચી સંભળાવ્યું. ને લગારેક રહીને નવું ભાષણ નીચે પ્રમાણે કીધું.—

કેટલાએક દિવસ થયા ઘણાખરા મંડળીના બેસનારાઓ એક પ્રશ્ન કર્યાં કરે છે ને તેના કંઈ કંઈ ઉત્તર પણ દેવાયા છે, તોપણ સારી પેઠે ખુલાસાથી આજ હું બોલુંછૌં. સાંભળો આ જગત્માં માણસ પોતાની બુદ્ધિ પવિત્ર થવાને તથા પરમેશ્વરનું યથાસ્થિત જ્ઞાન થવાને,તથા આત્મનિષ્ઠ થવાને અનેક સાધન કરે છે, પણ તે સાધનથી માણસનું કંઈ પરમાર્થ કલ્યાણ થવાનું નથી. તે ખોટાં સાધન કયાં? સાંભળો કોઈ ગંગા આદિ નદિઓમાં અથવા કોઈ પણ જળાશયમાં નાહે છે; કોઈ જાત્રાઓ જાય છે; કોઈ ઉપવાસ કરે છે; કોઈ નામ ભજે છે; કોઈ હોમ કરે છે; કોઈ ઊંધે માથે તપ કરે છે; કોઈ પંચાગ્નિ સાધે છે; કોઈ બ્રાહ્મણ જમાડે છે; કોઈ પુતળાં પૂજે છે; કોઈ સેંકડો વરસપર થઈને મરી ગયેલા માણસનાજ નામને ભજે છે, ઈત્યાદિ અનેક સાધનોમાં માણસ અથડાયાં કરે છે, તે સર્વ સાધનો ખોટાં છે. માટે જેથી માણસોનું પરમાર્થ કલ્યાણ થાય તેનાં સાધન કહું તે સાંભળો. વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ, મુમુક્ષા, એ ચાર સાધન માણસે કરવાં એટલે ઉપર લખ્યા પ્રમાણે તેમની બુદ્ધિ પવિત્ર થાશે. હવે તે સાધનોને પ્રત્યેકે વિસ્તાર પૂર્વક સંભળાવુંછૌં.

વિવેક એ પેહેલું સાધન. એનો અર્થ વિચાર છે, એટલે હરેક કામમાં માણસે વિચાર કરવાની ટેવ રાખવી જોઈએ. જેમ કોઈએ આવીને અથવા કથા વાંચીને એમ કહ્યું કે કીડીએ ઊંટ જણ્યું તો તે વાતને માનવીજ નહિ; કેમકે વિચાર કરી જોવાથી સુજે છે જે કીડી કંઈ ઊંટ જણી શકતી નથી. એમ કરતાં જો કોઈ એમ સમજાવે કે એક ઊંટડીનું નામ કીડી પાડેલું હતું તો માનવું જોઈએ, કેમકે તે બની શકે છે. પણ જે માણસને વિચાર નથી તે હરેક વાતના સારને પામતો નથી. ખોટી અને ખરી વાતની પરીક્ષા તેને નથી, કેમકે તેને વિવેક નથી. આ પૃથ્વિ ઉપર અનેક જાતનાં માણસ છે, તેણે પોત પોતાની બુદ્ધિ પ્રમાણે અનેક ગ્રંથો કીધેલા છે; તેમાંથી વિવેકી પુરૂષ

હોયછે તે સાર તથા અસારને જુદું પાડી જાણેછે. જેમ હંસ હોયછે તે દુધ અને પાણીને જુદું કરેછે, તેજ રીતે વિવેકી પુરૂષ સમજે છે માટેજ તેનું નામ પરમહંસ કેહેવાય છે. જે વિવેકી હોય તે તો હિંદુ, મુસલમાન, અંગ્રેજ, પારસી, એ સર્વ જાતિના ધર્મને સરખી દૃષ્ટિયે જુએછે, કેમકે તે તો સારગ્રાહી છે. તેને કોઈ જાતના લોક ઉપર દ્વેષ હોય નહીં. તે તો એમ જાણે છે કે એ સર્વે ટોળાં બંધાયાં છે તે અજ્ઞાનથી બંધાયાં છે. સઘળાંયે ટોળામાં જે વિવેકી પુરૂષ હોય તે તો પોતાના મનથી માણસ માત્રને પોતાની જ્ઞાત જાણે છે. વિવેકી પુરૂષ વિચાર કરે છે તેથી પાપ તે શું અને પુણ્ય તે શું તેના ભેદને સમજે છે તેથી માઠું કામ તેના હાથથી થતું નથી. નિરંતર સદાચરણેજ ચાલે છે. તેના બોલવામાં, ચાલવામાં તથા દાન ધર્મ ઈત્યાદિ સર્વકામ કરવામાં વિચારજ ભરેલા છે. વિચારમાં જે ઘટતું હોય તેજ કરેછે. અન્ન જળ ઈત્યાદિ ખાવાના જે પદાર્થ તેમાં કોઈના અડકવાથી પાપ લાગેછે એમ માનતા નથી. અનાત્મા જે દેહાદિક, આત્મા જે જીવ અને પરમાત્મા જે બ્રહ્મ, એના વિચારને સમજેછે. જ્યાંહાં સુધી પોતે જીવપણામાં છે* ત્યાંહાં સુધી પ્રેમ કરીને પરમાત્માની ભક્તિ કરેછે, ને અંતે બ્રહ્મનિષ્ટ થઇને પરમાત્માના સ્વરૂપને પામેછે. જેને વિવેક નથી તે લોકોના બાંધેલા બંધનથી તથા પોતાના માનેલા બંધનથી કદાપી છુટનાર નથી. આ. હાઃજુઓ કેવું આશ્ચર્ય છે કે પાખંડ ધર્મના ચલાવનાર જાદુગરોએ માણસ જાતને કેવી ઘેલી કરી નાખી છે. દુનિયાને અજ્ઞાનમાં ડુબાવી છે. ને જો કોઈ પુરૂષને વિવેકી પુરૂષનો સંગ થયો ને તે ધર્મ સંબંધી કામમાં વિચાર કરવા લાગ્યો તો પાધરા તેને કેહેછે કે એ વાતનો તમારે વિચાર કરવોજ નહીં, એ જે લખ્યું છે તે ખરૂંજ છે. પછી લોક તે વાતને ખરી માને છે ને જુઠા બંધનમાં બંધાઇને દુઃખી થઈ રહ્યા છે. એ સર્વનું કારણ અવિવેક છે માટે ભાઇયો તમે ધર્મ સંબંધી

*"જ્યાં સુધી જીવપણામાં છે." આ વાક્યમાં સંદેહ છે. મારા વિચારમાં જીવ પૃથક છે. ઇશ્વર જીવ'ન છે. બ્રહ્મનિષ્ટ થવું તે વેદાંત પક્ષે એમ માનવું કે પરમેશ્વરને હું એકજ છીએ. આ કેવળ નાસ્તિક મત છે, માટે માનવા લાયક નથી. ભોળાનાથ સાર.ભાઈ. ૧૮૬૫. I agree with the above. N. T.

બાબતમાં ઘણો ઘણો વિચાર કરજો, કેમકે વિવેક સર્વથી પ્રથમ સાધન છે.

વૈરાગ્ય એ બિજું સાધન છે. એનો મુખ્ય અર્થ તો એજ છે કે સર્વ પદાર્થને નાશવંત જાણવા. પદાર્થોનો ત્યાગ કરવો એ કાંઈ ખરો અર્થ નથી, કેમકે જે પુરૂષ એ પ્રપંચને અનિત્ય જાણે છે તેનું મન પદાર્થો ઉપર આસક્ત નથી. જેને વૈરાગ્ય થયો હોયછે તેને કોઈકાલે મોટું સુખ ને કોઈકાલે મોટું દુઃખ આવી પડેછે, ને તેમાં દુઃખને મટાડવાને સારૂ ઘટારત રીતે ઉપાય કરેછે ને જો મટી ન શક્યું તો તે સહન કરે છે, ને જો આવેલા સુખનો ત્યાગ થયો તો તે પણ સેહેછે. એ સર્વ ગુણ જેને વૈરાગ્ય થયો હોયછે તેનામાં આવેછે. જેને વૈરાગ્ય થયો હોય તેને દેશ મુકવાની જરૂર નથી, ગામ મુકવાની જરૂર નથી, ઘર મુકવાની જરૂર નથી, ધણીયાણી છોકરાં મુકવાની જરૂર નથી, વેપાર રોજગાર મુકવાની જરૂર નથી, જેમ જ્યાંહાં રેહેતો હોય ત્યાંહાં રેહે ને શરીરને અર્થે જેજે આવશ્યક છે તે સર્વ કરે પણ એટલુંજ વિવેકે કરીને જાણે કે આત્મા સત્ય છે, જગત્ નાશવંત છે, માટે અસત્ય પદાર્થોમાં પોતાના મનને બાંધે નહિ, પણ એટલુંજ માત્ર કરે કે અવિચારે વ્યવહારમાં વર્ત્તે નહિ એ વિશે જે મૂર્ખ લોકો છે તે તો એવું સમજે કે જે ધણી લુગડાં પેહેરે નહિ, કેવળ નાગો ફરે, રાખોડી ચોળે, વસ્તીમાં રેહે નહિ, કંઈ અનાજ ખાય નહિ, કોઈ સાથે બોલે નહિ, માબાપ, ધણીયાણી, છોકરાં સર્વને મુકીને રાનમાં જાય, તેને વૈરાગ્ય થયો એમ જાણવું. પણ એ વિચાર મૂર્ખ અને ઢોંગી લોકોનો છે. વૈરાગ્ય જેને થયો હોય તે તો ઘણી સારી રીતે ઉજળા વાજળા ચાલે છે, ખાય છે, પિયે છે, બેસે છે, ફરે છે, વેપાર કરે છે; રાજકારભાર કરે છે, પણ તેને નાશવંત જાણે છે, માટે અનીતિ, જુલમ, ચોરી ઈત્યાદિ કરતા નથી. વૈરાગ્ય પામવાનું કારણ એજ છે કે અનીતિએ ચાલવું નહિ.

વળી વૈરાગ્યવાન જે પુરૂષ હોય છે તે હોમ હવન કરીને સ્વર્ગમાં જઈ અપ્સરા, મોટા મોટા મેહેલ, ઇંદ્રાસન, ઈત્યાદિ જે સુખ તેની ઈચ્છા રાખે નહિ; એટલે હોમ હવન કરે નહિ. વિચાર પૂર્વક જે દાન ધર્મ કરે તે ઈશ્વરાર્પણ કરે પણ પેલે જન્મ પામવાની ઈચ્છા રાખે નહિ.

ષટ્સંપત્તિ એ ત્રીજું સાધન છે. એનાં અંગ છ છે તે સાંભળો,

શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, અને સમાધાન. એ સાધનનો વિસ્તાર મોટો ઘણો છે, પણ ટુંકામાં કહું છીઁ. શમ એટલે શાંતિ છે. કોઈ ક્રોધ કરે તોપણ શાંતિ રાખવી, કોઈ સાથે લડવું નહિ; કોઈના ઉપર અદેખાઈ કરીને તેનો બિગાડ કરવો નહિ; જે વસ્તુ પ્રાપ્ત થઈ શકે નહિ તેના ઉપર તૃષ્ણા રાખવી નહિ, ઈત્યાદિ જે જે ઉદ્વેગ પમાડનારાં છે તેને વિશે શાંતિ રાખવી. દમ એટલે ઇંદ્રિઓને સ્વાધીન રાખવાં, બેહેકી જવા દેવાં નહિ કોઈ અજ્ઞાની લોકો એમ સમજે છે કે ઇંદ્રિઓને મારવાં, એટલે નિર્બળ કરવાં, પણ તેમ કરવું નહિ. ઘણાંજ તીક્ષ્ણ રાખવાં. કેમકે વિવેકી પુરૂષને તો ઇંદ્રિઓ છે તે મિત્ર છે. જો સારૂં ખાવાની ઈચ્છા થાય તો મેહેનત કરીને રળવું, ને શરીર સારૂં રેહે ને મન પ્રસન્ન થાય તેટલું ખાવું. બઈરી જોઇએ તો પરણવું. જ્ઞાતમાં કન્યા ન મળે તો બીજી જ્ઞાતમાં પરણવું, પણ ક્લેશ પામીને અથવા વ્યભિચાર કરીને કુંઆરાં રેહેવું નહિ. એકવાર સ્ત્રી મરી ગઈ તો બીજીવાર પરણવું તેની કંઈ ચિંતા નહિ. તેમ સ્ત્રીએ પણ પરણવું ને જો એક ધણી મરી ગયો તો બીજો ધણી કરવો પણ વિધવા રહીને ક્લેશ અથવા વ્યભિચાર કરવો નહિ. પણ એટલું સ્મરણ રાખજો કે ઇંદ્રિયોના સુખની ઘણી લાલચમાં પડશો નહિ. જો પડશો તો શરીર, બધી ઇંદ્રિય ઈત્યાદિ સર્વ પદાર્થોનો બિગાડ થશે, ને છેલીવારે ઘણું ઘણું દુઃખ ભોગવીને મરણ પામશો.

કર્ણઇંદ્રિયને ઘણું સાધ્ય રાખજો, વાણીને નિયમે રાખજો, ઈત્યાદિ દશે ઇંદ્રિઓને સ્વાધીન રાખવાં. જો સ્વાધીન રાખશો તો પરમાનંદ સુખને પામશો. એ ઇંદ્રિઓ વિશે બોલવાનું તો હજુ ઘણું છે, પણ ટુંકામાં પતાવ્યું છે કેમકે મોટા મોટા જ્ઞાની લોકો એ ઇંદ્રિઓ સ્વાધીન રાખવા સારૂ ઘણી તાકીદ કરી ગએલા છે, કેમકે એ ઇંદ્રિયની લલુતાએ મોટા મોટા લોકોને મરડી નાએલા છે.

ઉપરતિ એટલે વિરામ રાખવો. તિતિક્ષા એટલે સહન શીળતા રાખવી. એ ટુંકામાં કહું છીઁ. હવે પાંચમું શ્રદ્ધા, એટલે ખરી વાત ઉપર શ્રદ્ધા રાખવી, તથા સત્પુરૂષ ઉપર પણ શ્રદ્ધા રાખવી. છઠ્ઠું સમાધાન એટલે હરકંઈ વાત કોઈ કહે તેને સમજી લેવી, ને મનમાં ઉ-

તારવી. એ છ સાધન જે ષટ્સંપત્તિનાં અંગ છે માટે ષટ્સંપત્તિ જે ત્રીજું સાધન તે પાળવું.

મુમુક્ષા એટલે મોક્ષની ઇચ્છા રાખવી. રાત્રદિવસ વિચાર કરવો કે આ સંસારના બંધનથી કીદાડે છુટું. એટલે મારા ઉપર ન્યાતનો કર, લોકનો કર, એ શા ઉપરથી છે. જેને જેટલું મળે તે તે પ્રમાણે કરે; કશી રીતે કોઈ પ્રકારનું દુઃખદાયક બંધન રાખવું નહિ. છુટા રેહેવાનીજ નિરંતર ઇચ્છા રાખવી. જેમ જલદીથી બંધન છુટીને મુક્ત થવાય તેમ કરવું. એ છેલું સાધન ઘણું ભારી છે. એ વિશે ઘણા ઘણા લોકો વિચાર કરે છે, ને જો કોઈ માણસને બંધનથી છોડવ્યો તો તેને મહા દુઃખમાંથી છોડવ્યો એમ જાણવું. માણસે કેટલા પ્રકારનાં બંધન માની લીધેલાં છે. કુળનું બંધન, ન્યાતનું બંધન, રાજનું બંધન, દેહાદિક માનનું બંધન, ઇત્યાદિ સર્વ પ્રકારમાંથી છુટીને સ્વતંત્ર થઈ કેવળ પરમાત્માનું ભય રાખીને સંસારમાં વર્ત્તવું એ સમાન બીજૂં સુખ નથી.

એટલું બોલી રહ્યા પછી વળી મેહેતાજી બોલ્યા કે જેને પ્રશ્નોત્તર કરવા હોય તે કરો.

બાળભાઈ બોલ્યા કે પરમહંસ કોને કહેવા તેનું ઉત્તર મેહેતાજીએ દીધું કે જેને સાર અને અસાર તથા ખરૂં ને ખોટું સમજાય છે તેને પરમહંસ કહેવો. વળી બાળભાઈ બોલ્યા કે ત્યારે જે લોકો નાગા થઇને રાખ ચોળીને પોતાનું નામ પરમહંસ ધરાવે છે તે શ જુઠા વેશધારી છે? દાદુબા બોલ્યા કે હા વેષધારી જુઠા છે. પરમહંસનાં લક્ષણ તો મેહેતાજી કેહે છે તેવાં છે.

મેહેરવાનજી તથા મોતીરામે પ્રશ્ન કીધો કે આફ્રિકાખંડના માણસ જંગલી છે ને બીજા દેશનાં માણસ ડાહ્યાં છે; અથવા આપણાજ દેશમાં કેટલાએક માણસની બુદ્ધિ નાનપણથી સારી ચંચળ છે ને કેટલાએકની બુદ્ધિ નઠારી છે ત્યારે એમ થવાનૂં કારણ શૂં? શૂં પરમેશ્વરને કોઈ પોતીકો પારકો છે?

મેહેતાજીએ તેનું ઉત્તર દીધું કે પરમેશ્વરને કોઈ પોતીકો પારકો નથી, પણ બુદ્ધિ ભેદ થવાનાં અનેક કારણ છે. ગુરૂ, દેશની હવા, શ-

રીરની રચના, કર્મ; ખાનપાન, ઈત્યાદિ ઘણા પ્રકારે છે, પણ તેનું સમગ્ર કારણ માણસ જાણી શકતું નથી. જેમ કોઈ મછના માથાની ઇયળ છે, ને એકલું માથું ફરીને કહેશે કે આ માથું ઈશ્વરે સમજીને કીધું નથી પણ તેજ ઇયળ જો આખું શરીર ફરીને પછી કહેશે કે આ મછનું માથું ઈશ્વરે કીધું છે તે ઘટારત છે. તેમ જે માણસ ઈશ્વરની રચનામાં ખોટ કાડે છે તે જો સમગ્ર સૃષ્ટિની વાતને જોશે તો તેને જે ઈશ્વરે કીધેલું છે તે ઘટારત છે એમ લાગશે. પણ એ વાતનો દાખલો આ સૃષ્ટિ ઉપરના પદાર્થો ઉપર લેવો પણ માણસના કામમાં લેવો નહિ, કેમકે માણસ કેવું પણ ડાહ્યું હોશે તોપણ તેને ચુક પડ્યા વગર રહેશે નહિ.

દયારામ બ્રીજભૂખણદાસે પ્રશ્ન કીધો કે નદીમાં અનેક પ્રકારનાં તીર્થ કહેવાય છે તેમાં નાહાવાથી કલ્યાણ થાય છે કે નહિ? તમે કહેશો કે નથી થતું તો રેવા નદીમાં શુકલ તીર્થ છે તેના મહાત્મ્યમાં એવું લખે છે કે એક રાજાએ ઘણાં ઘણાં સાધન કીધાં તોપણ પાપ ગયું નહિ, ત્યારે હોડીના શઢ કાળા ગળીના રંગીને નર્મદાને કીનારે હોડી ચલાવી એટલામાં શુકલ તીર્થ આવ્યું એટલે હોડીના શઢ ઉજળા થઈ ગયા. પછી તે આધાર ઉપરથી તે ધણી ત્યાં નાહ્યો એટલે તેનું પણ તરતજ પાપ ગયું ત્યારે એ વાતનું કેમ હશે?

મેહેતાજી બોલ્યા કે સાંભળો આ દેશમાં ઘણાજ જુડા ગ્રંથ થએલા છે. નદીનાં મહાત્મ્ય, પહાડનાં મહાત્મ્ય, ક્ષેત્રનાં મહાત્મ્ય, તથા મૂર્તિનાં મહાત્મ્ય, એ જે ગ્રંથોમાં લખેલાં છે તે તમામ ખોટાં છે. પેટભરા લોકોએ પેટ ભરવાના ઉપાયો કીધેલા છે. પણ અજ્ઞાની માણસો એવા ગ્રંથો સાંભળીને હજારો ગાઉ રખડે છે, દુઃખ ભોગવે છે, પણ પાછા આવે છે તોપણ તેની બુદ્ધિ તેવીની તેવીજ હોય છે ને હજી પણ એવા ગ્રંથો નવા થતા જાય છે. જુઓ ડાકોર મહાત્મ્ય થોડા વરસ ઉપર નવું થયું; તે બાબત ચાબુકમાં છપાએલું પણ છે. ને વળી હવડાં સાંભળ્યામાં આવ્યું છે જે મહીનું મહાત્મ્ય, સાબરમતીનું મહાત્મ્ય, એવા બીજા સાત ગ્રંથ અમદાવાદમાં નવા થએલા છે. તે ગ્રંથોને મારી જ્ઞાતનો એક પુરૂષ પોતાની આંખે જોઈ આવેલો છે. એમ કરતાં

જો કદાપિ તમને ભરોંસો હોય તો કાળા ગળીના રંગેલા સડની હોડી લઇને શુકલતીર્થમાં જાઓ એટલે તમને તેની સાચ્ચાઈ તરત સમજાશે. પછી માનજો. બાકી મારા મનથી તો એ જાૂઠૂં છે.

કિરપારામે વાત કહી કે એક ગામમાં હું કેટલાએક દિવસ ઉપર ગયો હતો ત્યારે જોયું તો એક જણને માતા આવી હતી, ને પોતાના હાથમાંથી કેટલુંએક કંકું કાઢ્યું, તેનું કારણ શૂં હશે? મેહેતાજીએ કહ્યું કે તમે જોનારાની બુદ્ધિ કાચી માટે તેના કપટને તમે સમજ્યા નથી. પણ હવે તમારી બુદ્ધિ વિચાર ક્ષમ થવા લાગી છે, ને સુધરવા લાગ્યા છો, માટે હવેથી સારી પેઠે તપાસી જો જો એટલે તમને ખરેખરૂં સમજાશે.

જમિયતરામે પ્રશ્ન કીધો કે માણસની મુઆ પછી શી ગતિ થાય છે? તેનું મેહેતાજીએ ઉત્તર દીધું કે મુઆ પછી શૂં થાયછે તેની કોઇને ખબર નથી, પણ સઘળા ધર્મવાળાઓના કહેવાથી તથા મારા પણ વિચારથી એટલું તો સમજાય છે કે પાપ કરનારનું કંઈ પરમેશ્વર માઠું કરેછે, વાજબી રીતે ચાલનારનું પરમેશ્વર સારૂં કરેછે. એમાં સંદેહ નથી. પાપ પુણ્યનું ઘણું એક ફળ તો ઈહાંજ થાયછે, ને ઈશ્વરને ત્યાંનું પાપ પુણ્યનું ફળ કેવું હશે તેની ખબર નથી, પણ પાપ પુણ્યનું ફળ ભોગવવું પડે છે એમાં સંદેહ નથી. કેમકે પરમેશ્વર છે તે માણસ કરતાં અત્યંત ન્યાય કરનારો છે.

દલપતરામ વલભદાસ હજામ ઘણો ક્રોધ યુક્ત થઇને બોલ્યો કે જે માણસ પોતાનો ધર્મ મુકીને નવો ધર્મ ચલાવવા જાય તેને શૂં પાપ બેસે છે? એની સાથે એક શ્રાવક પણ હતો તેના શરીરમાં પણ ક્રોધ ભરાયો હતો, ને તે પણ તેના જેવુંજ બોલ્યો. તેને મેહેતાજીએ કહ્યું ભાઇઓ તમે બેશી જાઓ લગાર ઠંડા પડો, તમારી અક્કલ લોકોના કહેવાથી ભમી ગઈ છે. બોલો, તમને આ સભા વિશે લોકોએ શૂં કહ્યું છે? ત્યારે તે બોલ્યા અમને એવી ખબર પડી છે કે તમે અંગ્રેજના પાદરી પાસે પૈસા લઇને તેનો ધર્મ ચલાવવા ઇછોછો. તવારે મેહેતાજીએ કહ્યું કે તમે ભુલોછો. આ સભાનો વિચાર તેવો નથી. તમારી મોટી ભુલ છે, કે લોકોના કહેવાથી તમે ક્રોધે ભરાયાછો. હવે તમારા

પ્રશ્નનું ઉત્તર સાંભળો. કોઈ માણસનો સૃષ્ટિની આદિથી બાપ દાદાનો એકજ ધર્મ છે એમ જાણવૂં નહિ. હવડાં જે હીંદુઓ છે તેઓમાંના કેટલાક પંદરસેં વરસ ઉપર શ્રાવક હતા; હવડાં પાંચ વરસ ઉપર મેવાડાની અડધી ન્યાત શ્રાવક હતી તે મેશ્રી વાણિયા થઈ. હવડાં જે મુસલમાનો હિંદુસ્તાનમાં છે, તે ઘણું કરીને આગળ હીંદુ હતા, ને હાલમાં જે વલ્લભાચાર્યના વૈષ્ણવ છે તે આશરે ત્રણસેં ચારસેં વરસ થયાં પછી થયા છે ત્યાર પેહેલાં તે લોકો બીજા ધર્મમાં હતા. ત્યારે એ ઉપરથી વિચારી જુઓ કે અસલના ધર્મ પ્રમાણે કોનો ધર્મ ચાલે છે? કોઈનો નથી. જેમ જેમ માણસોની બુદ્ધિ સુધરતી જાયછે, તેમ તેમ ધર્મનો પણ ફેરફાર થાયછે. વળી એ હજામે બીજો પ્રશ્ન કીધો કે તમે હનમાન ને કૃષ્ણને માનવાની શું ના કોહો છો? ત્યારે મેહેતાજીએ જવાબ દીધો કે શ્રીકૃષ્ણને નામે કહેલી વાતને તથા હનુમાનને નામે કહેલી વાતને અમે ઘટતી રીતે માનીએ છીએ, ને તેના લખ્યા ઉપર વિચાર કરીએછીએ, પણ કારીગરની બનાવેલી મૂર્તિને માનતા નથી.

વખત ઘણી થઈ તેથી સભા ઉઠી ઉભી થઈ."

આજ પર્યંત સભામાં જે ઉત્તર દેવામાં આવ્યા હતા તે મેહેતાજીને અપૂર્ણ લાગવાથી આજે ખૂબ ખુલાસેથી બોલ્યા. એમનો અભિપ્રાય વેદાંતને મળતો હતો એ આજના ભાષણ પરથી સ્પષ્ટ જણાય છે. એ મતની વિરૂદ્ધ એમના અને મારા બે મિત્ર રાવ બાહાદુર ભોળાનાથ તથા માસ્તર નંદશંકરે પોતાના વિચાર ટીપમાં લખેલા છે. આ વિષે વધારે ચરચા બીજા ભાગમાં કરવામાં આવશે.

"તા. ૪ આગષ્ટ સને ૧૮૪૪ સંવત્ ૧૯૦૦ ના પ્રથમ શ્રાવણ વદી ૯ વાર રવી.

આજે આશરે ચાળીસ માણસ સભામાં મળ્યાં હતાં. તે વેળા મેહેતાજીએ ગયા રવીવારનું થએલું વર્તમાન વાંચી સંભળાવ્યું, ને બોલ્યા—ભાઇઓ આ સભામાં ઘણા લોકો આવેલા છે, પણ બોલતાં શરમાય છે તે રીત સારી નથી, માટે જેના મનથી જે જે ખરૂં માન્યું હોય અથવા જે જે સંદેહ હોય તે કહી સંભળાવવું, કેમકે બોલેથી જીવનો ખુલાસો થાય છે. આ ઠેકાણે અનેક ધર્માભિમાની આવેલા

છે, કોઇને આવવાનો અટકાવ નથી તેનું કારણ એજ કે જે જે ધર્મનો સાર હોય તે પ્રગટ થાય.

મકનદાસે પ્રશ્ન કીધો કે વૈરાગ્યનું કારણ શૂં, સ્વરૂપ શૂં, અને ફળ શૂં, તે કોહો. તેનું દાદુબાયે ઉત્તર દીધું કે મેતાજીયે ગયા રવીવારના વૃત્તાંતમાં જે વૈરાગ્ય વિશે વાંચી સંભળાવ્યું તેમાં તમારા પ્રશ્નનું સમાધાન આવેલું છે. પછી મેતાજી બોલ્યા કે એ વિશે શાસ્ત્રમાં અનેક રીતના વાદ હશે તો હો, તે સર્વે બુદ્ધિનો વિલાસ છે. પણ હું તો એમ જાણુંછૌં કે વિવેક કરવાથીજ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, માટે વિવેક એનું કારણ છે, તથા આ સંસારમાં આસક્તિ રહિત રેહેવું તે વૈરાગ્યનું સ્વરૂપ છે; અને મુમુક્ષુ દશા પ્રાપ્ત થાયછે તે વૈરાગ્યનું ફળ છે. ત્યારે મકનદાસ બોલ્યા કે શાસ્ત્ર તથા મોટા પુરૂષની વાણીને અનુસરીને બોલો તો પ્રમાણ કેવાય, કેમકે મારા જાણ્યામાં તો એમ છે કે ત્યાગનું નામ વૈરાગ્ય છે. ત્યારે મેતાજી બોલ્યા કે કોઈ ત્યાગી લોકોનું એ મત હશે, કેમકે હેવા મતના માણસો રાખ ચોળીને નાગા પશૂ સરખા ફરેછે, પણ મારો વિચારતો એવા છે કે મોટાં રાજ્ય જેટલી કિંવા ઇંદ્રાસન જેટલી સમૃદ્ધિમાં રેહે ને લાભ, હાની, થયેથી પોતે હર્ષ શોક માને નહીં તેનુંજ નામ વૈરાગ્ય છે. જ્યારે આ જગતને અનિત્ય જાણે છે, ને નિત્ય જે વસ્તુ છે તે ઉપર રૂચિ થાયછે ત્યારે સહજ સ્વભાવે વૈરાગ્ય થયા વગર રેહેતો નથી. પણ દૃઢ રેહેવા સારૂ જૂદો કરી બતાવેલોછે. સર્વ સાધન વિવેકથીજ છે, માટે જેને વિવેક થયો તેને ઉત્તરોત્તર સર્વ સાધન પ્રાપ્ત થયાવગર રેહેશે નહીં. એમ કરતાં તમારા જાણ્યામાં કંઈ વધારે હોય તો આ સભામાં પ્રગટ કરો. કેમકે ઇહાં સર્વ બેસનારા શ્રોતા પણ છે ને વક્તા પણ છે, માટે જેટલું સંભળાવશો તેટલો તમારો ઉપકાર છે; ને સત્પુરૂષનો એ ધર્મ પણ છે, કે વંધ પામેલા જીવનો મોક્ષ કરવો. ત્યારે મકનદાસ બોલ્યા કે આવતે રવીવારે પુસ્તક લાવીશૂં.

સોભારામ બોલ્યા કે સાંભળો મેતાજીને ધન્ય છે કે આવી રીતે ઘણા લોકોની વચમાં ખરેખરૂં બોલેછે. કોઇનું ભય રાખતા નથી. એવી રીતે થવાથી લોકોનું કલ્યાણ થયા વગર રેહેશે નહીં. અનેક જાતની મુક્તિયો લખેલીયો છે તે મધ્યે ખરી મુક્તિ તો એજછે કે વિષય થકી વિરક્ત

રેહેવું જોઇયે.ને લોકો તો એમ કેહેછે કે અસલથી જે બાપ દાદા ચાલતા આવ્યા તેમજ ચાલવું જોઇયે, પણ એ વિચાર ખોટો છે. સાંભળો. દોહા. દાદા બાવા કર ગયે વોતો મારગ ખોટા. એસા બનજ કીજિયે જ્યામે ન આવે તોટા.

મેતાજીએ શેઠ પુરૂષોત્તમદાસ ઉપર જે કાગળ લખેલોછે તે વાંચી સંભળાવ્યો. તેની નકલ નીચે ઉતારી લીધી છે. એ કાગળ જે વેળામાં વાંચ્યો તે વેળા સભાના બેસનારાઓનાં મન એકાગ્ર થઈ ગયાં ને સાંભળી રહ્યા પછી રણછોડદાસ બોલ્યા કે એ કાગળમાં જે લખ્યું છે તે ખરેખરૂં છે.

ચોથા આંકના કાગળની નકલ.

પરમમિત્ર વિવેકસાગર સેઠજી પુરૂષોત્તમદાસ માણેકલાલ પ્રતિલિખિતં દવે દુર્ગારામ મંછારામના ઘણા ઘણા આશીર્વાદ. વિશેષ, આપણા લોકોમાં કેટલીએક અઘટતી રીતો ચાલે છે તે મધ્યે એક તો ઘણીજ અઘટીત રીત છે કે જેણે કરીને માણસનો અવસાનકાળ બગડે છે. પણ જે સારા ગુણવાન અને સુધરેલા માણસ હોયછે તેને તે સમયે શું કરવું ગમેછે તે આજના પત્રમાં લખી મોકલુંછો.

જ્યારે કોઈ માણસના શરીરને ઘણો મંદવાડ હોય ને દિન પરદિન મંદવાડ વધતો જાય, અથવા, એકાએક કોઈ દુષ્ટરોગ આવી પડે ને મરણકાળ પાસે આવે એટલે તેના ઘરના અથવા તેના ઈષ્ટ મિત્ર જે હોય તેઓ તેની પાશે આવીને બેશે છે; કદાપિ ઘણા માણસનું સગું હોય તો તે સમયે ઘણા માણસ તેની પાશે આવીને બેસેછે, ને શું કેહેછે કે અમે સાચવવા આવ્યા છીયે. તે સમયે જેજે માણસો આવેલાં હોય તેમની ઉઠવેઠ તે ઘરધણીને એટલા દુઃખમાં કરવી પડે છે. જે આવેછે તે સર્વ પેલા માંદા માણસને બોલાવ બોલાવ કરતું આવે છે. તેમાં કેટલાંએક મૂર્ખ ઘરડાં હોયછે, તેતો તેની છાતી જુએ, નાડ જુએ, ને જાણે કે અમે ધન્વંતરીવૈદ છીએ, એમ જાણી મોતની પરીક્ષા કરવાસારૂ સહુથી ઉપર આવીને બેશે છે; ઘરમાં છાણ, પાણી, તલ, જવ, વગેરે કેટલાએક પદાર્થ તૈયાર રખાવે છે, ને વારે વારે એવો વિ-

ચાર કર્યાં કરેછે કે જેમ બને તેમ તે દુઃખી માણસને નવડાવીને તરતની લીપેલી ભોંયપર નાંખિયે. એ ચાલ એવી તો પસરી ગઈ છે કે એ નઠારી ચાલ કોઈ માણસથી અટકી શકતી નથી.

મરણ કાળ જેને પાશે આવ્યો, તે સમયે તેને શું શું દુઃખ હોયછે, તેનો તો કંઈ પાર નથી. જ્યારે કોઈ માણસને માથું દુખવાનો રોગ થાય છે, ત્યારે તે માથૂં કુટીને કેવી રીતે રડેછે. પણ મરવા પડેલા માણસનું માથું દુખતું હોય, તથાપિ અશક્તિને લીધે હલાતું ચલાતું તથા બુમ પણ પડાતી નથી. વળી એજ પ્રમાણે પેટમાં દુએછે, ચસકા નાંખેછે, સ્વાસનું જોર વધે છે, ઉધરસ આવવાની થાય પણ અશક્તિને લીધે ખવાય નહીં. કફનું દુઃખ ગળામાં ઘણું થાય; ઘણું શું કહું! ઘણા જે દુઃખદાયક રોગ તે તે વખત સામટા થાયછે. તેમાંનો એક રોગ જો સારી વખતમાં થયો હોય તો તેને કેવું દુઃખ થાયછે, તેનો તો અનુભવ માણસ બોલેછે, કેહેછે, તેથી થાયછે. મરવા પડેલું માણસ જ્યાંહાં સુધી બોલતું ચાલતું હોયછે, ત્યાં સુધી તેનું દુઃખ સર્વને જાણ્યામાં આવે છે, પછી અવાચક થયું એટલે પોતાનું દુઃખ તેનાથી કેવાતું નથી, પણ પ્રથમના દુઃખ કરતાં વધારે થાયછે, એમાં સંદેહ નથી. જેવારે બોલાતું હતું, ત્યાં સુધી તે મરનાર પોતાના કોઈપણ અંગને અડકવાને ના કેહેતું હતું. કદાપી ઘણેજ અટકાવે એકાદું અંગ ખસેડવું અથવા પકડવું હોય, તો તે પોતે ઘણીજ યુક્તિથી ધીમેધીમે અડકવાની રજા આપતું હતું, પણ અવાચક થયા પછી તો તેને ઘણુંજ દુઃખ થાયછે તેમાં વળી તેનું બોલવું બંધ થયું એટલે તો દુઃખનો પારજ નહીં.

શેઠજી સાહેબ જ્યારે કોઈ માણસ ઉપર મરણ કાળનું પડેલું દુઃખ જોઉં છૈં, તે વખત મને એવી તો દયા આવે છે, કે તે દયાનું સ્વરૂપ મારાથી કંઈ તમને લખી શકાતું નથી. એટલામાં જોઈએ છૈએ તો કેટલાએક પુરૂષો તથા સ્ત્રીઓ કછોટા મારીને ઉભાં રહ્યાં હોય છે, ને તેને વધારે દરદ થવાની વાટ જોય છે. પછી કેટલી વખત પછી તે મહા દુઃખમાં પડેલા માણસને વધારે દુખ થતૂં જાયછે તે એટલા સુધી કે તેની આંખો ખેંચાય છે. (હે ભગવાન! એવી વખતે તારા વિના

કોણ તેનો બેલી છે). એટલે પેલાં કછોટાં મારેલાં માણસો પેલા અતિ દુઃખી માણસને પકડે છે. કોઈ માથું ઝાલે છે, કોઈ પગ ઝાલે છે, ને તેને ઊંચકીને ચોકડીમાં આણે છે. પછી એકાદ જણ પાણીની ગાગેર લાવીને તેને નવડાવે છે, પછી તે પાણી ઘણું હુનું હોય અથવા ઘણું ટાહાડું હોય તેનો કશો નિયમ રહેતો નથી. તેને જેમ તેમ લઇને તરત લીંપેલી પરસાલમાં ભાંય નાખે છે, તે વખત તે માણસ એવું તો ગભરાય છે કે તેથી તેને મૂર્છા થયા વિના રહેતી નથી. પછી તે માણસો માથા ઉપર ઉભા રહીને રામ રામ બુમ પાડે છે. પણ મૂર્ખો સમજતા નથી, કે એકવાર તો આટલું દુઃખ દીધૂં, ને તે સારી પેઠે ગભરાઇને મૂર્છિત થયો, તેને તારા રામરામ ક્યાં સંભળાય છે. હાય હાય! એ જીવતા જમો કેવું કરે છે! મને તો એવાં માણસનાં મોંઢાં પણ ગમતાં નથી, પણ વળી મને એમ પણ લાગે છે, કે તે મૂર્ખોનો કાંઈ વાંક નથી; તે બીચારા અજાણ્યા તે આંધળા સરખા છે. તે તો એમ સમજે છે, કે મરવા પડનાર માણસનું અમે ભલું કરિએ છએ. તેને અસદ્‌ગતિ પામવા દેતા નથી. વળી બીજા લોકોને તે મળે છે ત્યારે એમ કહે છે, કે અમે જો હતા તો ફલાણાનું મોત સચવાયું. જો લગાર ભૂલ ખાધી હોત, તો તેનો અવતાર છૂટી પડત. પણ મૂર્ખ માણસ સમજતા નથી, કે એવું કરવાથી શું થાય. કોઈ મૂર્ખ માણસે જંગલી રીત એવી વાતોનાં જુઠાં શાસ્ત્રો કીધાં છે. સત્ શાસ્ત્ર છે તે એવું અજ્ઞાનપણાનું કામ કહેતા નથી. તે તો માણસોનાં મન પરમેશ્વરને જાણે તથા માણસ પરમેશ્વરમાં પોતાનું ચિત્ત રાખે એટલા સારૂ કીધાં છે.

વિચારવાન સાહેબ તમે વિચારી જુઓ કે કોઈ માણસે જન્મ સુધી પાપ કીધું હોય, ને તેને બે જણે મળીને ભાંય નાખ્યો તો તેથી શું તેનું પાપ બળશે? અને તે શું સદ્‌ગતિ પામશે? ના એવું થનાર નથી. વળી વિચારી જુઓ કે જો કોઈ માણસ સન્માર્ગી છે ને તેણે ઘણું પાપ કીધું નથી, ને પોતાનું ધન તથા ઉદ્યોગ પરોપકારમાં ખર્ચ્યો ને તેવું માણસ કદાપી તળાઈમાં મુએ તો તે શું અસદ્‌ગતિ પામશે?

ના. તેમ પણ થશે નહિ. સદ્‌ગતિને અસદ્‌ગતિ એ તો તે માણસના જુના અભ્યાસ ઉપર છે. આ પૃથ્વિ ઉપર ઘણાંએક માણસ ભાંય નાખ્યા વિના મરે છે, તે શું નરકમાં પડે છે? ના ભાઈ ના, એ કાંઈ એમ નથી. એવી સમજના ધણીને તો જ્ઞાની લોક ઘણું ધિક્કારે છે. તે તો એમ જાણે છે કે મરતી વખ્ત દેહની શુદ્ધિ કંઈજ કામની નથી. આત્મા કેવળ ભગવાનમાં રહ્યો જોઇએ.

હવે તે વખ્ત શું કરવૂં જોઇએ તે મારા વિચાર પ્રમાણે કહું છૌં. મરનાર માણસની ઇચ્છા જ્યાં હોય ત્યાં તેને સુવા દેવું. તે વખ્ત તેની જેવી ઇચ્છા હોય તેવી વસ્તૂ ખાવા પીવા તથા ઓઢવાને આપવી. બીજી ગડબડ કંઈજ કરવી નહિ. તેના મોઢા આગળ જગન્નાથ જે ભગવાન તેની ભક્તિની વાતો કર્યાં કરવી, ઇશ્વરનાં કીર્તન ગાવાં. તે માણસને આપણી તરફથી કંઈજ દુઃખ થાય તે કરવું નહિ. તેનું મન કંઈ કરતે ઇશ્વર સંબંધી વિચારમાં જાય તેવો ઉપાય કરવો. એવું ન કરીને પોતાના ઘણાજ વહાલા માણસને મોટા દુઃખમાં નાખી, શત્રુ પણ ન કરે એવું કામ કરવું, એ કેવું જુલમ ભરેલું કામ છે! માટે તમથી જેમ બને તેમ એ ચાલ બંધ થાય એવા ઉપાય કરો.

આજનું પત્ર પુરૂં થયું. હવે કાલે હું તમને પુનર્વિવાહ કરવા સંબંધી વિચાર લખી મોકલીશ. હેત કૃપા રાખવી. તા. ૧૧ મે સન ૧૮૪૩"

આ માનવ ધર્મ સભાની હિંમત વખાણવી જોઇએ. એમાં બે આગેવાન હતા—મેહેતાજી દુર્ગારામ મંછારામ અને માસ્તર દાદોબા પાન્ડુરંગ. દાદુબા સુરતના રહેનાર નહિ એટલે તેને સત્ય બોલવામાં ઓછી આપદા હતી. દુર્ગારામ શેહેરના વતની, સરકારી નિશાળના મેહેતાજી, ને બ્રાહ્મણ, તેથી તેમને સંભાળવાનું વધારે હતું. લોકના ક્રોધથી ન ડરતાં અને સગાં વાહાલાંની દરકાર ન રાખતાં પોતાના ઉત્તમ અભિપ્રાય એમ જાહેર કરવા લાગ્યા. લોકની ગાળોથી ને તેમના તિરસ્કારથી અટક્યા નહિ. ધન્ય છે એમને! મરવા પડેલા માણસને ભાંય નાખવાના જંગલી ચાલ સંબંધી એમની શિખામણ દરેક વાંચનારે લક્ષમાં લેવી, ને એ રૂઢીને બંધ પાડવી એવી મારી વિનંતિ છે. સજ્જનો! ભાઇઓ!

જરા હિંમત ધરો. એથી થોડી નિન્દા થશે તેથી બીશો નહિ.

"તા. ૧૧ આગષ્ટ સન ૧૮૪૪ સંવત્ ૧૯૦૦ ના પ્રથમ
શ્રાવણ વદી ૧૩ વાર રવી

આજ રોજે આશરે ૪૦ માણસ સભામાં મળ્યાં હતાં. તે વેળા મેહેતાજીએ ગયા રવીવારે થએલું વર્ત્તમાન વાંચી સંભળાવ્યું ને બોલ્યા, કે જેની ઇચ્છા પ્રશ્નોત્તર કરવાની હોય તો કરો.

આગા હુસેન યાવરે પ્રશ્ન કીધો કે હિંદુ લોકમાં હાથીની સૂંઢ જેવી જેની સુંઢ છે હેવાને, તથા પથ્થરનાં મોટાં લિંગને લોકો પરમેશ્વર ક-રીને માને છે તે શું તમેં ખરૂં માનોછો? તથા એક દેશનું માણસ બીજા દેશમાં જાયછે તેને જો કોઈ મારે તો તેપર દેશી માણસને પણ દયા આવેછે તેનું કારણ શું? તેનું ઉત્તર મેતાજીયે એમ દીધું કે મારા જેવા જે હિંદુઓ છે તે લાજ લાગે હેવીને તથા બીજી તરેની મૂર્ત્તિને પરમેશ્વર કરીને માનતા નથી. જે હિંદુ ઓછી બુદ્ધિના છે, જેને કંઈજ વિચાર નથી, જે પેટભરા, ભંગી, ગાંજાના પીનાર, વેહેમી, એવા છે તે ખરા પરમેશ્વરનું ધ્યાન મુકીને એવી એવી તરેતરેવાર પ્રતિમાઓને માનેછે. એવું કહીને મેતાજીયેં મણીરત્નમાળા નામે ગ્રંથની ટીકા વાંચી સંભળાવી. તેમાં સિદ્ધાંત એવો લખ્યો છે કે પરમેશ્વર એક છે, વિશ્વાત્મા છે, વ્યા-પક છે, તેને માણસોયે પોતે કલ્પના કરી કરીને પ્રતિમાઓ કીધી છે, પણ પ્રતિમા જેવી છે તેવા પરમેશ્વર નથી.—એ રીતે વાતો ચાલતી હતી. એટલામાં એ આગા સાહેબને તેડું આવ્યું માટે ગયા, તેથી બીજા પ્ર-શ્નનું ઉત્તર થયું નહીં.

દેવચંદ કસનદાસે પ્રશ્ન કીધો કે ત્રણ અવસ્થા જે થાયછે તે દેહમાં કયે ઠેકાણે થાયછે ને કોને થાયછે તે કહો? તેનું મેતાજીયે ઉત્તર દીધું કે વિચારને અંતે એવું સમજાયછે કે શરીર જે છે તે અવસ્થામાં રહ્યું છે, ને તમે અમે હવડાં જે વાતો કરીયે છિયે તે વખતનાં આપણાં જે આ શરીર છે તે જાગ્રત અવસ્થામાં રહ્યાં છે, ને એ અવસ્થા થાયછે તે બુદ્ધિને થાયછે, પરમાત્માને વિષે નથી. પરમાત્મા તો ત્રણે અવસ્થામાં ને આખા વિશ્વમાં કુટસ્થ છે, સાક્ષી છે, શુદ્ધ છે. તે સાંભળીને દેવ-ચંદની સાથે એક બીજો પુરૂષ હતો તેને કંઈ બીજું બોલવાની ઇચ્છા

થઈ તે વખતે દેવચંદે કહ્યું કે આ ઠેકાણે ખરી વાત છે માટે મિથ્યા વાદ કરવો નહીં.

ગુલાબચંદ નરસાઈદાસે પ્રશ્ન કીધો કે મૂર્ત્તિમાં પરચો છે એમ મને ખબર છે, ને હમારા શ્રાવકલોકો જ્યારે જાત્રા જાયછે ત્યારે તે લોકોને પરચો જણાય છે ત્યારે તેનું કેમ હશે? મેતાજીયે ઉત્તર દીધું કે તમે ભૂલોછો. પૂજારા લોકો તથા ખોટા ભગત લોકો પોતાનાં પેટ ભરવાને એવા પરચાની બુમ ઉરાડે છે, પણ મૂર્ત્તિ તો છોકરીઓની પુતળીના જેવીજ છે; તેમાંને એમાં કંઈ ફેર નથી. માણસના મનને વેહેમ માત્રછે. એમ કરતાં સંદેહ હોય તો આ શેહેરમાં તમારા લોકોનાં દેહેરાંમાં મૂર્ત્તિઓ છે તેને તપાશી જુઓ જો કંઈ માણસ જેવી ચેતના માલુમ પડે તો મને તેડી જજો હું તે તમારા સચેતન દેવને શરણ થઈશ. ત્યારે ગુલાબચંદે ઉત્તર દીધું કે ઈહાંતો કંઈ નથી. ત્યારે મેતાજી બોલ્યા કે તમને ઈહાંની મૂર્ત્તિઓ જડ છે એટલો નિશ્ચય થયો છે તે સાંભળીને હું રાજી થયો. પણ હું તમને નિશ્ચય કહું છોં કે જગત્કર્ત્તા પરમેશ્વરને તમે મનથી વિસારસો નહિ. તે વિશ્વવ્યાપી છે માટે તેને દીનતાથી પ્રેમે કરીને વિનંતિ કરતા રેહેજો કે તે તમારૂં મન પવિત્ર કરે. તે ખરો પરમેશ્વર સઘળે દેખે છે. સઘળાના મનની વાતને જાણે છે, સર્વનું બોલ્યું સાંભળે છે. એવું જાણીને તેથી ઘણા બીહીતા રેહેજો ને તે પરમેશ્વરની ભક્તિ કરવામાં કંઈ મૂર્ત્તિની ગરજ નથી.

એ વાતો ચાલતી હતી એટલામાં મોતીભાઈ ઈછાચંદને ઘણો તામસ ભરાઈ આવ્યો, ને શરીર આખુ ધ્રૂજવા લાગ્યું; ને મોટો ઘાંટો પાડીને બોલ્યા કે તમે મૂર્ત્તિની ના કહોછો તો તમે અને અમે બે જણ લુગડાં મુકીને જોગી થઈ જઈએ. ચલો ચલો? તમે શું બતાવો છો? તમારો પરમેશ્વર કેવો છે? હવે અમે શું કરીએ તે કહો. તે સાંભળીને મેહેતાજીએ ધીમે સાદે જવાબ દીધો કે મોતીભાઈ ગભરાઓ નહિ, ઉભા રહીને શું કરવા બોલોછો, બેસી જાઓ શાંતિ પકડો. આ સભામાં જે ક્રોધી અને કજીયાખોર માણસ હોય તેને તેડું નથી. હવે તમારે શું કરવું જોઈએ તે સાંભળો. તમારી ઈંદ્રિયોને નિયમે રાખો; અંતઃકરણને કામાદિ વિકારથી પવિત્ર રાખો; માણસ માત્રના દેહ

એક ઘાટના ને સરખા જાણીને તમે એથી જૂદા છો એમ ન જાણો; ને પરમાત્માની ભક્તિ કરજો; એમ કરતે પરમેશ્વરને પામશો. એ વિના બીજો કંઈ ઉપાય નથી. એટલી વાત થયા પછી સભાનું કામ બંધ થયું."

તામસીની જોડે શાંતિ રાખવી, અને મશ્કરી કરે તેથી ચીડવાવું નહિ એ મોટા ગુણ સુધારાના ઉપદેશકમાં હોવા જોઇએ. મેહેતાજી દુર્ગારામમાં તે હતા એવું ઘણીવાર મેં જોયું છે.

"તા. ૧૮ આગષ્ટ સન્ ૧૮૪૪ સંવત્ ૧૯૦૦ ના દ્વિતીય
શ્રાવણ શુદિ ૫ રવીવાર

આજની સભામાં આશરે વીશ માણસ મળ્યાં હતાં, ને છ વાગ્યા પછી ભાષણ જારી થયું. મેહેતાજીએ ગયા રવીવારનું થએલું વર્ત્તમાન વાંચી સંભળાવ્યું ને બોલ્યા કે આજ સુધી મૂર્ત્તિ ઉપર ઘણું ભાષણ થયું છે માટે આજ કંઈ નવો વિષય કાઢવો જોઇએ. સાંભળો—

ઘણાએક લોકોના મનમાં એવો નિશ્ચય છે કે જેમ માણસની એક જાત છે તેમ ભૂતની પણ એક જાત છે, તથા માણસો મરે છે તેમાં કેટલાએક મરનાર માણસની શાસ્ત્ર પ્રમાણે ક્રિયા થતી નથી તો તે માણસ ભૂત થાયછે. પણ એ વાત કેવળ ખોટી છે. ભૂત જાતિ છેજ નહિ ને મરેછે તેમાંથી કોઈ પણ ભૂત થતું નથી. મુઆ પછી જીવ ક્યાં જાયછે, અથવા ક્યાં રહે છે તેની કોઇને ખબર નથી. પણ એટલું તો નિશ્ચય છે કે પાપ કરનારને પરમેશ્વર શિક્ષા કરશે, અને પુણ્ય કરનારને માન આપશે. એમાં તો સંદેહ લાગતો નથી, કેમકે ઈશ્વર આખી સૃષ્ટિનો રાજા છે. માણસ ખાટલામાં મરે, અથવા રસ્તામાં મરે, નાહીને મરે, અથવા મલીન અવસ્થામાં મરે, ઘણે દુઃખે મરે, અથવા સહજમાં મરે, હાડકાં રસ્તામાં રખડે, અથવા કાશી સરખા ક્ષેત્રમાં મરે, બાળવું દાટવું ઈત્યાદિ કોઈ પ્રકારે મુડદાંનો નાશ કરે, મુડદાને કોઈ પણ જાતનું માણસ અડકે, નવડાવીને ભોંય ન નાંખે, ષટ્પિંડ, દશા, અગિયારમું, બારમું, ઈત્યાદિ ક્રિયા કંઈ ન કરે, તોપણ મરનાર માણસ ભૂત થતો નથી. ભૂત, પ્રેત, પિશાચ, બ્રહ્મરાક્ષસ, ડાકેણ, ચુડેલ, ઈત્યાદિક ઘણીએક તરેહનાં નામ કથાઓમાં નિકળે છે, પણ તમારે નિશ્ચયથી જાણવું કે તે લખનારા આંધળાની ટોળી છે. જુના ગ્રંથ ઉપરથી નવી

કથાનો બનાવનાર પોતે પણ ભૂતની વાત લખે છે. જે જે પંથના ચ-લાવનાર છે તે ભૂત જાતિને કબૂલ રાખે છે, ને લોકોને એમ સમજા-વે છે કે અમારા પંથમાં જે આવશે તે મુઆ પછી ભૂત નહિ થાય. એવું એવું સમજાવીને પોતાના પંથમાં લે છે. તેથી સમજાય છે કે પં-થ ચલાવનારને પોતાનો પંથ ચલાવવામાં ભૂતની વાત ઘણી મદત કર-નારી છે. માટે તે લોકો ઘણું કરીને ભૂતની વાતને ખોટી કહેતા નથી. એ નિર્મૂળ વાત લોકોના મનમાં ઘણીજ દૃઢ થઈ છે ને એ વેહેમ લોકોના મનમાં એવો તો પેસી ગયો છે કે ઘણી ઘણી મેહેનત કરીને સમજાવીએ છીએ તોપણ નિકળતો નથી.

જાદુગર લોકો પણ ભૂત જક્ષણી ઇત્યાદિ ઘણી તરેહનાં ઉપાસન બતાવે છે ને લોકોને ઘણે પ્રકારે ઠગે છે. હજાર તરેનાં રસાયન મે-ળવીને લોકોને ચમત્કાર બતાવે છે ને લોકોને કહે છે કે અમે વૈતાળ જક્ષણી સાધી છે, માટે અમે એવાં એવાં કામ કરીએ છીએ. તે જો-ઇને બુદ્ધિહીન માણસ તેને માને છે, પણ હું મારા નિશ્ચયથી સર્વને કહું છૌં કે એ સર્વ જાદુગર એ સાધનની વાતો બતાવે છે તે ખોટી છે. વળી કેટલાએક જાદુગર હસ્ત ચાલાકીમાં ઘણા કુશળ હોય છે, તેથી ભોળા લોકો તેની ચતુરાઇમાં છેતરાય છે. સાધારણ જાદુગર ક-રતાં જે રાજાની સભામાં જાદુ કરનાર તે તો ઘણાજ ચતુર હોય છે; તેથી તેવાં ઠેકાણામાં તો ઘણીજ સાવધાની રાખવી, અને નિર્ભય થઇને તેનું આદિ કારણ શોધી કાઢશો તો, તેજ વેળા તમને તેનું ખોટાદૂં સમ-જાઈ જાશે. હું આજ સુધી ઘણે ઠેકાણે ફર્યો છો. સંવત ૧૮૮૩ ના સાલથી જાદુનો તથા ભૂતાદિકનો શોધ કરૂં છો, તથા લોકો જ્યાં ભૂતને બતાવે છે તવે તવે ઠેકાણે જાઉં છૌં. જાદુગરને મળું છૌં, પણ કોઈ ઠેકાણે સાચી વાત માલમ પડતી નથી, સર્વ જગા ઉપર ભ્રાંતિ તથા દગા માલમ પડી આવે છે.

કેટલાએક મંત્રશાસ્ત્રીયો જાદુગરના જેવાંજ દેવતાઓનાં સાધન બ-તાવીને લોકોને ઠગે છે, જપ કરે છે, ઉતાર મુકાવે છે, નાગાં નાગાં પૂજા કરાવે છે, દારૂ પાય છે, એવા પ્રકારના અનેક પાખંડ કરે છે, પણ તેમાંનું એકે સાધન સાચું નથી એવું તમે જાણજો. કોઇની મુઠ

ચોટથી ડરશો નહી. ઘણાએક સિંદુરના ચાંલા કરીને ગામમાં પોતાનું નામ મંત્ર શાસ્ત્રી કેવડાવીને બિચારા રંક લોકોને ઠગે છે. એવીજ રીતે અસલમાં ઘણા પાખંડી લોકો થયાછે, તેમણે પોતાનો પંથ ચલાવવા સારૂ મંત્રશાસ્ત્ર મધ્યે ઇશ્વર પારવતીના સંવાદથી જુઠા ગ્રંથો કીધેલા છે. માટે તેવા ગ્રંથો વાંચીને તમને સમજાવે તોપણ તમે માનસો મા, એ વિશે ઘણાએક વિદ્યાવાનોએ તથા બુદ્ધિમાનોએ તજવીજ કીધીછે, ને તેવા લોકો મને મળેલા છે. તે લોકોનો વિચાર પણ મારા સરખોજ છે, ને તમે પણ જ્યારે સારી પેઠે વિદ્યાભ્યાસ કરશો, અને સુબુદ્ધિ આવશે એટલે મને જેવું જુઠાણું સમજાય છે તેવું તમને પણ સમજાશે.

કોઇએક માણસ એમ કેહેછે કે હું પરમેશ્વરનો અવતાર છો, તથા મારી સાથે પરમેશ્વર વાત કરેછે એવું કહીને તે વાત લોકો ખરી માને માટે ઘણી તરેનાં પાખંડ કરીને લોકોને ચમત્કાર બતાવેછે, તથા કેટલાએક આચાર્ય તથા ભગત લોકો પોતાના ઘરની મુર્તિને સર્વે લોક ઘણું માને તેટલા સારૂ પાખંડ કરીને તે મુર્ત્તિના ચમત્કારની વાતો કરે છે, તથા યુક્તિથી કાંઇ તેવું બતાવે છે. પણ તમારે એવી તરેની વાતો ઉપર કાંઇ ભરોંસો રાખવો નહીં.

જુઓ ઠગારા લોકોથી લોકોમાં કેટલો અનર્થ થાયછે. લોકોની બુદ્ધિ બગડી જાયછે તેથી પરમેશ્વરનું શરણ મુકીને એ મિથ્યા ઉપર મનનો નિશ્ચય થાયછે. વળી એને વાસ્તે માણસ અનેક પ્રકારનાં પાપ કરેછે. એ વેહેમથી મોટા મોટા ગૃહસ્થોનાં ઘર તુટી જાય છે. સગા વાહાલામાં દ્વૈષ થાયછે. ઘણાએક લોકો પૈસે ટકે તથા ધંધા રોજગારથી ખરાબ થાયછે. જો રાજા હોય તો તેના રાજ કાજમાં મોટી ખરાબી પેસે છે. માણસોને પોતાની દેહે ઘણૂ દુઃખ ભોગવવું પડે છે. માટે છેલામાં છેલું એજ કહુંછો કે જે જાદુગર, તથા મંત્રશાસ્ત્રી, તથા બીજા ઢોંગી તમને હજાર તરેના પાખંડ તથા ચમત્કાર બતાવીને પોતાના પેટ ભરવાનો ઉપાય કરે તેનો ભરોંસો રાખશો નહીં. આ સભા તે લોકોનું અજ્ઞાન દૂર કરીને ખરી વાત સમજાવવા સારૂ છે, માટે ઉપર લખેલી વાત ધ્યાનમાં રાખી મિથ્યા બંધનથી છુટીને સુખી થજો. એ

પ્રમાણે કહીને મેતાજીએ સભાના બેસનારાઓને કહ્યું કે હવે કંઈ પ્રશ્નોત્તર કરો.

રણછોડદાસ કાશીદાસ લક્ષ્મી બોલ્યા કે તમે જે નિશ્ચય કરોછો તે મનથી કે બીજા કશાથી કરોછો?

મેહેતાજીએ ઉત્તર દીધું કે મનનો સ્વભાવ તો સંકલ્પ વિકલ્પ કરવાનો છે, ને નિશ્ચય તો બુદ્ધિથી થાયછે. પણ બુદ્ધિ તો પોતા પછી થએલા જે પદાર્થો છે તેનો નિશ્ચય કરવા દોડે છે, કંઈ પરમાત્માનો નિશ્ચય કરી શકતી નથી. તેથી પરમાત્માને તો પરમાત્માજ જાણે છે, ત્યાં બુદ્ધિની કંઈ શક્તિ ચાલી શકતી નથી. એ ઉત્તર સાંભળીને તરત રણછોડદાસનું સમાધાન થયું.

જોશી દલપતરામ કાશીરામે પ્રશ્ન કીધો કે માણસ મરી જાયછે ત્યાર પછી જીવની શી ગતી થાયછે? તેને મેહેતાજીએ ઉત્તર દીધું કે એ વાત પ્રથમ કેહેવાયલી છે, તોપણ બાલભાઈ તથા દાદોબા તમને ઉત્તર દેશે. તે સાંભળીને દાદોબા બોલ્યા, સાંભળો ભાઈ—માણસ મરી જાયછે તે ક્યાં જાયછે ને તેને શૂં થાય છે તેની કોઇને ખબર નથી, પણ એટલો તો નિશ્ચય છે કે જે માણસ પાપ કરેછે તેને ઈશ્વર શિક્ષા કરેછે, ને જે પુણ્ય માર્ગે ચાલે છે તેને પરમેશ્વર માન આપે છે, એમાં સંદેહ નથી. જો શાસ્ત્રોની ખટપટમાં પડિએ તો કોઈ કહે છે કે માણસ મરે છે તેવો તરતજ બીજા ખોળિયામાં પ્રવેશ કરેછે ને અવતાર પામે છે, કોઈ કહે છે કે એક વર્ષ સુધી યમયાતના ભોગવીને પછી અવતાર ધરે છે અથવા નર્કમાં પડે છે, તથા કોઈ કહે છે કે ક્યા મતના દિવસ સુધી સઘળાં માણસ ઘોરમાં રેહે છે, ને તે દિવસે સર્વે મરી ગએલાં માણસ પોતાનું અસલનું શરીર લઇને ઉઠે છે. ત્યારે હવે તમે વિચારી જુઓ કે એમાં કોની વાત ખરી માનિએ. કોઇનો નિશ્ચય નથી તે કરતાં મેં કહ્યું તે પ્રમાણે જાણવૂં તે ઘણું સારૂં છે.

આગાહુસેન યાવર આવ્યા હતા માટે મેહેતાજીએ ગયા રવીવારે કીધેલા પ્રશ્નનું ઉત્તર દીધું કે, કોઈ માણસને મારતાં બીજા માણસને એટલા સારૂ દુઃખ લાગે છે કે માણસ માત્રને પોતાના દુઃખનો અનુભવ છે, માટે સામા માણસનું દુઃખ જોઇને પોતાને દુઃખ લાગે છે.

તે સાંભળીને આગા સાહેબે કહ્યું કે હું તો એમ જાણું છું કે માણસ માત્ર પરમેશ્વરનાં છોકરાં છે તેથી પોતાના ભાઈને મારતો જોઈને જે માણસ હોય તેને દુઃખ લાગે છે. પણ જે પશૂ સરખા માણસ હોય છે તેને દયા આવતી નથી, એટલું ભાષણ થયા પછી સભાનું કામ બંધ થયું."

ભૂત, જાદૂ, છુમંત્રાદિક વિષે ઉપલા ભાષણમાં કહ્યું છે તે ધ્યાનમાં લેવા જોગ છે. એ વેહેમોથી વિચારવંત માણસે છુટવું જોઈએ. એ વેહેમોનુ જોર હજી ઘણું છે તે તોડવાને સુધરેલા જનોએ પ્રયત્ન કરવો જોઈએ, કેમકે તેઓ હાનીકારક હોઈ બુદ્ધિને ભ્રષ્ટ કરે છે. સ્ત્રીઓમાં તેઓ વધારે પ્રબળ છે. કેટલીક પ્રકારના રોગને લોક ભૂત ગણે છે. ભૂત અને જાદુને નામે ઘણા કપટ ચાલે છે.

"તા૦ ૨૫ આગષ્ટ સન ૧૮૪૪. સંવત ૧૯૦૦ ના દ્વિતીય
શ્રાવણ સુદી ૧૨ વાર રવી.

આજે સાંજ વેળા આશરે પાંતરીસ માણસ મંડળીમાં મળેલાં હતાં. તે વેળા મેહેતાજીએ ગયા રવીવારનું વર્તમાન વાંચી સંભળાવ્યું. પછી કહ્યું કે જેને પ્રશ્નોત્તર કરવાં હોય તે કરો.

ગુલાબચંદ નરસિંહદાસે પ્રશ્ન કીધો કે જોશી લોકો જોસ જોઈને લોકોને મુહૂર્ત્ત આપે છે, તથા જન્મ પત્રિકા જુએ છે, તથા પ્રશ્ન ઉપરથી ભવિષ્ય કહે છે, એ સર્વે વાત ખરી છે કે ખોટી? જો તમે કહેશો કે ખોટી છે, તો ચંદ્ર સૂર્યના ગ્રહણ તેના કહ્યા પ્રમાણે કેમ મળે છે.

મેહેતાજીએ ઉપલા પ્રશ્નનું ઉત્તર દીધૂં કે જોશી લોકો જોશ જોઈને મુહૂર્ત્ત બતલાવે છે, તે ઉપર કંઈ ભરોંસો રાખવો ઘટારત નથી. કેમકે મુહૂર્ત્ત જોઈને કામ કરવાથી કંઈ વધારે ગુણ થતો નથી. પણ તેને બદલે ઉલટો અવગુણ થાયછે. મુહૂર્ત્તની ગુચવણમાં પડેલા માણસને પોતાની અનકુળતા પ્રમાણે કાળ પ્રાપ્ત થતો નથી. તેથી ઘણાં ઘણાં માણસો દુખી થાયછે. જુઓ કોઈ વખત શિયાળામાં જોશી લોકો પાછલી રાતે લગ્નનુ મુહૂર્ત્ત આપે છે. તેવારે પરણનાર છોકરાઓની આંખ ઉંઘમાં હોય છે. ઘણા લોકને ઉજાગરા થાયછે. લગ્નનો દિવસ સુખનો તેને બદલે માણસ દુઃખી થાયછે. એવી રીત મુહૂર્ત્તના વેહે-

મમાં પડેલાં માણસોનાં ઘણાં એક કામો ખરાબ થાયછે. તેમ જે જે વર કન્યાના જન્માક્ષર મેળવે છે તે પણ ખોટી ચાલ છે. એથી પણ જે વર અને કન્યા યોગ્ય હોય છે તેને મૂકીને અણ પાલવતી જગોએ વિવાહ કરવા પડે છે, માટે એ વેહેમમાં જે લોકો પડીને પોતાની ઇચ્છા પ્રમાણે વર કન્યાનો વિવાહ કરતાં નથી તે પણ ઘણાં મૂર્ખ છે, માટે એ વેહેમમાં પડીને જે માબાપ છોકરાઓનો અયોગ્ય ઠેકાણે વિવાહ કરે છે તેને તે છોકરાંઓના શત્રુ જાણવાં. વળી કેટલાએક લોકો જન્મપત્રિકા કરાવે છે ને એમ જાણે છે કે એમાં જે જોશીએ ભવિષ્ય લખી આપ્યું છે તે સાચૂં છે. પણ મારા મિત્રોને હું શિખામણ દઉં છોં કે તમે કદાપી જન્મપત્રિકા ઉપર લખી આપેલા ભવિષ્યને માનશો નહિ, કેમકે ભવિષ્યની વાત કોઈ જાણતૂં નથી. જુઓ આ પૃથ્વિ મધ્યે કેટલાએક લોકો જન્મપત્રિકા ઉપર ભરોંસો નથી રાખતા, ને આપણે રાખિએ છૈએ, માટે તેના કરતાં આપણે ક્યાં સુખી છૈએ. કંઈ નથી. જન્મપત્રિકા કરીને જોશીઓ લોકોને ઠગે છે. માટે તેની ઠગાઈમાં આવશો નહિ. કોઈ લોકો પ્રશ્ન કરે છે, તથા પ્રશ્નોત્તરી કરાવે છે, તથા શકુનાવળી જોવડાવે છે, તથા શકુન જુએ છે, એ સર્વ ભ્રાંતિ છે. મૂર્ખ માણસ એવા પ્રકારના ભ્રમણમાં પડીને ભમે છે, તેથી તેના અનેક કામ બગડે છે. બુદ્ધિ બગડે છે, પોતાનો સ્વાર્થ સધાતો નથી, માટે માણસને ઘટે છે કે એવી અવગુણકારી રીત પ્રમાણે ચાલવું નહિ. તથા બીજાને ભમવાની વાત કેહેવી નહિ.

સૂર્યગ્રહણ તથા ચંદ્રગ્રહણ જે ગણિતે કરીને જણાય છે તે ગણિત જુદું છે; તેમાં ગ્રહણ કાઢવાની આજ સુધી ઘણી ઘણી યુક્તિઓ ચાલતી આવી છે, ને તેની સમજ પણ એક બીજાથી જુદીઓ છે. પણ હાલમાં જે ગણિત અંગ્રેજ તથા ફ્રેંચ લોકોને માલમ છે તેવું ગણિત હિંદુસ્તાનીશાસ્ત્રમાં નથી તેથી હિંદુ જોશીઓને પણ માલમ નથી. એ વિશે જો સમજવું હોય તો ગણિતના ગ્રંથો ભણો, તેથી સમજાશે. પણ મારો ઉપદેશ તમને એટલોજ છે કે એક ગ્રહણ ઉપરથી તમારે જે જોશી કહે તે સર્વ ખરૂં માનવું નહિ કેમકે જેમાં ગ્રહણ કાઢવાની રીત લખીઓ છે તેમાં માણસને ભમાવવાની વાત કંઈ લખી નથી,

કેમકે ખગોળની તથા ખેચરના ગણિતની વાત જોશીઓના બીજા વિષય કરતાં જુદી છે. એટલું સાંભળીને નરસીદાસે બીજો પ્રશ્ન કીધો કે, ગ્રહણ તે શું છે? ને જે કોઈ માણસ તે વખત જમતાં નથી તે ભ્રાંતિ છે કે ખરૂં છે? તેનું મેહેતાજીએ ઉત્તર દીધું કે હવડાના કાળમાં તો દૃઢ નિશ્ચય થયો છે કે સૂર્ય ગ્રહણ ચંદ્રના આચ્છાદનથી થાયછે, તથા ચંદ્ર ગ્રહણ પૃથ્વિની છાયાના આચ્છાદનથી થાયછે, ને એ વેળા જમવામાં તથા અડકવામાં કંઈ દોષ નથી; ને આગળના લોકો જે એમ જાણતા હતા કે રાહુ કોઈ દુષ્ટ છે તે સૂર્યને તથા ચંદ્રને વળગીને દુઃખ દે છે, માટે તે વેળા કોઈ ગ્રહણ જુએ છે તે અભડાય છે. પણ એ વાત ખોટી છે, કેવળ ભ્રમ છે, માટે હવેથી તમે સુખે સઘળે અડકજો તથા જમજો તેમાં કંઈ પાપ લાગવાનું નથી. તે વેળા ગુલાબચંદે કહ્યું કે અમે તો ઘણું કરીને ગ્રહણને દિવસે છોછ રાખતા નથી, પણ મેસરી લોકોનું અજ્ઞાન દૂર થવા સારૂ મેં પ્રશ્ન પૂછ્યો હતો.

ગંગારામ બોલ્યા કે હુંતો એમ જાણું છૌં કે કેટલાએક માણસો ગુરૂપણાનો વેશ લઈને લોકોને શિષ્ય કરે છે, ને તે શિષ્યોની બુદ્ધિને ભમાવે છે, ને એમ કરતાં જો કોઈ સદ્ગુરૂ મળે ને તેને તે ઠગ ગુરૂની ઠગાઈ સમજાવે તોપણ તે શિષ્ય માનતા નથી. જેમ કોઈ કસાઈની સાથે બકરી છે ને તેને કોઈ દયાળુ પુરૂષ છોડવે, તોપણ અજ્ઞાન બકરી પોતાના વધના કરનારને મુકતી નથી, ને પાછી તેનીની તેનીજ પાસે જાય છે. બીજું, માણસો છે તેનુ અંતઃકરણ ઘણું કરીને પાપથી ભરેલું રહે છે; પણ કોઈ નિષ્પાપીના સંગ વિના પાપ બુદ્ધિ મટનાર નથી. માટે સત્પુરૂષનો સંગ કરવો ને પોતાના મનનુ પાપ પ્રથમ ખોવું; પછી બીજાનું પણ દૂર કરવાને ઉદ્યોગ કરવો જોઇએ. વળી માણસોને ઘટે છે કે હરેક વાતનો વિચાર કરવો. વિચાર કરવાથીજ પોતાનું હિત થાય છે. માણસ જેમ જેમ વિચાર કરશે તેમ તેમ સાચી વાતને પામશે. જેમ મીઠાની પુતળી સમુદ્રમાં શોધ કરવા જાયછે એટલામાં પોતેજ સમુદ્રમાં ગળી જાયછે. માટે કલ્યાણ થવાનો પ્રથમ ઉપાય એજ છે કે વિષયને વિષે બંધાવું નહિ.

મકનદાસે ગંગારામને પ્રશ્ન કીધો કે આત્મા એક છે કે અનેક

છે ? તેનું ઉત્તર ગંગારામે દીધું કે ઝાડને વિષે જેમ બીજ વ્યાપી રહ્યું છે તેમ આત્મા સર્વ વ્યાપી રહ્યો છે, પણ માણસોને વિષે અજ્ઞાન બંધનથી બંધાયોછે તે જીવાત્માછે ને એ જીવાત્માની બુદ્ધી પોતાના સ્વરૂપનો વિચાર ન કરતાં અવળી ચાલેછે માટે સદાકાળ અજ્ઞાનમાં પડી રેહે છે.

મકનદાસે ગંગારામને બીજો પ્રશ્ન કીધો કે આત્માને બંધન શા ઉપાયથી છુટશે? તે સાંભળીને ગંગારામ બોલ્યા કે ઈશ્વરના શરણથી. એ ઉત્તર સાંભળીને સર્વ સભાના બેસનારાઓએ માથા ધુણાવ્યાં, ને કહ્યું કે ગંગારામ તમે પ્રથમ તો ઘણી ડાહી ડાહી વાતો કીધી, ને છેલીવારે જેવા બીજા અજ્ઞાની પંથોવાળા બોલેછે તેના જેવું બોલ્યા. એ તમારામાં મોટો દોષછે, માટે આ સભા તમને શિક્ષા કરેછે કે તમે કસાઇને હાથ બકરી થઇને વળગેલાછો તે માટે તેથી છુટા પડો.

એક ભગવાં લુગડાં વાળા પરમહંસે સભામાં આવીને પ્રશ્ન કીધો કે આત્મા શું મેલો થાયછે કે તમે તેને ધુઓછો? તેનું મેતાજીયે ઉત્તર દીધૂ કે આત્મા કંઈ મેલો નથી; તે તો શુદ્ધછે. જેમ એક વસ્ત્ર છે ને તેના ઉપર મેલ આવ્યો, ત્યારે લોકો એમ બોલેછે કે સાબુ લઇને લુગડું ધુઓ. પણ વિચાર કરતાં એવું સુઝેછે કે સાબુથી તો મેલ ધોવાય છે; બાકી લુગડાંનુ તો જે મૂળ સ્વરૂપ આચ્છાદિત હતું તેજ પ્રકાશિત થાયછે; તેને કંઈ ધોળું રંગવું પડતું નથી. એટલું થયા પછી સભાનું કામ બંધ થયું.

તા૦ ૧ સપટેંબર સન ૧૮૪૪. સંવત ૧૯૦૦ ના દ્વિતીય
શ્રાવણ વદિ ૪ વાર રવી.

આજ દિવસે મંડળીમાં આસરે ૨૩ માણસ મળ્યાં હતાં. તે વેળા મેતાજીએ ગયા રવિવારનું વર્તમાન વાંચી સંભળાવ્યું, ને નવું ભાષણ નીચે પ્રમાણે કીધું.

તા૦ ૨૯ આગસ્ત વાર ગુરૂને દિવસે આ શેહેરમાં મીઠાના દાણ સારૂ મોટું હુલડ થયું, ને આસરે ત્રીસ હજાર હિંદુઓ એકઠા થયા, ને

શેહેર માંહેની સઘળી દુકાનો બંધ કરાવી, તથા મોટા મોટા લોકોને દરવાજે જઈ ઘણો આગ્રહ કરીને તે લોકોને પોતાની સાથે લઇને અદાલત ફરિયાદ ગયા. ને ત્યાંહાંના શિપાઇયો સાથે મારામારી થઈ તે મધ્યે કેટલાએક સીપાઇઓને વાગ્યું, તથા કેટલાંએક રઇયતનાં માણસોને વાગ્યું, ને રાત પડેથી સઘળા લોકો પોત પોતાને ઘેર ગયા, ને તેમ બીજે દિવસે પણ તેવુંજ હુલડ થયું. ને તેમાં મુસલમાન પણ મળેલા હતા. તે સર્વ લોકોયે કિલ્લા ઉપર પથ્થર માર્યા તેથી સરકારને જાણ્યામાં આવ્યું કે આજનું તોફાન મોટુંછે, તેથી સઘળા અંગ્રેજો કીલ્લામાં રાત રહ્યા; ને ત્રીજે દિવશે પણ તેવુંજ તોફાન પ્રજાયે કરવા માંડ્યું તે જાણીને અત્રેનો એજેંટ ગવરનર તથા જડજ બે જણાયે શેહેર મધ્યેના કેટલાએક લોકોની મંડળી કરીને એવું ઠેરવ્યું કે મોટી સરકારમાં લખિયેછિયે તેનો જવાબ આવતા સુધી મીઠું જેમ વેચાય છે, તેમનું તેમ વેચાશે. એ વિશે જાણવા સારૂ સરકારે જાહેરનામાં માર્યા, તથા થાળી પિટાવીને આખા શેહેરમાં ખબર આપી, તેથી હુલડ મટી ગયું. હવે એ વિશે સર્વ સભાના બેસનારા વિચાર કરો કે એવું થાય તે ઘટારત કે અ ઘટારતછે? તે સાંભળીને મોતીરામ દલપતરામ બોલ્યા કે મને તો અઘટારત લાગેછે; તો એ ઠેકાણે પ્રજાયે અરજી કરવી ઘટારત હતી. તે સાંભળીને મેતાજી તથા દાદુબા બોલ્યા કે તમે બોલ્યા તે વાત ખરી, પણ ક્યારે કે જ્યારે રાજા હોય ને પ્રજાનો વિચાર લઇને કંઈ કર કરે ત્યારે; પણ જો તેમ ન કરે ને પ્રજા ઉપર જુલમ કરે તો પ્રજાયે રાજા સામું લડીને રાજાને શિક્ષા કરવી, ને રાજ્ય બીજા રાજાને સોંપવું. ને જે એવા કામમાં મદત કરે તો તે સારા માણસનું લક્ષણછે; ને એવા કામમાં પ્રજા મધ્યેનાં માણસોને મરવાની કંઈ ચિંતા નહીં. કેમકે જુલમગાર રાજાઓથી પ્રજાનું રક્ષણ થાય તેમાં મોટો પરોપકારછે. સાંભળો રાજાનું રાજ્ય પ્રજાના કલ્યાણને અર્થેછે, પ્રજાના ઉપર સમભાવ રાખવાને અર્થેછે. પણ તેમ ન કરે ને ઉલટી પ્રજાને પીડા કરે, દરિદ્રી કરે, એક દેશની પ્રજા ઉપર કૃપા રાખીને તેને ધનવાન થવાનો ઉદ્યોગ કરે, ને બીજા દેશની પ્રજાને નિર્ધન કરવાને ઇછે, તો તેવા રાજાના સામુ લડીને ધર્મ બુદ્ધીના ચાલનાર રાજાને રાજ્ય સોંપવું જોઇયે. હમારૂં

બોલવું કેવળ અંગ્રેજનેજ વાસ્તે નથી, પૃથ્વી ઉપરના સર્વ રાજાઓને વાસ્તે છે. આજસુધી પૃથ્વી ઉપર તથા આપણા દેશમાં ઘણા રાજાઓ જુલમગાર થઈ ગયાછે, તે સર્વ રાજાઓની ખરાબી પણ પ્રજા થકીજ થયેલીછે. માટે પ્રજાને ઘટેછે કે જો કોઈ પ્રજા માંહેના માણસે દુઃખ દીધૂં હોય તો રાજા આગળ ફરિયાદ કરવી; ને જો રાજા પોતેજ પ્રજાને દુઃખ કરવા ઇછે તો પ્રજાયે પોતાના હાથનુ બળ રાજાને બતાવવું ને પરમેશ્વરની સહાયતા માગવી.

એ પ્રમાણે ભાષણ થયા પછી સભાનું કામ બંધ થયું."

એ ભાષણ ઈ. સન ૧૮૪૪ ને બદલે ઈ. સન ૧૮૭૮ માં દાદુબાએ અને દુર્ગારામે કર્યું હોત તો તેમને તેમના જીવતરનો બાકીનો ભાગ કાળે પાણીએ ચડી આન્દામાન બેટમાં કાઢવો પડત. ૩૪ વરસમાં એટલો બધો ફેર (થવો જોઇએ તેથી) ઉલટી દીશામાં થયોછે. દોઢેક વરસ વધારે જીવી મેહેતાજી દુર્ગારામ ગયા વરસના અપ્રિલ માસમાં સુરતની હડતાલ અને પછી થોડા કલાકના હુલડની વખતે શેહેરમાં હોત તો શું કર્યું હોત એ પ્રશ્ન ઉપલું ભાષણ વાંચી મનમાં ઉઠે છે. સુરતના સાધારણ લોક એમની કને સહલા લેવા આવતા, અને જૂલમ થતો અટકાવવાને મહેતાજી લોકની વહારે ચડતા તેમ આ વેળા તેમને મદદ કરત; લોક તેમને નગરશેઠને ઘેર અને કીલ્લામાં તેડી જાત અને મી૦ આલીવંટ જોડે લોક તરફથી વાત કરવામાં આગેવાન હોત એમાં સંદેહ નથી. પણ પાકી પાળવાની અને ધીગાંણુ કરવાની સહલા આપત કે નહિ એ વિષે શક રેહેછે, કેમકે જુવાનીનો જોશ ઉત્તરી ગયો હતો, અને ઘડાઇ ઘડાઇને અનુભવથી રાજકાજમાં ઠરેલ થયા હતા. મુંબાઈ કે પુણે જઈ ગવર્નરને લોકની અરજી આપવા ગાંઠને ખરચે જાત, તથા કાયદાસર સાહે કરત. એમ કાયદાસર ચાલતે છતે પણ લુચ્ચાઓ એમને કાયદાની આંટીમાં નાખત એવું કેટલાક સજ્જનોને સંભવે છે. ૧૮૭૮ના મે મહીનામાં પોલીસ તરફથી સુરતમાં પકડા પકડી થતી હતી, અને શેહેર દુઃખથી રડતું હતું અને ત્રાસથી થર થરતું હતું તે વારે હું સુરત ગયો હતો, ત્યાં પણ મેં સાંભળ્યું કે નારણશંકરના મામા અને કીકાભાઈ તથા મંછારામના મીત્ર, પ્રજા સમાજના મંત્રી અને લોકના પક્ષકારને ઘુંઘવા-

નો મનસુબો ઘણું કરીને કરવામાં આવત. ફ્રેજરના ચોકમાં જે મોટી સભા થઈ તેમાં મેહેતાજી સાહેબ હાજર થઇને આગેવાન થાત. તેથી શકનું પાત્ર ઠેરવી દુષ્ટો એમને પણ હોમત એવું કેટલાક ધારેછે. લોકે અકળાઇને પોતાની મેળે સેહેજ હંગામો કર્યો તેમ છતાં બીજા નિરપ-રાધીને ઘસડી કેદ કર્યા તેમ દુર્ગારામ મેહેતાજીને પણ ઘસડત એ ધાસ્તી છેક ખોટી નથી.

"તા૦ ૮ સપટેંબર સન ૧૮૪૪. સંવત ૧૯૦૦ ના દ્વિતિય શ્રાવણ વદી ૧૧ વાર રવી.

"આજ રોજે સભામાં આસરે વીસ માણસ મળ્યાં હતાં, ને સાંઝ વેળા મેતાજીયે ગયા રવીવારનું થયેલું વર્તમાન વાંચી સંભળાવ્યું, તથા નીચે પ્રમાણે ચોરી ન કરવા વિષે ભાષણ કીધું.

ચોરી કરવી તે ઘણુંજ અઘટતું કામછે. જે છોકરાંઓને માબાપ પ્રથમથીજ સંભાળતાં નથી, તથા જો તે છોકરાયે કંઈ સેહેજ વસ્તુ ચોરીને તેની ખબર માબાપને અથવા રક્ષણના કરનારને જે વેળા પડે તેજ વેળા શિક્ષા કરતાં હોય તો તે છોકરાં ચોરી કરતાં શીખશે નહીં. સાંભળો ચોરી કરવી એ ઘણું ભૂંડૂં કામછે ને ચોરી કરતાં જે માણસ શીખેછે, તેનો કોઈ વિશ્વાસ કરતું નથી. તેને કોઈ ચાકરીમાં પણ રાખતું નથી. કોઈ કારભાર પણ સોંપતું નથી. તેનો ભાઈ તથા બાપ તથા મા તથા બેહેન તથા સેઠ તથા પડોશી તથા રાજા ઇત્યાદિ કોઇને તેનો વિશ્વાસ આવતો નથી. તેની આબરૂ ઘણી હલકી થઈ જાયછે.

ચોરીની ટેવ નાંહાંનપણમાંથી પડવા માંડેછે તે એ રીતે કે જારે છોકરૂં નાનું હોય ત્યારે તેના મનમાં એમ આવેછે કે બીજા કોઈ પાસે સારી વસ્તુ હોય તે મને મળે તો સારૂં થાય, પણ જો તે જનસ હું માલધણી પાશે માગીશ તો મને તે આપશે નહીં એવું ધારીને તે વસ્તુ ચોરી લેછે, ને તે ચોરેલી વસ્તુ કોઈ દેખશે એવું જાણીને સંતાડી રાખેછે. જો ખાવા જેવી વસ્તુ હોય તો તે માલ ધણી દેખે નહીં એ રીતે થોડું એક ચોરી ખાયછે. એવી રીતે પ્રથમથી બુદ્ધી બગડવા માંડે છે. ને જો તે ચોરને માબાપ અથવા કોઈ સગાં વાહાલાની સહાયતા મળી તો પછી તે ચોરી કરનાર ઘણો નભાયો થઇને ચોરીઓ કરેછે. એ

ચોરી કરનારની બુદ્ધી ઘણીજ અપવિત્ર થઈ ગઈ હોયછે; તેને આગળ જાતે શું થશે તેનું ભાન રેહેતું નથી ચોર પોતાના મનમાં એમ જાણે છે કે હું ચોરીઓ કરૂં છૌં તે છાની રેહેછે. પણ તેણે પોતાના મનમાં એમ જાણવું નહીં, કેમકે ચોરની બુદ્ધી લોકોને જાણ્યામાં આવે છે; ને ગામમાં જેવી ચોરી થઈ તેવો ચોરજ ઉપર લોકોને સંદેહ આવે છે. એમ કરતાં તજવીજ કરતે ખરૂં પડે તો તેને હજારો માણસોની વચમાં બે હાથ પાછળથી બાંધીને પકડી જાયછે. અરે, અરે, ખરે ખરૂં વિચારી જોઇયે તો ચોરને માથે મોટી આપત્તીછે, તે જોઇને જે સારા લોકોછે તે તો તરતજ ત્રાસ પામેછે. વળી કોઈ ચોરની સંગત કરતો હોય તો તેને પણ દુઃખ આવી પડેછે, તથા સરકારથી તેના ઘરના ઝાડા જુએછે તથા કેદ કરેછે. જે ધણી ચોરીમાં પકડાયો તો તેની સાત પેહેડી સુધી ડાઘ લાગેછે. ને સરકારમાં તે ચોરી ખરી ઠરી તો તેને અવળે મોઢે ગધેડે બેસાડેછે. સોટી તથા ફટકા બાંધી મારેછે, તથા બેડી ઘાલીને બંધીખાને નાંખે છે. કોઈ વેળા દેશ નિકાલ કરવાની તથા ફાંસી દેવાની પણ શિક્ષા સરકાર કરેછે. એ સરવે દુઃખ તે ચોરને વેઠવાં પડે છે. જે ભલાં માણસ હોયછે તે તો તે ચોરને ઘણું ધિક્કારે છે; ને કેહેછે કે એનાં સારાં સારાં ખાવાં પીવાં તથા અનેક પ્રકારનાં સુખ ભોગવવાને ધિક્કાર છે, તથા છેલ્લે એના જીવતરને પણ ધિક્કારછે. ને વળી કેહેછે કે હે ભગવાન્ એ ચોરી કરવા કરતાં ખરેખરી મેહેનત કરીને પૈસા પેદા થાય તે વડે થોડું સુખ ભોગવાય તે ઘણું સારૂંછે. માટે ભાઇયો તમે ચોરી તથા ચોરી સરખાં કામથી તથા એવાં કામ કરનારની સંગતથી દૂર રેહેજો. અને તમારાં છોકરાં તથા સગાં તથા જે કોઈ તમારી વાત સાંભળે તેને એવાં કામથી દૂર રેહેવાની શિખામણ દયાં કરજો. આ સભા મળવાનું મુખ્ય કારણ એછે કે માણસ માત્રની બુદ્ધી સારી થાય તેમ કરવું. ને એનું ફળ એવું ઇચ્છુ છૌં કે માણસ માત્ર સર્વ એક કુટુંબ છૈયે એમ જાણીને નિશ્ચય પણે સુખ ભોગવીએ. આ સભાને કેટલાએક લોક સુધરેલી મંડળી એવું નામ કેહેછે, માટે આ ઠેકાણું માણસને સુધરવા સારૂ છે એમ જાણવું એ રીતે બોલ્યા પછી મેતાજીયે સભાના બેસનારાઓને કહ્યું કે હવે કંઈ પ્રશ્નોત્તર કરો.

ગોવર્દ્ધનદાસ ગોપાળદાસે પ્રશ્ન કીધો કે અંગ્રેજનું રાજ્ય આપણા દેશમાંછે તેથી પ્રજા સુખીછે કે દુર્ખીછે. તેનું ઉત્તર મેતાજી તથા દાદુબાયે દીધું કે કેટલાએક કામમાં અંગ્રજનું રાજ્ય સારૂં છે, પણ એ રાજા પરદેશનોછે, માટે એને જેટલી પ્રીતી પોતાના દેશના લોકો ઉપરછે તેટલી આ દેશના લોકો ઉપર નથી માટે ઇહાંની પ્રજા દુખીછે.

ગોવર્દ્ધનદાસ બોલ્યા સાંભળો હું ખરેખરૂં કહું છૌં કે, અંગ્રેજના રાજ્યથી પ્રજા નિર્ધન થઈ ગઈ, બ્યાપાર સર્વ તુટી ગયો. એ દુઃખની આગળ બીજાં ઘણાંયે સુખ હોય તે પણ અસ્ત પામી જાયછે. જુઓ આ શેહેરમાં કેટલા આખા લોકો ગરીબછે. એ પ્રમાણે આખા હિંદુસ્તાનની ઘાણું કરીને અવદશા થઈ ગઈ છે. જો જો આ પ્રમાણે અગ્રંજનું રાજ્ય પાંચ પચાસ વરસ રેહેશે તો સઘળી પ્રજા દરિદ્રી થઈ જશે. તેનું ઉત્તર મેતાજી તથા દાદુબાયે દીધૂં કે ખરી વાત કોહોછો ભાઈ ખરી વાત, હમે પણ એમ જાણિયેછિયે. પણ એમાં વાંક સઘળો આપણા લોકોનો જાણવો. એ જે થયુંછે તે હિદુ લોકોના નિર્બળપણાથી તથા વિદ્યા રહિત પણાથી થયુંછે. પેહેલ વેહેલી તો આપણા દેશમાં એજ ચાલ નઠારી છે કે શસ્ત્ર તો એકજ જાતના લોકો બાંધે, બીજાયે બાંધવા નહીં, તથા આચાર્ય લોકોને પોતાને રાજા જેટલું સુખ ભોગવવાની ચિંતા, પણ પ્રજાની કંઈજ ચિંતા નહી. તેથી આપણો દેશ પરદેશના રાજાઓના હાથમાં ગયો. પણ જો આપત્તી કાળે સર્વ પ્રજા શસ્ત્ર ધરીને બીજા દેશની પ્રજાની પેઠે લડતી હોય, તથા આચાર્ય પણ પ્રજાની ચિંતા રાખતા હોય, તો સ્વદેશ રક્ષણ થયા વગર રેહે નહીં. માટે મોટો ઠપકો હમે આચાર્યોને દઈયેછેયે કે આપણા દેશમાં જે લોકોનું એક ચિત્ત તુટી ગયુંછે તે ભિખારી ગુરૂઓની ઉંધી ઉંધી સમજણો આપ્યાથી તુટી ગયું છે. બીજૂં આપણા દેશના લોકો વિદ્યાનો અભ્યાસ કરતા નથી. દેશે દેશનાં વૃત્તાંતો વાંચતા નથી, તેથી અજ્ઞાન વધી ગયુંછે. વળી જુના કાળના શાસ્ત્ર ઉપર ઘણો ભરોંસો રાખેછે. કંઈ વિચાર કરતા નથી. ધર્મના અટકાવે વાહાણમાં બેસીને દૂર દેશ જાતા નથી, માટે પરદેશની કળા કોશલ્યોમાં જાણીતા નથી તેથી બીજા દેશના લોકો કરતાં વિદ્યા તથા કળામાં પાછળ પડી ગયા છે. એ માટેજ બ્યાપાર સર્વ તુટી ગયોછે. માટે હવે

તો એજ ઉપાયછે કે વિદ્યા કળામાં જાણીતા થવું. નીતિમાન થઈને સરકાર પાસે પોતાનો ખરો હક માગવો. બાકી એ વિનાં બીજો કંઈ ઉપાય છે નહીં.

ગોવર્દ્ધનદાસ બોલ્યા કે વાહ ! વાહ ! એતો હમે સમજ્યા, તમારે લોકોને વાહાણમાં બેસાડી પરદેશ મોકલીને વટાળવાનો વિચાર છે. એમ કહીને ઉઠવાની તૈયારી કીધી. તેને મેતાજીયે કહ્યું કે એજ તમારી મોટી ભૂલછે કે અન્ન જળથી વટળવું માનોછો. અન્ન તો ફળ સરખું છે. જળ તો કેવળ નિર્મળ પવિત્રછે, એમાં કંઈજ દોષ નથી. જે અભીમાની લોકો થઈ ગયાછે, તેણે પોતાનો પંથ બળાત્કારે ચલાવવા સારૂ અન્ન પાણીની બંધી કરીને લોકોને દુઃખમાં નાંખ્યાછે, માટે ફાંસિયાઓની ફાંસીમાંથી છુટવું હોય તો એ મેલ મનમાંથી કાઢી નાંખો, ને સઘળા માણસોને પોતાના ભાંડુ જેવા માનો.

કૃષ્ણરામ દયારામે પ્રશ્ન કીધો કે તમે પાણીમાં જો દોષ માનતા નથી તો સર્વનું કેમ પીતા નથી, તથા મૂર્ત્તિને માનવાની સા માટે ના કેહોછો? તેનું મેતાજીયે ઉત્તર દીધું કે આ વર્ષમાં મારાં લગ્ન થતી વેળા મારા મનમાં એવું આવ્યું કે જેવો મારો વિચારછે તેજ પ્રમાણે ઘણું કરીને હું ચાલુંછું, પણ ખાવા પીવાની બંધી તોડીને ન્યાતની બાહાર નિકળું. પણ તે વેળા મારા કેટલાએક મિત્રોયે મને એમ કરવાની ના કહી, ને કહ્યું જે તમારે મોટે મોટે ઘેર ઓળખાણછે તે તેના ઘરમાં વગર અટકાવે જાઓછો; ને તેથી કેટલાએક જીવોનું કલ્યાણ થાયછે. માટે તમારા ઉપદેશ પ્રમાણે ઘણાં માણસોનો જથો થયા વિના ઉતાવળ કરવી નહીં; હવડાં તો તમારે પોતાની ન્યાતમાં રહી ઉપદેશ કરી લોકોની બુદ્ધિને પવિત્ર કરવી ઘટારતછે; ને જો એમ કરશો તો આગળ જાતે ઘણા જીવોનું કલ્યાણ થાશે, ને તમારા વિચાર પ્રમાણે બનશે. તે વાત મને હાલમાં ઠીક લાગી માટે જરૂર જેટલો હું પોતાની ન્યાતના ચાલ પ્રમાણે ચાલું છૈં. ને મૂર્ત્તિ વિશે તો હું આગળ ઘણું બોલેલો છૈં. તે આ પુસ્તકમાં લખેલુંછે તે વાંચજો. પણ તમને થોડામાં ઉપદેશ કરૂંછૈં કે પરમેશ્વર છે તે માણસ કરતાં ઘણા સમર્થછે. જેની ઈછાયી આ જગત થયુંછે એવા ભગવાનને ઠેકાણે મૂર્ત્તી કરીને પાલણે ઝુલાવેછે, તથા

ઘુઘરો જાંબુડી, તથા ટાચકાની રમત કરી ભગવાનને રમાડેછે, તે જો-ઇને મને હસવું આવેછે કે આ માણસ ભગવાનની શક્તીથી કેવાં અજાણ્યાં છે, કે બ્રહ્માંડને રમાડનાર ભગવાનને પોતે મોટું માણસ થઈ તથા ભગવાનને નાદાન છોકરાના જેવા જાણીને રમકડે રમાડેછે! માટે તમારે એવી બુદ્ધિ રાખવી નહીં. એનો નાદાન બુદ્ધિનાં માણસોનાં કામ છે, પણ જો તમારે ભક્તિ કરવી હોય તો એમ કરજો કે હું ભગવાનને શરણ છૌં. ભગવાન ઘણા સમર્થછે. વિશ્વમાં વ્યાપક છે તેનું કંઈક તેજ સત્પુરૂષમાં છે. માટે સત્પુરૂષની વાતો સાંભળજો ને ભગવાનની એકાંતિક ભક્તિ કરજો. ને કોઇના ઉપર વરણાશ્રમનો અભિમાન ધરી દ્વેષ બુદ્ધી રાખશો નહીં. પ્રાણી માત્ર ઉપર પ્રીતી રાખવી એજ ભગવા-નની મુખ્ય ભક્તી છે.

એટલું થયા પછી સભાનું કામ બંધ થયું".

આ બેઠકમાં મેહેતાજીએ પ્રથમ ચોરી ન કરવા વિષે બોધ કર્યો, પણ તે બાબત કોઇએ શંકા ઉઠાવી નહિ. આગલી સભામાં રાજ્ય પ્રકરણનો વિષય ચાલેલો તે યાદ લાવી એક માણસે ઇંગ્રેજી રાજ્યથી સુખ છે કે દુખ છે તે વિષે અભિપ્રાય માગ્યો. એનો ઉત્તર આપવા-માં મેતાજી અને દાદોબા બનેએ મોટી ભૂલ કરી. મહેતાજી ભૂલ કરે તેમાં કાંઇ નવાઈ છે, પણ ઇંગ્રેજી ભણેલા દાદોબાએ એવો જવાબ કેમ આપ્યો તે સમજાતું નથી. મરેઠાએ આપણા દેશની જે ખરાબી કરી હતી તે શું એ બંનેના જાણવામાં નહિ હશે? આચાર્યોનો વાંક કાઢતાં મરેઠા એમને સાંભર્યા નહિ. પીંડારા ને, ઠક કે ફાંસીઆને, ધાડ પાડનારાને, વાટે ઘાટે લુટનારાને, માજી રાજ્યના જુલમી અમ-લદારો વગેરે પ્રજા પીડકોને વિસારી કેમ દીધા? મરેઠાનુ રાજ્ય અને મરેઠાની લુટવાની કમાઇ ગઇ માટે તેઓ નારાજી હોય, પણ ગૂજરાત, માળવા, મારવાડ, બંગાળાદિક પ્રાંતોને નિસંશય ઇંગ્રેજી રાજ્યથી સુખ શાંતી મળી હતી અને લાભ થયો હતો. મુંબાઇ આબાદ થવાથી, વેપારે સુરતને તજીને મુંબાઈમાં ધામ કર્યું તેથી સુરતની પડતી થઇ હતી, પણ તેમાં ઇંગ્રેજી રાજ્ય રીતિને માથે દોષ નથી. સમગ્ર દેશ લઇએ તો

લોક મુસલમાની તથા મરેઠી રાજના વખત કરતાં વધારે સુખી હતા એ બીના સમજાવવી હતી. આજથી ૩૪ વરસપર એટલે આ સભાના સમયમાં આખા ભરતખંડમાં,ને સૂરત વિના ગૂજરાતના બીજા ભાગમાં નિર્ધનતાનો હાલ જેવા બુમાટો નહતો. બીજાં સ્થળોમાં વેપાર, હુનર વગેરે આબાદીમાં હતો. યૂરોપી કારીગરીએ અને યંત્રોએ દેશના ધંધાને તે કાળે હાલના જેટલા તોડ્યો નહતો. કરનો બોજો, સર્વે ખાતાનો સંતાપ, રના વેપારીઓને હરકત વગેરે કાયદાની સખ્તાઈ, મુનીસિપાલીટીઓ તરફથી થતી હરકતાદિ બાબતો વિષે હાલ જેવા કકળાટ નહતો. સન૧૮૪૪ અને ૧૮૭૮ના સૂરતના હુલડના પરિણામમાં જે મોટો ફેર જોવામાં આવેછે તેજ ઉપરથી હાલની અને તે કાળની રાજ્યનીતિમાં અને ઇંગ્રેજ અધિકારીઓના વલણમાં ભેદ માલમ પડેછે.

દેશની નબળી સ્થિતિ થવાનાં કારણોમાં અન્ન પાણીની બંધી વિષે મેહેતાજી બોલ્યા તેમાં સપડાઈ ગયા. કૃષ્ણરામ દયારામે વાજબી પ્રશ્ન પૂછ્યો કે એ બંધી ખોટી છે તો તમે સર્વનું પાણી કેમ પીતા નથી? એના ઉત્તરમાં દુર્ગારામે માન્યું કે લગ્ન થવાને વખતે તેના મનમાં વિચાર આવ્યો કે જ્ઞાતિ ભેદ તોડી મેદાન પડવું, પણ મિત્રોના સમજાવ્યાથી તેમ કરવું નહિ. જે કારણોથી તેણે કેદમાં જારી રેહેવું કબૂલ કર્યું તે ખોટાં પડ્યાં છે. જે જે મોટે ઘેર એમને ઓળખાણ હતું અને વગર અટકાવે તેઓમાં જતા તેનાં માણસો અદ્યાપિ સુધર્યાં નથી. નાતમાં રહ્યાથી ધારેલાં ફળ થયાં નથી.

"તા. ૧૫ સપટેંબર સન ૧૮૪૪ સંવત ૧૯૦૦ના ભાદ્રપદ શુદી ૪ વાર રવી.

આજરોજે સભામાં સાત માણસ આવ્યાં હતાં તે ઘણું કરીને રોજના આવનાર હતાં તેથી મેહેતાજીએ ગયા રવીવારનું વર્તમાન તેમની આગળ વાંચી સંભળાવ્યું નહિ. પછી જે થયું તે નીચે લખેલું છે.

મુંબઈ મધ્યેની સદર અદાલતના વકીલ દેશાઈ મયારામ દાજીભાઈ થોડા દિવસ થયાં મુંબઈથી ઈહાં આવેલા છે, તે આજે સભા જોવા મારા આવતા પહેલાં આવ્યા હતા, ને સભાનું દફતર વાંચતા હતા. જેવા હું આવ્યો તેવા તેમનો તથા મારો મેળાપ થયો, ને તે મને કેવા લાગ્યા કે તમારો ઉદ્યોગ સાંભળીને હું ઘણો પ્રસન્ન થયોછૌં

ને જેવું તમારૂં મત છે તેવું મારૂં પણ મત છે, પણ તમે મદ્ય તથા માંસ વિશે કંઈ દોષ માનતા નથી તે વાત સાંભળીને હું ઘણો અપ્રસન્ન થયો છૌં, માટે હવેથી મદ્ય તથા માંસનો તિરસ્કાર તમે કર્યાં કરજો. તે વાત સાંભળીને મેતાજીએ ઉત્તર દીધું કે તમને જેવો મદ્ય તથા માંસ ઉપર તિરસ્કાર છે તેવો મને પણ વિવેક યુક્ત તિરસ્કાર છે. એ વિશે જે બોલવાનું છે તે હું આગળ બોલીશ, પણ હવડાં હું તમને એવું પુછું છૌં કે તમારૂં તથા મારૂં મત શેમાં એક છે તે કહી સંભળાવો. તે સાંભળીને મયારામ બોલ્યા કે તમે જેમ વર્ણને ગુણ કર્મ ઉપરથી અધિકાર રૂપ માનો છો તેમ હું પણ માનુંછૌં, તથા તમારી પેઠે મને પણ મરતી વખત ભાંય નાખવાની ચાલ છે તે પ્રસન્ન નથી, તથા જે સ્ત્રી વિધવા થાય તેને પુનર્વિવાહ કરવા દેવો જોઇએ. એ ઉપર મારૂં મન ઘણુંજ લાગેલું રહેછે, ને હવડાં કોઈ સ્ત્રી પુનર્વિવાહ કરે તો તેને મારી શક્તિ પ્રમાણે સર્વે પ્રકારે મદત કરીશ, તથા મુએલાં માણસ પછવાડે રડવા કુટવાનો જે ન્યાતોમાં ચાલ પડી ગયો છે તે, અને તેની પછવાડે સારવાનો તથા નાતો જમાડવાનો ચાલ છે તે પણ મને કબુલ નથી; તથા જગત્કર્ત્તા પરમેશ્વર તે એકજ છે, ને તેને ઠેકાણે આપણા લોક અનેક દેવ દેવીયોને માનેછે, તથા તેની મૂર્ત્તિ બનાવીને પૂજેછે તે પણ ખોટું છે એમ હું જાણુંછૌ. ઇત્યાદિ જે જે વાતો ખરા વિચારથી ઉલટી છે તેને હું પણ માનતો નથી. મેતાજી બોલ્યા કે તમે જે કહ્યું તે મારા વિચાર સાથે મળતું છે. પણ મદ્ય માંસ વિશે મારો વિચાર એવો છે,કે ઘણી જરૂરની વેળાયે અગત્યનું ઔષધ હોય,ને તે ઔષધ માણસને ઉપયોગી હોય,ને તેમાં મદ્ય તથા માંસ મળેલું હોય તો તેને ખાવાને કંઈ છોછ ગણવી નહિ. જે માણસ છતે અન્ને માંસ ભક્ષણ કરેછે તે પાપી છે. તેમ જે માણસ ઔષધમાં મદ્ય માંસની છોછ રાખેછે તે પણ પાપી છે. ને તમે જેવો પૃથ્વીના ઉપર સઘળાં માણસ ઉપર માંસ ખાવાનો ઠપકો મુકો છો તેવો હું મુકતો નથી, કેમકે જે દેશની પૃથ્વી ઘણીજ કઠણ, જ્યાં અન્ન પાકતું નથી, અથવા પાકે છે તો ઘણુંજ મોઘું મળેછે તેવા દેશના લોકો જે માંસ ખાયછે તેના ઉપર દોષ મુકવો દરકાર નથી, એટલા માટેજ આગલા વચનમાં મેં

વિવેક યુક્ત તિરસ્કાર કર્યોછે."

આ ભાષણમાં માંસાહાર સંબંધી મહેતાજીએ જે કહ્યું તેમાં ક્ષત્રી ધર્મને અર્થે તે હારની સર્વે દેશોમાં જરૂર છે કે નહિ તેની ચરચા કરી નહિ. તે સાંભરી નહિ હશે કે જાણી જોઇને મુકી દીધી હશે?

"તા. ૨૨ સપટેંબર સન ૧૮૪૪ સંવત ૧૯૦૦ના ભાદરવા શુદ ૧૧ વારરવી.

આજદિને સભામાં વીસ માણસ મળ્યાં હતાં. સાંઝ વખત મેતાજીએ ગયા રવીવારનું વર્તમાન વાંચી સંભળાવ્યું તથા શેઠ પુરૂષોત્તમદાસ ઉપર પોતાનો લખેલો પાંચમા આંકનો કાગળ વાંચી સંભળાવ્યો, ને બોલ્યા કે એ કાગળમાં પુનર્વિવાહ કરવા સંબંધી જે લખ્યુંછે તે વિચાર કરવા યોગ્ય છે.

પાંચમા આંકના કાગળની નકલ.

પરમ મિત્ર વિવેકસાગર સેઠજી પુરૂષોત્તમદાસ માણેકલાલ પ્રતિ લિખિતં દવે દુર્ગારામ મંછારામના ઘણા ઘણા આશિર્વાદ. વિશેષ આજના પત્રમાં સ્રિયોયે પુનર્વિવાહ કરવો ઘટારત છે કે નહીં તે સારૂ તેના ગુણ દોષ લખી જણાવેલા છે તેનો વિચાર કરવાથી તમને હેવું સમજાશે કે સ્રિયોને પુનર્વિવાહ કરવાની ચાલ જેમ ઉતાવળથી થાય તેમ કરવી જોઇયે.

આ સંસારમાં પૂર્વથી એવુંજ ચાલતૂં આવ્યું છે જે સ્ત્રી તથા પુરૂષને એક બીજાની ઉપર અત્યંત પ્રીતિ રેહેછે. કેટલીએક જાતનાં દુઃખની નિવત્તિ એ જોડાના સમાગમ થયાથી થાયછે. ઉગતી સ્ત્રી તથા ઉગતો પુરૂષ એ બે કેવાં પણ બુદ્ધિમાન હોય તથા તેને ગમે તેવા સારા માણસની સંગત હોય, તોપણ વિષય સુખની ઇચ્છા થયા વગર રેહેતી નથી, ને એકાંત સમય મળે તો ભોગ પ્રાપ્ત કરી લેવાને ચુકશે નહિ. એવો ગુણ પ્રાણી માત્રમાં પરંપરાગત ચાલતો આવેલો છે. ત્યારે તમે પુછશો કે મનુષ જાતિમાં સ્ત્રી માત્ર ઉપર પુરૂષને અને પુરૂષ માત્ર ઉપર સ્ત્રીને વિષય બુદ્ધિ થાયછે એવું કાંઇ જણાતું નથી. તો તેનું કારણ એ જે તેને મનમાં તો સંકલ્પ થયા વિના રેહેનાર નહીં, પણ પૂર્વથી ડાહ્યા માણસોએ લોકોના સુખને અર્થે કેટલાએક નિયમ બાંધે-

લા છે તે એવા જે વિષય ભોગવવાને સારૂ એક સ્ત્રી તથા એક પુરૂષ એ બે જણાએ લગ્ન કરવું, ને તેની સાથે નિર્ભય રીતે મર્યાદાથી સંસારનું સુખ ભોગવવું. તેમાં પણ ઘણાં પાસેનાં સગાંએ એટલે ભાઈ તથા બેન જેવાએ એક બીજા સાથે પરણવું નહિ. શાથી કે તેથી સૃષ્ટિમાં ઘણો બીગાડ થાયછે. તેમાંથી કેટલીએક જાતના લોકોએ ઘણા દૂરનાં સગાં સુધિનો પરણવાનો ત્યાગ કરાવ્યો છે તે કંઈ ઠીક લાગતું નથી.

કેટલાંએક માણસ વેરાગી થએલાં તથા રાંડેલાં તથા કુંઆરા છે, ને તેમાં કેટલાએકે તો જન્મ ધર્યા પછી કંઈ સંસાર ભોગવ્યોજ નથી. તેવા માણસના મનની વાત ઘણું કરીને કોઈ બીજાં માણસ જાણતા નથી, પણ જો તેના મનની ખરી વાત સમઝાશે તો જણાશે કે તેને ઘણૂંજ દુઃખ છે, ને જે કોઈ માણસને થોડાએક કાળ સુધી સુખ મળ્યું હશે, તેને કંઈ કુંઆરા જેટલી લલુતા રેહેતી નથી. તેમાં અભોક્તાનું દુઃખ તો પુછશોજ મા. તેનું તેનેજ ખબર, બીજા કોઇને ખબર નથી. હવે કેટલાએક વેરાગી બૈરી વિનાના જુવાન ફરતા ફરેછે, તે વિશે તો મેં તેજ જાતના લોકોને મોઢેથી સાંભળેલું છે કે તે ઘણું ભૂંડુ કર્મ કરેછે, તે લખવાને મને લાજ આવેછે માટે લખ્યું નથી. વળી કેટલાએક માણસ ઘણા પ્રતિબંધથી અભોકતા રેહેછે, પણ તે રાત્ર દિવસ પોતાનો જીવ બાળ્યાં કરેછે તથા નિસાસા મૂક્યાં કરેછે. તેથી તેને બીજો ઉદ્યોગ તથા ઈશ્વરની ભક્તિ સૂઝતી નથી.

એ વિશે મારા વિચારમાં તો આવેછે કે એક એક સ્ત્રી પુરૂષે એક બીજા સાથે લગ્ન કરીને રેહેવું જોઇએ, ને તેમાં ન્યાતિનો તથા બીજી વાર પરણવાનો અટકાવ રાખવો નહિ. જે પોતાનું પરણેલું હોય તે વિના બીજા કોઈ સાથે ભોગ કરવો નહિ. પણ જેમ કોઈ પુરૂષની સ્ત્રી મરી ગઈ અથવા કોઇ પ્રકારે ત્યાગ થયો તો તે બીજી પરણેછે તેમ કોઈ સ્ત્રીને થયું તો તેણે પણ બીજી વાર કોઇ બીજા પુરૂષ સાથે પુનર્વિવાહ કરીને સુખી થવું.

પુરૂષ વિશે તો ઘણું લખવાની અગત્ય નથી, કેમકે તેને તો પુનર્વિવાહ કરવાનો ચાલ છે. તેમ આપણા હિંદુલોકોમાં કેટલીક ન્યાતમાં

સ્ત્રિયોને પણ પુનર્વિવાહ કરવાનો ચાલ છે, ને કેટલીએક ન્યાતમાં સ્ત્રિયો વિશે અટકાવ છે તે ઘણો અઘટતો છે તથા તેથી તે સ્ત્રિયોને ઘણું દુઃખ પ્રાપ્ત થાયછે તે સંબંધી વિચાર નીચે લખી જણાવું છો.

કોઈ સ્ત્રી બાળરાંડ હોય તો પ્રથમ તો તે સ્ત્રીનો નિર્વંશ થાયછે. એમ કરતાં જો તે સ્ત્રી પોતાના માબાપને એકની એક હોય તો તેનો પણ નિર્વંશ થયો એમ જાણવું. જ્યારે તે સ્ત્રી ભરજવાનીમાં આવે ત્યાંહાં સુધી તેનો વેશ ઉતારવાનો ચાલ નથી, તે વખતમાં તે છોકરીનાં માબાપ, ખાવાપીવાને તથા હોડવા પેહેરવાને, તથા જાત જાતનાં ઘરેણાં ગાંઠાં ઘાલવાને આપેછે ત્યારે તે સમઝણી સ્ત્રિયોને ગમતું નથી. કદાપિ તેમ કરેછે તો તેને ધણી ઘણો સાંભરેછે. રાત્ર દિવસ પોતાની બેહેનપણીયો આગળ આંસુ ઢાળ્યાં કરેછે. જો તે સ્ત્રિયોનો એકાંત વિલાપ સાંભળ્યો હોય તો ભાઇસાહેબ! તમને દયા આવ્યા વિના રેહેજ નહિ. તે વખત તમને એવું લાગે કે હેને પુનર્વિવાહ કરાવવામાં જો મારી સઘળી પુંજી ખરચાય તો ખરચી નાખું. તેમાં જો પોતાનીજ છોકરીની કે બેહેનની એવી દશા થઈ હોય તો ડાહ્યા પુરૂષને કેમ દુઃખ લાગ્યાવિના રેહેશે ? વળી આપણા દેશમાં તો એવા ચાલ છે કે તેનો વેશ ઉતરાવે છે તેથી તે નાહની બાળક સ્ત્રિયોને કુરૂપ કરી નાંખેછે. જ્યારે તે સ્ત્રીને માથું બોડાવવા બેસવું પડેછે તે વખત કેટલા એક વરસ સુધી તો તેની આંખમાંથી બોર બોર જેવડાં આંસુ પડેછે. એ વાતનો નિશ્ચય મેં મારી જાતે તેવી સ્ત્રિયોને પુછીને કીધોછે.

એવી કોઈ સ્ત્રી જો મોટી થઇ ને તેને કોઈ પુરૂષનો ઘણો પ્રસંગ પડ્યો તો બગડ્યા વિના રહેતી નથી. એમ કરતાં જો તેને માથે અંકુશ ન હોય અથવા પોતેજ નિર્ભય થઈ બાહાર પડે તો છડે છોક છીનાળું કર્યા વિના રેહેશેજ નહિ. એવી સ્ત્રિયો હિંદુઓમાં જુઓ તો લાખોબંધ છે. એમ કરતાં કદાપિ થોડા દિવસ તે કોરી રહી, પણ વિચારી જુઓ કે જ્યારે તેને કોઈ પુરૂષ તેની ઇચ્છા પ્રમાણે કામકાજ કરી આપે એવા હોય નહિ, ત્યારે તેણે પોતાની સાથે મળતા વિચારના પુરૂષ સાથે કામ પાડવું પડેછે, પછી તે પુરૂષ કંઈ સગો હો અથવા ન હો. ને જ્યારે તે પુરૂષ સાથે કામ પાડ્યું એટલે તે તેને ફોસલાવે છે,

ને સંસારના સુખના કંઈ આવભાવ કરી બતલાવે, તેટલામાં તે બેનું એકચિત્ત થઈ જાયછે, ને વ્યભિચાર કરવા માંડેછે. કેટલેએક ઠેકાણે સગા સંબંધી હોય તો છાનું રેહેછે, ને કદાપિ ઉઘાડું પણ પડેછે.

એવું કરવાથી ઘણું માઠું થાયછે તે એ કે હૈયું બાળવું; વ્યભિચાર કરવો; છોકરાં પાડવાં; ઘડપણમાં ધાન પાનને રઝળવું; પોતાનો જીવ જોખમમાં રાખવો; દુઃખ ભોગવવું; કુરૂપ થવું; તથા છેલામાં છેલું એ કે તે સ્ત્રી પાસે જો ધન હોય તો તેનું ધન કોઈ પુરૂષ ખાઈ જાય, ને તે સ્ત્રી રડી રડીને મરે. માટે સેઠજી વિચાર કરશો તો તમને નક્કી સમઝાશે કે પુનર્વિવાહ કરવાની રીત ઘણીજ સારી છે તે ચલાવવી જોઇએ. જો એમ થશે તો સ્ત્રિયો સુખી થશે, ને તેટલા પુરૂપ પણ સુખી થશે. તેમની બુદ્ધિ પવિત્ર રેહેશે. ગૃહસ્થાશ્રમ ભોગવીને પોતાનું મન નિયમમાં રાખી ઈશ્વરની ભક્તિ કરશે. પાપ કર્મ કરશે નહિ. એ વાતમાં જે અજ્ઞાન ભરેલાં શાસ્ત્ર હોય તે માનવાં નહિ, કેમકે ધર્મશાસ્ત્ર એટલે સંસારમાં ચાલવાની રીત છે; તે જો અઘટતી રીત છે એવો નિશ્ચય થયો તો ફેરવવામાં વાર લગાડવી નહિ. ધર્મશાસ્ત્ર છે તે સંસારના સુખને અર્થે છે, કંઈ દુઃખને અર્થે નથી. તો વિચાર કરીને જેથી સુખ થાય તે કરવું. પત્રમાં લંબાણ થવા લાગ્યું માટે વધારે લખવાનું મનમાં રહિ ગયું. થોડે લખે ઘણુંકરી વાંચજો. આજનું પત્ર પુરૂં થયું. હેત કૃપા રાખવી. તા. ૧૨ મે સને ૧૮૪૩.

ઉપર લખેલો કાગળ સભાના બેસનારાઓએ સાંભળ્યો ને એ વાત સર્વના મનમાં ઉતરી. પછી વિશ્વનાથે આ શંકા કીધી કે જો સ્ત્રિયોને પુનર્વિવાહ કરવાનો ચાલ નિકળે તો પછી એક ધણી સાથે અણબનાવ થયો તો બીજો ધણી કરવા સારૂ પ્રથમના ધણીને ઝેર દઈને મારી નાખશે. માટે પુનર્વિવાહ કરવાની રીત સારી જાણવી નહિ. તે સાંભળી જમનાદાસ વકીલ બોલ્યા, કે તમારી આશંકાનું સમાધાન સહજમાં થઇ શકશે. સાંભળો. હાલમાં પુરૂષને પુનર્વિવાહ કરવાનો ચાલ છે ને કોઈ પુરૂષને પોતાની સ્ત્રી ગમતી નહિ હોય તો તે ધણી પોતાની સ્ત્રીને ઝેર દઈને શું મારી નાંખશે? ના, મારી નાંખશે નહિ કદાપિ વમે એમ કેહેશો કે પુરૂષ સારી બુદ્ધિના છે, માટે એમ નહિ

કરે તો તે પણ ઠીક નથી, કેમકે સ્ત્રી પુરૂષની બુદ્ધિમાં કંઈ નિયમ નથી, ને આ પૃથ્વી ઉપર ઘણા દેશ છે ને તેમાં ઘણા લોક રેહેછે, ને તેમાં ઘણીએક જાતમાં પુનર્વિવાહ કરવાનો ચાલ છે, પણ તે સ્ત્રિયો કંઇ પોતાના ધણીને ઝેર દેતી નથી, માટે પુનર્વિવાહ કરવામાં મને કંઈ અઘટારત લાગતું નથી. જો એ ચાલ નીકળે તો બચારી અનાથ સ્ત્રિયો સનાથ થાય.

મેતાજી બોલ્યા કે હું જમનાદાસના બોલવાનેજ સિદ્ધ કરૂં છો. સાંભળો. ઘણાએક ગૃહસ્થ લોકો પોતાને ઘેર રસોઇયાને ચાકર રાખેછે. તેમાંથી કોઇએક રસોઇયાયે પોતાના ધણીને રસોઇમાં ઝેર નાંખી મારી નાંખ્યો. તે સાંભળીને શું તમામ ગૃહસ્થો પોતાને ઘેરથી રસોઇયાને કાઢી મુકશે? ના કાઢી મુકશે નહિ. કેમકે જેમ એક રસોઇયાયે માઠું કામ કીધું, તેમ બધા કરશે નહિ. માટે એકને લીધે સઘળા ગૃહસ્થોએ દુઃખી થવું ઘટારત નથી. તેમજ તમે કોહોછો તેમ કોઈ દુષ્ટ પુરૂષ અથવા સ્ત્રી હોય ને તેણે માઠું કામ કીધું હોય માટે સઘળા માણસોને દુઃખ-માં નાંખવા ઘટારત નથી. ત્યારે આપણા લોકોમાં પુરૂષને જેમ પુનર્વિવાહ કરવાનો ચાલ છે તેમ સ્ત્રિયોમાં પણ ચાલ પાડવો જોઇએ. અરે ભાઇઓ! એ બિચારી ગરીબ વિધવાઓને જોઇને જેને દયા નહિ આવે એવા અજ્ઞાની પુરૂષ જેટલા હશે તેને હું ઘણા નિર્દય જાણુંછૌં.

મનસુખલાલ છોટેલાલ દેશાઇએ પ્રશ્ન કીધો કે તમારા પ્રશ્નમાં તમેઃ જેમ વિધવા સ્ત્રિયોનું દુઃખ બતલાવ્યું છે, તેમ તેના માબાપનું દુઃખ જણાવ્યું નથી. પણ જેવું દુઃખ તે વિધવાને છે તેવું તેના માબાપને પણ છે. જે દિવસથી છોકરી રાંડી તે દિવસથી તેની મા પણ છતે ધણીએ અરધો રંડાપો ભોગવે છે, ને બાપને પણ પોતાની છોકરીને જોઇને ઘણું દુઃખ થયાં કરેછે. કેટલીએક સ્ત્રિયો તો પોતાની છોકરી રાંડી એટલે તે પોતાના ધણી સાથે સંસાર ભોગવવો મુકી દેછે. તેથી પણ તે સ્ત્રી પુરૂષમાં કલેશ વધેછે. વળી એવું થયું એટલે બી-જાના જીવતાં માણસો ઉપર અદેખાઇ આવેછે, ને જો તે વિધવાનાં સાસુ સસરો જીવતાં હોય, તો તેને પણ તેટલુંજ દુઃખ લાગેછે. જો એક છોકરી વિધવા થઈ તો તેની પછવાડે કેટલાંએક બૈરાં ન્યાતમાં

જંમા જવું મુકી દે છે. એ સઘળો અનર્થ પુનર્વિવાહ ન કરવાથી છે માટે જો પુનર્વિવાહ કરવાનો ચાલ નિકળે તો સર્વ લોક સુખી થશે એમાં સંદેહ નથી.

મેતાજી બોલ્યા, દેસાઇ તમે ખરી વાત કોહોછો. તમે કાગળમાં જે અપૂર્ણતા કાઢી તે ખરી છે. એ કાગળમાં કઈ સંપૂર્ણ વાત લખાઇ નથી માટેજ પછવાડે લખ્યું છે કે "વધારે લખવાનું મનમાં રહી ગયું." વળી પુનર્વિવાહ વિશે હું વધારે અગત્ય બતાવું છો. જો કોઈ રાંક માણસને બે ત્રણ છોકરા હોય ત્યારે ઘણે ઘણે દુઃખે પૈસા એકઠો કરીને તે છોકરામાંથી એક છોકરાને પલ્લું ભરીને પરણાવે છે. ગરીબ માણસને એક છોકરો પરણ્યો એટલામાં પાંચ રૂપિયા ખરચ કરતાં દેવું થઈ જાયછે. તે વખત એટલું દુઃખ ભોગવીને છોકરાને પરણાવતાં તેના બાપના મનમાં એવું છે કે એ છોકરાની વહુ મોટી થશે તો ઘડપણમાં મારી સેવા કરશે. રાંધી ખવડાવશે. આગળ જાતે છોકરાને છોકરાં થઈને મારી વંશ વૃદ્ધિ થશે. આમુખા જેના બાપને એકની એક છોકરી હોય એવી કન્યાને શોધી કાઢીને કન્યા લેવા ઉપર પ્રયત્ન કરીને પોતાના છોકરાને પરણાવે છે, ને તેના મનમાં એમ છે કે મારા છોકરાની વહુ પોતાના બાપના ઘરની પુંજી કોઇ દિવસ આપણે ઘેર લઈ આવશે. હવે કાળની ગતિયે તે છોકરો મરણ પામ્યો, તો પેલી એકની એક છોકરી વિધવા થાયછે. એ ઠેકાણે બન્ને વેહેવાઇની તથા તે વિધવાની ખરાબી થાયછે. તે એ રીતે કે વરના બાપે જેમ તેમ ધન એકઠું કરી પલ્લું ભરી છોકરો પરણાવ્યો, ને તે છોકરો મરી ગયો, એટલે તે પૈસા ખરચ્યો સર્વે વ્યર્થ ગયો; વહુ ઉપરથી પોતાની સત્તા ઉઠી. પોતે નિર્ધન માટે બીજો કોઈ છોકરો પરણવાનો નહિ. તેથી આગળ જાતે તે વરના બાપનો નિર્વંશ થઈ જાયછે. ને એ વિધવાનું દુઃખ તો આગલા કાગળમાં લખ્યુંછે માટે ફરી લખવાની જરૂર નથી. ને પેલી વિધવા છોકરીનાં માબાપને તે એકનીએક છોકરી વિધવા થઇ એટલે દીકરીએ પણ દીવો રેહેવાનો નહિ, અંતે સત્યાનાશ જવાનું ને પોતાનું ધન ધૂળ ધાણી થઈ જવાનું, ને જો છોકરી છિનાળ ઉઠી તો પોતાના કૂળમાં મોટું લાંછન લાગશે.

ઉપર લખેલું સઘળું દુઃખ મટી જવાને એકજ ઉપાય સારો છે, કે તે છોકરીનું પલ્લું તેના સસરાને પાછું આપીને તે છોકરીને પુનર્વિવાહ કરાવવો. એવું થશે તો સર્વે સુખી થશે; જુઓ વરનાં માબાપને પોતાનું પલ્લું પાછું આવ્યું એટલે તે વડે બીજા છોકરાને પરણાવશે તેથી તે પૂર્વ પ્રમાણે સુખી થશે. તથા વિધવાનો પુનર્વિવાહ થયો એટલે તેને પણ સંસાર સુખ મળ્યું ને સુખી થઈ. તથા તે છોકરીને સુખી જોઈને તેનાં માબાપ પણ સુખી થયાં ને તેને ઉમેદ થઈ કે આગળ જાતે છોકરીને છોકરાં થશે તેથી મારો દીકરીયે દીવો રેહેશે, ને મારી પૂંજી લુંટાશે નહિ, તથા મારી છોકરી પોતાની બુદ્ધિ બીગાડીને વ્યભિચાર કર્મ કરશે નહિ.

મનસુખલાલ દેશાઈએ કહ્યું કે આવી સારી વાત આ સભામાં થાયછે માટે એ સઘળા વિચારોનું એક પુસ્તક કરી છપાવી પ્રગટ કરવું જોઈએ. તે સાંભળી દાદુબા બોલ્યા કે તમે કોહોછો એ સાચું છે. કોઈ પૈસાનો ખરચનાર મળશે તો છપાવીને પ્રગટ કરીશું. મારી તથા મેતાજીની પણ એવીજ ઇચ્છા છે.

એટલું ભાષણ થયા પછી સભાનું કામ બંધ થયું.

———o———

તા. ૨૯ સપટેંબર સને ૧૮૪૪ સંવત ૧૯૦૦ના ભાદરવા વદી ૩ વાર રવી.

આજે સભા મધ્યે આસરે ૧૫ માણસ મળ્યાં હતાં તે વેળા મેતાજીએ ગયા રવીવારનું થયેલું વર્ત્તમાન વાંચી સંભળાવ્યું તથા શેઠ પુરૂષોત્તમદાસ ઉપર લખેલો છઠા આંકનો કાગળ વાંચી સંભળાવ્યો. તે કાગળની નકલ આજના ભાષણની સમાપ્તિએ ઉતારેલી છે તે વાંચ્યાથી સમજ્યામાં આવશે. તે કાગળ વાંચ્યા પછી મેતાજીએ સભાના બેસનારાઓને કહ્યું કે તમે કંઈ પ્રશ્નોત્તર કરો.

હરનારાયણ નારાયણરામે પ્રશ્ન કીધો કે તમે જ્ઞાનનો ઉપદેશ કરો છો તે જ્ઞાન કયું. યથાર્થ હોય તે કહો. તેનું ઉત્તર મેતાજીએ દીધું કે જ્ઞાન એટલે સાચી વાતની સમજણનું નામ છે. સાચી સમજણથી માણસને સદા સુખ પ્રાપ્ત થાયછે. પણ તે મધ્યે જે પરમાર્થ જ્ઞાન છે તે આ સભા મધ્યે હું કહી સંભળાવું છો. સાંભળો—

શરીરનું નામ ક્ષેત્ર જાણવું તથા એને જાણનારાનું નામ ક્ષેત્રજ્ઞ જાણવું. વિશેષ અર્થ સમજતાં પાંચ કર્મેદ્રિય, પાંચ જ્ઞાનેંદ્રિય, પંચ મહાભૂત, પંચતન્માત્રા, અંતઃકરણ, ચતુષ્ટય, એ સર્વને ક્ષેત્ર જાણવું, ને સર્વના શરીરનો વ્યાપી રહેનારો નિત્ય શુદ્ધ સાક્ષી રૂપ આખા વિશ્વની સત્તા રૂપ, સર્વનો અંતર્યામી તેને ક્ષેત્રજ્ઞ જાણવો. એમાં જે જીવ કહેવાય છે તે દેહનો અભિમાની છે, પણ વસ્તુતઃએ મહેશ્વર છે. જીવને મહેશ્વર માનવો એ મારી બુદ્ધિ પ્રમાણે મને ઠીક લાગતું નથી. એ ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનું જ્ઞાન મેં તમને ટુંકામાં કહ્યું છે. એ જાણવાથી માણસ સારી બુદ્ધિનો તથા સદાચરણી થવો જોઇયે. જો તેમ ન થયું તો એનું જ્ઞાન મિથ્યા જાણવું. ફરીને હરનારાયણ બોલ્યા કે તમે કહ્યું તે તો ખરૂં છે, પણ એ પ્રમાણે જો લોક સમજે, ને મૂર્ત્તિને ખોટી જાણશે તો બ્રાહ્મણો જે લોકોને જુઠૂં જુઠૂં સમજાવીને ઠગે છે, તે સર્વ ઠગાઈ બંધ થઈ જશે, ને તે લોકો ભુખે મરશે. તેનું મેતાજીએ ઉત્તર દીધું કે તેની કંઈ ચિંતા નહિ. સાચી વાત કહેતાં ઠગ લોકોને નુકસાન થાય તેમાં આપણે શું કરિયે?

દક્ષિણી બ્રાહ્મણ રામ જોશીએ પ્રશ્ન કીધો કે આ જુગ પ્રમાણે મૂર્ત્તિ પૂજા સત્ય છે કે નહિ? કર્મ કીયે દિવસથી થયાં? મેતાજીયે ઉત્તર દીધું કે મૂર્ત્તિપૂજા કોઈ યુગમાં યોગ્ય નથી. મૂર્ત્તિ પૂજવાથી માણસની જડ મતિ થઈ જાયછે, પણ કેવળ ઘણી જડ બુદ્ધિનો કોઈ પુરૂષ હશે તેને સમજાવવાને સારૂ પ્રથમ મૂર્તિની ચાલ નીકળી હશે. કોઈ યુગમાં માણસોની બુદ્ધિ સરખી હોતી નથી. જેની ઘણી સારી બુદ્ધિ તેને સત્યયુગની બુદ્ધિ જાણવી, ને જેની નઠારી બુદ્ધિ છે તેને કલિયુગની બુદ્ધિ જાણવી. જેની બુદ્ધિ સારી છે તેને દૈવી બુદ્ધિનો જીવ જાણવો, ને જેની બુદ્ધિ માઠી છે તેને આસુરી બુદ્ધિનો જીવ જાણવો. દેવ અને અસુર એ બેની કંઈ વંશપરંપરા જાત નથી, તો તેની બુદ્ધિ ઉપરથી દેવ અને અસુર કહેવાય છે. એવો સત્પુરૂષનો સિદ્ધાંત છે.

શેઠજી પુરૂશોત્તમદાસ ઉપર લખેલા છઠ્ઠા આંકના
કાગળની નક્લ.

પરમમિત્ર વિવેક સાગર શેઠજી પુરૂષોત્તમદાસ માણેકલાલ પ્રતિ

લિખિતં દવે દુર્ગારામ મંછારામના ઘણા ઘણા આશિરવાદ. વિશેષ આજના પત્રમાં સારા ગુરૂ મળવાથી શૂં શૂં લાભ થાયછે તે લખી જણાવ્યું છે. તેને સારી પેઠે ધ્યાન રાખી વાંચીને તેજ રીતે ચાલવું ઘટારત છે.

લોકો દેશાટન કરેછે, તથા તીર્થ યાત્રા કરેછે, તથા સાધુને જમાડે છે, તથા બ્રાહ્મણને જમાડેછે, એ સર્વનું તાત્પર્ય એજ છે કે કોઇ કારણે સદ્ગુરૂનો મેળાપ થાય. તેમાં કોઇ લોક એમ સમજેછે કે સત્પુરૂષ જમાડ્યાથી, અથવા દર્શન કરવાથી આપણું કલ્યાણ થાયછે, એવું જાણવું તે ખોટું છે. સર્વમાં સાચામાં સાચું શું છે કે તે સત્પુરૂષ આપણી સાથે કંઈ વાત કરે ને આપણૂં અજ્ઞાન કાઢીને જગત્માં સાચામાં સાચું જે જ્ઞાન તે આપે. એ ઠેકાણે જ્ઞાન કહેતાં કંઈ વસ્તુ નથી, કંઈ દ્રવ્ય નથી, જ્ઞાન એટલે ખરેખરી વાત છે, જે જાણવાથી આપણે આજ લગણ માબાપનું શિખવેલું તથા લોભી ગુરૂનું, તથા લોભી બામણાનું, તથા ધૂતારા જોગીનું સમજાવેલું જે બાળપણથી અજ્ઞાન પ્રાપ્ત થયું હોય તે મટી જાય. એ અજ્ઞાનથી કેટલો અવગુણ છે તેનો કંઈ પાર નથી. માણસ અજ્ઞાને પોતે કેટલા કાળ વ્યર્થ કાઢે છે, તથા પોતે કેટલું તો ધન ખરાબ કરેછે, તથા કેટલાએક સાથે દ્વેષ થાયછે, તથા પોતાને રોગ થાયછે, તથા અંતે ઘણાએક દુઃખી થઇને પાપ કર્મ કરેછે એ સર્વ અજ્ઞાનથી થાયછે એમ જાણવું.

હવે સત્પુરૂષ તે કેવા જોઇએ તે વિશે ધ્યાન પોહોંચાડવું. કોઈ કેહેશે કે ધનવાન સત્પુરૂષ, કોઈ કેહેશે કે ભેગી તે સત્પુરૂષ, કોઈ કેહેશે કે રાખ ચોળીને જે જોગી ફરેછે તે સત્પુરૂષ. પણ એવાને સત્પુરૂષ કદાપિ જાણવા નહિ. સત્પુરૂષ જે હોય તે ઘણો ડાહ્યો હોય; તથા તેનું બોલવું પણ સારૂં હોય, તથા તેને સાચું જ્ઞાન હોય તેજ સઘળે કેહેતો ફરે; તથા કપટ રાખીને કંઈ બોલે નહિ;તથા જગત્ માંહેલા જીવોની તેને ઘણીજ દયા આવે; તથા કાયા, વાણી, મન, એ સર્વથી પવિત્ર રેહે; તથા રાત્ર દિવસ પોતાના દોષ પોતે સોધ્યાં કરીને તે ઉપર પોતેજ શિક્ષા કરે; તથા પારકામાં જે દોષ હોય તે ખસેડીને તેને ગુણ આપે. હું તો હેવું સમજ્યો છૈં કે સત્પુરૂષ ફલાણીજ જાતનો હોય તેવું નથી, તથા ફલાણાજ ગામમાં રેહેછે તેનો પણ મેળ નથી, તથા

ફલાણીજ રીતે નિર્વાહ ચલાવેછે તેનો પણ કંઈ નિયમ નથી. સત્પુરૂષ હિંદુમાં પણ હોય, મુસલમાનમાં પણ હોય, ખ્રીસ્તીમાં પણ હોય. વળી સ્ત્રીમાં પણ હોય. સારાંશ એ છે કે જે સાચેસાચી વાત જાણે, સઘળા જુઠાણાની જેને ખબર હોય, કોઇના ભેદ પ્રપંચને જે પારખી જાણે તેનેજ સત્પુરૂષ, જ્ઞાની સાચી વાતનો જાણનાર એમ જાણવું.

સાચૂં શું અને જુઠૂં શૂં એટલે જ્ઞાન તે શૂં અને અજ્ઞાન તે શૂં તેનો વિસ્તાર હું તમને લખી જણાવું છોં. એને સિદ્ધ કરવા સારૂ પ્રથમ એક દાખલો આપુંછોં તેમાં તમે મન ઘાલીને વિચાર કરજો. જેમ એક દોરડી પડેલી છે ને તેથી થોડે દૂર એક સાપ પડેલો છે. હવે કોઈ માણસ પેલી દોરડી પડીછે તેને સર્પ જાણેછે. શાથી જે એને વિચાર કરીને જોવાની ટેવ નથી. તેમ બાળક છે તે સર્પને પકડવા જાયછે, તેને કંઈ સર્પથી મરાય છે તેનું જ્ઞાન નથી. ત્યારે એ બન્ને જણાને અજ્ઞાની જાણવા. કેમકે એની વિપરીત બુદ્ધિ થઇછે. જેમ ઘટે તેમ તે સમજતા નથી. દોરડીને સાપ જાણી અમસ્તકો બિહેછે, નાહાશેછે, તેની બીકે કેટલાએક પૈશા ખરચ કરેછે. જાત જાતની માનતા કરેછે. ધૂતારા લોકો દોરડીને સર્પ જણાવી લોકોને ધૂતેછે. તેમજ જે મૂર્ખ છે તે સાપને દોરડી જાણીને ઘણી પ્રીતિથી વળગવા જાયછે તેને તે સાપ કરડેછે. પણ તે અજ્ઞાનને સાપના કડવાથી હું મરૂંછોં એટલું પણ જ્ઞાન નથી. ને તે મરતાને જોતે છતે બીજા પણ તે અથવા તેવા સાપને પકડેછે તેથી તેમનો પણ નાશ થાયછે. વળી કેટલાએક અજ્ઞાની ગુરૂ પણ સાપને દોરડી છે એમ કહી લોકોને મહા દુઃખમાં નાંખેછે. હવે એ તો મેં તમને દૃષ્ટાંત કહી સંભળાવ્યું. એનો સિદ્ધાંત સાંભળો, નીચે લખી જણાવું છોં.

દોરડીને ઠેકાણે તો બામણ કરાવે છે તે કર્મકાંડ. જેમાં કંઈ પણ સાર નથી. અમસ્તકા કુસકા કુટાવે છે. અમથા અમથા બીવડાવે છે, ને કેહેછે કે જો તમે ફલાણું નહિ કરો તો તમારા પિતરની અસદ્ગતિ થાશે, દેવતા કોપશે, પૈશે ટકે ખરાબ થશો, છોકરાં છૈયાં મરી જશે; ને જો કંઈ અમને તથા અમારા સરખા કોઇ બીજાને આપશો તો તમારૂં કલ્યાણ થશે. વળી કોઈ મૂર્ત્તિ લાવશે. તેને કંઈ ભર્માને ચોખા છાંટશે ને કેહેશે

કે હવે એની પ્રતિષ્ઠા થઈ; એમાં દેવ આવ્યા; હવે એથી બીહ્યો; એને ફૂલ ચઢાવો, ચંદન ચઢાવો; પગે લાગો; એના સામું ઉભા રહીને ગાલમાં તમાચા મારો; નાક લીટી કાઢો. પણ તમારે નિશ્ચય જાણવું કે એ દોરડીને ઠેકાણે સર્પ કરી બતાવે છે માટે એને અજ્ઞાન જાણવું.

હવે મૂર્ખ છે તે સાપને ઠેકાણે દોરડી જાણે છે તે સાંભળો—છીનાળું, ચોરી, જૂઠું બોલવું, નિર્દયપણું, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ને અભિમાન. કોઈ જાણે હું ધનથી ઉંચો, કોઈ જાણે હું જાતથી ઉંચો, કોઈ જાણે હું કુળથી ઉંચો, કોઈ જાણે હું વિદ્યાથી ઉંચો, ઈત્યાદિ ઘણા પ્રકારની મોટાઈયો માણસે માની લીધેલીછે. તથા કોઈ મૂર્ખ ગુરૂપણાનો વેશ લે ને આ ઉપર લખેલા દુર્ગુણ રૂપ સાપને પોતે અજ્ઞાનપણાથી સેવના કરે ને બીજા લોકોને પણ વિષયની વાતો કહી સંભળાવે છે. ભક્તિનું બાહાનું કાઢીને સારૂં સારૂં ખાવું, ઘણી ઘેલાઈ કાઢવી, એ સર્વ સાપને દોરડી જાણીને લોકોને કુઆમાં નાંખેછે. પણ સત્પુરૂષ એમ કરતા નથી. વળી તેની જે સમજણ છે તે કાલના પત્રમાં લખી મોકલીશ. હેત કૃપા રાખવી. તા.૧૩ મે સન ૧૮૪૩."

આ ભાષણમાં દુર્ગારામ મેહેતાજી માણસના જીવને મહેશ્વર કહી લખેછે કે "એ જાણવાથી માણસ સારી બુદ્ધિનો તથા સદાચરણી થવો જોઈયે. જો તેમ ન થયું તો એનું જ્ઞાન મિથ્યા જાણવું". આ એમની મોટી ભૂલ છે. પોતાને જેણે પરમેશ્વર માન્યો તેને પાપ કરવામાં કોઈની બીક ન રહી. પંડે મહેશ્વર છે એવું જાણ્યા પછી પાપ કરે તો તે જાણવું મિથ્યા કેમ થાય? કર્મ કરનાર દેહ, અને આત્મા તો માત્ર સાક્ષી, એમ ઠરાવ્યા પછી આત્માને ભય રહે નહિ, કેમકે સાક્ષીને સજા હોય નહિ. એવા જૂઠા જ્ઞાનથી માણસની બુદ્ધિ બગડી તે દુરાચરણી થવો જોઇએ, ને એમ થાયછે તે આપણે જોઇએ છીએ. આ વિષે જૂદું પ્રકરણ બીજા ભાગમાં આવશે. બ્રાહ્મણો ઉપર રોષ કરીને બોલછે ત્યારે તેમને બામણા કહેછે. એ રીતે ગુસ્સો ને તિરસ્કાર કરવા એ વખોડવા જોગ છે.

"તા. ૬ અકટોબર સન ૧૮૪૪. સંવત ૧૯૦૦ ના
ભાદ્રપદ વદી ૧૦ વાર રવી.

"આજ રોજે સભામાં આશરે ૧૫ માણસ મળ્યાં હતાં તેને મેહેતાજીએ ગયા રવીવારનું થએલું વર્તમાન વાંચી સંભળાવ્યું ને બોલ્યા કે જેની ઇચ્છામાં આવે તે પ્રશ્નોત્તર કરો.

મોતીરામ દુલ્લભદાસે પ્રશ્ન કીધો કે હવડાં શ્રાદ્ધિયાનું પખવાડિયું ચાલેછે તેમાં સર્વે જાતના હિંદુઓ પોતાના ઘરડાનાં શ્રાદ્ધ કરેછે, ને તેમના મનમાં એવું છે કે શ્રાદ્ધ સારવાથી તથા બ્રાહ્મણ જમાડવાથી આપણા પિતર સંતોષ પામેછે, ને આપણે જે જે બ્રાહ્મણને આપિયે છિયે તે સર્વે આપણા ઘરનાં મરી ગએલાં માણસોને પોહોંચેછે. એ વાત સાચી છે કે જૂઠી છે એનુ ઉત્તર જેની ઇચ્છામાં આવે તેણે આ સભામાં દેવું.

એ પ્રમાણે પ્રશ્ન થયા પછી સભા મધ્યેથી બીજા કોઇએ ઉત્તર દીધું નહિ, ત્યારે મેહેતાજી બોલ્યા કે શ્રાદ્ધ કરવાની રીત ઘણી જૂની છે. આગલા વખતમાં જે અનીશ્વરવાદી હુતા તે લોકો પિતરનાં શ્રાદ્ધ ઘણા કરતા હુતા, ને પિતરનેજ માનતા હતા, ને તે પ્રમાણે હાલમાં ચીન દેશમાં પણ ચાલેછે. પણ મારા વિચાર પ્રમાણે એ ચાલ નઠારી છે; એથી માણસ ઘણું વેહેમી થઈ જાયછે.

શ્રાદ્ધની વાત પેદા થવાને બે કારણ વિચારમાં આવેછે. તેમાં પ્રથમ એ કે માણસ મરેછે ને તેના કલેવરનો નાશ થઈ જાયછે એવું જાણતેછતે પણ માણસના મનમાંથી તે માણસનો સંસ્કાર નાશ પામતો નથી. તેથી તે એમ વિચારે છે કે જે માણસ મરી ગયું છે તોપણ તેનું શરીર જેવું હતું તેવુંજ છે. તેને પેટ છે, તેને ભૂખ લાગે છે; ને વળી એમ ધારેછે કે એ મરી ગયેલા માણસને જે જે સમયે જે જે જોઇતું હશે તે કોણ આપતું હશે. તે હરેક પદાર્થને માટે દુઃખ ભોગવતું હશે. વળી જે આ આપણા ઘરમાં તેના પદાર્થ છે તે તેને પોહોંચે એવા શા ઉપાય કરીએ. એવી રીતે મરનાર માણસની વાત સંભારી સંભારીને ઘણા વિલાપ કરેછે. તે વેળા જે વધારે સમજતા હશે તેણે એમ

વિચાર કીધો હશે કે એ માણસને આડી અવળી વાત સમજાવીને એના મનમાંથી એ સંસ્કાર ઉડી જાય તે ઉપાય કરવો જોઇએ. એવું જાણીને તે તેને એમ સમજાવે છે કે તમારા મરી ગએલા માણસને સંતોષ પમાડવું હોય તો શ્રાદ્ધ કરો, તથા બ્રાહ્મણ જમાડો, તથા જેજે વસ્તુ તે મરનારને વાહાલી હોય તે સર્વે બ્રાહ્મણને આપો, તથા તમારે જે વસ્તુ તે મરનારને પ્રીતિથી મોકલવી હોય તો તે બ્રાહ્મણને અર્પણ કરો, એટલે તેને સર્વ સુખ બ્રાહ્મણના પ્રસાદથી પરમેશ્વર આપશે. એવી રીતે ભરોસો આપીને તેના મનને નિવૃત્તિ પમાડે છે.

બીજું કારણ એ છે કે બ્રાહ્મણ લોક ઘણા લોભિ થયા છે, ને બીજા અનેક પ્રકારના ઘણા ઉદ્યોગ છે તે કરતા નથી, તેથી તઓ પિતરનું તથા દેવતાનું તથા ભૂતનું ઇત્યાદિ ઘણાં બાહાનાં બતાવીને પોતાને મોજ ભોગવવાનો ઉદ્યોગ સોધી કાઢેલો છે, ને તેને વાસ્તે અનેક પ્રકારના ગ્રંથો બનાવીને લોકોને ઠગીને પોતે મોજ કરેછે. પછી તે ચાલ જોઇને ક્ષત્રી, વૈસ્ય, શૂદ્ર ઇત્યાદિ સર્વ લોકોએ મુએલાં માણસની ઉજાણીઓ ખાવાનો ભૂંડો ચાલ ચલાવેલો છે, ને તે ચાલ ઇંદ્રિયોના સ્વાદને લીધે ઘણો વધી પડેલો છે. પણ મારો વિચાર એ વિશે એટલોજ છે કે મરણ તિથિને દિવસે માણસે કંઈ કરવાની જરૂર નથી. મરનારે જેવું સારૂં અથવા માઠું કામ કીધું હશે તેનો બદલો પરમેશ્વર તેને આપશે. પણ તે મરનારના પાપને પાછળના જીવનાર માણસોનો ઉપાય કંઈ લાગુ પડતો નથી."

આ સોળમાં ભાષણમાં શ્રાદ્ધનો વિષય છે. એ બાબત પ્રયોગ થઇ શકે તેવું છે. માબાપ, દાદા, દાદી વગેરે જીવતાં હોય તેમને મેડા ઉપર ભૂખ્યાં બેસાડી નીચે બ્રાહ્મણને જમાડવા ને જોવું કે તેથી તે માળ પર બેઠેલાંના પેટમાં કાંઈ આવેછે; તેમની ભૂખ મટેછે કે નહિ? જો જીવતાની ભૂખ એમ જતી નથી તો મુવેલાની કેમ જશે? શ્રાદ્ધનો હેતુ મને તો એવો લાગેછે કે, જે દિવસે વાહાલાનું, કે જન્મ આપી ઉપકાર કરનાર માતપિતાનું મૃત્યુ થયું હોય તે દિવસે શોક થાય. એ ક્લેશને મટાડવાને માટે કોઇ જ્ઞાની ભક્તને તેડી તેની જોડે ધર્મ સંબંધી, ઈશ્વર

સંબંધી, મરણ સંબંધી, સદાચરણ સંબંધી વાત ચીત કરવી, કે તે જે રૂડી વાત કહે તે સાંભળવી, કે તેથી પ્રિયના વિયોગનો સંતાપ ઓછો થાય. એવા સારા માણસની જોડે ભોજન કરીએ, તેની સેવા કરીએ એ ધર્મનું કાર્ય જીવને સંતોષકારી ખરૂં. પિંડ દાનની જોડે એમ બ્રાહ્મણ જમાડવાનો ચાલ નીકળ્યો, તે વધીને તથા બગડીને હાલની માઠી સ્થિતિમાં આવ્યો. એ બગાડને દૂર કરવો જોઇએ. પિંડ દાનનો વેહેમ તો બહુ જૂનો જણાય છે.

"તા. ૧૩ અકટોબર સન ૧૮૪૪. સંવત ૧૯૦૦ ના
આશ્વીન શુદ ૨ વાર રવી.

"આજે સભામાં ૧૬ માણસ મળ્યાં હતાં તેને મેહેતાજીએ ગયા રવીવારનું થયેલું વર્ત્તમાન વાંચી સંભળાવ્યું તથા શેઠ પુરૂષોત્તમદાસ ઉપર લખેલો સાતમા આંકનો કાગળ વાંચી સંભળાવ્યો. એ કાગળની નકલ આજના વૃત્તાંતની પાછળ વાંચ્યામાં આવશે. પછી મેહેતાજી બોલ્યા કે હવે જેની ઇચ્છા હોય તે પ્રશ્નોત્તર કરો.

દુલ્લભદાસે પ્રશ્ન કીધો કે મેહેતાજી તમે તો બ્રાહ્મણના કાળ છો, કેમકે ખરેખરી વાત સમજાવશો તો આગળ જાતે બ્રાહ્મણને કોણ માનશે? તેનું ઉત્તર મેહેતાજીએ દીધું કે સાચા બ્રાહ્મણનો તો હું પરમ મિત્ર છૌં. પણ જે પોતાનું નામ બ્રાહ્મણ કેહેવડાવે ને તેમાં બ્રાહ્મણપણું નહિ હોય તો તે નામ માત્રજ બ્રાહ્મણ છે એમ હું જાણું છૌં. પણ ઉપદેશ લેવા યોગ્ય તેને હું જાણતો નથી. સાચી વાત કેહેતાં જો ઠગ લોકોને નુકશાન પોહોંચે તો તેની દયા આણવી નહિ. જુઓ હવડાં જે નામના બ્રાહ્મણ છે તે કેવી ઠગાઈ ચલાવે છે. ખોટી ખોટી કથાઓ વાંચેછે ને તેમાં બ્રાહ્મણની તો ઘણીજ પ્રશંશા કરેછે. મુઆને નામે ખાયછે તથા જીવતાને નામે ખાયછે. એવી રીતે સાચા ધર્મને ડુબાવીને પોતાના પેટ ભરવાનીજ માત્ર ચિંતા રાખેછે, માટે એવા અજ્ઞાની જે નામ માત્ર બ્રાહ્મણ ને જે લોકોને ઠગીને પેટ ભરનાર તેના જીવતરને ધિઃકાર છે. ને એવી વાત કરતાં જો ઠગ બ્રાહ્મણને નુકસાન થાય તેની મને કંઈજ બીક નથી. પછી જમનાદાસ વકીલ બોલ્યા કે ખરી

વાત છે- જેમ ઘણા માણસોનું રક્ષણ કરતાં ચોરને તથા તેના સંગી લોકોને હાની પોહોંચે તે વિશે દયા લાવવી જોઇએ નહિ. વળી દુલ્લભદાસ બોલ્યા કે આપણા દેશમાં ઘણીએક જ્ઞાતના લોક બીજી ઘણીએક ન્યાતના લોકોના હાથનું જમતા નથી, ને જગન્નાથ પુરીમાં તો સર્વ વર્ણના લોકો એકઠા મળીને ખાયછે, તેનું કારણ શું હશે? તેનું ઉત્તર દાદોબાએ એવું દીધું કે જગન્નાથ ક્ષેત્રમાં એ ચાલ સારી છે, પણ મારો વિચાર તો એવો છે કે આખી પૃથ્વીમાં જે જે જાતનાં માણસો છે તે સર્વ લોકોસાથે મિત્રાઈ રાખવી ઘટારત છે. ને એમ સમજવું કે ઇશ્વરનાં કીધેલાં માણસ માત્ર એક ન્યાત છે ને તેમાં અજ્ઞાની અભિમાની લોકોએ પોતાના લાભને સારૂ જૂદી જૂદી ન્યાતો કીધેલી છે. માટે સર્વ માણસોને પોતાનાં ભાંડુ જેવાં જાણવાં એ સમાન મોટું પુણ્ય બીજું કાંઈ નથી.

મેહેરવાનજીએ પ્રશ્ન કીધો કે માણસોને સમજવા સારૂ પરમેશ્વરે કંઈ ગ્રંથ કીધા છે કે નહિ? તેનું ઉત્તર મેહેતાજીએ એ રીતે દીધું કે જેટલા આ પૃથ્વિ ઉપર ગ્રંથો છે તેમાંનો એકે ગ્રંથ પરમેશ્વરે કીધો નથી. એ સર્વ ગ્રંથ માણસોની કલ્પનાથી ઉભા થએલા છે. જે જે કાળમાં જે જે ડાહ્યા લોકો થયા તેણે પોતાની બુદ્ધિ પ્રમાણે ગ્રંથો કીધા છે. પણ હરકોઈ ગ્રંથમાંથી અભિમાન તથા અજ્ઞાનનો ત્યાગ કરીને બાકીની વાત સર્વે લોકોએ માનવી ઘટારત છે. જો એ પ્રમાણે કરીશું તો આપણે મતે હિંદુનો વેદ તથા મુસલમાનનું કુરાન તથા ખ્રિસ્તીઓનું બૈબલ એ સર્વે ગ્રંથ માનવામાં આપણને દોષ નથી. કેમકે ખરી વાત છે તે આખી પૃથ્વિનાં માણસોને કબૂલ છે. પણ પેટભરા લુચ્ચા લોભી એવા જે આખી પૃથ્વી ઉપરના ધર્મ ઠગ છે તેણેજ માણસ માત્રમાં કલેશ પેદા કીધા છે. માટે ભાઇઓ એ ફાંસિયાઓની ફાંસીમાંથી તમે છૂટો એજ મારી ઇચ્છા છે.

સાતમા આંકના કાગળની નકલ.

પરમ મિત્ર વિવેક સાગર સેઠજી પુરૂષોત્તમદાસ માણેકલાલ પ્રતિ લિખિતં દવે દુર્ગારામ મંછારામના ઘણા ઘણા આશિર્વાદ. વિશેષ કાલના

પત્રમાં મે કબૂલ કીધું હતું તે પ્રમાણે સત્પુરૂષની સમજણ આ પત્રમાં લખી જણાવું છૌં.

સત્પુરૂષ જે હોય તે મિથ્યા શ્રમ કરાવે નહિ તથા જેમાં અભિમાન વધે એવી રીત બતાવે નહિ. એમ કરતાં કોઇ તમને ગ્રંથ બતાવે ને તેમાં જો મિથ્યા શ્રમ તથા અભિમાનની વાત નીકળે તો તમારે નિશ્ચય કરીને જાણવું જે તેવું લખનાર સત્પુરૂષ નથી; ને કદાપી તેનું નામ સત્પુરૂષ હોય તો હેવું જાણવું જે તેનું કીધેલું એ નથી. કોઈ અધર્મી અભિમાનીનું બનાવેલું છે અથવા કોઈ અધર્મીએ એવી વાત સારા ગ્રંથમાં ભેળેલી છે. એ રીતે જાણવું. હવે મિથ્યા શ્રમ તે શું એ નીચે લખી જણાવું છૌં.

પ્રથમ મિથ્યા શ્રમનો વિસ્તાર લખુછૌં. તે એ જે કોઇ માણસ શિયાળામાં ઘણુંજ વેહેલું ટાહાડમાં ઉઠેછે, અને ટાહાડે પાણિયે નાહાય છે, ને મનમાં એમ જાણે છે કે એમ કીધાથી માહારી બુદ્ધિ નિર્મળ થાશે તો જાણવું જે એ મિથ્યા શ્રમ છે. એથી બુદ્ધિ નિર્મળ થવાની નહિ. શરીરમાં નિદ્રા ઉતપન્ન થશે તેથી આખો દિવસ ડોલાં ખાયાં કરશે. ને તેથી ઉલટી બુદ્ધિ શીથળ થશે. વળી બીજું કોઇ એમ જાણશેકે કોઈ પણ મંદીરે દર્શન કરવા જઇશ તો મારી બુદ્ધિ નિર્મળ થશે તો તે પણ મિથ્યા શ્રમ છે, એમ જાણવું. કેમકે દર્શન કરવાને દોડવા બુદ્ધિ પવિત્ર થવાની નહિ. જો એમ કરતાં બુદ્ધિ પવિત્ર થઈ હોય તો આજ સુધી સેંકડો માણસોએ એવી રીતે કીધું છે, પણ આપણા જોયામાં કોઇની બુદ્ધિ પવિત્ર થઈ નથી. ઉલટો અનર્થ થાયછે. કોઈ સ્ત્રી પુરૂષ તેવે ઠેકાણે પોતાનો મીલાપ રાખેછે, ને જે વિચાર કરવો હોય તે કરેછે. કોઇનું તો હડશેલા હડશેલીમાં ઘરેણું જાય, કોઈ પુરૂષ સ્ત્રીયોને વળગેછે. જ્યારે ઘણી ભીડ થાયછે ત્યારે તેને મટાડવાને સારૂ ઝાપટીયા કોરડા મારેછે તે કોરડા મારવેથી વખતે કોઇની આંખ પણ ફુટેછે. એમ કરતાં જો ઘણી ભીડ હોય તો કોઈ માણસ પડી જાયછે, તેના ઉપર થઇને લોકો ચાલી જવાથી તે પડેલું માણસ મરી જાયછે. એવી તરેહનું થયેલું જ્યારે છપ્પન ભોગ સુરતના મોટા મંદિરમાં થયો

હતો ત્યારે મેં જોએલું છે. હવે તમે વિચારી જુઓ કે એવું કરવાથી લગાર પણ પવિત્ર બુદ્ધિ થવાની શું? ના, કંઈ થવાની નહિ. ત્યારે એ કરવું એ મિથ્યા શ્રમ છે. ત્યારે સફળ શ્રમ તો એ રીતે થાય કે જ્યારે કેટલાએક લોક મંદિરમાં ઉરવેલી વખતે આવે ને કોઈ કોઈને સ્પર્શ ન થાય એવી રીતે સર્વે બેસી જાય. પછી જે સત્પુરૂષ હોય તે સર્વ લોક-ની વચમાં એક ઊંચા આસન ઉપર ઉભા રહે. પછી સાચા ધર્મની રીતનું કે જેથી માણસ સુધરેછે તે સઘળા લોક સાંભળે એ રીતે ઉત્તમ ભાષણ કરે. ઘણી વાર ન કરે તો થોડી વાર કરે. પણ એવું કરે કે પોતાના શિષ્યો દુરાચરણ મૂકી દઇને સદાચરણમાં વર્તે; પણ જો એમ ન કરે ને નકામા બિચારા ગરીબ લોકો મિથ્યાશ્રમ કરશે તો કંઇજ સાર નીકળવાનો નહિ. જેમ પાણી વલોવેથી કંઇ માખણ નીકળતું નથી. વળી એવાં એવાં મિથ્યા શ્રમનાં ઉદાહરણ તો ઘણાં છે તે સઘળાં લખવા બેસું તો સેંકડો પત્ર થઈ જાય માટે અત્રે મેં લખ્યાં નથી. પણ તમે ગુણગ્રાહી છો તેથી નિરંતર વિચાર કર્યાં કરજો. એટલે તમને મિથ્યા શ્રમનાં ઉદાહરણ જાણ્યામાં આવશે.

હવે અભિમાનનું ઉદાહરણ તમને લખી જણાવું છૌં તે એજે પ્રથમતો માણસે વર્ણનો અભિમાન માની લીધો છે. તે એમકે હું જાતે બ્રાહ્મણ છૌં, હું જાતે ક્ષત્રી છૌં, હું જાતે વૈશ્ય છૌં, હું જાતે શૂદ્ર છૌં, હું જાતે મુસલમાન છૌં, હું ખ્રિસ્તી છૌં, હું જૈન છૌં, હું શૈવ છૌં, હું વષ્ણવ છૌં, હું શાકત છૌં. એવી રીતે અનેક જાતિનાં, તથા પંથનાં, તથા જ્ઞાતિનાં, તથા કુલનાં અભિમાન માણસોએ માની લીધેલાં છે. ને તે પોતેજ માનેલાંછે એટલું નથી તો. તેવા અભિમાની લોકોએ પોતાના વંશના લોકોને તેવાજ અભિમાની થવા સારૂ ગ્રંથો કીધેલા છે, તે ગ્રંથો આજના મૂર્ખ લોકોને તો ઘણાજ પ્રિય છે. પણ જે સુજ્ઞ પુરૂષ છે તેનેતો અપ્રિય છે. તેમાં જે પંથ ઉપરથી અભિમાન રાખેછે, તેણે તો એમ વિચારવું જોઇએ કે માણસને કોઈ જાતના પંથનો અભિમાન રાખવો જોઇએ નહિ. માણસ કોઈ એક પુરૂષનો વેચાણ નથી. તો તેણે એમ જાણવું જોઇએ કે આ લોકમાં જે જે ઉદ્યોગી વિચારવાન અને

ધર્મના ચલાવનાર થયાછે તે સર્વના વિચારમાંથી દેશકાળનો વિચાર કરી ઘટતી રીત હોય તે પકડવી. સઘળાઓમાંથી જે જે સારી રીત તે આપણો ધર્મ જાણવો. એટલા માટેજ જે સત્પુરૂષ હોય તે પંથનો અભિમાન રખાવે નહિ.

વળી વર્ણ વર્ણનો જે વંશ પરંપરા અભિમાન રખાવે તે પણ જૂઠા છે. જુઓ સત્પુરૂષ હોય તે તો એમ કહેછે કે વર્ણ તો માણસના ગુણ કર્મ ઉપરથી જાણવી. જો કોઇ માણસ હોય ને તેના ગુણ કર્મ પ્રથમ જેવાં હોય તેવાં ફરી ન હોય તો તેને બીજી વર્ણનું માણસ જાણવું. હવે તેના ગુણ કર્મ કહી સંભળાવું તે સાંભળો. જેનો સાત્વિક ગુણ હોય, દયા આદિ લેઇને કેટલીએક ભલમનસાઈની તેની રેણી હોય, પોતે જ્ઞાની હોય ને બીજાને જ્ઞાનવાન કરવા ઇચ્છે, હેવાં જેનાં કર્મ હોય તે બ્રાહ્મણ. તેમ જે રાજ્ય કરવામાં કુશળ હોય, યુદ્ધ કરવામાં ધયવાન, ઇત્યાદિ કર્મ જેનાં હોય ને તેનો સાત્વિક- રાજસ ગુણ હોય તેનું નામ ક્ષત્રી જાણવું. વળી જે ખેતી કરતો હોય, વ્યાપાર કરતો હોય, તથા ઢોરને પાળી પોતાની ઉપજીવિકા ચલાવતો હોય, ને તેનો ગુણ રાજસ- તામસ હોય તો તેને વૈશ્ય જાણવો. હવે તેથી જે તમોગુણી, મૂર્ખ, દાસત્વનો કરનાર, તેને શૂદ્ર જાણવો.હવે એ રીતે જો વિચારી જોઇશુ તો આખી પૃથ્વિમાં ચાર વર્ણના લોક રેહેછે; કેમકે વર્ણ વનાં ચાલશે નહિ. એશિયા, યુરોપ, આફ્રિકા, અમેરિકા ઇતાદિ સર્વસ્થળમાં ચારે વર્ણ છે. પછી તે ગમે તે પંથમાં હો. એવી સાચી વાત જે સમજાવે ને જૂઠો અભિમાન ન ધરાવે તેને સત્પુરૂષ જાણવો.હવે હેવા અભિમાનીઓએ અંનોદકની બંધી કીધી તેથી આપણા દેશનો બિગાડ થયો. તે કાલના પત્રમાં લખી મોકલીશ. હેત કૃપા રાખવી. તા. ૧૪ મે સને ૧૮૪૩.

તા. ૨૦ અકટોબર સન ૧૮૪૪. સંવત ૧૯૦૦ ના
આશ્વીન સુદ ૧૦ વાર રવી.

આજ દિને સભામાં સાત જણા આવ્યા હતા, તેમને ગયા રવીવારનું થએલું વર્ત્તમાન વાંચી સંભળાવ્યું. પછી ત્રવાડી હરીશંકરને કહ્યું કે આજે સભામાં ઘણા લોક આવ્યા નથી માટે તમારી સાથે વાત

કરવાની મને ઇચ્છા છે. માટે હું જે જે પ્રશ્નો તમને પુછું તેના ઉત્તરો તમારે પોતાની સમજણ પરમાણે દેવા.

પ્ર૦ આ જગત્નો કર્ત્તા પરમેશ્વર છે એવું તમે જાણોછો?

ઉ૦ હા, લોકોના કહેવા ઉપરથી હું જાણું છૌં, પણ મારા મનમાં કાંઇ નિશ્ચય નથી.

પ્ર૦ કોઈ ઠેકાણે ઠીકરાનાં વાસણ પડેલાં છે ત જોઇને તેનો કર્ત્તા કોઈ હશે એમ તમારા મનમાં નિશ્ચય ખરો કે નહિ?

ઉ૦ મને નિશ્ચય છે કે કંઈ કારીગરીનો પદાર્થ થએલો હોય તો તેનો કર્ત્તા છે એમાં સંદેહ નથી.

આ જગત્માં અનેક સિદ્ધ પદાર્થ સારી યુક્તીથી રચેલા દેખાય છે તેને જોઇને તેનો કર્ત્તા પરમેશ્વર છે એ વાત ખરી છે એમ તમારા મનમાં નિશ્ચય થયો કે નહિ.

ઉ૦ હા, મને નિશ્ચય થયો કે જગત્નો કર્ત્તા પરમેશ્વર છે.

પ્ર૦ વારૂ હવે તમે પરમેશ્વર છે એમ જાણ્યું પણ એ જાણેથી શું ફળ થાય તે કહો.

ઉ૦ મારી ઇચ્છા છે કે તમે કહી સંભળાવો.

મેહેતાજી બોલ્યા કે એ ઉપરથી તમારે એમ જાણવું કે આ જગત્નો ધણી પરમેશ્વર છે ને આ સૃષ્ટિ તેની વાડી છે. માટે પ્રાણી માત્ર ઉપર દયા રાખવી તથા તેને પોતાના ભાંડુ જેવાં જાણવાં. ન્યાય ઉપર ઘણી પ્રીતિ રાખવી. ન્યાય વડે સૃષ્ટિ ક્રમ સારો ચાલેછે તેથી ન્યાયની બાહાર એક ડગલું ભરવું નહિ. પરમેશ્વરનું ભય રાખવું, ને જેમ પોતે પોતાને સારૂ જેમ ઇચ્છે છે તેમજ બીજા વિશે જાણવું. આપણે કોઇ પરસ્ત્રીની સાથે કુકર્મની ઇચ્છા થાય તો તે વેળા એમ વિચાર કરવો કે આપણી બેહેન અથવા છોકરીને કોઇ ખરાબ કરે તો આપણને કેટલું દુઃખ લાગે છે; એવા અર્થ વિચારીને કુકર્મ છોડી સારી રીતે ચાલવું.

એ ભાષણને લગતું બીજું ઘણુંએક બોલવું એમ થયું તે પ્રથમનાં લખેલાં વર્ત્તમાનમાંનુજ હતું તેથી અત્રે લખ્યું નથી.

આજ દશેરાનો દિવસ હતો તેથી ઘણા લોકો આવ્યા હતા નહિ તેથી

સભા મધ્યેથી કેટલાએક જણા બોલ્યા કે હવે મંડળીમાં ઘણા લોકો આવતા નથી. તે સાંભળીને મેહેતાજીયે કહ્યું કે આપણે ઇહાં કંઈ પાખંડ કે ઢોંગ નથી, પણ માણસને શિખામણ દેઈ સુધારવાની વાત છે, તેથી એ કામ અઘરૂં છે એમ જાણીને કોઇને ગમતું નથી. પણ હું તો એમ જાણુંછૈં કે સાચેસાચી વાત કદાપી થોડા માણસ સમજશે તોપણ ઘણું સારૂં છે; પણ પાખંડ, ઢોંગ, પ્રપંચ, ઈત્યાદિ વાતો એકઠી કરીને પોતાનો પંથ વધારવાની ઇચ્છા રાખવી એ કેવળ મૂર્ખાઈ છે.

એટલું થયા પછી સભાનું કામ બંધ થયું.

તા. ૨૭ અકટોબર સન ૧૮૪૪. સંવત ૧૯૦૦ ના
આશ્વીન વદ ૨ વાર રવી.

આજે માનવધર્મ સભામાં તેર માણસ મળ્યાં હતાં. તે વેળા મેતાજીએ ગયા રવીવારનું થએલું વર્ત્તમાન વાંચી સંભળાવ્યું.

કરસનદાસે સભાના બેસનારાઓને સંભળાવવા સારૂ ભૂતની વાત કાઢી. તે વિશે મેહેતાજીએ ઘણી તરેના દાખલા આપીને બદ્ધાઓ વચ્ચે કહી સંભળાવ્યું કે ભૂત કંઈ છેજ નહિ, માણસ મિથ્યા ગભરાય છે, ને અજ્ઞાની માણસ વગર તજવીજે પોતે પોતાની મેળે ભય પામેછે. એ વિશે હું આગળ બોલેલો છૈં માટે ઇહાં વધારે લખતો નથી, તોપણ એ વાત વિશે વધારે સમજવા સારૂ કંઈ બોલું છૈં તે સાંભળો. તમે જેટલા ભૂતને ખરૂં માનનારા છો તેમના મનમાં હશે કે ભૂત કોઈ બળવાન જીવ છે, તે માણસના શરીરમાં ભરાય છે ને માણસની બુદ્ધિ તથા શરીરને દુઃખી કરેછે, ને એમ છે માટેજ મોટા મોટા બળિયા લોકો ભૂત થકી બીહેછે. પણ એ વિશે મારો વિચાર સાંભળો. ભૂત છે તે માણસથકી જાદું કદાપિ આવતું નથી. ને કોઇને કદાપિ એમભાસે તો એમ જાણવું કે એ જોનારાને મિથ્યા ભ્રાંતિ થઈ હશે; પણ તપાસ કરતાં તે ઠેકાણે કંઈ ભૂત મળવાનું નહિ. પૃથ્વિ ઉપર માણસોના શરીરમાં ભૂત આવેછે તેનાં કારણ બે છે—તેમાં એક તો એકે માણસને એક જાતનો રોગ થાયછે, ને તેને મટાડવાને સારૂ વૈદક શાસ્ત્રમાં ઉપાયો પણ લખેલા છે તે કીધાથી આરામ થશે, અથવા એવી તરેનો રોગ પોતીકી અવધે મટી જાયછે;

બીજું ઘણાએક લોક પાખંડ કરેછે ને તે કરીને પોતાના સગાને ઓશિયાળાં પાડેછે, માટે એનો ઉપાય એજ છે કે તે માણસને ભૂત વિશે પાખંડી કહ્યાં કરવું, ને જ્યાં સુધી તેનામાં એવી ટેવ હોય ત્યાં સુધી કદાપિ માન આપવું નહિ.

જો ભૂત સાચું હોય તો આજ સુધી હું ઘણાએક ભૂતવાળા તથા જાદુગરોની પાસે ગયો છીં, ને તેને ભૂતની નિંદા કરીને મેં ઘણીવાર કહેલું કે ભૂત જૂઠું છે; ને જો સાચું હોત તો તેજ વેળા તે ભૂત મને આવત, પણ કોઈ વેળા તેમ થયું નથી. તથા આજ સુધી સેંકડો ઉતારો મેં ઘુંદેલા છે, ને કુંડાળામાં ઘણીવાર સુધી ઉભા રહ્યો છીં, તથા મારી જોડે ફરનારાઓને પણ ઘણીએક વાર મેં મારી પઠે કરાવેલું છે, પણ કોઇને કંઈ થયું નથી, માટે હું સર્વને ભૂતના વેહેમમાંથી છોડવવાને ચેતાવું છીં કે તમે ભૂતને કદાપી સાચું માનશો નહિ.

કૃષ્ણાજી બોલ્યા કે હું પણ તમારી શિક્ષાથી નિર્ભય થયોછીં માટે તમારા પ્રમાણે કરૂંછીં, પણ મને કાંઈ દુઃખ થતું નથી. જુઓ હું જેવારે મારે દેશથી આવ્યો ત્યારે ઘણોજ વેહેમી હતો, પણ મેતાજીના પ્રસાદથી હું નિરભ્રાંત થયોછીં. મને ભૂત તથા જાદુની કંઈ બીહીક નથી. જે દિવસથી મને એ ભ્રાંતિ ગઈ તે દિવસથી મને એ વિશે ઘણા ક્લેશ હતા તે મટી જઇને સુખી થયો છીં.

એ પ્રમાણે ભાષણ થયા પછી કેટલીએક વાર સુધી બીજા વિષયોની ભાંજગડ ચાલી, પણ તેવું આગળ લખાયલું છે માટે ફરીને લખ્યું નથી.

તા. ૩ નવેંબર સન ૧૮૪૪. સંવત ૧૯૦૦ ના આશ્વીન
વદી ૯ વાર રવી.

આજે માનવ ધર્મ સભામાં આશરે વીસ માણસ મળ્યાં હતાં તેવારે મેતાજીએ ગયા રવીવારનું વર્ત્તમાન વાંચી સંભળાવ્યું, અને બોલ્યા કે આજે સભામાં સુરત મધ્યેના મોટા શાસ્ત્રી દિનમણીશંકર બિરાજેલા છે તેથી સભામાં સારી પઠે વિચાર ચાલશે.

શાસ્ત્રી દિનમણીશંકર રમાશંકરે પુછ્યું કે હું ઘણા દિવસ થયા સાંભળું છઉં કે આ સભા મધ્યે જે કોઈ આવે તેનું અજ્ઞાન નિવારણ થાયછે તેથી આજ હું આવ્યો છઉં, ને પુછુછઉં કે ઈહાં અજ્ઞાન નિવારણનો કરનાર ગુરૂ કોણ છે? જે હો તે મારૂં અજ્ઞાન નિવારણ કરો.

શાસ્ત્રીનું બોલવું સાંભળીને સભા મધ્યેથી કોઈ બોલ્યું નહિ, ને થોડી વાર થઈ ગયા પછી મેતાજી બોલ્યા કે આ સભામાં કોઈ મુખ્ય ગુરૂ નથી, અન્યોઅન્ય વિચાર કરવાનો સર્વને અખત્યાર છે. હવે તમે બોલો કે તમને શું અજ્ઞાન છે?

દિનમણીશંકરે કહ્યું કે માણસ મરી જાયછે ત્યારે તેની શી વલે થાયછે તે કહો. મેતાજીએ કહ્યું કે માણસને જાણવાને જેટલી મર્યાદા છે તેથી વધારે કોઈ પણ માણસ જાણી શકતું નથી, માટે પરમેશ્વરનો વિચાર નિશ્ચય શું છે, તથા તે શું કરેછે તેની કોઇને ખબર નથી. પોતાની પોતેજ જાણેછે. પણ પૃથ્વિ ઉપરના ઘણાએક વિચારવાન માણસોનો એટલો તો નિશ્ચય થયોછે કે, આ જગતનો કરનાર પરમેશ્વર છે તે જે કોઈ માઠું કામ કરેછે તેને માઠું ફળ આપેછે, ને સારૂં કરેછે તેને સારૂં ફળ આપેછે. ને તે મધ્યેથી કેટલાંએક ફળ તો માણસ આ લોકમાં ભોગવેછે, ને કેટલાંએક કર્મનાં ફળ પરમેશ્વરે પોતાના હાથમાં રાખ્યાં છે, ને હેવું જણાયછે કે જે કર્મ માણસો છાનાં કરેછે તેનું ફળ પરમેશ્વર ઘણું ભારે આપતો હશે એમાં સંદેહ નથી. સ્વર્ગ અને નર્ક એ બે શુભાશુભ કર્મનાં ફળ ભોગવવાનાં ઠેકાણાં છે. તે સ્થળનું સ્વરૂપ જે જ્ઞાની પુરૂષ પરમેશ્વરના પરમ ભક્ત છે તે જાણેછે માટે તે નરકનું ભય ઘણું રાખેછે, ને અજ્ઞાની લોકોને તેનું ભાન નથી માટે પાપ કરેછે. હું ખરેખરૂં કહું છઉં કે નરકનું દુઃખ અનંત છે એમાં સંદેહ નથી. જો તમારી વૃત્તિને દુરાચરણમાંથી કાઢી જોશો તો તમને પણ સ્વર્ગ અને નરક ધ્યાનમાં આવશે.

શાસ્ત્રી બોલ્યા કે મને તો એમ લાગે છે કે આ જગત્‌માં પરમેશ્વર નથી. તે સાંભળીને મેતાજીયે ઉત્તર દીધૂં કે જો પરમેશ્વર નથી તો આ જગત્ કોની શક્તિથી શક્તિમાન છે? ત્યારે દિનમણીશંકરે કહ્યું કે

આ જગત્ પોતેજ પ્રવાહ રૂપે નિત્ય છે, ને એમાં જે જે અનંત જાતિ છે તે પણ સર્વ નિત્ય છે. ત્યારે મેતાજી બોલ્યા કે પ્રવાહ તો એક એક પદાર્થ મળીને થયેલોછે, ને તે એક એક પદાર્થ જ્યારે અનિત્ય છે ત્યારે તેના સમુદાય રૂપ જે જગત્ તે પણ અનિત્યજ હોય. ને આપણે જોઈયે છૈયે કે જે સુનાનું કલ્લું છે તેજ સુનાનું સાંકલું થાય, તથા બીજા અનંત પ્રકારનાં ઘરેણાં થાયછે; પણ તે સુનામાં જો કોઈ પણ ઘાટ નિત્ય રૂપે રહ્યો હોય તો તેનો હેર ફેર ઘાટ થઈ શકે નહિ; ને એને વિષે જે ઘાટ રહ્યાછે તે સુવર્ણના આશ્રયેથી રહ્યાછે ખરા, પણ ઘાટને આશ્રયે સુવર્ણ નથી. તેમ આ જગત્ પરમેશ્વરને આશ્રયેથી રહ્યુંછે, પણ જગત્‌ને આશ્રયે પરમેશ્વર નથી, માટે જગત્ અનિત્ય અને પરમેશ્વર નિત્ય છે. ને તમે જાતિને નિત્ય માનોછો તે પણ થઈ શકતું નથી, કેમકે જગત્‌ને જોઈને જાતિ કલ્પીછે. પછી શાસ્ત્રી બોલ્યા કે હરેક વસ્તુ જાતિ ઉપરથી ઓળખાયછે. જેમ માણસ છે તેનામાં માણસપણું રહેલુંછે તેથી માણસ ઓળખાય છે. માટે માણસનો નાશ થાયછે પણ માણસપણાનો નાશ થઈ શકતો નથી, તેથી માણસને અનિત્ય જાણવું અને માણસપણાને નિત્ય જાણવૂં. ત્યારે મેહેતાજી બોલ્યા કે તમારૂં જાણવું મારા જાણવાથી ઉલટું છે. હુંતો એમ જાણું છૌ કે પ્રથમ માણસને જોઈને તેની આકૃતિનું સ્મરણ સર્વ લોક રાખે છે ને તેનું નામ માણસપણું એમ કલ્પે છે. માટે માણસથી માણસપણું થએલું છે એ ખરી વાત છે. વળી જુઓ કે કેટલીએક જાતના પદાર્થ આપણી આંખે આપણે જોયા નથી, તથા કાને સાંભળ્યા નથી, તેવા પદાર્થનું તે પણું જ્યારે આપણે તે પદાર્થને જોઈશૂં ત્યારે કલ્પી રાખીશૂં. ત્યારે એ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે માણસપણું માણસને આશ્રયે રહ્યું છે, ને જ્યારે માણસ સર્વ અનિત્ય છે તો તેની સાથે માણસપણું પણ અનિત્ય છે. પછી શાસ્ત્રી બોલ્યા કે એ વિશે શાસ્ત્રમાં મોટા મોટા વાદ છે તેનો જવાબ તમે શૂં દઈ શકશો? તે સાંભળીને મેહેતાજી બોલ્યા કે શાસ્ત્ર એટલે કોઈ બુદ્ધિમાન માણસોના બનાવેલા ગ્રંથો છે. માટે હું ને તમે જે વાતો કરિયે છૈયે તેના જેવાંજ શાસ્ત્રને જાણવાં. હું કંઈ શાસ્ત્રોને ધિક્કારતો નથી તેમ તેમાં લખેલી સર્વે વાતો સાચી

પણ જાણતો નથી; પણ બુદ્ધિમાન માણસો પોતાની બુદ્ધિ પ્રમાણે પોતાનો વિચાર લખી ગએલા છે એમ જાણું છૌં. તેમાં જે જે ગ્રંથ કર્ત્તાઓએ પોતાનું નામ છુપાવીને પરમેશ્વરના નામથી ગ્રંથો બનાવ્યા છે તેના વિચારને હું સારો જાણતો નથી, કેમકે આ જગત્‌માં જ્ઞાન વૃદ્ધિ થવાનો અટકાવ તેવા લોકોના ગ્રંથોથી થાય છે.

એ વેળા વાદ કરવાને શાસ્ત્રી દિન મણીશંકરની તરફથી બાળભાઈ તથા મોતીભાઈ તથા નારણશંકર એ ત્રણે જણા બોલતા હતા. પણ તે વેળા એવું જણાતૂં હતૂં કે એ સર્વે જણે જે વાદ કીધો તે વિચાર કરવાનેજ માત્ર કીધો, પણ તેઓ સુધરેલા લોકો છે.

જે જે વાતો થઈ તે ઉપર લખ્યાના સરખીજ થઈ માટે સઘળી લખી નથી. પણ છેલીવારે સભા ઉઠતી વેળા મેહેતાજીએ પોતાનું જ્ઞાન કહી સંભળાવ્યું કે મારા બોલવાનો સાર તમારે એટલો જાણવો કે નામ અને રૂપ છે તે અનિત્ય છે, અને અધિષ્ટાન સત્ય છે, ને તે પરમેશ્વર છે તેજ જગત્‌નો કર્ત્તા છે, માટે તેને વિષે પ્રીતિ રાખવી અને જગત્‌ને નાશવંત છે એમ જાણીને વર્ત્તવું. કેમકે એવું જાણવાથી માણસને અનિયમિત વિષય ભોગવવાની ઈચ્છા થાય છે તે થશે નહિ, તથા સંસારથી બંધાશે નહિ. જળમાં જેમ કમળ રેહે છે તેમ સંસારને વિષે રૂડી રીતનો બ્યવહાર ચલાવતે છતે ઉદાસીન બુદ્ધિથી રેહેશે. પણ જગત્ અનિત્ય છે, મિથ્યા છે, એમ કહીને દુરાચરણ, દુર્વ્યસન ઈત્યાદિ નિંદ્ય કર્મ જે કરે છે તેને તો રાક્ષસ જાણવો.*

તા૦ ૧૦ નવેંબર સન્ ૧૮૪૪. સંવત્ ૧૯૦૦ ના આશ્વિન વદી ૩૦ વાર રવી.

આજ દિવાળીનો દિવસ હતો માટે સભામાં આઠ માણસ મળ્યાં

---

* જે આદમી પોતાના આત્માને બ્રહ્મ માને અને તે દેહમાં માત્ર સાક્ષી થઈને રહ્યો છે એમ ગણે, ને આ જગત્‌ને ભ્રાંતિ જાણે તેને દુરાચરણ અને સદાચરણ સરખાં હોયજ. અને કદાપિ તેઓમાં ભેદ હોય તોપણ તેથી તેના જીવાત્માને કાંઈ લાગતું વળગતું હોય નહિ, કેમકે તેતો માત્ર સાક્ષી છે. તે કહે છે કે દેહના કર્મ દેહ કરે છે તેમાં જીવાત્માને શું? જે ધારણા જીવાત્મા અને પરમાત્મા વિષે દુર્ગારામ મેહેતાજીએ કરી છે તેનું પરિણામ આવું ખેદ કારક થાયછે એ વાત તેમના ધ્યાનમાં ઉતરેલી જણાતી નથી. એમની ધારણાજ ખોટી છે.

હતાં. તે મધ્યે ત્રણ કણબી સ્વામી નારાયણના શિષ્ય હતા, તેમણે પ્રશ્ન કીધો કે પરમેશ્વરે આ જગત્ શું કરવા સારૂ કીધૂં હશે તે કહી સંભળાવો. તે વેળા સભામાં બીજૂં કોઈ જવાબ દે એવું હતું નહિ માટે મેહેતાજીએ બીજા કોઇને કહ્યું નહિ, ને પોતેજ બોલ્યા કે—પરમેશ્વરે જગત્ શા માટે કીધૂં છે તેની કોઇને ખબર નથી. ખરી વાત છે કે જીવ પોતે પરમેશ્વરના વિચારને શી રીતે જાણી શકે. આજ તો શું પણ કોઈ કાળે જાણી શકવાનો નહિ. પણ પોત પોતાની બુદ્ધિ પ્રમાણે પથ્વિ ઉપરના ઘણાએક વિદ્વાનોએ ઘણી ઘણી જાતના વિચારો લખેલા છે. તેમાં કોઈ કહે છે કે તેણે રમવાને સારૂ કીધૂં છે; કોઈ કહે છે કે એ ભ્રાંતિ છે માટે અજ્ઞાનથી ભાસે છે; કોઈ કહે છે કે કર્મને અર્થે થયું છે; કોઈ કહે છે કે કાળે કરીને થાય છે; કોઈ કહે છે કે સ્વભાવથી થાય છે; પણ મારા વિચાર પ્રમાણે તો એમ છે કે જગત્ કેમ થયું એ વાતનો વિચાર કરવો તે છેવટે કંઈ ઉપયોગી નથી. કેમકે જ્યાં સુધી એ વિચાર કરનારને શરીર છે ત્યાં સુધી એને સર્વ સાચું જાણી વર્त्तવું જોઇએ. થવાનું કારણ ગમે તેમ સમજે તોપણ ઇંદ્રિઓથી અદૃષ્ટ થવાનું નહિ; જેણે કીધૂં છે તેની સમજણ તે જાણે.

એજ લોકોએ બીજો પ્રશ્ન એ કીધો કે, સ્વામી નારાયણ પરમેશ્વર ખરા કે નહિ? તેનું ઉત્તર મેહેતાજીએ એ પ્રકારે દીધું કે—તમારા સ્વામી નારાયણને કોઈ જગત્ કર્त्ता ભગવાન જાણવા નહિ. તે એક માણસ હતું એમ જાણવું; ને વળી એ રીતે જાણવું કે બીજા માણસો કર્त्तાં તેમનામાં પરમેશ્વરની વિભૂતિ વધારે હતી, તેથી મોટા પુરૂષ હતા, વિચારવાન હતા, દયાળુ હતા, તેમના વિચાર પ્રમાણે તેમણે લોકોના કલ્યાણને અર્થે ઘણી મેહેનત કરી, એ વાત પણ ખરી છે. જો એ રીતે એમના કરનાર લોકો આ જગત્માં પેદા ન થાય તો લોકો ઘણા અધર્મી થઈ જાય. પણ તમારે નક્કી જાણવું કે તે સર્વજ્ઞ નહોતા; ને તેમને ત્યાં જે જે પુસ્તક હોય, ને જેમાં જેમાં સ્વામી નારાયણને પરમેશ્વર લખ્યા હોય તો તમારે એમ જાણવું કે તે પ્રશંસા વાક્ય છે, માટે તે વાક્ય ખોટાં છે. ને આ જગત્માં માણસને પરમેશ્વર જાણવાથી મોટો બિગાડ થાય છે, તે એ રીતે કે આગળ જાતે લોક એમ સમજે છે કે

પરમેશ્વરનું બોલેલું કદાપિ ખોટું હોય નહિ, માટે કેવી પણ અજ્ઞાનની તથા અભિમાનની ભરેલી વાતો હોય તેપણ તે વાતને કોઈ ખોટી જાણતું નથી, તેથી અનેક પ્રકારનાં જ્ઞાનની વૃદ્ધિને અટકાવ થાય છે, તથા લોક દરિદ્રી થઈ જાય છે,ને ઘણા પ્રકારના કલેશ ભોગવે છે. એ સર્વ દુઃખનું મૂળ માણસને પરમેશ્વર જાણવાથી થાય છે.

રામકૃષ્ણ ઈત્યાદિ માણસોમાં પરમેશ્વરપણું મેળવી દઈને પંડિતોએ રામાયણ તથા ભાગવત જેવાં અનેક પ્રકારનાં નાટકો રચેલાં છે. તેમાં તે પંડિતોએ પોતાના મનમાં જે જે વાતો હતી તે સર્વ તેમને નામે રચેલી છે, ને જે જે વિચારવાન પંડિત થાય છે તે એ વાત જાણે છે, પણ કોઈ ઉઘાડી પાડતા નથી, ઉલટી પુષ્ટિ કરે છે, તેથીજ અજ્ઞાનનો વધારો થયો છે. ઈશૂ વિશે પણ રામકૃષ્ણ પ્રમાણેજ જાણવૂં. મુસા તથા મહમદ પણ એજ પ્રકાણે નાટક રચેલાં છે. હું કંઈ એ ગ્રંથ કર્તાઓને તથા જે માણસોને પરમેશ્વર કહ્યાં છે તેને, તથા તેના ગ્રંથોને ધિઃકારતો નથી, ને એમ જાણું છૌં કે સર્વ માણસના સારાને અર્થે છે. પણ એટલો દોષ મુકું છૌં કે એ સર્વ ફંદફરેબમાં લખેલું છે તે ખોટું કીધું છે. ઉઘાડું કરીને લખવું હતું. હવે એ તો જેમ હોય તેમ હો, પણ તમારે મારા કહ્યા ઉપર ધ્યાન પહોંચાડીને એ જુના ગ્રંથોમાં જે જે અજ્ઞાન તથા અભિમાન હોય તેને મુકીને મુખ્ય વાત એટલી જાણવી કે વિશ્વાત્મા તે પરમેશ્વર સર્વનો સાક્ષી છે તેને જ્ઞાન દૃષ્ટિએ જાણવો ને જગત્‌માં રૂડી રીતે ચાલવું.

જેનું નામ તમે સ્વામી નારાયણ કહોછો તેની થોડીએક ખબર મને છે તે સાંભળો. સોરઠ દેશમાં કોઈ રામાનંદ નામે સાધુ હતા તેમના કેટલાએક શિષ્ય હતા, તેમાં બે શિષ્ય એક રૂઘનાથદાસ તથા બીજા સર્યુદાસ નામે હતા. તે બે જણ સારા થયા.તેમાં રૂઘનાથદાસ મોટા હતા ને સર્યુદાસ નાના હતા. આગળ જાતે રામાનંદ સ્વામી મરી ગયા. પછી એ બે જણ છુટા પડ્યા ને પોત પોતાનો ધર્મ જુદો ચલાવવા લાગ્યા. તેમાં સરયુદાસે ધર્મનિષ્ટ વેદાંત ધર્મનો આશ્રય કીધો ને સાચે સાચી વાત કહેવા લાગ્યા. ને તે વેળા પ્રતિમાની નિંદા કરતા હતા, તથા શ્રાદ્ધ સારવાની તથા બીજાં અનેક પ્રકારનાં કર્મ માર્ગની નિંદા કરતા

હતા. ખાવા પીવાની જે માણસ જાતમાં બંધી છે તેની પણ નિંદા કરતા હતા, ને પોતાનું નામ સરયુદાસ બદલીને સહજાનંદ સ્વામી પાડ્યું. એ રીતનું વર્ત્તમાન સંવત્ ૧૮૭૦ થી તે સંવત્ ૧૮૮૦ ની લગભગ સુધી મારી નાની વયમાં સાંભળતો હતો. આગળ જાતે સહજાનંદનું ઉત્તરવય થવા લાગ્યું, તથા ખરેખરી વાત બોલવાનાં મહા ભારત જોખમ ભરેલાં કામથી તેમના સાધુઓએ મોટું દુઃખ ભોગવ્યું. આ આપણા સૂરત શેહેર મધ્યે એ ઘણુંકરીને સાચા બોલા સાધુઓ આવ્યા હતા, તેને બાબા શાસ્ત્રી ઈત્યાદિ કેટલાએક ગૃહસ્થોએ સંપ કરીને અંગ્રેજ સરકારને જાહેર કરી ખરે બપોરે શેહેર બહાર કાઢી મુકાવ્યા હતા. ને એવી રીતે આગળ અમદાવાદમાં થયું હતું. એવાં અનેક દુઃખથી કંટાળીને કેટલાએક સાધુઓએ સહજાનંદની બુદ્ધિ ફેરવી, ને પુરાણો પ્રમાણે મૂર્ત્તિ પૂજાનો ધર્મ ચલાવવા લાગ્યા, ને પોતે પરમેશ્વરનો અવતાર બની પોતાનું નામ સ્વામી નારાયણ ચલાવ્યું, અને અમદાવાદ તથા વડતાલમાં મૂર્ત્તિઓનું સ્થાપન કીધું. તે વેળામાં જે સાચા બોલા સાધુ હતા તે રિસાઈ ગયા, ને સ્વામી નારાયણનું કહ્યું સાંભળીને પાખંડમાં એકઠા થયા નહિ. તે વેળાના કોઈ કોઈ સાધુની વાતો સાંભળવામાં આવે છે, પણ જેવા તે હતા તેવાના તેવાજ છે. પણ હાલમાં તે મંડળીમાંના સાધુ ઘણા ખરા મરી ચુક્યા છે; કોઈ એક બાકી હશે, ને જે બાકી હશે તે સોરઠ મધ્યે ગઢડામાં રેહે છે, એવું સાંભળ્યું છે.ને હાલમાં જે સાધુઓ છે તે મધ્યે ઘણા ખરા સાધુઓ જેમ હું સમજું છું તેમ સમજે છે, ને એ સાધુઓ પોતાના કેટલાએક શિષ્યોના દેખતાં મારે મોઢે બોલેલા છે, પણ બીજા લોકોને મોઢે પાખંડ ધર્મનું સ્થાપન કરતા હતા; ને તે વેળા હું તેમને ધિક્કારતો હતો તે સાંભળી રેહેતા હતા, ને જે સાધુઓને મારા જેવુંજ હતૂં તે મારી આગળ ખરેખરૂં બોલ્યા તેમનાં નામ ભગવદાનંદ, મંજુકેશાનંદ, ઉપેંદ્રનંદ, ભદ્રાનંદ, ઈત્યાદિ છે.

સ્વામી નારાયણના ધર્મમાં હાલમાં પાખંડનો વધારો થવા લાગ્યો છે, ને એમ લાગે છે કે થોડા વર્ષમાં એ ધર્મ વલ્લભી સંપ્રદાયના જેવો થઈ પડશે. પણ હાલમાં સાધુઓ વચનામૃત વાંચીને તેમને સાચો

વિચાર થોડો થોડો સમજાવે છે. પણ એ ધર્મના ચલાવનાર સમજતા નથી કે પાખંડ ધર્મ ચલાવેથી સાચા ધર્મનો વિચાર થોડા દિવસમાં ડુબી જશે.

જુઓ મેં તમને સ્વામી નારાયણની તથા તેના ધર્મની વાતો કહી સંભળાવી તે સ્મરણ રાખીને તમારા મનમાં પાખંડ છે તેને કબુલ કરશો નહિ; પરમહંસ બુદ્ધિ રાખીને સાર માત્ર ગ્રહણ કરજો. જુઓ હું અનેક પંથવાળાઓને ઘેર જાઊંછઊં. તેમાં હિંદુમાં સ્વામી નારાયણનો તથા ઇતર જાતિમાં અંગ્રેજનો એ બે પંથ સારા લાગે છે. પણ એ બે પંથોમાં પણ અજ્ઞાન તથા અભિમાન છે, તે મૂકી પરમહંસ બુદ્ધિ રાખી કેવળ સારને માત્ર ગ્રહણ કરૂંછૌં. ને બીજા ધર્મો છે તેમાંથી પણ સારનેજ ગ્રહણ કરૂંછૌં.

રામદાસ વલ્લભભાઇએ પ્રશ્ન કીધો કે, તમે જે વાત કોહોછો તેવી ખરેખરી વાત છતાં આ જગત્‌માં આટલું આખું અંધેર ચાલે છે તે ક્યારનું ચાલ્યું આવતું હશે તે કોહો. તેનું ઉત્તર મેહેતાજીએ એમ દીધું કે જ્યારથી આ સૃષ્ટિ થઈ છે તે દિવસથી વિદ્યા અજ્ઞાને વિટાયલી ચાલતી આવી હશે, કેમકે જ્ઞાનની પ્રાપ્તિ ઘણી દુર્લભ છે. ભગવાનની કૃપાથી તથા સત્પુરૂષના સંગથી અજ્ઞાન નિવૃત્તિ થાય છે. જુઓ જે જે વાત માણસો શિખેલાં છે તે એક એકના શિખવ્યાથી શિખતાં આવેલાં છે, ને તેના શિખવનાર અજ્ઞાની ઘરડાં અથવા ગુરૂ હોય તો તે છોકરાઓને વિવેક શી રીતે પ્રાપ્ત થાય? જેમકે હાલમાં કેટલાએક લોકની નજરમાં મારી વાત સારી પેઠે ઉતરી છે, ને તે પ્રમાણે ચાલવાને લોકોની કંઈ કંઈ ઇચ્છા થાય છે, ત્યારે તેના અજ્ઞાની સગાંઓનો તેના ઉપર કેટલો જુલમ છે! આ માનવ ધર્મ સભામાં તેને કોઈ આવવા દેતું નથી. એવા જુલમ છતાં પોતે વિવેકી થવાને માણસને કેવું કઠણ પડતું હશે. પણ જેને પરમેશ્વરની કૃપાથી થોડો પણ વિચાર થશે તે કોઈના જુલમને સહિ રહેનાર નથી.

અજ્ઞાનનું મૂળ અવિવેક છે. જેમ કોઈ બાળક હોય ને તે જ્યાં સુધી નિશાળે ભણતો હોય તે વેળામાં બીજા નિશાળિયાઓની સંગતથી

એવું સમજે છે કે પાટલા ઉપર ધુળ નાખીને શિશોળિએ લખિયે છીયે તે શિશોળિયું વિયાય છે, ને તેને નાનું બચ્ચું અવતરે છે, એવી દંત કથા પરાપૂર્વથી આ છોકરાઓમાં ચાલતી આવેલી છે. તે ખોટી વાતને જ્યાં સુધી તે છોકરાઓ મોટી ઉમરના ને ખબરદાર થયા નથી ત્યાં સુધી માને છે, ને તે જ્યારે કંઈ ડાહાપણમાં આવે છે ત્યારે તરતજ તે વાતને જૂઠી જાણે છે. તેમ આ સૃષ્ટિમાં જે અવિવેકી છે તે અસલથી અનેક પ્રકારની જૂઠી કલ્પનાઓ કાઢતા આવેલા છે; ને જ્યાં સુધી માણસોમાં અજ્ઞાન હોય છે ત્યાં સુધી તેને ખરૂં માને છે. પણ જ્યારે તેને વિવેક વડે જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે એવી ખોટી વાતો તેના મનમાંથી સઘળી ઉડી જાય છે, ને તેને બીજાં માણસો કેવળ પશુ જેવાં અભિમાની અજ્ઞાન જાણેછે. એમ લાગેછે ત્યારે વિવેકી માણસ અવિવેકી માણસોની ચાલને નિંદે છે. તે વેળા સગાં વાહાલાં તથા જ્ઞાત જાત શેહેર ગામડાના સર્વે લોકો તેને ફિટ ફિટ કરે છે. તે વેળા જો ધાડા મનનું માણસ હોય તો સંસાર તુચ્છ ગણીને પોતે વિવેક માર્ગેજ વર્ત્તે છે. પણ જો કોઈ માણસ અજ્ઞાની લોકોથી ગભરાય છે ત્યારે દેશ મુકી જોગી, સન્યાસી, સાધુ, વેરાગી, ઈત્યાદિ તરેહનો વેશ લઈ ભીખ માગી પેટ ભરે છે. પણ મારા વિચાર પ્રમાણે અવિવેકીના શબ્દોથી બીહીને નિકળી જવૂં ને ભીખ માગીને પેટ ભરવૂં તે ઠીક નથી. તો પોતે સ્વતંત્ર થઈ ઉદ્યોગ કરી સુખી થવું તે ઘણું સારૂં છે. અજ્ઞાન કેમ થયૂં, કીયે દહાડેથી થયું, એની કોઇને ખબર નથી; પણ એટલું જાણી રાખવું કે જ્યાં અજ્ઞાન ત્યાં દુઃખ; ને જ્યાં જ્ઞાન ત્યાં સુખ છે.

તા૦ ૧૭ નવેંબર સને ૧૮૪૪. સંવત ૧૯૦૧ ના કાર્ત્તિક શુદી ૮ વાર રવી.

આજરોજે સભામાં ૮ જણ આવ્યા હતા. તેમને મેહેતાજીએ ગયા રવીવારનું થએલું વર્ત્તમાન વાંચી સંભળાવ્યું, ને બોલ્યા કે જેને સંદેહ હોય તે પ્રશ્ન કરો.

મણીભદ્ર બાપૂજીએ પ્રશ્ન કીધો કે તમે વર્ણોની સમજણ તથા

ઈશ્વરના સ્વરૂપની સમજણ જેમ સમજતા હો તેમ મને સમજાવો. તે વેળા મેહેતાજીએ એ વિષયમાં પાછળ થએલા પ્રશ્નોનાં ઉત્તરો વાંચી સંભળાવ્યાં તેથી તેનું સમાધાન થયું.

નરોતમ મંછારામે પુછ્યું કે લોકો સૂતક પાળે છે તે ખરૂં કે નહિ? તેનું ઉત્તર મણીભદ્રે દીધૂં કે એ સર્વ ધર્મ શાસ્ત્રનૂં પાખંડ છે; હું કંઈ સૂતકને મારા મનથી ગણતો નથી, પણ ન્યાતિના ચાલ પ્રમાણે ન્યાતિની વેઠ ભરૂં છૌં. પણ ન્યાતિના લોકો એ વાત કાઢી નાખે તો હું ખુશી થાઉં.

કૃષ્ણાજી પંથે કહી સંભળાવ્યું કે મેહેતાજીને ઘટે છે કે પાત્ર જોઇને ઉપદેશ કરવો જોઇએ. તેમ ન કરતે જે કોઈ માણસ આવે છે તેને તથા હરેક મંડળીમાં જઇને એકજ રીતનું બોલે છે તે ઠીક નહિ, કેમકે એવું બોલવાથી લોકો ઘણી નિંદા કરે છે. ઘણે ઘણે ઠેકાણે હું જાઉં છઉં ત્યાં મેહેતાજીની નિંદાનીજ વાતો સાંભળું છૌં. તે સાંભળીને મને ઘણું દુઃખ લાગે છે, કેમકે એ મેહેતાજીની પાસે પ્રથમ હું આવ્યો ત્યારે મારામાં ઘણું અજ્ઞાન હતું, તે સર્વ એ મેહેતાજીએ મટાડ્યું. તેનો એક દાખલો આપું છૌં કે, હું જ્યારે સુરતમાં નવો આવ્યો ત્યારે વિદ્યા શિખવાસારૂ મેહેતાજીની પાસે ગયો; ને એક દિવસ મેહેતાજીની સાથે ચાલું છૌં એટલામાં ચકલા વચ્ચે કોઇએ ઉતાર મૂક્યો હતો, તેને જોઇને મેહેતાજીએ મને કહ્યું કે આ ઉતારમાંનાં કેળાં તમે લઈ જાઓ, ત્યારે મેં ના કહી. તે વેળા મેહેતાજીએ ઉતારમાંથી ચાર કેળાં ઉપાડ્યાં ને મારા સામું ધર્યાં. તે જોઇને હું ઘણો ચમક્યો ને ત્યાંથી દૂર નાઠો. તે વેળા મેહેતાજીએ કહ્યું કે ઉભા રહો નાસો મા, એમાં કંઈ નથી, એ સર્વ ભ્રાંતિ છે. એવું કહે તે છતે પણ મેં માન્યું નહિ. પછી આગળ જતે જતે એ મેહેતાજીથી મને ઘણું સમજાયું. આજ હું ઘણાખરા અજ્ઞાનથી મૂકાઇને સુખી થયોછઉં, ને મને જે લોકો મળે છે તેને હું એમ કહું છૌં કે, ભ્રાંતિથી મૂકાવવું હોય તો મેહેતાજી પાસે જાઓ.

મેહેતાજીએ ઉત્તર દીધું કે સાચી વાતને વરસાદની પેઠે વરસાવવી જોઇએ. જુઓ વરસાદ છે તે સારી ભોંયમાં, નઠારી ભોયમાં, સમુદ્રમાં, પહાડ ઉપર, ઇત્યાદિ સઘળી જગોએ વરસે છે. તે જેમ કંઈ

પાત્ર જોતો નથી, તેમ આપણે પણ જોવું નહિ, સાચે સાચી વાત જ્યાં હોય ત્યાં બોલવી. જેવૂં માણસ હશે તેને વત્તો ઓછો બોધ તે પ્રમાણે લાગશે. જેને લોકોનું કલ્યાણ કરવું હોય તેણે માન રાખવું નહિ; ને જેને માન છે તેથી લોકોનું કલ્યાણ થવાનું નહિ.

प्रकरण ५ मुं.

જાદુ તથા મંત્ર શાસ્ત્ર ઉપર હુમલા અને તેમાં જય.

“તા૦ ૨૪ નવેંબર સન્ ૧૮૪૪. સંવત ૧૯૦૧ ના કાર્તિક શુદિ ૧૫ વાર રવી. આજરોજે સભાનું કામ બંધ રહ્યું. તે એટલા સારૂ કે કાર્તિકી પુનેમની જાત્રા માટે કાંઈ ઘણા લોકો આવ્યા નહિ. સભાનો આગળ એવો વિચાર થયો છે કે જાદુ ખોટું છે, ને એ વાતના ભ્રમને લીધે ઘણા લોક ખરાબ થયા છે. તે ઉપરથી મેહેતાજીએ જાહેર ખબરો છપાવીને શેહેર મધ્યે મોટે મોટે ચકલે તથા ભાગળે તથા દરવાજે ચોંટાડી, તથા મોટા ગૃહસ્થો તથા મોટા જાદુગરોને ઘેર એક એક પ્રત મોકલી. શેહેરમાં એ ખબર પ્રસિદ્ધ થઈ ગઈ, ને ચકલે ચકલે તથા ગલીએ ગલી એજ વાતો થવા માંડી. હવે જોઇએ આવતે રવીવારે શું બને છે. એ જાહેર ખબરની નકલ નીચે ઉતારી છે.

જાહેર ખબર.

સુરત શેહેર મધ્યે નાણાવટમાં નવલસાના કોઠાના માળમાં માનવ ધર્મ સભા નામે એક સભા મળવા માંડી છે. તે મધ્યે કેટલાએક વિદ્યવાન તથા બુદ્ધિમાન તથા દયાળુ લોકોનો એવો વિચાર છે કે, માણસ માત્રને સાચું જ્ઞાન તથા ચોખી કરણી રેહેણીની ઘણી અગત્ય છે, માટે એ બાબતનો વિચાર એ સભામાં ચલાવવો.

એ સભામાં રૂડી રીતે વિવાદ થશે, ને જેથી લોકોનું સારૂં થાય એવા વિચારો પ્રગટ કરવામાં આવશે, માટે જે લોકોની ઇચ્છા હોય તેણે એ સભામાં આવવું. પણ ક્રોધી તથા લડાઈખોર માણસે એ જગો ઉપર આવવું નહિ.

જેની બુદ્ધિ વધારે હોય તેણે લોકોના કલ્યાણની વાત કહેવા સારૂ આવવું, તથા જેના મનમાં કાંઈ સંદેહ હોય તેણે પોતાનું સમાધાન કરી લેવા સારૂ આવવું, તથા જેની ઇચ્છા કેવળ સાંભળવાનીજ હોય, તેણે સાંભળવા સારૂ આવવું.

એ સભા મળવાની વેળા રવીવારે પાછલા પોહોરના ચાર વાગતેથી તે રાતના આઠ વાગતા સુધી ઠેરવેલી છે. તા. ૨૩ નવેંબર સને ૧૮૪૪. સંવત ૧૯૦૧ ના કારતગ સુદી ૧૪ વાર શની.

સુરત. ઠે૦ નાણાવટ પુ૦ હરનારાયણે દુરગારામ મંછારામ.
માનવ ધર્મ સભાને સારૂ છાપ્યું છે. માનવ ધર્મ સભાનો દફતરદાર.

જાહેર ખબર

માનવ ધર્મ સભાના બેસનારામાંથી કેટલાએક જણના મનમાં એવું છે, કે મંત્રના જોરથી પ્રયોગ મૂઠ ચોટ ઇત્યાદિ પ્રકારનું જે જાદુ થાય છે તે નિશ્ચય ખોટું છે. એવું છતે અસલથી કેટલાએક ઠગ લોકોએ પોતાના પેટને સારૂ ઘણી એક ભોળી બાઈડીઓના તથા મૂર્ખ ભાયડાઓના મનમાં ભૂત, પ્રેત, ડાકેણ, જક્ષણી, બ્રહ્મરાક્ષસ, ઇત્યાદિ ઘણાએક પ્રકારની ખોટી વાતો કહીને તથા ગ્રંથો કરીને વેહેમ ઘાલેલા છે, તેને મટાડવા જોઇએ.

અપવિત્ર માણસોની બુદ્ધિમાંથી જાદુનો વેહેમ જઇને પરમેશ્વર ઉપર પ્રીતિ થવાસારૂ સભાના બેસનારાઓએ એવું ઠેરવ્યું છે, કે જો કોઈ જાદુગર અથવા મંત્ર શાસ્ત્રી આ સભામાં આવીને સર્વેનો નિશ્ચય થાય એવી રીતે ઉપર લખેલી જાદુની વાતોમાંથી કંઈ પણ પ્રથમ ખરૂં કરી આપશે તો તેને ૩૨૦) ઈનામ આપ્યામાં આવશે. તા૦ ૨૩ નવેંબર સને ૧૮૪૪, સંવત્ ૧૯૦૧ ના કારતગ સુદી ૧૪ વાર શની.

સુરત ઠે૦ નાણાવટ પુ૦ હરનારાયણે દુરગારામ મંછારામ.
માનવ ધર્મ સભાને સારૂ છાપ્યું છે. માનવ ધર્મ સભાનો દફતરકાર.

તા૦ ૧ ડીસેંબર સને ૧૮૪૪. સંવત્ ૧૯૦૧ ના કાર્તિક વદી ૬ વાર રવી.

આજ રોજે સભામાં આશરે બે હજાર માણસ મળ્યાં હતાં. તે

માં આશરે બસેં માણસ માળમાં હતાં, તથા આશરે અઢીસેં માણસ આગળની મોટી અગાશીમાં મળ્યાં હતાં, તથા બારણા આગળ અને બારી હેઠળ બાકીના માણસો ઉભાં હતાં. માણસોની ભીંડ ભારે હતી. ચાર વાગવાનો અમલ થવા લાગ્યો એટલા સુધી મેહેતાજીએ હરી પરી વાતો કીધી. તેમાં મુખ્ય વાત તો એ કહી કે આપણા લોકો હિંદુની જાત વગર બીજી જાતોને અસુર કહે છે તે વાત કહેવા માત્ર છે. કંઈ સાચી નથી, ને સાચી વાત ગીતામાં એ રીતે લખી છે કે જે માણસ ઢોંગી હોય, અહંકારી હોય, અને અભિમાની હોય, ક્રોધી હોય, કઠોર ભાષણનો કરનાર હોય, અજ્ઞાની હોય, એ સ્વભાવનો ગમે તે હોય તેને અસુર જાણવો.

ચાર વાગ્યા પછી મેહેતાજીએ જે જાહેર ખબરના કાગળો શેહેરમાં માર્‍યા હતા તેનો સારી પેઠે અર્થ કરીને લોકોને સમજાવ્યો. એ વખતે શેહેર મધ્યેના કેટલાએક જાદુગરો તથા મંત્ર શાસ્ત્રીઓ જે છુમંતર કરનાર છે તે પણ સામી બાજુએ બેઠા હતા તથા ઉભા હતા. તે વેળા મેહેતાજીએ નીચે પ્રમાણે ભાષણ કીધું. એ ભાષણને સર્વે લોકો કાન ધરીને સાંભળતા હતા.

ભાઈ સાહેબો ! આ સભાને મળવાનું કારણ મેં તમને વાંચી સંભળાવ્યું. આ સભાના બેસનારાઓનો વિચાર કોઈના ધર્મની તરફદારીનો નથી. સર્વે ધર્મો માંહેથી જે જે સાર હોય, ને જેથી માણસો સાચા જ્ઞાનના તથા સારી કરણી રેહેણીના થાય તેવી બાબતો પ્રગટ કરવાનો છે. એ સભામાં ઘણી તરેહની ભાંજગડો આજ સુધી ચાલી. પણ સહુથી અગતની વાત જે નજરમાં આવી તે વિશે બીજી જાહેર ખબર પ્રગટ કરવી પડી છે. જે દિવસથી મને જ્ઞાન શક્તિ આવવા લાગી તે દિવસથી મારૂં ધ્યાન જાદુ તથા ભૂત પ્રેત્ત પછવાડે લાગેલું હતું; ને તેને આશરે વીશ વરસ થવા લાગ્યાં. તેથી કેટલાંએક વરસ થયાં મને નિશ્ચય થયો કે હિંદુ આદિ લઈને સર્વે જાતોમાં એ વાત વગર પાયાની તથા જૂઠી છે.

જેમ આપણા દેશમાં હાલ જૂઠાણું ચાલે છે તે રીતે યુરોપખંડમાં પણ આગલી વેળામાં ઘણા પ્રકારનું જૂઠાણું ચાલતું હતું. પણ

જેમ જેમ જ્ઞાનનો વધારો થતો ગયો તેમ તેમ તે ખંડમાં જાદુગણું નહિ સરખું થઈ ગયું છે. આગલી વખતના રાજાઓ જાદુને ખરૂં માનતા હતા, તેથી ઘણાંએક માણસોની હત્યાઓ થઇઓ છે, ને હજી પણ હિંદુ લોકોમાં મૂર્ખ રાજાઓ છે તે ભૂત તથા જાદુને ખરૂં માને છે, ને તેથી પોતાના ઘણાએક દ્રવ્યનો ખરચ ફોગટ કરી નાખે છે. જેટલું દ્રવ્ય જૂઠી વાતોમાં ખરચે છે તેનો અર્દ્ધો ભાગ જો વિદ્યાની પછવાડે ખરચે તો અતિ મોટું ફળ પેદા થયા વગર રહેશે નહિ. જો તમારે આપણા રાજાઓની ચાલ વિશે જોવું હોય તો હાલમાં ગાયકવાડના રાજ્યમાં નજર કરો.

આ સભામાં જે જાદુગર અથવા મંત્ર શાસ્ત્રી આવશે તેને મોટા માન સાથે બેસાડીશું, ને તેને સારૂ સામાનમાં સિંદૂર, લીંબું, અડદ, તથા પાળી ઈત્યાદિ જે જોઇશે તે આ સભાની મધ્યે મૂકેલું છે. આ સભાને સરકાર સાથે તથા પાદરી સાથે કોઈ પ્રકારનો સંબંધ નથી. માટે કોઈ જાદુગર અથવા મંત્ર શાસ્ત્રીએ કોઈ પ્રકારની બીક રાખવી નહિ. તમને જાણ્યામાં હશેજ કે અંગ્રેજ સરકાર જાદુને જૂઠું માને છે, ને તેની સૂચના સન્ ૧૮૨૭ ના ચાૈદમા કાયદાની છવીશમી કલમની બીજી રકમમાં લખેલી છે.

કોઈ જાદુગર અથવા મંત્ર શાસ્ત્રી પોતાની બીક મટાડવા સારૂ સભાના બેસનારાઓના હાથનો લેખ લખાવી લેવા ચાહાતો હોય તો તેને લખી આપવાને પણ સભાના બેસનારા તૈયાર છે.

રણછોડદાસ ગીરધરભાઇએ સર્વ લોકોને કહી સંભળાવ્યું કે જાદુની બાબતમાં જેટલા ગ્રંથો છે તે સર્વે જૂઠા છે. પેટભરા લોકોએ પોતે ઠગવા સારૂ ઉભા કીધેલા છે. જ્યારે લોકો જાદુગર અથવા મંત્ર શાસ્ત્રી પાસે આવે ત્યારે લોકોને વિશ્વાસ ઉપજવા સારૂ ઘરમાંથી એક ગ્રંથ કાઢીને તેમાં જુએ છે ને પછી લોકોને ઠગે છે. એ બાબતને જ્ઞાની હિંદુ લોકો પણ અસલથી જૂઠી જાણે છે. તેવા તેવા જ્ઞાની લોક ઘણાએક મને મળેલા છે. આ સુરતમાં હરીપરા મધ્યે ગોવંદજી વેદાંતિનું મંદિર છે. તેમાં ગોપાળભાઈ નામે એક સલાટ છે તે એ મંદિરનો ગુરૂ છે, તે પોતે એમ કહે છે કે મારી સિત્તેર વરસની ઉમર થઈ ને મારા

બાપ દાદા પણ એમ કહેતા આવેલા છે કે જાદુ જૂઠું છે, ને હું પણ ઘણાંએક વરસ થયાં જાણું છૈં કે જાદુ જૂઠુંજ છે.

દાદુબા પાંડુરંગે મેહેતાજીને કહ્યું કે, એ સર્વ લોકોને એવો સંદેહ હશે કે આ સભાના બેસનારાઓ આટલી આખી મેહેનત શા સારૂ કરેછે, માટે એનું ખરૂં કારણ સર્વને કહી સંભળાવો. તે સાંભળી મેહેતાજી બોલ્યા કે ભાઇઓ આ સભાના બેસનારા પોતે રૂપિયા ખરચે છે, તથા જાત મેહેનત લેછે, તથા જાદુગરોનું જોખમ કબૂલ કરેછે, તથા અજ્ઞાની હિંદુઓ આ સભાના બેસનારાઓની નિંદા કરેછે તે પણ કબૂલ કરેછે. એ સઘળું દુઃખ વેઠવાનું કારણ એજ છે કે શેહેર મધ્યે ઘણાએક લોકો જે જાદુનો ધંધો કરેછે તે બીજા લોકોને ઘણા બીવડાવે છે; ને તેની બીકથી ઘણાએક લોકો માંદા પડે છે, તથા મરી પણ જાયછે, તથા કેટલીએક બાયડીયો જાદુગરોની પછવાડે ફરતી ફરે છે; તેને તે જાદુગરો અનેક પ્રકારની ખોટી વાતો સમજાવીને તેની બુદ્ધિને ખરાબ કરેછે. એવી બાબતમાં એક મારો જાણીતો માણસ પાંચસેં રૂપિયા છેતરાયો હતો, તેને મેં ઘણી મેહેનતથી પાછા અપાવેલા છે. માટે આ સભાના બેસનારાઓનો સાચો વિચાર એજ છે કે અજ્ઞાની લોકોને સારી બુદ્ધિ આપીને જાદુગરોના ફાંદામાંથી બચાવવા જોઇએ.

વિઠલદાસ મુલતાની ખતરી સભાની સામા ઉભા હતા, તે બોલવા લાગ્યા કે આ સભાના બેસનારા લોકો જે વાત કેહેછે તે સાચી છે, ને જાદુગરનો વાતો જૂઠી છે. કેમકે આજ સુધી રૂપિઆ પચ્ચીસ હજાર મેં માહારી જાતે જાદુ તથા કિમિયાની પછવાડે ખરાબ કીધેલાછે, ને ઘણા ઘણા માણસોથી મેં શોધ કીધો તેથી માલમ પડ્યુંછે કે જાદુ જૂઠુંછે. જો કોઇ જાદુગર આ ઠેકાણે જાદુની વાત ખરી કરી આપતો હોય તો તેને રૂપિયા પાંચસેં સુધી આપવાને હું તૈયારછોં. વળી મણીશંકર તથા વેણીશંકર તથા હરીશંકર ઇત્યાદિ કેટલાએક જણા એ સભામાં જાદુને ખોટું કેહેતા હતા.

મેહેતાજી દુર્ગારામે એ સભામાં એક ટીપ વાંચી સંભળાવી તેમાં જાદુના પ્રકાર લખેલા હતા. તે એ રીતે કે કોઇ મનની ધારેલી વાત

કેહેતો હોય; કોઈ મૂઠીમાં રાખેલી વસ્તુનું નામ લેતો હોય; કોઈ મૂઠીમાં રાખેલી વસ્તુનું રૂપ ફેરવતો હોય; કોઈ હાથમાંની વસ્તુ ઉરાડતો હોય; કોઈ ચોટ મુકતો હોય; કોઈ ભાંય ઉપર ચોહોં-ટાડી મુકતો હોય; કોઈ લોહી ઓકાવતો હોય; કોઈ પેટમાં ચુંક મૂકતો હોય; કોઈ ઘર માંહિની કંઈ વસ્તુ મંગાવી આપતો હોય; કોઈ આ ઠેકા-ણેથી ઉરાડીને તાપી નદીમાં ડબોવતો હોય;કોઈ મૂઠ મારીને મારી નાંખતો હોય; કોઈ દેશાવરની ખબર કેહેતો હોય; કોઈ ઘેલો કરતો હોય; કોઈ આગીયો મૂકી બાળતો હોય; કોઈ લુગડાંને બાળીને તથા કાપીને પાછું હોય, તેવું કરતો હોય ઇત્યાદિ જેજે કરવાને જાદુગર જાદુના જોરથી ચહાતો હોય તે સર્વે બાબતોની સામાં બેસવાને સભાના બેસનાર તૈયાર છે.

એ સર્વે ભાષણ પુરૂં થઈ રહ્યા પછે મેતાજીયે બુમ પાડીને કહ્યું કે કોઈ જાદુગર તથા મંત્ર શાસ્ત્રી છે? હોય તો આ સભાની સામાં આવીને બેસો. તે વેળા ઘણાએક જાદુગરો તથા મંત્ર શાસ્ત્રીયો તે જગો ઉપર ઉભેલા હતા, પણ સભામાં સામો આવીને કોઈ બેઠો નહીં. પછી થોડીએકવારે એક જોગી જેવા માણસ બોલી ઉઠ્યા કે આ સુરત શેહેરથી તે અમદાવાદ સુધી રૂપિયાનાં ગાડાં ભરીને કોઇ લઈ જતો હોય તો તેને રૂપિયા આપવાને હું તઇયારછૌં. તે વચન સાંભળીને સર્વે લોકોને એવું લાગ્યું કે કોઈ જાદુગર આવેલો હશે તે નિકળ્યો છે. તેનું બોલવું સાંભળીને સભાના બેસનારાઓએ તેને સભાની વચમાં બેસાડ્યો, ને પુછ્યું કે તમને જાદુ કરતાં આવડે છે? ત્યારે તેણે જવા-બ દીધો કે જાદુ તો જૂઠું છે, પણ માહારી બેલાખ રૂપિયાની ઉઘરાણી છે, તે જો કોઈ અપાવતો હોય તો હું ઉકળતા તેલની કઢાઇમાં પડવાને તઇયારછું. એ શિવાય ઘણી એક ઘેલી વાતો બોલ્યો, ને જાદુ તથા મંત્રની તો ના કહી. ત્યારે સભાના બેસનારાઓના મનમાં એવું આવ્યું કે એ કોઈ ઘેલું બોલનારો છે માટે તેની સાથે બોલવું બંધ કીધું.

એક વાણિયાયે તથા બ્રાહ્મણે જાદુને સારૂ કેટલીએક તકરારો કી-ધી. પણ જાદુ બતલાવી શકાયું નહિ. પછી વલભભાઇએ બૂમ પાડીને

કહ્યું કે જાદુ ખોટું છે માટે કોઈ આવી શકતો નથી; ને આ વેળા ઉપર તથા હેઠળ ઘણાએક લોકો મળેલા છે, ને સાંજ પડવા આવી માટે સભાનું કામ બંધ કરવું જોઇએ, કેમકે આ ઠેકાણે કેટલાએક લુચ્ચા તથા ચોટ્ટા લોકો આવેલા છે તેની ધારણા એવી છે કે માંહોમાંહે મારામારી કરીને તમાશો જોનારાઓની પાઘડીઓ લેવી, માટે રાત વેળા કજીઓ વધી પડશે. તે સાંભળીને સભાના બેસનારાઓએ એવું ઠેરવ્યું કે જાહેર ખબરમાં રાતના આઠ વાગતાં સુધી બેસવું ઠેરવ્યું છે તેને ફેરવીને હર રવીવારે દિવસ છતાં સભાનું કામ બંધ કરવું. એ રીતે થયા પછી સભાના બેસનારા સર્વ ઉઠી ઉભા થયા.

તા૦ ૮ ડીસેંબર સન ૧૮૪૪. સંવત ૧૯૦૧ ના કાર્તિક વદી ૧૩ વાર રવી.

ગએ રવીવારે માણસોની ભીંડ ઘણી થઈ તેથી બેસવાની જગ્યા નાની પડી, માટે સભાના બેસનારાઓએ ઘરમેળે એવું ઠેરવ્યું જે આજે રવીવારની સભા કોઈ મોટા ઘરમાં ભરવી. તેથી ચોક બજારમાં બક્ષીજીનો દરિયા મેહેલ છે તેમાં પાછલા પોહોરના ત્રણ વાગતેથી સભા ભરાઈ હતી. એ સભા મધ્યે આશરે બારસેં માણસ મળેલાં હતાં. તે વેળા મેહેતાજીએ ઉભા થઇને ગયા રવીવારનું થએલું વર્તમાન વાંચી સંભળાવ્યું, ને બોલ્યા કે આજે કોઈ જાદુગર તથા મંત્ર શાસ્ત્રી આવેલા હોય તો તેણે આ સભામાં આવીને સભાના બેસનારા સર્વેનો નિશ્ચય કરી આપવો. જેને ખરૂં કરી આપવાની શક્તિ હોય તેને સારૂ રૂપિયા વીશ રોકડા જાદુના સામાનની સાથે મૂકેલા છે. એ પ્રમાણે બોલીને બેશી ગયા.

થોડીવાર રહીને બીજીવાર મેતાજીયે ઉભા થઇને બૂમ પાડીને કહ્યું કે કોઈ જાદુગર તથા મંત્ર શાસ્ત્રી છે? જો હોય તો આ સભામાં બેસી જાદુને ખરૂં કરી આપે. એ રીતે કહીને બેશી ગયા. તે વેળા વજો ભુઓ તે ઠેકાણે આવ્યો. તેને માન આપીને મેતાજીયે તેનો હાથ ઝાલીને પોતાની પાસે બેસાડ્યો. પણ એ ભુઓ પોતાને મોઢેથી કંઈ પણ બોલ્યો નહીં.

ત્રીજીવાર મેહેતાજીયે ઉભા થઇને બૂમ પાડીને કહ્યું કે કોઇ જાદુગર અથવા મંત્ર શાસ્ત્રી છો ? જો હો તો આવો. તે વેળા વજા ભુઆએ કહ્યું કે આખા શેહેરમાં હું ફરેલોછૌં, ને સઘળા જાદુગરથી હું જાણીતો છૌં, તેથી મને પક્કી ખબર છે કે કોઈ પાસે જાદુ નથી, પણ હું જાણું છૌં. માટે મને જે કેહેશો તે હું કરી આપીશ. બોલો તમારે શું કરાવવું છે ? તે વેળા મેતાજીયે ગયે રવીવારે જે જાદુની બાબતો લખેલી હતી તેની ટીપ વાંચી સંભળાવીને કહ્યુ કે એ મધ્યેથી તમે કંઈ પણ કરી આપશો તો તમારૂં જાદુ ખરૂં મનાશે. તે વેળા વજા ભુઆએ કહ્યુ કે મારી પાસે એક જાદુછે તે એ રીતે કે મહારી જીભ કાપીને તેમાંથી લોહી કાઢી જાણું છૌં, ને તે નિકળતા લોહીને લીંબુ ચુસીને બંધ કરી જાણુંછૌં. માટે જો તમારી મરજી હોય તો તેમ કરૂં. તેવારે મેહેતાજીએ એમ કહ્યુ કે હમે કંઈ ચપુએ વતી જીભ કાપીને લોહી કાઢવાની રજા આપતા નથી, તથા એવી બાબતોને જાદુ પણ જાણુતા નથી. તમે તમારે હાથે પોતાને જોખમે પોતાની જીભ કાપવાને મુખતાર છો. જાદુ કરવાના કામમાં કંઈ હથિયાર મારવાનું કામ નથી. જો તમારી પાસે જાદુ હોય તો દૂર બેસીને મત્રના જોરથી આ સભાના બેસનારાઓ ઉપર કંઈ જાદુ કરો કે જેથી આગળ કેહેલી બાબતોમાંથી કંઈપણ થાય. તે વેળા વજા ભુઆએ કહ્યું કે આજ તો માહારીથી કંઈ બનતું નથી, માટે આવતે રવીવારે હું આવીશ ને મંત્રના જોરથી સભાના બેસનારા સર્વેને લોહી ઓકાવીશ તથા પેટમાં ચૂંક મૂકીશ.

એ વેળા જે લોકો તમાશો જોવા આવેલા હતા તેમાંથી ઘણાએકના મનમાં એ રીતે આવ્યું કે આ મોહોટું આશ્ચર્ય છે કે, આ સભાના બેસનારાઓને કોઈ જાદુ કરી શકતું નથી. આપણે ઘણાએક ઠેકાણે જોઇયેછેયે કે જે જાદુગર અથવા મંત્ર શાસ્ત્રી હોય છે તેને છતા પડવાની કંઈ ગરજ નથી. તે ધણી પોતાના ઘરમાં બેશીને હરકોઈ માણસ ઉપર જાદુ કરવા ચાહે તો કરી શકેછે. અથવા આ ઠેકાણે આવીને છાનોમાનો એક ખુણે ઉભો રહીને મંત્ર ભણીને જાદુ કરે તો કરી શકેછે, ને તેથી સભાના બેસનારાઓને દુઃખ થયા વગર રેહે નહીં. પણ આ સભાના બેસનારાઓની હીમત જોઇને એવું લાગે છે કે હલડાંના

કાળમાં જાદુ ઉડી ગયુંછે એમાં સંદેહ નથી.

એ પ્રમાણે થયા પછી સભા ઉઠી ઉભી થઈ. ને બારણાની બહાર નિકળતી વેળા ઘણાએક લોકોને દીઠામાં આવ્યું કે એક ખીલો સિંદુરનો ખરડેલો બારણાના થાંભલામાં ખોસેલો છે. તે જોઇને કેટલાએક લોકોએ કહ્યુ કે કોઇ જાદુગરે ખીલો ખોસીને વીરની ચોકી મૂકી છે, ને જે કોઈ એ ખીલાને અડકશે તે ચોંટી જશે. તે સાંભળીને ત્રવાડી વેણીશંકરે તે ખીલો ખેંચી લીંધો, ને હાથમાં ઝાલીને કહ્યું કે જુઓ જાદુ જુઠું છે. આ ખીલો મેં ઝાલેલોછે પણ મને કંઈ થતું નથી.

તા૦ ૧૫ ડીસેંબર સન ૧૮૪૪. સંવત ૧૯૦૧ ના માગશર શુદિ ૮ વાર રવી.

આજરોજે માનવ ધર્મ સભામાં આશરે આઠસેં માણસ મળ્યાં હતાં. તે વેળા મેહેતાજીએ ગયા રવીવારનું થએલું વર્તમાન વાંચી સંભળાવ્યું ને નીચે લખ્યા પ્રમાણે ભાષણ કીધું.

ત્રવાડી હરીશંકર તથા દેશાઈ નથુભાઇએ આવીને મને કહ્યું કે આજરોજે એટલે તા. ૧૧ મીને દિવસે વજા ભુઆએ એક માતાનો રથ કાઢેલો હતો, ને તેને આખા શેહેરની પછવાડે ફેરવ્યો, ને આશરે ચાર મણ દુધની આખા શેહેરની પછવાડે ધારા કીધી, ને જ્યાં જ્યાં બજારની જગો હતી ત્યાં ત્યાં ચોટલો છૂટો મૂકીને ઘણું ધુણતો હતો, તથા લીંબુ કાપીને ઠેકાણે ઠેકાણે ફેંકતો હતો. તેમાં એક લીંબુ સભા મળવાના ઘર ઉપર પણ ફેંકેલું છે. ને ઉપર વાળામાંથી બીજો ધણી કહે છે કે જ્યારે મેં વજા ભુઆને પુછ્યું કે આમ શા માટે કરેછે? ત્યારે તેણે કહ્યું કે આ શેહેરમાં પાપ ઘણું થાયછે માટે જાદુ ચાલી શકતું નથી તેથી દુધની ધારા કરીને આખા શેહેરને પવિત્ર કરૂં છૌં. કેમકે આવતે રવીવારે મારે માનવ ધર્મ સભામાં જઇને મેહેતાજી દુર્ગારામ આદિ લઇને જે સભામાં બેસનારા છે તેને લોહી ઓકાવવું છે. એ વાત જ્યારે નથુભાઇએ મને કહી ત્યારે મને હસવું આવ્યું ને મ તેને કહ્યુ કે એ સર્વ ઢોંગ છે; સભાના બેસનારાઓને બીવડાવવાને

તથા લોકોના મનમાં વેહેમ ઘાલવાને એ ભુઓ ઠગાઈ કરેછે. એવી ધુરપતથી વિવેકી લોકો કંઈ બિહીનાર નથી.

એ વજા ભુઆ વિશે મને દિક્ષિત હરનારાયણે આવીને જે ખબર કહીછે તે આ સભામાં પ્રગટ કરૂંછું. તે એકે ગણપતરામ કોટવાળ સાહેબે શેહેર મધ્યેના કેટલાએક જાદુગરોને બોલાવીને કહ્યું કે જો જાદુગરોની વિદ્યા સાચી હોય તો માહારી મન પતીજ કરો, ને જો તમારૂં જાદુ ખરૂં ઠરશે તો હું તમને માહારી સાથે તેડીને સભામાં જઇશ. તે વેળાએ વજા ભુઆએ કબૂલ કીધું કે આજ રાતરે એટલે તા. ૩૦ નવેંબરને રોજે હું તમને જાદુનો ચમત્કાર બતલાવીશ. તે એ રીતે કે હરકોઈ માણસને માહારા સામું બેસાડજો હું તેને જાદુ કરીશ એટલે તે માણસ ધુણ્યાં કરશે. જે પ્રમાણે ભુઆએ કહ્યું તે પ્રમાણે કોટવાળ સાહેબે કબૂલ કીધું, ને ઉપર લખેલી તારીખે રાતરે નવ વાગતેથી જાદુ તપાસવાનું કામ જારી કીધું. તે ઠેકાણે શાસ્ત્રી દિનમણીશંકર વગેરે કેટલાએક ભલા માણસ બેઠેલા હતા. ગણપતરામે પોતાના વિશ્વાસુ એક કણબીને જાદુગરની સામાં બેસાડ્યો હતો. તે વેળાએ વજા ભુવાએ તે કણબીની પછવાડે કેટલાંએક લીંબુ કાપીને મૂક્યાં, ને કુંડાળું કરીને ડાકળું વગાડવા માંડ્યું ને પોતે ધુણવા લાગ્યો, ને વીર વૈતાળને જગાવવા લાગ્યો. આખી રાત ધુણ્યો પણ પેલા કણબીને કંઈજ વિકાર થયો નહિ. તે વારે આખરે એ ભુઆએ કહ્યું કે મારો મંત્ર સાધવાને પંદર વરસ થઈ ગયાં છે, માટે રૂપલો મામો તથા ઝાંપડીમાસી એવે નામે જે ભૂત છે તે આવી શકતાં નથી, માટે હવેથી હું મંત્ર સાધીને તઇયાર કરીશ. તે વેળા તેનાં ફાંફાં મારવાં જોઇને કોટવાળ સાહેબ આદિ લઇને સર્વ લોકોએ એ વજા ભુઆનો ઘણોજ ધિક્કાર કીધો, ને રજા આપી. એ સર્વે વાત મેં મારી આંખે જોઇછે.

તા. ૧૪મી એટલે કાલ દિને માહારા એક મિત્રના કેહેવાથી મને ખબર પડીછે કે વજા ભુઆએ સરકારમાં એક અરજી આપી હતી. તે અરજીમાં ઘણી એક જૂઠી વાતો લખેલી હતી. તે અરજી જેવારે જડજ સાહેબને આપી ત્યારે જડજ સાહેબે જવાબ દીધો કે એ બાબતમાં

સરકાર કંઈ જવાબ દઈ શકતી નથી. એ ઉપરથી વજા ભુઆએ આખા શેહેરમાં બૂમ ઉરાડી કે મને સરકારે ના કહી કે તમે કોઇને જાદુ કરશો નહિ, ને જે જડજ સાહેબની પાસે ઉભો હતો તેણે મને એમ કહ્યું કે જડજ સાહેબે જાદુને જૂઠું કહ્યું છે, ને કોઇને હથિયાર મારવાને જડજ સાહેબે એ ભુઆને ના કહીછે. જેવી એ વાત મને સાંભળવામાં આવી કે તરત આજરોજે સવારમાં શેહેર મધ્યે ગુજરાતી અક્ષરની લખેલી જાહેર ખબરો મારીઓ. એ જાહેર ખબરની નકલ નીચે પ્રમાણે—

જાહેર ખબર.

ગામમાં અફવા સાંભળવાથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે ગઈ કાલે વજા ભુઆએ સરકારને અરજી આપી 'હતી, તેમાં એવું લખ્યું છે કે જાદુની તપાસ કરનાર માનવ ધર્મ સભાના બેસનારની આગળ હું મારી જીભ કાપવાને તથા તપાવેલી સાંકળ ગળામાં ઘાલવાને તૈયાર છોં. તેવારે મેહેતાજી દુર્ગારામ એ રીતે કહે છે કે મારી જીભ કાપો તથા મારા ગળામાં તપાવેલી સાંકળ ઘાલો, પણ એ વાત વજા ભુઆની બીલકુલ જાઠી છે. મેહેતાજી જાણે છે કે જાદુ જૂઠું છે ને જો ખરેખરી જીભ કાપી નાખી હોય તો પાછી નવી આવી શકતી નથી, માટે સાફ માલમ પડે છે કે એ પ્રમાણે મેહેતાજીએ કંઈ કહ્યું નથી. ને વજો ભુઓ પોતાની જીભ કાપે અથવા કંઈ પણ કરે તો પોતાને જોખમે મુખતાર છે.

જે વારે સભાના બેસનારાઓએ લોકોના કલ્યાણને સારૂ જાદુનો વેહેમ કાઢી નાખવાનો ઉપાય શોધી કાઢ્યો તે જોઇને જાદુગરો ઘણી ચિંતામાં પડ્યા; ને પોતાથી કંઈજ થઈ શકતું નથી તેથી પોતાની આબરૂ રાખવા સારૂ એ વજા ભુઆએ જાઠી અરજી આપી છે, ને ઠગાઈથી લોકોને એવું સમજાવે છે કે સરકારે જાદુ કરવાની ના કહી છે માટે હું કરતો નથી.

આગલી જાહેર ખબર ચોંટાડ્યાને ત્રણ રવીવાર વીતી ગયા પણ કોઈ જાદુગરે સભામાં આવીને મંત્રના જોરથી જાદુ બતાવી શકાયું નહિ. માટે ફરીથી સારી પેઠે સરવે લોકોને ચેતાવીએ છિએ કે, જાદુ

જાહું છે માટે જાદુગરથી કોઈ પ્રકારે બીહીશો નહિ.

તા૦ ૧૫ ડીસેંબર સ. ૧૮૪૪. દુર્ગારામ મંછારામ

માનવ ધર્મ સભાનો દફતરદાર.

એ જાહેર ખબર મારવાનું કારણ એ છે કે આજરોજે એ વજો ભુઆ સભાના બેસનારાઓને જાદુ કરવા આવનાર છે તે જાહું નિમિત્ત કાઢીને જાદુ કરવા સારૂ આવશે નહિ, માટે શેહેરની પ્રજાને ચેતાવવી જોઈએ કે એ વજા ભુઆના બોલવા ઉપર કોઈ ભરોંસો રાખે નહિ, ને એ ધણી પાસે જાદુ કરવાની શક્તિ નથી માટે ફાંફાં મારે છે.

જે બુદ્ધિમાન માણસ હશે તે તો સમજશે કે જો જાદુ ખરૂં હોય તો તે જાદુગરને સરકારમાં જવાની કંઈ ગરજ નથી, ને જૂઠા, ઢોંગી, બેડસાઈખોરા, પતરાજી એવા સ્વભાવના સર્વે જાદુગરો છે, માટે તેમના બોલવા ઉપર વિશ્વાસ રાખીને જાદુગરના ફાંદામાં કોઈ ગૃહસ્થોએ આવવું નહિ. વળી કાલરોજે મારા સાંભળ્યામાં આવ્યુંછે, કે એક પોરવાડ વાણિઆમાં સારા ગૃહસ્થની બૈરીનો સોળસેંહ રૂપિયાનો માલ વશીકરણનો ઢોંગ કરીને ત્રણ ચાર લુચ્ચા નાગર બ્રાહ્મણો ખાઈ ગયાછે.

હવે આજ રોજે જાદુની તપાસ પુરી થઈ માટે એથી લોકોને જે સમજવાનુંછે તે કહી સંભળાવુંછૌં. મન ઠેકાણે રાખીને સાંભળજો. હવેથી મારણ, મોહન, વશીકરણ, ઉચાટણ, સ્થંભન, આકર્ષણ ઈત્યાદિ જાતના પ્રયોગ તમો કોઈ મંત્ર શાસ્ત્રી પાસે કરાવશો નહિ. કેમકે તે વાતો સર્વે જાહી છે. વળી કોઈ બૈરાંને ભૂત આવે તેને ખરૂં માનશો નહિ, કેમકે બૈરાંઓ ઘણી જાતનાં પાખંડ કરેછે. છોકરી હોય તો તે સાસરે ન જવાને સારૂ પાખંડ કરેછે. કોઈ બાયડીયો ધણીને દબાવવાને તથા પગતળે રાખવાને પાખંડ કરેછે. કોઈ બાયડીયો ધૂતારાઓની શીખવણીથી ખરચ કરાવવાને પાખંડ કરેછે. કોઈ બાયડીઓ ખોટાઈથી ધંધો ન કરવાને પાખંડ કરેછે. કેટલીએક બાયડીઓ એક એકની દેખાદેખી પાખંડ કરેછે. કોઈ બાયડીઓ વ્યભિચાર કરવાને પાખંડ કરેછે. કેટલીએક જાચક બાયડીઓ કોઈ ગૃહસ્થના ઘરમાંથી પૈસા પેદા કરવાને પાખંડ કરે-

છે. કોઈ બાયડીઓ બીજાનાં મુએલાં માણસોને ફજેત કરવાને પાખંડ કરેછે. કેટલીએક બાયડીઓને માથે અન્યાય આવેછે તે અન્યાયની વાત ઉડાડવાને તે વેળા ભૂત લાવવાનુ પાખંડ કરેછે.

કેટલાએક પુરૂષો બાયલા હોયછે તે પણ બાયડીઓના જેવો ઢોંગ કરીને ભૂત લાવવાનું પાખંડ કરેછે. કેટલાએક ધૂતારા જાદુગરો પોતાનામાં કોઈ વીર, ભૂત, ઝાંપડો, ઈત્યાદિ કંઈ લાવીને ઠગાઈથી પોતાનું પેટ ભરવા સારૂ પાખંડ કરેછે. કેટલાએક મંત્ર શાસ્ત્રીયો હજારો પ્રકારનાં કપટ કરીને લોકોને ઠગવા સારૂ ચમતકાર બતલાવેછે. કેટલાએક ભિખારી ટેહેલિયાઓ માતા લાવવાનો ઢોંગ કરીને પાખંડ કરેછે. કેટલાએક ચાકરો પોતાના શેઠના ઘરમાં જાદુગરનો પગ ઘાલવા સારૂ પોતાનામાં ભૂત આણીને પાખંડ કરેછે. કેટલાએક વ્યભિચારીયો જાદુગર થઈને લોકોનાં બૈરાંઓને ખરાબ કરવા સારૂ પાખંડ કરેછે. માટે હે મિત્રો! હે ભાઈયો! તમે તમારૂં ભલું ઇચ્છતા હો તો જાદુને તથા ભૂત પ્રેતાદિકને કદાપિ ખરૂં માનશો નહિ.

જાદુથી તથા ભૂતથી ઘણાએક પ્રકારની ખરાબી થાયછે. કેટલાએક ગૃહસ્થોના ઘરમાં જાદુના તથા ભતના કજીયાથી તેમનાં ઘર ટુટી જાય છે. કેટલાંએક માણસોને ભૂતનો તથા જાદુનો વેહેમ પડવાથી આપદા કે અનેક જાતના રોગો પેદા થાયછે, તેથી કેટલાંએક માણસો મરી પણ જાયછે. કેટલાએક સાળવીયો તથા કડિયાઓ તથા સુથારો તથા બીજા અનેક જાતના કારીગરો ઘણું કરીને વિદ્યા ભણેલા હોતા નથી, માટે તેવા લોકોમાં એકાદ જણ હોંશિયાર હોયછે તે બીજા સર્વેને બીહીવડાવીને પોતે નફો મેળવી લેછે. કેટલાએક દુકાનદારોમાં પણ જાદુગર હોયછે તે બીજા દુકાનદારોને બિહિવડાવીને તેનો માલ વેચવા દેતા નથી ને પોતાની દુકાને ઘરાકી વધારે છે. કેટલાએક લોકો ભૂતની બિહીકથી રાતરે બાહાર નીકળતાં બીહેછે તેથી તેનાં કેટલાંએક કામોને નુકસાન પોહોંચેછે. કેટલાએક લોકો ભુતની બિહીકથી મોહોટા મોહોટી હવેલીમાં રેહેવાને બીહેછે. કેટલાએક ધૂતારા ગુરૂઓ જે ગાદીના ધણી હોય છે તે ભૂતની ખોટી ખોટી બીક દેખાડાવીને હજારો રૂપિયાની હ-

ચેલીઓ પચાવે છે. માટે હે ભાઇઓ ! હું તમને જાદુની તથા ભૂતની બાબતમાં સાચું જ્ઞાન આપું છું તે લઇને નિર્ભય રહેજો.

એ પ્રમાણે ભાષણ કીધા પછી મેહેતાજીએ બૂમ પાડીને કહ્યુ કે કોઈ જાદુગર અથવા મંત્ર શાસ્ત્રી હોય તો આ સભાના બેસનારાઓને મંત્રના જોરથી કંઈ ચમત્કાર બતાવે ? તે વેળા વજો ભુઓ પ્રથમથી સભામાં બેઠો હતો તે બોલ્યો કે મારા જાદુથી તમને કંઈ થાય માટે સરકારી કાગળ ઉપર મને લખી આપવું જોઇએ. તે વેળા મેતાજીયે લખી આપવું કબૂલ કીધું. ત્યારે વજા ભુઆએ કહ્યું, જે આવતા રવીવાર સુધીમાં હું તમારી પાસે લખાવી લઇને પછી આવતે રવીવારે જાદુ કરી બતાવીશ. વજા ભુઆએ સરકારમાં અરજી આપી હતી તેની નકલ એજ ધણીના હાથમાં હતી તે સભાના બેસનારાઓને આપી તે નીચે પ્રમાણે,—

ગરીબ પરવર સલામત. અરજ એ છે જે તા૦ ૨૩ નવેંબર સન ૧૮૪૪ ને રોજે દુર્ગારામ મંછારામ મેહેતાજીએ સુરત શેહેરમાં જાહેરનામાં ચોડાવ્યાં છે, તેની મતલબ એવી છે કે કોઈ જાદુગર અથવા મંત્રશાસ્ત્રી આ સભામાં આવીને સર્વેનો નિશ્ચય થાય એવી રીતે ઉપર લખેલી જાદુની વાતોમાંથી કંઈ પણ પ્રથમ ખરૂં કરી આપશે તો તેને રૂ૨૦) ઇનામ આપ્યામાં આવશે. એ વગેરે હકીકત તેમાં લખેલી છે. તે ઉપર ગયા એ રવીવારે સભામાં હું ગયો હતો, ત્યારે દુર્ગારામ મચ્છુરે મને કહ્યું કે તમારી પાસે જાદુ વગેરેનો ઇલિમ હોય તે અજમાવી દેખાડો. ત્યારે મેં કહ્યુ કે તમે તમારા ચપુવતે મારી જીભ કાપો, નહિ તો હું કાપું ને ફરી લીંબૂ ચુસી હું જીભ સાબેત કરી આપું. નહિતો વળી અગ્નીમાં લોઢાની સાંકળ લાખી ગરમ કરો તે હૂં ઉચકીને મારા ગળામાં નાંખું. તે વાત તેણે કબૂલ કરી નહિ તેથી આ અરજી સાહેબની હજૂરમાં ગુજારૂછૌં કે, મંત્રની વાત ખરી છે, ને તેની જાત ઉપર અજમાવતાં કંઈ નુકસાન થાય તો અમને કોઈ પૂછે નહિ. વાસ્તે સાહેબ હુકમ આપો તો એ વાત કરૂં, નહિતો બંધ રાખું. તા૦ ૧૪ ડીસેંબર સન ૧૮૪૪, લ. વજેરામ ગોકળદાસ સહી,

તા૦ ૨૨ ડીસેંબર સન ૧૮૪૪. સંવત ૧૯૦૧ના માગસર શુદી ૧૨ વાર રવી.

આજરોજે સભામાં આશરે બે ત્રણ હજાર માણસો મળેલાં હતાં. આજે ઘણાં માણસ મળવાનું કારણ એ છે કે, આજ દરિયા મેહેલમાં જાદુની વાત સારૂ છેલો દિવસ છે માટે નાના મોટા સર્વે લોક જોવા આવેલા હતા. જાદુગર તથા મંત્ર શાસ્ત્રીઓનાં પણ આશરે સો માણસ હતાં. તે વેળા મેહેતાજીએ ગયા રવીવારનું થએલું વર્તમાન વાંચી સંભળાવ્યું, ને બોલ્યા કે વજેરામ ભુઆએ આખા શેહેરના દરવાજાઓ ઉપર તથા ભાગળો ઉપર તથા મોટા મોટા ચકલાઓ ઉપર જે જાહેર ખબરો તા૦ ૧૯ ને દિવસે ચોહોડીઓ છે, ને તેની એક નકલ એ ધણીએ મને મોકલી છે તે હું તમને સભાના બેસનારાઓને વાંચી સંભળાવું છૌં.

જાહેર ખબર.

સૂરત શેહેર મધ્યે નાણાવટ મધ્યે નવલશાહના કોઠા મધ્યે માનવ ધર્મ સભા નામે એક સભા મળવા માંડી છે તેમાં જાદુની વાતો ચલાવવા માંડી હતી. તેનાં જાહેરનામાં બનાવીને શેહેરમાં ઠેકાણે ઠેકાણે માર્યાં હતાં તેની મતલબ એવી છે કે કોઈ જાદુગર અથવા મંત્રશાસ્ત્રી ઇત્યાદિ પ્રકારના જે જાદુગર હોય છે તે જાદુગરને તેડાવવાને સારૂ મેહેનત કરે છે પણ તે સભામાં કોઈ જાદુગર જતા નથી. પણ તે શા વાસ્તે જતા નથી તેનૂં કારણ એ છે જે તેના અંતઃકરણમાં એવૂં છે જે સરકાર બોલાવીને કબજ કરશે. પણ તે છતાં ભુઆ વજેરામ ગોકળદાસ ઠેકાણું ગોળ શેરીમાં જાતના કણબી, તે ઉપર લખેલી વાતો જાણતા હતા તોપણ તે સભામાં ગયા ને પ્રથમ મેહેતાજી દુર્ગારામ મંછારામ તથા માસ્તર દાદુબા પાંડુરંગ તથા બાળભાઈ એઓની સંગાથે ઘણી વાતની જીક થઈ પણ તેણે માન્યું નહિ. પછી ભુવા વજેરામે વિચાર કીધો કે આપણે સરકારની સલાહ લીધા વગર જાદુ બતાવવૂં નહિ. પરંતુ એ સભાના બેસનારા લોકો પાસેથી સરકારી કાગજ ઉપર લખાવી લીધા વગર જાદુ એ સભાના લોકોને બતાવવૂં નહિ. પણ વ-

જેરામ ભુખ્આ એ સભામાં ગયા ને તે જો સરકારી કાગળ ઉપર લખી આપશે તો સભામાં આવતે રવીવારને દિને જાદુ બતલાવીશૂં. માટે જેને જોવું હોય તે સભામાં આવજો અને મૂઠ ચોટ ઈત્યાદિક પ્રકારનું જે જાદુ બનાવેલું છે તે શિવ મહાદેવનું બનાવેલૂં છે તે સભાના લોકોથી ખોટું થઈ શકનાર નથી. તા૦ ૧૬ ડીસેંબર સન ૧૮૪૪ સંવત ૧૯૦૧ ના માગશર શુદિ ૭ વાર સોમે.

દ૦ ભુખ્આ વજેરામ ગોકળદાસ.

આ ઉપલી જાહેર ખબર મારી પાસે વજેરામ ભુખ્આએ મોકલી તેના ઉત્તરમાં મેં નીચે પ્રમાણે ચીઠી મોકલી.—

ભુખ્આ વજેરામ ગોકળદાસ.

તમે તમારી મારેલી જાહેર ખબરની નકલ મને મોકલી તે પહોંતી છે. તેનો સાર સમજીને હું તમને લખી જણાવું છું કે, મેં તમને મારી સહી સાથેની જે જાહેર ખબર આપી છે તેને તમારે લખ પ્રમાણે જાણવી જોઇએ. એમ કરતાં તમારે સરકારી કાગળ ઉપર લખાવી લેવાની મરજી હોય તો તા૦ ૨૧ ડિસેંબર સને ૧૮૪૪ વાર શની એટલે પરમ દહાડા સુધીમાં સરકારી કાગળ લઇને મારી પાસે તમે આવશો તો હું તમને લખી આપવાને તઈયાર છૌં.

આ ચીઠી લખવાનું કારણ એ છે કે રવીવારે ચરચા કરવાની વેળાએ તમે લખ લખાવી લેવાનો વાંધો કહાડશો તો કબુલ કરવામાં આવશે નહિ, ને સભાના બેસનારાઓ જાણશે કે તમે જૂઠો વાદ કરો છો.

હું એવું ઇચ્છું છૌં કે પરમેશ્વર તમારી બુદ્ધિને નિર્મળ કરે. તા. ૧૯ ડીસેંબર સન ૧૮૪૪.

તમારો શુભ ચિંતક
દુર્ગારામ મંછારામ.

આ ઉપલી ચીઠીનું પ્રત્યુત્તર ભુખ્આ વજેરામ ગોકળદાસે લખ્યું તે નીચે પ્રમાણે.—

માનવ ધર્મ સભાના દફતરદાર મેહેતાજી દુર્ગારામ મંછારામ જોગ લા૦ ભુવા વજેરામ ગોકળદાસ. જત તમે મને ચીઠી એક તા૦૧૯ની લખેલી મોકલી તે પોહોંતી છે. તે વાસ્તે તમને હું લખી જણાવુંછૌં કે,

માહારાં માણસ ૧૪ ગામોમાં ફરતાં કોઈ જાદુગર હોય તેને તેડી લાવવા સારૂ મોકલેલાંછે પણ તે માણસો હજી સુધી આવ્યાં નથી. જ્યારે આવશે ત્યારે તેને તેડીને સભામાં હું આવીશ ને જાદુ કરી બતાવીશ તે જાણજો, ને તમે મોહોટાછો, ને પરમેશ્વર સારૂં કરેછે. તા૦૨૧ ડીસેંબર સને ૧૮૪૪ સંવત્ ૧૯૦૧ના માગસર શુદી૧૨ વાર સનેઉ.

ભુવા વજેરામ ગોકળદાસ સહી.

એ પ્રમાણે વાંચી રહ્યા પછી મેહેતાજીયે કહી સંભળાવ્યું કે આ વજેરામ ભુવાની ચિઠ્ઠીથી ઉઘાડું સમઝાયછે કે એ ધણી પાશે કંઇ જાદુ નથી, ને શેહેર મધ્યે પણ એ ધણીને કોઇ જાદુગર મળતો નથી, માટે એ ધણીયે બાહાર ફરતાં પરગણાંઓમાં માણસ ૧૪ મોકલેલાંછે. એ ઉપરથી તમે સઘળાઓયે જાણવું કે સૂરત શેહેરમાં જાદુ નથી, ને એ પ્રમાણે સર્વે જગોપર જાણવું. એ પ્રમાણે બોલીને મેહેતાજી બેશી ગયા. ને થોડીવાર દમ ખાઇને પાછા ઉભા થઇને કેહેવા લાગ્યા કે આ સભામાં ચાર જણા આવીને બેઠેલાછે તેમણે જે જે પ્રયોગ કીધા છે તે મને લખી આપ્યાછે.

હું હરગોવિંદ કહુંછૈં કે આસરે દસવરસ ઉપર મેં મારી જાતે આસુરી કલ્પનો પ્રયોગ કીધો હતો. તેમાં મેં ત્રણ મહીના સુધી રોજ રોજ એક એક હજાર પ્રમાણે મોહોટા મંત્રનો જપ કીધો હતો. એ પ્રયોગ કરતી વેળા મારા ગુરૂના કેહેવા પ્રમાણે મેં ઘણાએક પ્રકારના નીમ કલ્પ્યા હતા. એ પ્રયોગ મેં માહરા શત્રુને મારવા સારૂ કીધો હતો, ને બીજા કામ ઉપર પણ લાગેછે. પણ મને એથી કંઈ ફળ થયું નથી. તેથી હું જાણુંછો કે જાદુ જાૂઠું છે.

ઉપલો પ્રયોગ કીધા પછી વીસા યંત્રને સાધવાનો પ્રયોગ મેં મારી જાતે કીંધો છે, ને એના મંત્રનો પાંચ લાખ જપ મેં ઘણી મેહેનતથી કીધો છે. એના મંત્રનો જપ પુરો થતા સુધી મારા ગુરૂએ મને ઘી ખાવાની ના કહી હતી, તે માટે મેં વરસ ૧ સુધી ઘી ખાધું નથી. એ પ્રમાણે કરવાથી પણ એનું કંઈજ ફળ થયું નથી. તેથી હું જાણું છૌં કે જાદુ જાૂઠું છે.

હું કહું છૈં કે આજથી આઠ મહિના ઉપર મેં મારી જાતે એકાવન દિવસ સુધી રોજ મધ્ય રાત્રે મારૂતી હનુમાન સાધવાનો પ્રયોગ કીધો હતો. એમાં ગળીએ રંગેલા સૂતરની દીવેટ કરીને સરસિયાનો દીવો બાળતો હતો, ને તે દીવા સામું બેસીને બ્યાસી હજાર મંત્રનો મેં જપ કીધો હતો. એનો મંત્ર જપતી વેળા હું સરસવનો ધૂપ કરતો હતો. એ પ્રયોગ પુરો થતા સુધી હું રોજ એકવાર જમતો હતો ને શનીવારને દિવસે એકલાં વડાં તથા ખીર જમતો હતો. એ પ્રયોગ કરતી વેળા મારા ગુરૂએ મને એમ કહ્યું હતું કે જપ કરવા માંડ્યા ને ત્રણ દિવસ થશે એટલે હનુમાન આવીને દેખા દેશે ને બીવડાવશે; તે વખત છાપરાનાં નળીઆં કડકડશે તથા તોપોના જેવા અવાજ થશે પણ એમાંનું મને કંઈ થયું નથી. મારા ગુરૂના કહેવા પ્રમાણે મેં સર્વે નેમ પાળ્યા હતા, તોપણ મને તેનું ફળ થયું નહિ. માટે એવી રીતના શ્રમ કરનાર સર્વેને હું કહું છૈં કે મંત્ર શાસ્ત્રમાં લખેલી જે જે જાદુની વાતો છે તે સર્વે જૂઠી છે, માટે કોઈ મંત્ર શાસ્ત્રી તમને એવી જૂઠી વાતો સમજાવીને ધૂતે તો તેનું કહ્યું માનશો નહિ.

હું કીરપાશંકર કહું છૈં કે મેં મારી જાતે આસુરી કલ્પનો પ્રયોગ કીધો હતો. તે પ્રયોગ કરવા સારૂ તે વેળા રાઇને મંત્ર ભણીને વાવી હતી તેનુંજ નામ આસુરી કહેવાય છે. તેને સામું મૂકીને ગળીએ રંગેલા સૂતરની દીવેટનો સરસિયાનો દીવો કરી દક્ષિણ દિશાનું મુખ રાખીને દીવા પછવાડે બેસીને સાઠ હજાર મંત્રનો જપ કીધો હતો. મારા ગુરૂએ મને કહ્યું હતું કે એ પ્રયોગમાં દશ હજાર મંત્રનો જપ કરવાનું કહ્યું છે, પણ હાલમાં કળિયુગ છે માટે ચોગણા (ચાળીસ હજાર) મંત્રનો જપ કરજે, તેથી મેં તે પ્રમાણે ચાળીસ હજાર મંત્રનો જપ કીધો, ને વળી તેથી પણ વધારીને સાઠ હજાર મંત્રનો જપ કીધો હતો. એ પ્રયોગ કરતી વેળા મારા ગુરૂએ મને કહ્યું હતું કે દશ દિવસ જપ કરતામાં કાળો સાપ આવશે તથા બીજા પણ ચમત્કાર દેખાશે, પણ તેમાંનું મને કંઈ દેખાયું નથી. એ પ્રયોગ પછવાડે દશાંશ હોમ છ હજાર મંત્ર ભણીને કીધો હતો તેમાં કાગળ ઉપર ચિતરેલાં છ હજાર પૂતળાં હોમ્યાં હતાં, ને રોજ રોજ એક એક રાઈનું પૂતળું કરીને તેના એકસો

આઠ કકડા કરી કાગળનાં પૂતળાં સાથે એક એક કકડો લઈને રોજ રોજ એકસોને આઠ કાગળનાં પૂતળાં હોમીને હોમ પૂરો કીધો હતો. જેમ મારા ગુરૂએ મને કહ્યું હતું તેમ સર્વ નેમ પાળ્યા હતા, ને એટલું દુઃખ સહીને મેં ઘણો શ્રમ કીધો, તોપણ મને કંઈ ફળ થયું નહિ તેથી હું જાણું છૌં કે એ સર્વ જૂઠું છે.

મેલી ઉપાસના.

હું કહુંછૌં કે આસરે આઠ નવ વરસ ઉપર ચૈત્રમાસમાં રવીવારની રાતે મેં મારી જાતે મસાણ જગાવવાને શાબરી મંત્રનો પ્રયોગ કીધો હતો, તે એ રીત કે ઘેરથી મસાણ સુધી ચકલે ચકલે ભાંગ તથા ચણા મૂકી તેને પાછા લઈ એક એક ચકલો નોહોતરતાં નોહોતરતાં મસાણ સુધી ગયો હતો, ને ત્યાંહાં જઇને ચકલાઓને નોહોતરેલો સામાન મસાણમાં મૂકી દીધો, ને એમ કહ્યું કે જેટલા ચકલા મેં નોહોતરેલાછે તે ઠેકાણાંનાં સર્વે ભૂતોયે મારે ઘેર ભાગલે વાસારૂ આવવું. એમ કહીને પેલા સામાનનો ઢગલો ઉડાવીને પાછો માહરે ઘેર આવ્યો. એ વખત માહરો ગુરૂ માહારી સાથેજ હતો. પછી માહરે ઘેર આવીને મેં સાત દીવસ સુધી રોજ રોજ એક એક હજાર મંત્રનો જપ કરીને સાધન કીધું હતું. ને માહારા ગુરૂયે મને એમ કહ્યું હતું કે, ચકલા નોહોતરેલો સામાન જે હોય તે જપ કરતી વેળા ખાઉં ખાઉં કરતાં તે ભૂતો આવે તેને ખાવાને આપજે એટલે તે ભૂતો વશ થઇ જશે ને તેને મારણ, મોહન, વશીકરણ, ઉચ્ચાટણ, સ્થંભન, આકર્ષણ ઈત્યાદિ જેજે કાંમો જ્યારે કેહેશો ત્યારે કરી આપશે. માહરા ગુરૂયે મને જેજે કહ્યું તેતે સર્વે કીધું, તોપણ મને એમાંનું કંઈ દીઠામાં આવ્યું નથી, તેથી હું જાણુંછૌ કે એ સર્વે જૂઠુંછે. માટે હવડાં જેજે લોકો એવા કામમાં ભમતા હોય તેણે એ સઘળી માઠી ચાલ મૂકી દેવી.

વળી રગતિયો નામે પ્રયોગ મેં માહરી જાતે કીધો હતો. તે એ રીતે કે કાળા બકરાના લોહીનો ઘડો ભરી લાવીને મેં માહરા ઘરમાં મૂક્યો હતો, ને તેની સામા બેશીને રોજ રોજ એક એક હજાર મંત્રનો જપ એકતાળીસ દિવશ સુધી કરીને સાધન કીધું હતું. ને તે વેળા મારા ગુરૂયે

મને કહ્યું હતું કે જો દીવા ઘેર જશો તો તમે તરત મરી જશો. માટે એ બીહીકથી હું ઘણો સાવધાન રેહેતો હતો. જેમ મારા ગુરૂએ મને કહ્યું તેમ સર્વે મેં કીધું તોપણ મને એથી કંઈ ફળ થયું નથી.

વળી મેં વશીકરણ કરવા સારૂ એ રીતે પ્રયોગ કીધો હતો કે, મસાણમાં જઇને માણસના માથાની કોપરી લાવીને તેને ભાગીને તેમાંનો કડકો રવીવારને દિવસે મે માહરા છાપરા ઉપર મૂક્યો હતો, ને તેજ દિવસે ઘીલોડીની પુંછડી તોડીને તેને રૂમાં ઘાલી તેની દીવેટ વાળીને દીવો કીધો હતો, ને તે દીવાથી માણસની કોપરીમાં મેસ પાડી હતી. ને માહરા ગુરૂયે મને કહ્યું હતું કે એ મેસ લગાવ્યાથી જેને વશ કરવા ચાહાશો તે વશ થઈ જશે. જે પ્રમાણે મારા ગુરૂએ મને કહ્યું હતું તે પ્રમાણે મેં કીધું તોપણ મને કંઈ ફળ થયું નથી.

વળી મેં મેલો હનુમાન સાધવાને મેહેનત કીધી હતી, તે એ રીતે કે લાલ કછોટો મારીને, તથા લાલ ટોપી ઘાલીને, તથા તેલનો દીવો કરીને, તથા હનુમાનની પૂજા કરીને તે દીવા ઉપર મંત્ર ભણીને કરેણાનાં ફુલ ૨૧ ચઢાવ્યાં તે મંત્ર નીચે પ્રમાણેઃ—

હનુમાન પેહેલવાન, બારે બરસકા જવાન, હાથમે ગદા, મુખમે પાન, બાવન વીરકી ચોકી બેઠા દે. હમેરી ચોકી બેઠી ઉઠે તો સીતા સતીકી સેજપર પાઉં ધરે. ઠં ઠં ઠં ઠં ઠં સ્વાહા.

એ મંત્રને એકતાળીસ દિવસ સુધી જપીને એકતાળીસ હજાર જપ કીધો હતો. એ વિશે મારા ગુરૂએ મને કહ્યું હતું કે એ પ્રમાણે કરશો તો તરત હનુમાન આવીને ઉભા રેહેશે. પછી તેને જે દહાડે બોલાવશો તે દહાડે આવીને મારણાદિ લઇને સર્વે કામ સિદ્ધ કરી આપશે. મને જેમ મારા ગુરૂએ કહ્યું હતું તે પ્રમાણે મેં સર્વે કીધું તોપણ મને કંઈ દીઠામાં આવ્યું નથી, તેથી જાણવું કે એવી વાતો કેવળ જૂઠી છે.

વળી મેં પીરાની પ્રયોગ કીધો હતો, તે એ રીતે કે મીંડાની એક એક પૈસાભારની બે પોટલીઓ કરીને જે માણસ ઉપર પ્રયોગ કરવો હતો તેને મેં ઓળંગાવી હતી ને પછી તે પોટલી લઇને ફુલ ચઢા-

વવાનું નિમિત્ત કાઢીને હું મુસલમાનની મસીદમાં ગયો હતો, ને તે કબર ઉપર ફુલ ચઢાવવાનું ખામણું હોય છે તેમાં મારા શત્રુનું નામ લઈને તે પોટલીઓ રોજ રોજ વારા ફરતી મૂકી હતી. એ કામમાં મારા ગુરૂએ મને એમ કહ્યું હતું કે એમ એકવીસ દિવસ સુધી કરશો તો શત્રુને તાવ આવશે. પણ એમ કરવાથી કંઈ થયું નથી.

હું કહું છું કે આજથી દશ મહિના ઉપર મેં મારી જાતે મોહિનીના મંત્રનું સાધન કીધું હતું. તે એ રીતે કે કાળી ચૌદશની અડધી રાતને સમે ઉઠીને નાહીને તેલનો દીવો કીધો હતો, ને ગુગળનો ધુપ કરીને સવાશેર ભાકળા એટલે તળેલા ચણાનું નૈવેદ પેલા દીવા આગળ મૂકીને નીચે લખ્યા પ્રમાણે મંત્રનો જપ કરવા માંડ્યો.

ઓં નમો આદેશ ગુરૂકું. હથેલીમે હનુમાનસેં; ભૈરવ બસે કપાળ; નારાયણ મસ્તક બસે; રાજા મોહું; પ્રજા મોહું; બોલતી સભાકું મોહું; પડદેકી રાણીકું મોહું; *ફલાણીકું લાવ; સુતી લાવ; બેઠી લાવ; ન લાવે તો અંજનીકા દુધ હરામ કરે. ગુરૂકી શક્તિ, મેરી ભક્તિ, ચલો મંત્ર ઇશ્વિરી. વાચા વાચા છોડ કમાચા, ચલેતો લુણી ચમારી કે કુંડમે પડે.

એ મંત્રને મેં એકસોને આઠવાર જપ્યો હતો, ને તાર પછી મેં થોડાએક તેલને ઉપર લખેલા મંત્રે એકવીસવાર મંત્રી મુક્યું, ને એ તેલ વિશે મારા ગુરૂએ મને એ રીતે કહ્યું હતું કે રવીવારને દિવસે મોઢા ઉપર ચોળીને જે માણસને વશ કરવું હોય તેના સામું જોશો એટલે તે તરત વશ થશે. જેમ મારા ગુરૂએ કહ્યું તેમ સર્વે મેં કીધું પણ એમાંથી મને કંઈ ફળ થયું નથી, ને એવા પ્રયોગો મેં ઘણા કીધા હતા, તેથી મને નિશ્ચય થયો છે કે એ સર્વે છુમંતર જૂઠું છે,

ગયે રવીવારે જાદુ તપાસવાનું કામ બંધ કીધું હતું, પણ વજેરામ ભુઆના કહેવા ઉપર આજના રવીવારે જારી રાખ્યું છે. પણ ઘણી મેહેનત કરીને દુઃખ ભોગવનારા મંત્રશાસ્ત્રના તથા શાવરના મંત્રના પ્રયોગ કરનાર જણ ૪ મને મળેલા છે. તેમણે ઉપર લખેલા પ્રયોગની વાતો લખાવેલી છે, ને તે લોકો આજરોજે સભામાં આવીને બેઠેલા

* જે બઈરીને વશ કરવી હોય તેનું નામ લેવું.

છે; પણ એ ધણીઓએ પોતાનું નામ પ્રગટ કરવાની મને આ વખત ના કહી છે, તે એટલા સારૂ કે જે કામ તેમણે કીધું છે તે ઘણું નીચું કામ છે. એવું છે તોપણ જો કોઈ માણસને એ બાબતમાં પુછપાછ કરવાની મરજી હોય તો તે પ્રયોગ કરનારના મિત્ર આ સભામાં વિવાદ કરવાને તઈયાર છે.

ભાઈ સાહેબો! જ્ઞાની હિંદુનો જે ખરો પવિત્ર ધર્મ છે તે સર્વે લોકોને પાળવા યોગ્ય છે, એવું છતે તેને દારૂખોરા, હિંસક, માંસહારી, પાખંડી, પેટભરા, ઈત્યાદિ દુર્ગુણના ભરેલા જે મંત્રશાસ્ત્રી તથા જાદુગરો છે તેમણે બટ્ટો લગાડેલો છે. જે દારૂ પીવાને મુસલમાન લોકો પણ પાપ જાણે છે, તે વસ્તુને એ નીચ મંત્રશાસ્ત્રીઓ મુખ શુદ્ધિનું નિમિત્ત કાઢીને વાપરે છે. આજથી આશરે દશ વરસ ઉપર એક પરમહંસ અચ્યુતાશ્રમ નામે સુરતમાં આવ્યો હતો, તેણે મંત્રશાસ્ત્રનું પાખંડ કરીને અત્રેના કેટલાએક બ્રાહ્મણોને જોઈ લીધા છે. તે એમ કહેતો હતો કે સુરત મધ્યે એક હજાર બ્રાહ્મણ દારૂખોરા તથા છુમંતરિયા મારા જાણ્યામાં આવેલા છે. એથી પણ વધારે હશે એમ લાગેછે. એ લોકો સઘળી તરેહનાં નિંદ્ય કર્મ કરે છે. એ પરમહંસે જે કહ્યું હતું તે મને ખરૂં લાગે છે. તેથી હું કહું છૌં કે એવાં કર્મના કરનાર લોકોને ધિક્કાર છે. આ ઠેકાણે એવા કડણ શબ્દ શા માટે બોલું છૌં કે આપણા ઉપનિષદમાં લખેલો જે જ્ઞાન માર્ગ છે તેને એ લોકો ડુબાવેછે. જે જે જ્ઞાતોમાં જાદુગર તથા મંત્રશાસ્ત્રી તથા એમના સંગી જે હોય છે તે લોકો ઘણું કરીને સિંદૂરનો ચાંલો કરે છે, તથા હાથમાં મંત્રેલાં કડાંઓ ઘાલે છે, તથા હાથ પગ કોટ ઈત્યાદિ જગો ઉપર માદળીઆં તથા દોરા બાંધે છે. એવા ચિન્હવાળા જે લોકો હોય છે તેને અપવિત્ર બુદ્ધિના જાણવા. મારા બોલવાથી હું ચિન્હને દોષ મૂકું છૌં એમ જાણવું નહિ, પણ તેમનાં જે નિંદ્ય કર્મ છે તેના ઉપર દોષ મુકુંછૌં એમ જાણવું.

આજથી ઘણા માણસની વચમાં જાદુ તપાસવાનું કામ પુરૂં કીધું. આ વખત અમે વજેરામ ભુઆનો મોટો ઉપકાર માનિયે છૈયે, કેમકે

જો એ ધણી સામો થાત નહિ તો આટલું વર્ત્તમાન લખાત નહિ, ને લોકોના મનનો વહેમ પણ ખસત નહિ. બીજું એ ધણીએ આખા શેહેરના નીચ ઉંચ સર્વ જાતના લોકોમાં ફરીને તથા તમામ જાદુગર તથા મંત્રશાસ્ત્રીઓને પૂછીને તેમનું પાણી જોઈ લીધું છે, તેથી તે સર્વે લોકો જૂઠા માલમ પડેલા છે. ને વળી એ રીતે થયા પછી એ ભુઆએ પોતાના ખરચથી પોતાના ૧૪ માણસો આશરે ૫૦ કોસ ફરતાં મોકલેલાં છે. જે કામ સભાના મુખ્ય બેસનારાઓએ કરવું છે તે કામ એ ભુઓ પોતે કરે છે તે ઘણું સારૂં છે. વળી એ વજેરામ ભુઓ એ રીતે કહે છે કે જે દિવસથી માનવ ધર્મ સભાનાં જાહેરનામાં શેહેરમાં ચોહોડાયાં તે દિવસથી હું પેટ ભરીને અનાજ ખાતો નથી, ને જેટલું હું અન્ન ખાઉંછૌં તેને ધુળ ખાવા પ્રમાણે જાણુંછૌં, ને જો મારી તજવીજમાં જાદુ ખોટું પડશે તો માનવ ધર્મ સભાના બેસનારાઓના કરતાં હું વધારે મેહેનત કરી જાદુગરોના જાદુને જૂઠું પાડીશ તથા તેમના સિંદૂરના ચાંલાઓને ભૂસાવીશ.

જેવારે લોકોમાં ભારે ગડબડ થવા માંડી તે વેળા મેહેતાજીએ વાંચવાનું કામ અધુરૂં બંધ રાખીને સભાના લોકોને ઉઠવાની રજા આપી. જે વેળા એ મેહેતાજી પોતાને ઘેર જવા નિકળ્યા તે વેળા તેમની પછવાડે જાદુગર તથા મંત્રશાસ્ત્રી તથા તેમના સોબતીઓનાં મળીને આશરે ૨૦૦ માણસ હતાં, તે સર્વે લોકો મેહેતાજીની પછવાડે તાળીઓ તથા કીકીઆડીઓ પાડતા હતા, ને તે લોકોનો એવો વિચાર હતો કે એ મેહેતાજીને માર મારીને જાદુને ખરૂં કહેવડાવવું જોઇએ. પણ દાદુખાનું ઘર પાસે આવ્યું એટલે મેહેતાજી તે ઘરમાં પેશી ગયા, એટલે લોકોનું કંઈ ચાલ્યું નહિ. ઘડી બેઘડી દાદુખાને બારણે હુલડ કીધું. પછી કેટલાએક ભલા માણસોએ આવીને તે લુચ્ચા લોકોને હાંકી કહાડ્યા. ને તેવાર પછી એ મેહેતાજીનો પક્ષ કરીને ઘણાએક લોકો જાદુગરોની સામા જાદુને જૂઠું કહે છે, તથા જાદુગરના તથા મંત્રશાસ્ત્રીઓના આપેલા દોરા ચીઠીઓને કેટલાએક લોકોએ તોડીને ફેંકી દીધાં છે. આ સુરત શેહેરમાં ચકલે ચકલે તથા બજારે બજારમાં જ્યાં જોઇએ છીએ ત્યાં જાદુ બાબતની તકરારો થયાં કરે છે. તેમાં કોઈ કહે-

છે કે જાદુ તથા મંત્રશાસ્ત્ર અસલમાં સાચું હતું; કોઈ કહે છે કે હવડાં પણ સાચુંજ છે, પણ તે ધણી આગળ નહિ પડતા હોય, ને જે સાચા વિચારના છે તે તો એમ કહે છે કે એ મૂળ થકીજ જૂઠું છે.

તા૦ ૨૯ ડીસેંબર સને ૧૮૪૪. સંવત્ ૧૯૦૧ ના માગશર વદી ૫ વાર રવી.

આજરોજે નવલસાના કોઠાના માળમાં અસલને ઠેકાણે સભા ભરાઈ હતી. તેમાં હરીપરી વાતો કરીને સભાનું કામ બંધ કીધું, ને દરિયા મેહેલના દરવાજા ઉપર એક જાહેર ખબર ચોડી તે નીચે પ્રમાણે.

જાહેર ખબર

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે લોકોના મનમાંથો વહેમ જવા સારૂ ગયા પાંચ રવીવાર સુધી માનવ ધર્મ સભાએ જાદુ મંત્ર તપાસવાનું કામ ચલાવ્યું હતું. તેમાં કોઈ જાદુગર અથવા મંત્ર શાસ્ત્રીએ આવીને પોતાની વાત ખરી કરી આપી નહિ.

કેટલાએક લોકોના મનમાં એવું છે કે ખરો જાદુગર અથવા મંત્રશાસ્ત્રી છે તે હજારો માણુસોના દેખતાં સભાની વચમાં આવતો નથી. તેવા લોકોના મનમાંથી પણ જાદુનો વહેમ જવા સારૂ સભાના બેસનારાઓએ એવું ઠેરવ્યું છે કે, કોઈ જાદુગર અથવા મંત્રશાસ્ત્રી આબરૂદાર હોય, ને તેની ઈચ્છા થોડાં માણસમાં બેસીને જાદુ મંત્ર બતાવવાની હોય તો નીચે લખેલા ગૃહસ્થોને ઘેર જઇને ખબર કરવી, એટલે સભામાંના થોડા લોકોને એકઠા કરીને જાદુ મંત્રની તપાસ તે ધણી લેશે, ને ખરૂં ઠરેથી રૂ૨૦) ઇનામ આપશે.

હરીભાઈ ઉમીયાશંકર. ઠેકાણું ગોપીપરામાં મોહોળેશ્વરની પોળ આગળ.

બાલાજી લક્ષ્મણજી. ઠેકાણું સોની ફળિઆને નાકે.

દાદુબા પાંડુરંગ. ઠેકાણું નગરશેઠની પોળ આગળ.

દામોદરદાસ ભાઇદાસ. ઠેકાણું કાહારવાડામાં.
દુર્ગારામ મંછારામ ઠેકાણું નાની છીપવાડમાં.

તા. ૨૯ ડીસેંબર સને ૧૮૪૪. દુર્ગારામ મંછારામ.
માનવ ધર્મ સભાનો દફતરદાર.

વજેરામ ભુવ્વાના મનમાં એ રીતે આવ્યું કે હું તો જૂઠો પડ્યો, પણ શેહેર મધ્યેના બીજા જાદુગરો તથા મંત્રશાસ્ત્રીઓ જૂઠી મોટાઈ કરતા ફરશે, માટે તે લોકોને પણ જૂઠા પાડવા જોઇએ. એવી અદેખાઈથી તા૦ ૧ જાનેવારી સન ૧૮૪૫ ને દિવસે આખા શેહેરમાં દરવાજાઓ ઉપર તથા ભાગળો ઉપર તથા મોટે મોટે ચકલે તથા બજારમાં તથા જાદુગર તથા મંત્રશાસ્ત્રીઓનાં ઘર આગળ જે જાહેર ખબર ચોડીઓ છે તેની એક પ્રત એ ભુવ્વાએ માનવ ધર્મ સભામાં પણ મોકલી છે. તેની નકલ નીચે પ્રમાણે.—

જાહેર ખબર.

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે માનવ ધર્મ સભાના દફતરદાર મેહેતાજી દુર્ગારામ મંછારામે શેહેરમાં જાહેર ખબર ચોડીને પાંચ રવીવાર સુધી હજારો માણસોને એકઠા કરીને સભા કીધી. તેમાં કોઈ જાદુગર અથવા મંત્રશાસ્ત્રીએ સભામાં આવીને જાદુને તથા ભૂતને સાચું કરી આપ્યું નહિ. માટે જાદુ તથા ભૂત ખોટાં થઈ જાયછે. તેથી ભુવ્વા વજેરામ ગોકળદાસ સરકારની બીક ન ધરતાં આગળ પડીને સરવે જાદુગરોને તથા મંત્રશાસ્ત્રીઓને ખબર કરે છે કે, જેની પાસે જાદુ મંત્રનો ઇલિમ ખરો હોય તો તેણે અમારી પાસે આવીને ખાતર જમે કરી આપવી. પછી અમે તેને તેડીને માનવ ધર્મ સભામાં જઇશું ને જાદુને તથા ભૂતને ખરૂં કરી આપીશું. ને જો કોઈ જાદુગર તથા મંત્રશાસ્ત્રી મોટું માણસ હશે તો અમે તેને ઘેર જઇને જાદુને તથા ભૂતને તપાસીશું. વળી કોઈ જાદુગર તથા મંત્રશાસ્ત્રીની મરજી ઘણા માણસોમાં બેસીને ખરૂં કરી આપવાની નહિ હોય તો માનવ ધર્મ સભામાંના આશરે દશબાર આદમીના દેખતાં જાદુ કરી બતલાવીશું.

ભુગ્મા વજેરામ ગોકળદાસ જે આટલી મેહેનત કરે છે તે જાદુગર તથા મંત્રશાસ્ત્રીઓના નામને વાસ્તે કરે છે, માટે જો ભુગ્મા વજેરામને કોઈ જાદુગર તથા મંત્રશાસ્ત્રી મદત નહિ કરે તો સુરત શેહેરમાં જાદુ તથા મંત્રશાસ્ત્ર ખોટું થઇ જશે.

કોઈ જાદુગર તથા મંત્રશાસ્ત્રી ભુગ્મા વજેરામની સાથે આવીને જાદુ મંત્રને ખરૂં કરી બતલાવશે તેણે સરકારની તરફની કંઈ ચિંતા રાખવી નહિ. જો સરકાર તેને પુછશે તો તેનું જોખમ ભુગ્મા વજેરામને માથે છે. તા૦ ૧ જાનેવારી સને ૧૮૪૫.

ભુગ્મા વજેરામ ગોકળદાસ સહી.

ઉપલી જાહેર ખબર પ્રગટ થયા પછે કોટવાળ ગણપતરામે સરકારમાં રપોટ કીધો કે "મેહેતાજી દુર્ગારામ તથા ભુગ્મા વજેરામની વચમાં જાદુ તથા ભૂત બાબત ભારે તકરાર ચાલે છે, ને તે બે જણા એક પછી એક આપ અખ્તિયારથી જાહેરનામાં ચોહોડે છે માટે તે બાબતમાં મને કરવા કે નહિ," એવી રીતના રપોટ ઉપરથી આક્ટિંગ સેશન જડજ રીમીંગટંન સાહેબે કલેકટર આરબુથનાટ સાહેબ ઉપર ઈયાદિ લખી મોકલી તે ઈયાદીને હાફીસના દફતરદારે મેહેતાજીને વંચાવી. તેનો જવાબ મેહેતાજીએ દીધો કે હું કંઈ સરકારની તરફથી એ કામ કરતો નથી. એ સભા તો અમારા ખાનગી કામની છે, ને જાહેરનામાં સંબંધી કાયદામાં કંઈ મને કીધી નથી. પછી કલેકટરે વિચાર કરીને સેશન જડજને જવાબ દીધો કે એ મેહેતાજી કંઈ અમારા તાબામાં નથી.

જડજ સાહેબે કાયદામાં તપાસ્યું પણ મને કરવાને કંઈ આધાર દીઠો નહિ, તેથી મને કરી નથી. કોટવાળનો રપોટ તથા જડજની લખેલી ઈયાદી તથા કલેકટરની ઈયાદીની નકલ હાથ લાગી નહિ માટે લખી નથી."

દુર્ગારામ મેહેતાજીની અને ભુવા વજેરામની જાહેર ખબરોથી અને દરીઆ મેહેલની મોટી સભાઓથી સુરતમાં ખળભળાટ એટલો થયો કે, કોટવાલ એટલે શેહેર ફોજદારને વધારે જાગરૂતી રાખવી પડી, અને એ બીના પોતાના ઉપરીને જાહેર કરવી પડી. માનવ ધર્મ સભા આખા શેહેરમાં પ્રખ્યાત થઈ. એના સભાસદોને ઘણી સાબાશી ઘટે-

છે. જાદુગરો અને મંત્રશાસ્ત્રીઓ ધન્તર મન્તર અને અનુષ્ઠાનો કરી લોકને ધૂતી ખાતા હતા તેઓ હારખાઈ ઢીલા પડ્યા. જેઓ માનવ ધર્મ સભાના સભાસદોને તથા તેમના આગેવાનોને નાસ્તિક અને ધર્મ-ભ્રષ્ટ કરી નિન્દતા અને ધીક્કારતા હતા, તેઓ આ જયથી તાજુબ થઈ નરમ પડ્યા. ભૂત, ડાકિણ, અને જાદુના વેહેમને મોટો ધોક્કો લાગ્યો. ઉગતી પ્રજાના મનપર સારી અસર થઈ, અને મોટી ઉમરના જે માણસો થોડો ઘણો વિચાર કરી શકે તેવા હતા તેઓ પણ કાંઈક ચેત્યા. ઊંચ વર્ણની સ્ત્રીઓમાં ભૂત ઓછાં આવવા લાગ્યાં; તેમના મનમાં ફજેતી થવાની ધાસ્તી પેઠી. બાહાદુર મેહેતાજીએ આ મોટું સ્તુત્ય કામ કરી પોતાના દેશી જનો ઉપર ભારે ઉપકાર કર્યાં. એમની કીર્તિ હવે પૂર્ણ કળાયે પોહોંચી. આથી એની નિશાળને કાંઈ હરકત થઈ નહિ. ધર્મ કે જાદુની બાબતોમાં જે રૂડા વિચાર એણે છુટથી જાહેર કર્યા તેથી નિશાળની આબાદી ઘટી નહિ. નિશાળનું કામ આ સમે બરોબર ચાલતુ હતું, કેમકે જે કરવાને એને પગાર મળતો હતો તે કામપર હોંસથી મંડ્યા રેહેવામાં એમણે કસર કરી નહિ. એમની પ્રતિષ્ઠા વધવાથી મેહેતાજીના હોધાની આબરૂ વધી. મેહેતાજી છતાં એમના ગુણે કરીને રાજ દરબારમાં અને શેઠ શાવકારમાં એમને બહુ માન મળવા લાગ્યું. માનવ ધર્મ સભાના દફતરદારને માન આપવાને મામલતદારો, મુનસફો અને કલેકટરના દફતરદાર ઉભા થતા. હરીભાઈ દફતરદાર જે પેટલાદના નાગર હતા તેણે આ મહાપુરૂષને માન આપવામાં પેહેલ કરી. તેમની આ લાયકી વખાણવા જોગ છે. સજ્જનને હાથ અમલ કે સત્તા હોય છે તેવડે તેઓ સુધારાને તથા સારાં માણસને આ રીતે પણ મદદ કરી શકે છે. દુનિઆ દેખાદેખી ચાલનાર છે. ઊંચા દરજાના સત્પુરૂષોને વિચાર કરતાં જોય તેમ બીજાઓ કરે છે. એ સારૂં હોય તો તેમને લાભ થાયછે. દુર્ગારામને હરીભાઈ મેહેતાજી સાહેબ કેહેવા લાગ્યા એટલે તેમના હાથ નીચેના કારકુનોને તેમ કરવું પડ્યું. હરીભાઈ તેમના વિચારને વખાણવા લાગ્યા તે જોઈ કારકુનો મેહેતાજીના કહ્યાપર લક્ષ આપી વિચાર કરવા લાગ્યા. હરીભાઈનું હું ઉદાહરણ આપુછું. બીજા મોટા માણસોપર પણ મેહેતાજીએ કેટલીક સારી અસર

કરી, અને તેમની પ્રીતિ મેળવી. મારી ઉમર એ વેળા ૧૪ વરસની હતી, તોપણ હું માનવ ધર્મ સભામાં વખતે જતો. ત્યાંનાં ભાષણોમાં થોડી સમજ પડતી તોપણ મનોરંજક લાગતાં. દરીઆ મેહેલથી દારુખાના ઘર લગી જતાં કેટલાક માણસોએ મેહેતાજી ઉપર હુમલો કર્યો તે મેં નજરે જોયો હતો. મેહેતાજીનો બચાવ કરવાને એક લઠ્ઠ પારસી તેની પાછળ ચાલતો હતો, અને પાછો ફરી ફરી હંગામો કરનારાને દૂર કરતો હતો. તે વેળા હું બાજુએ ચાલતો હતો એટલું મને સાંભરે છે. મારૂં હૃદય એ વેળા મેહેતાજીના પક્ષમાં હતું. મારૂં મન તેની ભણી ખેંચાતું, અને તેની નિન્દા સાંભળી હું નાખુશ થતો. એ કોઈ વિલક્ષણ પુરૂષ છે એવું ઘણા માણસને લાગ્યું. જેમનાં મત મેહેતાજી ખંડન કરતા હતા, અને જેઓની ઠગાઈ ઉઘાડી પાડતા હતા, તેઓ નારાજી થઈ તેને ભાંડે તેમાં નવાઈ નથી. પણ જેમનો સ્વાર્થ બગડતો હતો તેવા ઘણા માણસો એમના ઉપર આસ્થા કરવા લાગ્યા. કેટલાકે એમને નવો પંથ ચલાવનાર આચાર્ય ગણ્યા. લોકને વેહેમની જાળમાંથી છોડવવાનો પ્રયત્ન તથા તેમને સંસાર તથા ધર્મ સુધારા સંબંધી બોધ કરવાનો ઉદ્યોગ મેહેતાજી વધારે ઉમંગથી કરવા લાગ્યા. સભામાં ભાષણ કરે એટલુંજ નહિ; રસ્તામાં લોક ટોળે મળે અને દુર્ગારામ તેમને હિંમતથી સત્ય સમજાવે. એ વેળા એમનું વય ૩૫ વરસનું હતું.

प्रथम पुस्तक
समाप्त.

વિષય સૂચક.

વેચવાની ચોપડીઓ.

નામ	મૂલ
દુર્ગારામ ચરિત્ર......	૨૧)
વનરાજ ચાવડો	૨૧ા)
સાસુવહુની લડાઈ	૨૧)
ભવાઈ સંગ્રહ બીજી આવૃત્તિ છપાય છે.	
મહીપતરામની ઈંગ્લાંદની મુસાફરી છપાય છે.	
ઈશ્વર પ્રાર્થનામાળા આવૃત્તિ ત્રીજી છપાય છે.	
ધર્મતત્વ પુસ્તક ૧લું અંક સાત, તથા પુસ્તક બીજું અંક ત્રણ દર આંકનો ૧ આનો.	
સ્ત્રી સુબોધ અંક ત્રણ દર અંકની	૩ પાઈ.
ઈશ્વર પ્રાર્થના આંક ૬ઠો	૧ આનો.
રોગ શાન્ત્યર્થ પ્રાર્થના	૦ા આનો.
ધર્મ વિવેચન	૬ આના.
સત્યેંદ્રનાથના ઉપદેશ ...	૪ આના.
ગાયન ભાગ બીજો ...	૬ આના.
મંગળસ્તોત્ર........	૦ાા આનો
પ્રાર્થના પોથીઓ ભાગ ત્રણ દરેકનાનો ...	૦ા આનો.
આરતીઓ મોટા અક્ષરે	૦ા આનો.
,, નાના ,,	૦ આનો.
વ્યાખ્યાનો દરેકનો ..	એક આનો.
વાસ્તુ પ્રાર્થના	એક આનો.
વૃષ્ટિ પ્રાર્થના.........	એક આનો.
વાર્ષિક ઓછવ	એક આનો.
અમૂર્ત ઈશ્વર વિષે પદ...	૩ પાઈ
હોળી વિષે	એક આનો.
પ્રતિજ્ઞાપત્ર.	એક આનો.

એ ચોપડીઓ અમદાવાદ યુનાઇટડ પ્રિંટીંગ પ્રેસમાં, તથા અમદાવાદ પ્રાર્થના સમાજના મંત્રી પાસેથી તથા ગુ. વ. સોસાઇટીમાં મળશે.